ગોરૂં વીલાયત.

જાંહાંગીર બે. મરઝબાન

ગોરૂં વીલાયત.

ઈંગલાંડ, સ્કાટલંડ, હાઇલાંડસ, પારીસ,
મારસેલસ, મીલાન, રીવીઅરા, વગેરેમાં
જોયલા ભાવટાઓનું ગળીઉ દાસતાન.

જાંહાંગીર બેહરામજી મરઝબાન.

મુંબઈ:

જામે જમશેદ પ્રીંટીંગ વર્કસ, બેલાર્ડ હાઉસ, મેંગલોર સ્ટ્રીટ,
કોટ મધ્યે માણેકજી નવરોજી પ્રીંટરે છાપ્યું છે અને
મેનેજર મી૦ જાલ જાંહગીર મરઝબાને મેસર્સ
જે. બી. મરઝબાનની કુંપની માટે બેલાર્ડ
હાઉસ, મેંગલોર સ્ટ્રીટ, કોટ, મુંબઈ
મધ્યેથી પ્રગટ કીધું છે.

અર્પણ.

કોને કરૂં—કોને કરૂં એમ ઝાઝો વીચાર કરીને આખરે ઠરાવ ઉપર આવ્યો છું કે ૧૯૧૪ નુ અભાગયુ સાલ મારા બાબમા નગુણાઓથી ભરપુર નીવડ્યું છે તો પછી તેમની યાદ તાજી રાખવા હું તેમને આ પુસ્તક અર્પણ કરૂં તો ખોટું શું છે ?

પ્રસતાવના.


એટલું ગણીગત છે કે આ વયે પણ હજુ ભેજું પોચું પડવાની નીશાની જણાતી નથી. હાથના આંગલાં હજુ જેવાં ને તેવાં મુસ્તકીમ છે પણ ગુટણના "ઇસકુરૂ" જરા–ઢીલા પડવા માંડયા હોય એમ જણાય છે. ત્યારે કોઇ પુછ–શેની કે આમ છે તો પછી વીલાયતના ખંડીયરોમાં ભટકવાનુ જોમ કયાંથી આવે છે? હું તેનો એટલોજ ઉત્તર આપીશ કે વીલાયતમાં પચાશ, સાહાઠ વર્ષનો પુરૂષ તો પઠઠો કહેવાય અને પાંસઠની વયે પરણી ને ઘેરીતો બારીતો થવાની તજવીજમાં રેહતો જણાય છે. વેલાતની હવા ને એવું વર–દાન છે. મેં ઘણીવાર વીચાર કર્યો કે હવે વળી માથાંઝીક કોણ કરે. પણ કોણ જાણે શું છે કે એડનનું બારૂં છોડયા પછી કુદરતી રીતેજ હાથ ખીસામાં પડીને નોટબુક બાહાર નીકળે છે અને એકવાર મંડાણ થયું કે જીવ ધરાતો નથી. હું ફરીથી કહું છું કે આ મારી મુસાફરીની ચોપડીઓ કાંઇ "ગાઇડ બુક" ની ગરજ સારતી નથી, પણ બે ઘડી ખુશ મીજાજી વાંચણ પુરૂં પાડે છે.

આ ત્રીજી સફરના સંબંધમાં કેટલોક અણગમો ઉભો થયો છે, તેની યાદ પાછી થતાં જીવ નાખુશ થાય છે. હું જગે જગ લખી ગયો છું કે યુરોપનો કેટલોક ભાગ કાચા

પ્રસ્તાવના.

હુમારા દેશી જુવાનીઆઓને માટે અનુકુલ નથી માટે તેની સમજ આપવા માટે મેં એકાદ બે જીવતા જાગતા દાખલા વર્ણાવ્યા હતા, પણ કમભાગ્યે તે કેટલાક શેઠ સાહેબો અને બાઈ સાહેબોને રૂચ્યા નહીં. કોણ જાણે કયા જમાનાના પાપનો હું આ નવા આકારમાં જવાબ દેતો હોઈશ. જે ગરબડાટ અને બરબડાટ થયો તેપરથી એટલું તો શીધ્ધ થયું છે કે આ મારાં સ્કેચો ખુબ ઘશી પીશીને વંચાયા હતા. ભલે નાકના ટીચકાં ચહડયાં હોય પણ મારી મનસની સાચી હતી, એટલું તો જેઓ મને ઓળખે છે તેઓને કહેવાની જરૂર નથી.

જાં. બ. મ.



વેનીસનો ચોક તથા ફરતું બજાર મીનારો ૩૩૦ ફીટ   શરૂઆત

ગોરાં યુરોપનું દાસ્તાન.

પ્રકરણ ૧ લું.

શુ કરૂં! ાણની આગળ મારૂં રૂદન કરૂં. આ વાર મને સ્વર્ગવાસી કવી નર્મદાશંકરની મારી બચગીની લીટીઓ યાદ આવે છે.

"કોની આગળ કહીએ,
પ્રભુ પીડ કોની આગળ કહીએ."

ઈત્યાદી. હુજી તો આ માદર ભૂમી (આ શબ્દ ઓગરી-બાદની ડીક્ષનરીમાંથી લીધો છે પણ જરા કાનને ઝમકદાર લાગ્યો છે એટલે ક્ષમાની જરૂર નથી) ઉપર પગ મેલતાં હીંદુસ્તાનની ઉની વરાળે યુરોપમાં ઠંડાં થઇ ગયલાં તળીઆંને રાહુત આપી નથી એટલાંમાંજ ઉઘરાણી શરૂ થઇ કે બાવા તમેજ ફરી હરીને જોઇ જાઇને ખુશી થશો કે અમનેબી જરા તમારી મોજ મઝાહનો લાહવો ચખાડશો? મારૂં પહેલું પુસ્તક "મોહીખાનાથી મારસેલ્સ" નીકળ્યું ત્યારે હેતીલા અદુખરાઓ કહેવા મંડયા કે આ તો મારા વ્હાલાએ પોતાની મુસાફરીનો ખરચ કહાડ યો. બીજી વાર "વીલાયતી વેહુજા"એ પણ આ ગણગણાટને ટેકો આપ્યો. પણ આ ત્રીજી વાર હવે ખુલ્લું કરી દઉં

છું કે ઉપલાં ત્રણ વાલમો પ્રગટ કરતાં મને ખરચ બાદ જતે ચોખ્ખો નફો ૮૦૦૦ આનાનો રહયો હતો. ત્યારે એટલું તો માની લેશો કે હું કાંઇ આમ ભેજાનું દહી કરીને કમાવા બેઠો નથી. સામું આ વાર તો ન ધારેલા ગાંઠના ગોપીચંદન થયા છે, અને પ્રજાની બત્રીસીએ ચુંથાઇ ગયો છું તે જુદો. પણ ચીંતા નહી.

મન સાફ, તન સાફ.

કોણ જાણે શું છે કે ચોક્કસ મુદ્દતે મારા આંગળાંમા કીડ થાય છે અને જો કલમનું ને શાહીનું નખ્ખોદ ન વાળું તો ચેન થતું નથી. માટે રે સુરા વાંચકો (ઓગરીબાદ ડીક્ષનરી) હું મારૂં પીંજણ પાછું ચલાવીશ અને જે નવાં નવાં કૌતકોથી નોંધપોથી ભરી કાહાડી છે તેમાથી થોડું થોડુ મીષ્ટાન પીરસતો જઇશ. પહેલાં આખો અંક વાંચી જશો તો તમે ઝટ ઠરાવ ઉપર આવશો કે બીજો અંક વાંચવો કે આટલેથીજ અટકવું.

ખોદા માલમ આ વાર પહેલાંથીજ કોઈ બીલાડી આડી ફરી કે શું, અથવા નક્કી કોઈ દાધાબળીયાની નજર લાગી હશે કેમજે મુહુરતમાંજ અ ગ્રેહમેન્યુસ આડા પડયા. માસ મેની તા૦ ૭ મી અને બુધવારે ઉપડવાના એટલે આગલો દીવસ મંગળનો તાતો વાર હતો તોએ બાળ કપાવ્યા અને નવાં બુટ ખરીદીને બીજે દીને સધરાનાનું ધાન-દાળ રાંધવાની વર્દી આપી. બપોરના બરાબર એક વાગ્યો ને પાંચ મીનીટે ખબર આવી કે

આગબોટ કેલીડોનીયન કોલંબોથી આવતાં જરા ઇસ્કોરૂ ધીલો થયો છે એટલે અત્રેથી બુધવારને બદલે શનીવારે ઉપડશે. આપણે શું જાણ્યે ભાઇ કે ભવીશયના ભેથરમા શું ભરાયલું છે. શનીવારે સ્ટીમર ઉપડી ખરી પણ ચારેક દીવસ થયા હશે એટલે ભર દરીયે ઇનજીનને એપેનડીસાઇટીસની વ્યાધી થઈ આવી અને આગબોટ ઠરીઠામ ઉભી. જેઓ બચારા ત્રણ માસની રજા ઉપર પોતાને વતન જનાર તે લોકને અકેક દહાડો સોનાને મુલનો હતો, પણ તમારા નોકરને તો બધું સરખુ હતું. આપણે કયાં હુંડી વટાવવા જનાર હતા કે દોડાદોડી કરીયે. હલામ હે કરતા અને મસ મોટાં દોરડાં બાંધ છોડ કરતાં છેક આઠમે દહાડે જેમતેમ કરીને એડન લાવીને નાખ્યા તો ખરા પણ ત્યાં શું કહાણી પડવાની છે તે જો જાણતે તો પાછા આવીને મુગા અમોળા દેવલાલી ગ્રાંડ હોટેલમાં જઇ રહેતે. અલબતાં ઇડાં કોહી ગયાં હશે અને મછીનો સ્ટાક ખુટી ગયો હશે કે બળા જાણે શુંબી થયું હશે એટલે ખુંદવાની બાબદમાં આગબોટ ઉપર જરા અકળામણ દીસ્તી હતી એવામાં આપણા સદાના ખેરખાહ, એડનના પાદશાહ, કાવસજી દીનશાહ એડનવાળા બીરાદરો ધરાધર આવી ચઢયા અને વધામણી આપી કે ચાલો ચાલો ફ્રેંચ ફ્રુટ ખાતાં મોઢાંને મોળ આવી ગઇ હોય તો આપણું પારસી ખાણું સેવામાં હાજર છે. અરે યારો, કેવા મીઠઠા શબ્દો. હું કહેવા માગું છું કે તે આમનત્રણ ડારબીની સોરતીની ટીકીટના

તાર કરતાં તે વાર વધારે મીઠું લાગ્યું. હમજાત, હીંદુ, અને ખ્રીસ્તી સર્વ ધબોધબ સ્ટીમ લાંચમાં કુદી પડયું. આશરે વીસેક જણ હોઇશું. સ્ટીમર ઉપર એક આસ્રેલ્યન જોડું હતું તેમની બે રમકડાં જેવી બેટીઓ ૧૮ અને ૨૦ વરસની, તેઓએ પણ સાથે સાથે આવવાની ખુશી દેખાડી. એટલે તેમને પારસણની સાડીઓ પેહરાવીને સાથે નાખી લીધી. કીનારે "કાવસજી દીનશાહ"ના આલીશાં મકાનમાં જઇ પુગ્યાં. ત્યાં શેઠ સાહેબ હોરમસજી કાવસજી દીનશાએ સર્વેને હરખભેર આવકાર દીધો, પણ પેલી બે ગોરી ગોરી કુટડીઓ ગમ જોઈને પુછવા લાગયા કે "એ આય કોણ?" મેં જવાબ દીધો કે મારી ફુવણ-સાસુની વેહવાણની દીકરીઓ થાય. બચારી જનમથી મુગીઓ છે. દુકતીઓબી એવી મસતાન કે એક પાપણબી હીલે નહી. તેમની બલુ આંખ અને ગોલાબી ગાલ જોઈ હોરમસજી શેઠ અંદેસામાં પડયા પણ આ વાર અમારી સાથવાળાં સઘળાં ખડખડ હસી પડયાં એટલે ભરમ ફુટી ગયો. તે દીવસની ટેબલનું શું બ્યાન કરૂં. આબાદ જાણે કોસમોપોલીટન કલબ! મારી વાહલી ઓલી ગોરી ગુલામડીઓગી ધાન–દાળ ને દહીના ડબુસા મારે તે જાણે ૮ દહાડાનું ખાધું ન હોય. પાછળથી જાણ્યું કે શેઠ કાવસજી દીનશાવાળા શેઠીયાઓને ત્યાં તો અઠવા-ડયાંમાં એક વાર બારો માસ આવું મેજરૂં મળે છે. કોઇબી સ્ટીમર એડનમાં લાંગડી કે કીનારે ઉતારીને જરથોસ્તી બીરાદરોની આગતા સ્વાગતા કરવાનો જાણે

એ સાહેબોને હુકમ છે. કોણ જાણે વરસ દહાડે કેટલા ફરા તુવરની દાળ ખપતી હશે અને હું ધારૂં છ કે વેપાર અર્થે આવતો એ શાહ વેપારીઓનો અરધો અરધ વીહીસ્કી તો આવા સુખલા નાદેઉઓજ પી જતા હશે. પણ જયાંબી હોય ત્યાં જરથોસ્તીની પેહેડી સલામત! ખાતાં ને ખવાડતાં કાંઇ ખુટતું નથી. સ્ટીમર ઉપરની ધુખરાયલી સુનામખી જેવી ચાહથી જીવ અકળાઇ આવ્યો હતો તેનો ફળ એડનમાં ત્રણ ત્રણ કપથી વાળવા પછી સાત આઠ ગાડીઓ અને મોટરો ભરીને સઘળા અરબ કોસ્તા ભણી ગયાં. એડનના બારાથી દસેક માઈલ દુર હશે. અહીથી અરબ મુલક નામે શેખ ઉસમાન શરૂ થાય છે જયાં એડનવાળા શેઠોનો જબરદસ્ત વગીચો છે. એડન નો સુકકો ખડક અને આ જગા તો એવી લીલી કજર જેવી કે નરૂં જાણે મહાબળેશવર. ત્યાં ખાઇ પીને સાંજના પાછા સઘળા સ્ટીમર ઉપર ગયા. પણ અત્રેજ નાટક હસીખુશીથી તમામ થયો હોત તો આ પેહલુ પ્રકરણ લખતજ શું કામ. સાહવારના ખબર ફેલાઇ કે સ્ટીમરમાં તો એટલું મોટુ કામ નીકળયું છે કે બીજા ચાર પાંચ દહાડા એડનના બારામાં પડી રહેવું પડશે. ગરીબ બચારા યુરોપ રજાપર જનારા પાસીનજરો! તેઓના જીવ ઉદાસ થઇ ગયા પણ મારે મનથી તો ઘી કેળાં હતાં. મઝેહથી એડન ઉતરીશું અને ખાઇ પીને મોજ ઉડાવશું એવી ગણત્રીને મારે મારાથી તો હસાઇ હસાઇ જવાતું હતું, પણ ઈંગ્રેજીમાં કહેવત છે કે "Never cry until you are out of

the woods." જરા વારે મી૦ કેકોબાદ કાવસજી દીનશા આગબોટ ઉપર આવી ચઢયા અને ખબર આપી કે એડનમાં પ્લેગના કેસીસ થવાને લીધે તમારી સ્ટીમરના કોઇનેબી કીનારે ઉતરવા દીધામાં આવશે નહી ને જો ઉતરશો તો પાંચ છ દહાડા ત્યાં કવારેનટાઈનમાં રહેવું પડશે. ઓજજા! અમારાં મોહ તો ઉતરી ગયાં. ઘાનસાખ અને ખીચડીના હવાઇ કોળીઆ બગડીને છાણના ઢગ જેવા આઘેથી દીસવા લાગ્યા. મીસાજરીસ લાઇનનો એજંટ ઝાઝ ઉપર આવ્યો તેને અમોએ ઘેરી લીધો અને દાબીને પુછયું કે અમારો છુટકો કયારે થશે. તો એ ભલા માણસનું ફરજંદ વળી અમારા કરતાં ચાર ચાસની જયાદા બોલ્યા ગપાટ નીવડયો. આસમાનપર ડોળા ચહડાવે અને ખભાં ઉંચાં કરી બતાવવા માંગે કે હું શું કરૂં—જે થાય તે તમારૂં નશીબ. અમારી સાથે મરહુમ ડા૦ હબીબ જાનમહમદ, મીસીસ નાયદુ, જેવણને કેટલાંક લોક દેશી 'પોએટેસ' દાખલ ઓળખે છે, તેમજ એક પારસી બાનુ જેને આપરેશનની ઘણી તાકીદની જરૂર હતી, તથા ઇચલ કરંજના રાણી જેઓબી ઘણા બીમારીથી નાતવાન હતાં, એવો સઘળો કરાકી બીસકોટ જેવો મસાલો અમેબી સંગ્રી લાવ્યા હતા એટલે અમારી ચીંતા ઘણી વધી કે એમના એમ પડી રહીશું તો કોણ જાણે કેમ થશે, મુંબઇમાં લાગતાવળગતાઓ કેમ મુઝાશે. સાથે લાગું, જે બાઇને 'આપરેશન' તાકીદે કરવાનું હતું અને જેઓ મારી સંભાળ તળે હતાં તેવણ કાંસવા

અને દરદની વ્યાધીથી ઉચટ દીસવા લાગ્યાં. વળી ડા૦ હબીબે મને ભડકાવ્યો કે આ નીશાનો સારી નથી, ખુબ સંભાળ રાખજો ઈત્યાદી ઇત્યાદી. આ વાર મારા મનની હાલત વીશે જેટલું થોડું બોલું એટલું ઠીક. એજંટ સાહેબ ખભાં ગમે એટલાં ચહડાવે પણ હવે તો બળવો કીધા વના છુટકો નથી એમ નીશ્ચય ઠરાવ કરી અમોએ હુલ્લડ મચાવ્યું. અમે તેના કાનપર વાત લાવ્યા કે જો કોઇબી રીતે અમારો છુટકો ન થશે તો અમને જે નુકસાની થશે તેના ઉપાય લઇશું. બચારો ફ્રેંચમેન ગભરાયો, વળી સાથે લાગો મી૦ કેકોબાદ એડનવાળાનો જુલ્લાબબી ધરખમ હતો. મુંબઇ તારપર તાર છુટયા અને આખરે વધામણીના રૂડા સમાચાર આવ્યા કે પી. એંડ ઓ. કું૦ એ પોતાની પોરટ સઇડની પાસીજો કેનસલ કીધી છે અને અમને વીસ ફર્સ્ટ કલાસ બર્થ આપી શકશે. મીસાજરીસ કું૦ એ સઘળા પઇસા ભરયા. આહ! શું તે રાતની ખુશાલી, શું નાચ રંગ ગુડબાઇના ઢંગ! કહેજે પાછળી રાતના બાર વાગતે સ્ટીમર 'પરશીયા' આવશે. કોઇ ઉંઘયું નહી, હું પોતે પણ ડેક ઉપર ફુલ ડરેસમાં પડી રહયો. ડોળા તણાવી તણાવીને પરશીયા સવારના ચાર વાગતે આવી અને અમને ઉપર લીધા. એજ વખતે ડા૦ માસીના અને તેમના કબીલાને લઇને આસ્ત્રીયન લાઇડની આગબોટ "હેપસબર્ગ" આવી પુગી તે ઉપર ઇચલકરંજના રાણીને ચહડાવી દીધાં અને અમો એડનનું બારૂં છોડી

ચાલ્યા. ભાઈજી આ તો શરૂઆતનો ધુંવો છે. અકળાશો નહીં. મીઠી સાકર જેવી વાતો તો હવે પછી આવશે.

પ્રકરણ ૨ જું.

હું—પી. એંડ ઓ. કું૦ની સ્ટીમર પરશીયા ઉપર ચહડયા ખરા, પણ પછી શું? આ તરતા મેહેલ ઉપર મુંબઇથી ચઢેલાં પારસી બાનુ અને ગ્રહસ્થ પાસીનજરો તો પોતાની કેબીનોમાં ઘરોગર ઉંઘ કાહાડતાં હતાં. તેઓની બલ્લાનેબી ખબર નહીં કે આ સઘળું સંગ્રહસ્થાન આવવાનું છે. જયારે તેઓ ડેક ઉપર આવ્યાં ત્યારે અમને જોઇને આંખો ચોળવા માંડી કે આ બધાં કયાંથી ફુટી નીકળ્યાં! અલબત અરસપરસના ખોલાસામા વખત નીકળી ગયો અને ચગારદમ કરવાનો અમલ શીરૂ થયો. ગરમ ગરમ બીફ ટી અને બીસક્રીટથી શરૂઆતનો પેટનો ખાડો પુરવાનો એ કુંપનીનો નીયમ છે. સ્ટીમરની શું ચાલ! નીચે રાક્ષસી ઇનજીન ચાલે તેનો અવાજ તો શું પણ સંસારોબી જણાય નહીં. જે કાંઇ થોડી ઘણી ધધુખર હતી તે અંગોળ કરવાના બાથરૂમો ઉપર હતી. મડમો જેઓમાં સાધારણ રીતે પોતાના પગો દેખાડવાની ફ્રાસીન નથી તેઓ ખુશાલ ઉંઘાડે પગે અને બાલ છુટા નાખીને જાપાનીઝ ઢીલા કીમાનોમાં બાથ તરફ દોડતી જણાય. હું ખાનગી રીતે તમારી જાણ માટેજ તમારા કાનમાં કહું છું કે ડેક ઉપર બાણી ફ્રણીને

આવેલી નાઝનીન અને નીચે કેબીનમાંથી દોડતી માહા-
બુખતારો બે જુદીજ જાતના જીવડાઓ છે. ખેર, એનો
જેનો જેવો વીચાર! એ વાતમાં હું ઝાઝું સમજતો
નથી એટલે વધુ શું લખું? સ્ટીમર વીશેક માઇલ
આગળ વધી હશે એટલામાં ડેક ઉપર કાંઇ ન ધારેલી
ધમાધમી ચાલી રહી, દેશી લાશકરો અને સેલરો
આફીસરો અને પાસીનજરો ઘરફરી મારી રહયા હતા.
શું છે શું છે કરતાં જણાયું કે એક મોટી જબરી શારક
મચ્છીએ આગબોટની નાળ ઉપર પોતાનું જડબું ઉઘાડયું
હતું અને તેના મોહોડામાં નાળ પેશી જવાથી આ
રાક્ષસને છુટું કરીને ડેક ઉપર લાવવાની આ સઘળી
દોડાદોડી હતી. કલાકેક સુધી જીવતોડ મહેનત કરવા
પછી શારક છુટી પડી ખરી, પણ તે મરણ પામેલી
હતી અને આખરે દરીઆમાં ડુબી ગઇ. સ્ટીમરની સફાઇ
અને મલાહાજા માટે જેટલી વખાણ કરૂં એટલી થોડી
છે. ડેક ઉપરની ગંભીરતા મને એક દેવલની માંહેનો
દેખાવ યાદ દેવાડે છે. ફરેંચ સ્ટીમર ઉપર અમારી સાથે
કેટલાક જુવાન પોરેઆઓ હતા તેઓ રાતને છ આંગ-
ળનો "છોટા વાળા" લઇને ઢીંગા મસતી કરતા અને
છોકરવાદી ગીતો ગાતા તથા બીજી દારૂની તાણાજાણી
કરતા ને એટલાં સુધી કે બચારા ફરેચ કેપટને દરૂની
કબાટો બંધ કરાવી હતી અને બાનુ પસીનજરો પોતાની
કેબીનના બારણા બંધ કરવાની જરૂર વીચારતી ને
વાત મને હમણા ઘણા જોશથી યાદ આવે છે. હું હવે

વીચારૂં છું કે મારે તેની તલવારનો આ સઘળો સોદો હતો. ફ્રેંચ અમલદારો બાપડા કાંકણા એટલે દમ મારીને અખાડા કરે પણ શું મગદુર કે આવું ઢીંગાણું પી. એંડ ઓ. ના ડેક ઉપર એક પળબી ચાલે? ઇંગ્રેજી કેપટનનો દમામજ ઓર છે. તે જવલેજ પાસીનજરોની વચમાં દીસતો હતો અને બીજા આફીસરોને સાફ હુકમ હતો કે કોઇએ પસીનજરો સાથ ભેળાવું નહી અથવા કોઇબી જાતની ખાણીપીણીનો વ્યહુવાર રાખવો નહી. સ્ટીમર ઉપર સઘળાઓની નજર બે પાર્ટીઓ ઉપર હતી. એક નામાંકીત થીઓસોફીસ્ટ મીસીસ અની બીસાંટ અને બીજી કુચબીહારના મહારાજા અને તેમના માતાજી. મીસીસ બીસાંટ ઝાઝું બહાર આવતાં ન હતાં પણ પોતાની કેબીનમાં અથવા રાઇટીંગ રૂમમાં સારો દહાડો બેસીને લખ્યા કરતાં હતાં. હું બાળે ડોળે સઘળો તમાશો જોયા કરતો હતો. આ બાનુ કોઈને ઝાઝું કોઠું આપતાં ન હતાં, જો કે તેવણ સાથ વાત કરવાને અને ઓળખાણ પાડવાને કેટલીક દેશી બાનુઓને પછાડા મારતી હું જોતો હતો. એકજ દહાડે નોટીસ બોર્ડ ઉપર ખબર ચોંટાડવામાં આવી કે મીસીસ બીસાંટ આજે "જીંદગી" ઉપર ભાશણ આપનાર છે. ઠરાવેલે વખતે ઘણાંક સમજુના પુછડાંઓ ગોઠવાઇ ગઠવાઈને સલુનમાં બેઠાં. અલબતાં આ બાનુ છટાદાર બોલનાર છે તે તો સર્વ કોઇ જાણે છે, પણ તેઓએ જે ભાશણ આપ્યું તે એવી બાબદ ઉપર હતું કે તેનો એક બોલબી શ્રો-

તાજનો માહેનાં સેંકડે ૫ ટકાબી સમજ્યું હોય તે વીશે મને ઘણો શક છે. બીજાના વીચાર શું હશે તે કહેવાનું પાપ હું માથે લેતો નથી. હું મારે પોતાને સરૂં કહું છું કે હું એક બોલ સમજયો નથી. કુચબીહારના મહારાજાને માટે હવે શું લખું? તે બચારો ગુર્થમાન બેહેસ્ત પામ્યો છે, અને તે આટલુંબી જીવવા પામયો તે એક નવાઇ છે. દીવાસળી જેવા પાતલા પગ અને એકદમ નખાઇ ગયલાં અંગ સાથનો આ અમીરજાદો સદા મારી દયા ઉસકેરતો હતો. ઇંગ્રેજો જેઓ સાધારણ રીતે દેશીઓ સાથ ટીચકું ઉંચું રાખીને કામ લે છે તેઓ માંહેના કેટલાક આ મહારાજાની આસપાસ ભેગા મળીને ખીખી–ખાખા કરતા અને તે વળી રાતના ડીનર ટાઇમે તે જોઇ મને ઘણીજ રમુજ લાગતી. "મુફ્તકા ચંદન, ઘસ મેરે લાલીઆ" તમે સમજયા કે? પણ એમના માતાજી જેઓ સુમારે પચાસેક વરસની ઉમરના છે તેવણનો ડસ્સો ઓરજ હતો. તેવણ બંગાલી ડ્રેસમાં ઠાઠમાર ડેક ઉપર આવતાં અને ફક્ત બે ચાર યુરોપીઅન બાનુઓ અને ગ્રહસ્થો સાથ બ્રીડજ રમ્યા કરતાં હતાં ને શીવાય કોઇબી દેશી સાથ હસીને વાત કરતાં મેં એમને જોયા નથી. મહારાજા તરફથી એમના ખાસ બાવરચીને હાથે પકાવેલું કરી ચાવલનું ડીશ અવારનવાર તમારા સેવકને માટે આવતું. પારસી બાનુઓની તે ઉપર લુટ પડતી પણ ફીદવીએ પેહેલે દહાડાની અજમાયશ પછીથી તે ઉપર પુરો મુકયો હતો કારણ કે મારા વીચાર પ્રમાણે કરીમાં ૧

આઉંસ કરીનો મસાલો અને પાંચ શેર લાલ મરચાં હશે. ભલા આદમી પકાવનારને એટલીબી ખબર નહી કે મરચાં તે કાંઇ છુપાં રહે. બીજા જાણવાજોગ પુરૂષોમાં મરહુમ ડાકટર હબીબ જાનમાહમદ અને મીસીસ નાયડુ હતા. ડા૦ હબીબ મારીજ કેબીનમાં મારી સાથેજ સુતા હતા. બચારા ઘણું ભલું માણસ, વઈદાંમાં હુશીયાર પણ શરીર ઉપર હાડકાને ચામડા સીવાય બીજું કાંઇ ન મળે. મારી સાથ વાત કરતાં મેં જોઇ લીધું કે પોતે લાંબો વખત કહાડશે નહી તે અગાઉથીજ આ પ્રવીણ ડકટર જાણતા હતા. ડા૦ હબીબ કેમ ગુજર પામ્યા અને લંડનમાં તેની કેવી વ્યવસ્થા થઈ અને તેના બુઝોરગ માતા તથા જુવાન બહેનને કાર્લસબાદથી કેમ શોધી કહાડયા તે સઘળું તે વારજ મે એક એલાહેદાં પત્રમાં વર્ણવયું હતું, તોયે આ ગમગીન સફો પાછો અત્રે ઉતારી લઈ એક યાદગાર નોધ જાળવી રાખવાની મતલબ રાખું છું.

ડા૦ હબીબ જાનમાહમદ એમ૦ ડી૦ એફ૦ આર૦ સી૦ એસ૦

લંડનમાં અચબુચ મરણ.

જાં૦ બ૦ મ૦

લંડન, તા૦ ૧૩ મી જુન ૧૯૧૩.

શું હીંદુસ્તાનબી કમનસીબ છે કે જે ઝલકતા હીરાઓ તે પેદા કરે છે તે સહેજમાં કરમાઇ જાય છે.

ડા૦ હબીબ જાનમાહમદના બાબમાંબી એમજ બન્યું છે અને તે એવા દુઃખદાયક સંજોગો વચે બન્યું છે તેથી આપણો જીવ કકળે છે. આપણા જાણીતા તબીબ શેહેરી ડા૦ ઇસમાઇલ જાનમાહમદનો આ ઝલકતો બેટો ફક્ત સોલ વરસની ઉમરે તબીબું શીખવા વીલાયત ગયો હતો અને ત્યાં ઉપરાસાપરી પરીક્ષાઓ પસાર કરી એટલો તો ફતેહમંદ નીકળ્યો કે લંડનની એમ૦ ડી૦ ની ડીગ્રીમાં સોનાના ચાંદો મેલવી પોતાના ઈંગ્રેજ સાથીઓને પાછળ પાડી નાખી એમ૦ ડી૦—એફ૦ આર૦ સી૦ એસ૦ અને એફ૦ એસ૦ ની પદવીઓ ઝપોઝપ મેલવીને ખુદ લંડનમાબી હોહો કરી મુકી. મારા સાંભળવામાં એક વાત આવી છે તે આ ટાંકણે નોંધી લેવાની જરૂર વીચારૂં છું. એકવાર મોટી ઇસપીટાલમાં એક સ્ત્રીને આણી જ્યાં મહાન તબીબો ભેગા મલયા. આ મધે બાર પરીક્ષકો હતા. સ્ત્રીનું દરદ પારખવાની યોજના ચાલી અને બારે બાર તબીબો એકમત થયા કે આ સ્ત્રીને ચોકકસ જાતનું દરદ હતું. ફકત એકલો ડા૦ તબીબ જુદો પડયો અને મત આપયું કે તે દરદ જુદીજ જાતનું હતું. એમ૦ ડી૦ પસાર કરવાની આ કસોટી હતી. હબીબના ભાગયના જોરે આ સ્ત્રી ચાર પાંચ દહાડા પછી મયણ પામી અને તેને ચીરી જોતાં ઉપલા બાર ડાકટરો ખોટા પડયા અને ડા૦ હબીબ ખરો જણાયો. અલબતે આ પછી આ જુવાન તબીબની કીર્તી વધતીજ ચાલી અને અગીયાર વરસના અભીયાસ બાદ તે મુંબઇ

આવ્યો. મુંબઇમાં આવતાંને વાર શું તેનાપર ધમાલ પડતી હતી તે તો સારી મુંબઇ જાણે છે. જ્યાં હોય ત્યાં ડાકટર હબીબ જાનમહમદ માટે તલબ થતી હતી. પણ તે કેવા ભોગે? મરહુમ ઉપર કામનો એટલો ધસારો થવા લાગયો કે તે નખાતોજ ગયો અને છેલ્લાં છેલ્લાં ડાયાબીટીસની બીમારીની શરૂઆત થઇ એમ જણાય છે. પોતાની હાલત સમજી જઇ તે વેલાત ચેનજને માટે નીકલી પડયો. સાથે તેની માતા અને બેહન તથા બનેવી ડા૦ રજબઅલી પટેલબી હતા. અમો મુંબઇથી સ થેજ નીકલ્યા અને એકજ મેજ ઉપર જમવા બેસતાં હતાં; એટલુંજ નહી પણ ડા૦ હબીબ અને હું એકજ કેબીનમાં હતા એટલે હું સઘળી વીગત ભરૂસેદાર આપવાને શક્તીવાન છું. સ્ટીમર ઉપર મરહુમ સારો દહાડો ડેક ઉપર વાંચતો પડી રહેતા અને કોઇ સાથ વાતચીત કરવા વગર સદા ચીંતાતુર દેખાતો હતો. તેની મોટી ફ્રેંડ અને સલાહકાર મીસીસ સીરોજીની નાયડુ હતી. આ બાનુ ઇંગ્રેજી કવીતાઓ લખવા માટે મશહુર થયલી છે. રાતના અમે સુતા સુતા કેબીનમાં સહેજસાજ વાત કરતા ત્યારે મરહુમ ડા૦ હબીબ ઘણાજ હારી ખાધેલા દીસતા હતા અને પોતાની તબીએત માટે બળાપો કરતા હતા. અલબતે પોતાને ડાયાબીટીસ છે એમ કોઇને કહયું ન હતું પણ હું ધારૂં છું કે પોતે ચેતી ગયલા હોવા જોઇયે. મારી સાથે એક પારસી બાનુ હતાં જેઓ ટયુમરનાં આપરેશન સારૂ લંડન જતાં હતાં તેજ મુજબ મીસીસ

નાયડુ પણ આપરેશન માટે જતાં હતાં. આ સર્વેની ખબર અને સારવાર ભલો ડા૦ હબીબ કરતો હતો અને ઘટતી સલાહ આપતો હતો. અમે પારીસના સ્ટેશન ઉપર છેલ્લા મલ્યા અને સેકહેંડ કીધા પછી બીજે ત્રીજે દાહાડે લંડન મલવાની કબુલાત આપવા પછી છુટા પડયા. હું ત્રીજે દીને લંડન આવ્યો અને રાતના નાટકમાં બેસવા જાઉં છું તેટલાં મારા મીત્ર મી૦ કાવસજી દાદાભાઇ દુબાશે મને ઓચંબાભરી ખબર આપી કે નેશનલ લીબરલ કલબમાં ડા૦ હબીબ અચબુચ ગુજરી ગયા છે! બીજા કોઇથી આવી ખબર મલતે તો હું માનવાની આંચકી કરતે; પણ મી૦ કાવસજી પોતે ત્યાં જઇને સેનદો કરી આવ્યા હતા. આ ખબર સાંભલી મને જે આંચકી લાગી તે હું જલદીથી વીસરનાર નથી. યા દાદાર! આ શું ગજબ. પોતાની માવતર અને બેહનથી બે દહાડા છુટા પડવા બાદ જમ ખેંચી ગયો. હબીબના બોઝોર્ગ મા અને બેહન તથા ડા૦ રજબઅલી તો તબીબી સલાહ અર્થે કાર્લસબાદ ગયાં હતાં. હવે કરવું કેમ અને લાસની શી વ્યવસ્થા કરવી તે એક મુશકેલ સવાલ થઈ પડયો. કાર્લસબાદ તારપર તાર છોડયા પણ કશો પતો મલે નહીં. મી૦ ઈલીઆસ નામે કાપડના વેપારી અત્રે છે તેઓએ તથા આપણા માનવંત શહેરી સર કરીમભાઈ ઈભરાહીમના બેટા મી૦ આહમદે ઘણી મહેનત કરી. પોતાના જાતભાઇને ખાતર મી૦ ઇલીઆસે જે હીલ દેખાડયું તે માટે હું તેમની વખાણ કરૂંછું.

એવું જાણાય છે કે ડા૦ હબીબ નેશનલ લીબરલ કલબમાં જઈ ઉતરયા હતા. સ્ટીમર ઉપર પોતાને મોઢું વડ નીકળયું હતું તે દરીયામાંજ ચીરાવયુ. ત્યારપછીજ એઓ ઉદાસ દીસતા હતા. સુકરવારે સવારનાં ઉઠી તેઓએ પીવાનું પાણી માંગયું. જે ડાકટરને કનસલ્ટ કરવા બોલાવ્યો હતો તેણે તાકીદ કરી હતી કે બને ત્યાં સુધી પાણી નહીં આપવું. વેટરે આનાકાની કરી. ડા૦ હબીબે માન્યું નહી અને બે ત્રણ જગ ભરીને પાણી પીધા બાદ બારણું બંધ કરીને સુઈ ગયા. ઘણા કલાક સુધી ઉઠયા નહી એટલે વેટરને શક પડયો. તેણે બારણું ઉઘાડયું તો ડાકટર હબીબ કાંઈ કલાકના મરણ પામેલા હતા. તુરત દોડાદોડી ચાલી. એમનાં કોઈ ઓળખીતાં કે સગાંવાહાલાં હોય તો તેમને શોધી કહાડવાને એમનાં ખીસાં તપાસ્યાં તો તેમાંથી મીસીસ નાયડુનો કારડ મલ્યો. સોનાનું ઘડીયાલ તથા સાંકળી તકયા તલે હતી અને રોકડા ૮ પાઉંડ હતા. મીસીસ નાયડુ આવી પોહોચ્યાં અને મરનારના મા તથા બેહન અને બનેવી કયાં હતાં તે વીષે બેખબરી જણાવી. પણ તેટલાં કરવું શું? જો લાસને હીંદુસ્તાન લઈ જવી હોય તો તેને 'એમબામ' કરવી જોઈયે. વળી ચોક્કસ દીવસથી વધુ એમની એમ રખાય નહી. લંડનમાં એક કંપની છે તેઓએ સારાં નસાબે લાશને એમની એમ ચાર દહાડા સુધી રાખવાની કબુલાત આપી અને તેટલામાં મરહુમના માતા તથા બેનનો પતોબી

મેશરસ કુક કું૦ ની મારફતે લાગયો. તેઓ તુરત લંડન આવવા નીકળી પડયાં અને ગયા મંગળવારે તા૦ ૧૦ મી જુન સાંજના ૯ વાગતે ચારીંગ ક્રાસ સ્ટેશન ઉપર આવી પુગયાં. મી૦ બેગ, ઈનડીઆ કાઉનસીલના મેમબર તથા તેમના બાનુ જેઓને ત્યાં આ દુ:ખી કુટુંબ ઉતરનાર છે, તેઓ, તથા મી૦ હામદ કરીમભાઈ ઈભરાહીમ હુ પોતે, મી૦ કાવસજી દાદાભાઈ દુબાશ, ડા૦ ગીબી, મી૦ ઈલીઆસ સ્ટેશન ઉપર હાજર હતાં. સ્ટેશન ઉપરથી ઉપડેલાં અમો મરહુમને રાખવાની જગા ઉપર ગયાં ત્યાં એક નાહાના એકાંત ઓરડામાં ટેબલ ઉપર પેટી મેલેલી હતી. ઓરડો અંધારો કીધેલો હતો પણ આસપાસ મીનબતીઓ સલગાવી મેલી હતી જેથી મોહોતનો જમ કેવો ગંભીર છે તેની ભાસ આવતી હતી. લાસને એક બંધ પેટીમાં મેલી હતી પણ ઉપરથી ટાપ કાચનું હતું એટલે ચેહરો જોવાઈ શકાતો હતો. સવ આ અડાવીસ વરસના ગુજર પામેલા હીંદના સેતારાને છેલ્લી સલામ કરી ત્યાંથી વીદાય થયાં. ગઈ કાલે એટલે ભૃસપતવાર તા૦ ૧૨ મી જુને કફનને એક સ્પેશીયલ ત્રેનમાં મુકી બ્રુકઉડ ખાતે લઈ જવામાં આવ્યું જયાં પારસીઓની ભુમીદા કરવાની જગાની પાસેજ મુસલમીનો માટે કબ્રસ્તાન છે. પાયદસતે ઘણા દેશીઓ અને અંગ્રેજ મીત્રો ગયા હતા. મરહુમની પાયદસ્ત માટેની ખબર આપનારો નીચલો કારડ કાળી બારડરમાં લાગતાવળગતાઓ તથા ઓલખીતાઓને પહોંચાડવામાં આવ્યો હતો:—

"From God we are and to God we return."

Namaz-i-janazah

(Funeral Service)

of

Dr. Habib Ismail Jan Mahomed,
M. D., F. R. C. S.

(of Peddar Road, Bombay, India),

Son of Dr. Ismail Jan Mohomed.

Who died in London, June 7th 1913,

Age 28 years.

Service will take place at the Moslem Burial Ground, Brookwood, on Thursday, 12th inst. A special train leaves the Necropolis Station, 121, Westminster Bridge Road, S. E., at 11-30 A. M.

Dr. Jan Mahomed's Mother and Sister, and his Brother-in-law, Dr. Rajabally, have arrived, and your presence to show sympathy is earnestly requested.

Return tickets to Brookwood will be provided free at the Necropolis Station.

Mirza Abbas Ali Baig
A. S. M. Anik,
Abdul Ghany Khan.

આ પ્રમાણે આ બીચારા થોડી વારમાં ઉગી નીકળેલા પણ તેટલાજ જલદી કરમાઈ ગયલા ફુલનો અંત આવ્યો છે. ખોદા એના રૂહને શાંતી બક્ષે.

કવી બાનુ મીસીસ નાઈડુ માટે અજબ રીતે મતફેર છે. આ બાઈ ભવાં ચહડાવીને પગમાં કસબી જોડા સજીને ડેક ઉપર બીરાજતાં અને ખુબ વમાસણમાં જણાતાં—પણ કોણ જાણે શા કારણથી એક કવી બાનુ તરીકે તેઓ તરફ સર્વની જેટલી નજર ખેંચાવી જોઈયે તેટલી કશી નીશાન જણાતી ન હતી. એક વાર પોતાની કવીતાની એક નાહાની ચોપડી તેઓએ મારા હાથમા મુકી અને તે વાંચ્યા પછી મારૂં મત પુછયું. હવે આ સાંટક વચ્ચે કેમ કેમ વર્તવું! "બોલું તો મા મારી જાય, ન બોલું તો બાપ કુત્તા ખાય." મેં મત આપ્યું કે અલબત તમારી ઈંગ્રેજી કવીતાઓ એક ઈંગ્રેજ લખનારની કલમથી હોય તો ઘણી નવાઇ ગણાય નહી પણ એક દેશી બાનુને હાથથી લખાયલી હોવાથી તે ઘણી સારી કહેવાય. મુવા છુટા. હું ધારૂં છું કે આ મત કાંઇ ઘણું રૂચ્યું હોય એમ મને લાગું નહી. હશે બા, કવીતાની બાબદમાં આપણે શું સમજીએ?

તમે જાણો કે અમે આખો દહાડો ને રાત બગાસાં ખાઈને કાહાડતા હોઈશું. કોઈ ચીજ નહીં. બડેખાં ટોપીવાળાઓ જેઓ આપણા તરફ સાધારણ રીતે ઝાંખીને જોય નહી તેઓ સોરતીની સ્વીપ કહાડીને પૈસા ઓકાવવાના હોય ત્યારે પેંગા ચેંગા થઇને આપણી પાસે આવે અને શીલીંગો માટે ખીસામાં હાથ નાખવાની વીનંતી કરે. બે સાહેબો તો દરરોજ સહવારથી ટેબલ માંડીને બેસે. આ ટેબલ ઉપર ચાકથી નંબર

પાડેલા ૩૨૦, ૩૨૧, ૩૨૨ ઈત્યાદી તે છેક ૩૫૦ સુધી. તમારે ગમે તે નંબર ઉપર તમારો સીકકો મુકો. બીજે દીને બપોરના બરાબર બારને ટકેરે ઈન્જીન રૂમમાંથી ટેલીગ્રાફ આવે કે સ્ટીમરે ૨૪ કલાકમાં ૩૩૦ મૈલ કાપ્યા. જેણે અથવા જેટલ જણે ૩૩૦ ઉપર સીક્કા મુકયા હોય તેઓ સઘળા પઈસા વહેંચી લે. હું જોતો હતો કે આ સોરતીમાં પારસી શેઠો અને બાનુઓ આંખ વીચીને ઝીપલાવતી હતી અને અવારનવાર હસતે ચેહરે ઝીતેલા ખુરદા ખખડાવતી હતી. વળી રાતના ડાન્સ તો છેજ. સ્ટીમરના ચાર પાંચ સ્ટુઅરડોનું બનેલું બેંડ વાગે અને "નાચ ગો" ના ખેલ શીરૂ થાય. અલબતાં એમાં દેશીઓ તો કયાંથી હોય પણ જે જાંગલો જરા ચીચોડાવાળો અથવા મોટા ઓહદ્ધાવાળો હોય તેની ઉપર જોઈ લ્યો ધરાંપરાં. અને નાચનારી બાનુઓ ! બાપરે, કોણ જાણે એ લોકના ટેટાંમાં કઇ જાતની કમાન તે પરવરદેગારે મુકી હશે કે દેખઇતી કોમલ કાવલી લાડકલી કલાકના કલાક નાચે તોએ ઠાકે નહી. છાટા પાણીની સલુનની પણ બોલબાલા. આખો દીવસ ડેક ઉપર આ ઉતમ ખાતું ઉઘાડું અને અવારનવાર તરશીયા સાહેબો જઇ જઇને જરા જરા ટપકાવ્યા કરે, તે રાતના બાર વાગ્યા સુધી. મેં સાભળ્યું હતું કે પી. એંડ ઓનું ખાણું આપણે ગળે ઉતરતું નથી કેમજે તેમાં ગોસ્તના મોટા લુગડા વધારે જાયજ છે. મારા અનુભવ ઉપરથી હું આ વાત ના પાડું છું. ટેબલની સફાઇ અને રચનામાં

તો મના હતીજ નહી પણ ખાવાનુંબી મન ભાવે તેવું અચ્છું લેહઝતદાર રહેતું. ગોરા સ્ટુઅરડો ઘણા સ્વચ્છ અને નમાના જણાતા અને કસી જાતની વાણ ન હતી. પણ સબર વળી એ ગરબડ શું છે, કાંઈ નહી બીહો ના. એ તો પોરટ સઈયદ આવ્યું અને ત્યાં ત્રણ કલાક સ્ટીમર ઉભી રહેવાની હોવાથી પાસીનજરો ઉતરી જવાની દોડધામ છે.

પ્રકરણ ૩ જું.

પણ પોરટ સઈદના પવીત્ર (!) કીનારા ઉપર ઉતરૂં તે અગાઉ મારી આગબોટની છેલ્લી થોડીક ઝાડઝુડ કરી લેવાનું ઠીક પડશે. આપરે દેશી પડયા એટલે કીનારા ઉપર જનરલો અને કર્નલોને જોઇને કેવા દગમગી જઈએ છીએ. તેમનો તાપ શું અને શું તેમનો ઠસ્સો. પણ સ્ટીમરના ડેક ઉપર મમાવા બપાવા જેવા ઘરડા કર્નલો અને જનરલો હુસ્સા જેવા બાવાજીના ભુચાની પેઠે વળાં ફેંકવાની અથવા લાકડીએ ઢીંમરાં હડસેલવાની રમત ખેલે તે જોવાની ઘણી ગમત પડે છે. આપણા પારસીઓમાં "મોટે ઘરના અભઈજી"ની વ્યાખ્યા સર્વે કોઈ સમજે છે. ચોક્કસ માતબર બાઈઓને માથેરાનની ટેકડી ઉપર મેં કાનેકાન સાંભળી છે કે "ચાલો, ચાલો,

આપરે આપરો સટ થઈને કોઈ ‘ક્વાયટ પાઈન્ટ’ ઉપર મળવાનું રાખ્યે. રૂગાબી તો હવે બધાં ખોરીઆં ખાપ-રીઆંથી ઉભાઈ જાયછ!” હું આગળથી જાણતો હતો કે આ જાતનું ચેટક ઈંગ્રેજોમાં પણ ઝાઝું છે પણ તે કેટલી હદ સુધી છે તે મેં હમણા સ્ટીમર ઉપરજ જોયું. ઈંગ્રેજોમાંબી વર્ગ વર્ગની સુગ ભારી છે. પોતે જે મંડળના હોય તેથી એક મઈ જેટલી ઉતરતી પદવીવાળાં સાથ એ લોક મરતાં ભેળાતાં નથી. કામ પડે તો આપરી સાથ વાત કરશે પણ પોતાની જાતવાળા સાથ હરગીઝ નહીં. ડેક ઉપર અવારનવાર ડાન્સ થાય તેમાં જુવાન ઈંગ્રેજ સ્ત્રીઓ પાર્ટનરને માટે આમ તેમ ડોળા તાણીને વાટ જોતી હોય, છતાં કોઈ દુકાનદાર વર્ગનો ઈંગ્રેજ બચારો નાચવા તલપાપડ થઈ રહયો હોય તો ઝાંખીને તેના ગમ જુએ નહીં. અમારા પાસીનજરોમાં એક માતબર ઈંગ્રેજ દુકાનદાર પણ પોતાની મોહોરદાર સાથે હતો. હું ચકોર આંખોથી આ જોડાં ઉપર સદા નજર રાખતો પણ કોઈ દીવસે બીજા પાસીનજરોને આ જોડાં સાથ વાત કરતાં મેં જોયાં નથી. ડાન્સ હોય ત્યારેબી બીચારાં ધંધાદારી પોતે માટી બાયડી પોતપોતામાંજ નાચે. સઉ પોતપોતામાં હસે બોલે અને દારૂ પીએ પણ આ દુકાનદાર ભાઈને મીઠો ગાળો. સફાઈ સુઘડાઈની બાબદમાં તો પી. એંડ ઓ. ઉત્તમ છે. દરરોજ બરાબર અગીઆર વાગતે કેપટન પોતે આખી આગબોટમાં ફરી જાય અને દરેક કેબીનમાં ડોકું ઘાલે. ભોંય ઉપર એક

કાગળની કાપલીબી પડી હોય કે કેબીનમાં સામન આમ તેમ પડયો હોય તો સ્ટુઅર્ડની કમબખ્તી. પણ માલેતુજાર ઈંગ્રેજ કંપનીના સઘળા વહીવટ છતાં નાહાવાની ગોઠવણમાં કાંઈક ફેરફારની જરૂર છે. મુશકેલી એ છે કે સઘળાંઓ સવારના એકજ વખતે અંગોળ માટે આરજુ રાખે છે. હવે જો સવારના નહી નાહાયા ને બપોરના ત્રણ વાગતે કરારને જીવે બાથ લીધો તો શું બે બાપના થઈ જાય? ના, બે વખત ડ્રેસની માથાકુટ કોણ કરે? હજામની દુકાનપરબી એવીજ ધાડ. જાણને નાહાવાને દસ મીનીટનો ટાઈમ આપેલો, પણ હજી તો સદરો અંગમાંથી કાહાડયો નથી એટલામાં ધપાધપ બારણાની ઠોકાઠોક થાય. કપડાં આંગમાંથી ઉતારવાની ઝંપ નહી તો પછી સાબુ ચોળવાનો ટાઈમ તો કયાંથી મળે? મરદો તો સમજયા પણ બાનુ ડીવીઝનમાં તો એથીબી મઝેહ પડતી કહેવાય છે. એક મડમ કેહેશે કે બારી ઉંઘાડી રાખવી તો તુમાખી પારસી બાઈ કેહેશે, "શું કામ, મને ઠંડી લાગેછ." એવાં એવાં ખેંન કોટક સ્ટીમર ઉપર રોજના ચાલુ છે. આહ! પણ ખરી મઝાહ તો દરીઓ જરા લાડકો થાય ત્યારે જોવાની છે. એક વાર ત્રણ દાહાડા બોટ પીચ અને રોલ થવા લાગી કે પછી મીજાજ બીજાજ સઘળો બાજુએ રહી ગયો. પોણોસો, હેંસી પાસીનજરોમાંથી આઠેક બાહાધુરો ખાણાની મેજ ઉપર દીસવા લાગયા. મડમ સાહેબો તો ડેક ઉપર ઓઢી પોઢીને ઉકરૂ ફુકરૂ

થઈને પડી રેહ. કેટલાકો તો બબે દાહાડા સુધી ફક્ત ચાહ ઉપર રેહ અને પાંઉ બીસક્રીટને જોઈને ગળાં તાણે. આ વાર મસ-મોટી આગબોટ તો જાણે ભર માહાસાગરમાં નાહાનું માછવું. મોજા હુઉઉઉ કરતાં આવીને ડેકની ઉપરથી છલાંગ મારે. હું પોતે કોઈ દાહાડે સી સીક થતો નથી પણ ઉભું કોણથી રેહવાય? જેમ તેમ પકડી ધરીને નીચે જવા કરીએ પણ વચો વચમાં માહાબુઓ અરડાઈને પડેલી તે પકડેલું છોડી દીધા સીવાય છુટકો નહી. જેવો હાથ છુટો થયો કે ગયા નીચે. હું બે વાર સઝડ ઝીકાયો. તમે જાણો કે બધાં દોડી આવ્યાં હશે અને હાડકાં પાંસળાં તપાસયાં હશે. કોઈ ચીજ નહી. બે એક મડમોએ મોહો ઉપર ઘાંકેલી શાલ જરાકમઈ જેટલી ખસેડીને કાંસી કરાંઝીને પુછયું "અંહ! કંઈ વાગું કે?" આપરે ખશીયાણા જેવા જેમ તેમ ઉઠીને ધબ દેતા કોઈની ખુરશી ઉપર બેસી ગયા. તે દીવસ ફરજીઆત અપવાસનો નોંધાયો.

બચારા આગબોટના સ્ટુઅર્ડો હાથમાં રકાબીઓ પકડીને આવા દરીઆ વચ્ચે પોતાના પગનું સમતોલપણું કેમ જાળવતા હશે એ એક અજાયબી છે. ટેબલ ઉપર રકાબી પયાલાં ગલાસ ટંબલર ડીકાનડરો વગેરે સઘળું દોરડાંથી બાંધેલું તે છતાં એક લરજો આવે કે સેંહેકડો રકાબીઓનો ખુરદો થઈ જાય. હમણાની સઘળી સ્ટીમરોમાં વાયરલેસ ટેલીગ્રાફીની સગવડ રાખી છે. આ અક્કલ

હેરાન કરનારી શોધ શું અવધી કરી રહી છે તેનો એકજ દાખલો આપું. અમે મુંબઈથી છસેં કે વધુ માઈલ ઉપર હોઈશું એટલે અમારા એક પારસી મીત્રે ભર-દરીએથી પોતાના બેટા ઉપર કરાંચી વાયરલેસ તાર મારયો કે અમે પરમ દીને આવી પુગશું. કલાક બેને સુમારે જવાબ પાછો હવા મારફતે આવી પોહોંચ્યો કે ઘણા ખુશી છીએ. મારી મીસીસને સાલ મુબારક. તે દીવસે મીસીસની સાલગરેહ હતી! હા બા, જરા પૈસાનું કામ તો ખરૂં. જો તમારો કેબીન બોય કે ટેબલ સ્ટુઅર્ડ તમારાં મોહપરથી પામી જાય કે—આ તીજોરી તાજી છે તો જોઇ લ્યો તમારા ઉપર જાન પ્રાણ. નહીં તો પછી જરા એમ તો ખરૂંજ તો. પુછશો કે શું આપવાનું, તો સાધારણ રીતે કેબીન સ્ટુઅર્ડને ૧૦ શીલીંગ (માણસ દીઠ)—ટેબલ સ્ટુઅર્ડને ૧૦ શીલીંગ અને બાથમેનને ત્રણ શીલીંગ આપશો તો બસ છે. કેટલાંક બડેખાં પારસી શેઠો આ બાબદમાં અવધી કરે છે તે ઘણાઓને નાપસંદ છે એમ મારે કેહવું જોઈએ.

હવે દરીઆ ડોહવી રહયા. જરા આગળ ચાલીએ. ઘણા જાણ ગુંચવાય છે કે અમે પઈસા સંબંધી શું બંદોબસ્ત કરયે અને કેટલા સાથે રાખ્યે? હું મારા અનુભવ ઉપરથી કહું છું કે જો "બાર બે ચોક" નો યાને જુગારનો તમને લખ ન હોય તો લંડન સુધી પોહોંચવાને પચીસથી ત્રીસ પાઉંડ રસ્તા ખરચના ઘણા

થયા. અલબતે તેમાં સ્ટીમરની ટીકીટ હું ગણતો નથી. મુંબઈના રૂપીઆ અથવા કરનસી નોટ બીલકુલ નકામાં છે. યુરોપમાં કોઈ ઠેકાણે તે હાથ ધરશે નહી. રોકડ ખરચ માટે ગીની અથવા બેંક ઓફ્ ઈંગ્લાંડની પાંચ પાઉંડની નોટ ડગલાની માહેથી છાતી આગળના ખીસામાં રાખવી. સાથે ઝાઝું બીજું રોકડ રાખવાની હું ભલામણ કરતો નથી. સર્વેથી સરસ માર્ગ મુંબઈની કુકની હાફીસમાં જઈ એ લોકની સરકયુલર નોટો વેચાતી લેવી કેમજે યુરોપના લગભગ દરેક ગામમાં અને દરેક બેંકમાં કબુલ રાખવામાં આવે છે. એજ પ્રમાણે ઈંગ્લાંડની આંટ એટલી મોટી છે કે સોનાનો ગીનીનો સીકકો ગમે તે મુલકમાં લઇ જશો ત્યાં ખુશીથી સ્વીકારશે. ફ્રાંસનો સોના રૂપાંનો સીકકો ફ્રાંસમાંજ ચાલે. આસ્ત્રીઆ જાઓ તો કોઈ હાથમાં ન લે. તેમજ ઈટાલી, જરમની વગેરે માટે સમજવું. એટલી બ્રીટીશ શાહનશાહતની પ્રતીષ્ઠા મોટી છે. એક મુલકમાંથી બીજા મુલકમાં જવાના હો તો આગામચથી તે મુલકના થોડા ઘણા પઇસા સાથે રાખજો કેમજે સ્ટેશન ઉપર ઉતરતાં વારજ પોરટરને સેશ કરવી પડશે. એમ જાણો કે આજે પારીસમાં છો ને કાલે બરલીનમાં ઉતરવાના છો તો અગાઉથી નાના મોટા થોડા સીકકા જરમન પઇસાના લઈ લેવા.

પણ હવે પોરટ સઈદ કેવારનું વાટ જુએ છે. આ જગાનું બી શું નસીબ છે કે એક વાર ફકત થોડાક


જંગલી અરબોનું રેતીનું રણ હતું તે હમણા આસતે આસતે ઠોકાબંધ વધીને મહા અગાત્યનું શેહર બનતું જાય છે, કારણ કે યુરોપ જતી અને યુરોપથી આવતી સેંહેંકડો સ્ટીમરો સ્વેઝ કનાલમાં દાખલ થવા માટે પોરટ સઈદ આવવીજ જોઈએ. વળી કનાલ કુંપનીની વડી હાફીસ ત્યાંજ છે અને ઠાકેલા પાસીનજરો બે ત્રણ કલાક પગ છુટટા કરવા કીનારે ઉતરવાની જરૂર વીચારે છે. જો આપ સાહેબને કીનારે ઉતરવાનો શોખ હોય તો મુજ ગરીબની થોડીક ચાનકરૂપી સલાહ માની લેજો. અરબ બોટવાળાઓ તમને લઇ જવા ધામધુમ અને કલાહોલ કરશે પણ કોઈનું સાંભળવું નહીં. હવડાં ગોઠવણ થઈ છે તે પ્રમાણે કોઈબી બોટમાં બેસી જવું અને માણસ દીઠ કીનારે સરકારી અમલદાર નીયમ કીધેલો દર (છ પેન્સ) લઈ તમને શેહરના દરવાજામાં પેસવા દેશે.

અંદર દાખલ થયા કે પેહલી જળો ગાઈડના આકારમાં તમને ચોંટશે. તમે ગમે એટલીબી ના પાડો પણ તમારો પીછો છોડનાર નથી. હું સેહજમાં કહું છું તે ચતુર હોય તો ચેતી જાઓ. ભળતા ગાઈડને સાથે રાખવામાં ફાયદો તો નથીજ પણ અનેક તરેહના જોખમ સમાયલા છે. પેહલાં તો તમને ભોળા જાણીને કોણ જાણે ક્યાં ભસતામાં ફેરવવા માગશે, એટલુંજ નહી પણ જો તમને એક ચીજ બે રૂપીએ મળતી હશે તો ગાઈડ સાથે જતાં હડી આપવા પડશે. એવો ત્યાંનો સરેસતોજ છે.

બાપુ, ગાઈડ આવે કે ગાઈડનો દાદો આવે પણ હરગીઝ પછવાડેના અરબ મોહોલાઓમાં જતા ના. ત્યાં જોવાનું કાંઈ નથી—બેહદ નજીસાટ સાથે મકાઈ બાહુ છે! સમજીઆ કે? ધોરી મોટો રસતો છે, ફકત એકજ છે, જયાં સુધરેલી ધપની મોટી દુકાનો છે ત્યાંજ ફરવા હરવાની કશી હરકત નથી.

પણ બાપુ, દુકાનેમાં એક ચીજ રૂપીએ વેચવાની હશે તેના સાડાપાંચ ને બે આના માંગશે માટે હુશીયારીમા રેહજો. વળી તમે રસતામાં ચાલતા હોવ ત્યારે નવથી દશ વરસના ટાંગાણુ અરબ છોકરાઓ કાંડી વેચવાને બાહાને તમારા પાસાંમાં ભરાશે અને હલવે સાદે તમને કોઈ કમકમાટભરી વાતથી લલચાવશે. આ છોકરાઓથી ખુબ ચેતેલા ચાલજો; કારણ કે એ શરીઆમ શેહતાનની ઓલાદના છે.

બાપુ, ફરી એકવાર કહું છું કે પોરટ સઈદ નાપાક અંધરેમેન-પોસ્થાન છે. ગાઈડ તમને ફુસલાવે કે "ફુલાણો ડાન્સ" ઘણો જોવા લાયક છે ઈત્યાદી, અને બીજા ઘણાજ હોજખી દેખાવો દેખાડવાની ભીકર કરે તો કબુ કબુ કબુ કબુલ થતા ના, નહી તો જીંદગીના છેડા સુધી તચાકડી ફોડશો. હોટેલો સારાં છે, પણ ભરૂસો નહી. દરીઆ કીનારે "કેસીનો હોટેલ" હમણાં નવું ઉઘડયું છે તે અચ્છું છે અને આબરૂદાર છે.



કેસીનો હોટલ—પોર્ટ સઈદ.   સફે ૨૮.

બાપુ—ધમધમ મડમોવાજું વગાડતી હોય અને ખણ ખણ સોનાના સીક્કા ખખડતા હોય ત્યાં પગ મુકો તો ખીસાના બટન બંધ કરજો, કારણ એ સઘળું હંબગ છે. તમને ખેંચવાની મતલબ સીવાય એમાં કાંઈ નથી. જેઓ દેખાડવાને સારૂ ઝપોઝપ સોનાના સીક્કા ટેબલ ઉપર ફડાફડ ઉડારતા જણાય છે તેઓ પાસે બાંધી મારે તો ફુટી બદામ નીકળે નહી એવા છે. પોરટ સઈયદમાં ખરો ઈંગ્રેજ જવલેજ જોશો. બધા ઉંધી ઘંટીના સ્પાનીશ અને ઈટાલીઅન ઉમરાવજાદાઓ પગેપગ વીટળાશે. પેહલી પરીક્ષા—કાળાં નખ, જાડાં બુટ, ચાર દાહાડાની દાહાડી, મેલો કાલર અને ઝાટલીમેનનો કોટ. ત્યાં હમણા બેત્રણ સીધી વેપારીઓએ દુકાનો ખોલી છે. સીધી કયાં નથી? તે લોક સ્વચ્છ અને આબરૂદાર હોવે ઘણું સારૂ બીઝનેસ કરે છે. દરરોજ આવતી જતી આગબોટના ઈંગ્રેજ અને દેશી બાનુઓની ધમાલ સારી છે અને કોઈ ખરી મનસનીથી ધંધો ચલાવે તો પાંચ પઈસાનું મોહોડું જુએ તેમ છે. હું પુછું છું કે પારસીઓ કાં ત્યાં પોતાનું નસીબ અજમાવતા નથી? હું ખાત્રી આપું છું કે તેવો આદમી ભુખો રેહશે નહીં. જેમ કીનારે દુકાનો ઉપર એકના પાંચનો ભાવ તેમજ સ્ટીમર ઉપરબી સમજવું. ત્યાં અરબ વેચનારાઓ પથારા માંડીને તમને લલચાવે છે. પરવાળાંની હારડીના લેવાના હશે એક શીલીંગ તો અઢાર શીલીંગથી શરૂ કરશે—વાસતે રે બાપુઓ—સમાલજો.

પ્રકરણ ૪ થું.


પોર્ટ સઈદથી ઉપડયા કે એશીયા તમામ થયું અને યુરોપમાં પેઠા એમ સમજવું. નાકનો ફુંફારો લેતાંજ એવી ઠંડક લાગશે કે જાણે બંદીવાનના બંધ છુટયા ને આપખત્યારીની હવામાં દાખલ થયા. વચ્ચે, આટ-લાનટીક માહાસાગર તેમાં મુખ્ય કરી ગલ્ફ આફ લાયન્સ આગળ સમુદ્ર બાપા સીધેસીધા ઉતરે તો સારૂ, નહી તો કેવી અવસ્થા થાય છે તેનો નબળો ચીતાર હું ગયાં પ્રકરણમાં આપી ગયો છું. એમ સમજો કે મારસેલ્સ આવી પોહોંચ્યા કે કોણ જાણે શું ધાડ પડી હોય તેમ ઉતરવાની દોડાદોડી પડે છે. જેઓને તેને તેજ દાહાડે ત્રેન પકડીને કેલે ડોવર માર્ગે વીલાયત જવું હોય, જેઓને રજાના દીવસ થોડાજ ગણત્રીના હાથમાં હોય તેઓને માટે આ ધમચક્રી સમજાય તેવી છે પણ જેઓ ફરવા હરવા અને છ મહીના "હોલીડે" ભોગવવા આવ્યા હોય તેઓ પણ કોણ જાણે શા સારૂ સાહેબ લોકને મોહોતે મરવા માગતા હશે.

મારસેલ્સનો થોડો ઘણો ખ્યાલ હું મારી આગલી સફરને દરમ્યાન આપી ચુકયો છું એટલે તે ફરીથી લખવાની જરૂર નથી પણ કેટલીક નવી નોંધો ભેગી કરી છે તે પાછું ફરતી મુસાફરી વેળા આપવા માટે રાખી મુકી છે, માટે બસ હવે તો આગળ ચાલો. માત્ર

એટલુંજ કહેવું બસ થશે કે મારસેલ્સમાં બે ત્રણ દાહાડા આસાયશ માટે ગાળી કાહાડશો તો વ્યર્થ જવાના નથી. મારસેલ્સ નાહાનું જેવું નહી પણ સારૂં જેવું પારીસ છે અને પારીસમાં જે ગળ્યું ગળ્યું જોવાની તસ્દી લેવાની છે તેનો શરૂઆતનો થોડો ઘણો અનુભવ અથવા મુખવાસ મારસેલ્સમાંજ જોઈ લેવાની હું સખ્ત ભલામણ કરૂં છું. ત્યારે આમજ સમજો કે સ્ટીમર ઉપરથી જમીન ઉપર પગ મુકયો કે પેહલી પીડા કસ્ટમ હાઉસની છે. જો સાથે દારૂ અથવા તંબાકુ ન હોય તો ચીંતા નથી. તમારો સામાન ઉઘડાવવા માંગે તે અગાઉથીજ કુંચી હાથમાં પકડીને "કમીશનર"ને દેખાડજો અને એવા ડોળા કરજો કે "લે બા જો, તારે ગમે તે જો." સો વસાતો તમારૂં મોહ જોઈને તથા હાથમાં કુંચીઓ તૈયાર જોઈને તમને કશીબી મેહેનત આપ્યા વગર ચાકથી તમારા લગેજ ઉપર નીશાન કરી આપશે. પણ જો તમારા પોટકુલામાં પાપ ભરેલું હોય તો પછી તો જરા વીચારવાનુંજ તો. અસાધારણ ઘરેણું ગાંઠું કે ૫૦ ૬૦ સાડીઓ તાણી લાવ્યાં હોય તો ઘરેણું અંગ ઉપર લાધી લેવાની ભલામણ થઈ શકશે. પણ સર્વથી સરસ માર્ગ તો કુકનો કે તમારા મુંબઈના શીપીંગ એજન્ટનો કસ્બી ટોપીવાળો આસીસટંટ ત્યાં હાજર હશે તેને કુંચીઓ સોંપી દેવી અને તેના હાથમાં ૪–૫ ફ્રાંક મુકી દેવા એટલે તમને વધુ તકલીફ નહી પડશે એમ હું ધારૂં છું. મારી ખાસ સલાહ છે કે મારસેલ્સમાં રહેવાના

હોવ તો સર્વથી સારા હોટેલમાં રહેજો. મારસેલ્સ કાંઇ ઘણું મોઘું નથી અને ખરચમાં ઘણો ફેર પડશે નહી. કોઈ ભલતો ગાઈડ લેતા ના પણ કુકનો કે હોટેલનો ખાત્રીનો ગાઈડ લેજો. દરરોજ કુકની આફીસ આગળથી ૨૪ માણસ બેસે તેવી "શારાબેંક" ઓટોમોબીલ નીકળે છે. ચાર્જ દશ ફ્રાંક, પણ તેમાં બપોરનું લંચ, જાણવાજોગ જગાએ ફેરવી લાવવાનુ અને ઈંગ્રેજી બોલનારો ગાઇડ સાથે બધું કંપલીટ. આ ઓટોમોબીલની ટીકીટ આગલે દાહાડેથી લેવી જોઇશે. પણ એકવાર શારા બેંકમાં બેઠા કે પછી તમારી બધી ખટપટ મટી. મારસેલ્સ હાલ તુરત અત્રેજ બસ કરૂં છું.

મારસેલ્સથી પારીસ જોવા વગર પેહેલાં આપણે લંડન નીકળી જઈશું. માર્ગની પીડાથી મારા દોસ્તોને વાકેફ કરવા જોઈએ. બે દહાડા અગાઉથી સ્લીપીંગ બર્થ રીઝરવ ન કરાવશો તો જરૂર હાડમાર થશો. દીવસની ટ્રેનો છે પણ ઠીઠણ છે અને ઠાકવી નાખે છે. રાતની ટ્રેનો કાંઇ મુંબઈ નથી, એ તો પારીસ છે. અમારી સાથ કમપાર્ટમેંટમાં છ જણા હતાં. આ કંપાર્ટમેંટ એટલા નાહાના રેહે છે કે આપણી તરફ તેમાં બે પાસીનજરો સુઈ શકે. પછી શું અમારી હાડમારી, કોઈ બાઇની લાત એકના મોહોડાપર તો બીજીનો અંબોડો છોકરાંની છાતીપર. એમ હાલહવાલ ઠાકીને લુસ થઈને સહવારના કૅલે પ્હોંચ્યાં. ફરીથી કાન ચીપટયો કે બને ત્યાં સુધી



મોરોગ શાગએં ૪. સફે ૩૨.

રાતની ટ્રેનમાં જવું નહી ને જવું તો સ્લીપીંગ બર્થ રીઝર્વ કરાવવો. ફેરી આવી પુગતાંજ ચેનલ સ્ટીમર આગળજ તૈયાર ઉભેલી જોઇશું તેમાં ઝડપથી જઈ સારી જગા લેઈ લેજો. ત્યાં ડેક ચેરો મુફ્ત આપે છે પણ જાણકાર ઈંગ્રેજો અને મડમો દોડાદોડ કરીને પેહલાં ખુરશીઓ અને ખુણા રોકી બેસેછે. પણ આપણને ક્યાં ઝડપ કરતાં આવડતી નથી. એક વાર અગાઉથી ચેતાવી રાખું છું કે ઝપાટામાં ડેકપર જઈને એકાદ સેલરબાના હાથમાં શીલીંગ સેરવી દઈને ખુરશી તથા ખુણું રોકી રાખજો. ચેનલનો ભરૂસો નથી. ઘડીમાં ડાહાયો ડોહોરો થાય છે ને ઘડીમાં ભુત ભરાય છે. પણ જે બાઈઓ 'નરવસ' હોય તેઓને ભલામણ કરૂ છું કે નીચે ઉતરીને લંગાડ ઉંચકાય ને અગાઉ સલુનમાં સુઈ જવું. ત્યાં જો કે ટક્કીઆ ગલીચા વગેરે ઠાયું ઠાયુ ગોઠવેલું છે તોબી બેબે થાય તે માટે તૈયારીઓ રાખેલી છે અને એક મડમ સ્ટુઅર્ડેસ તમારી આગળની આગળ હાજર રહે છે.

આ સ્ટીમર ગમેતેમ અફાળી ઝાકીને તમને ઇંગલાંડના કીનારા ઉપર ઉતારશે. ઈંગ્રેજી મુલકમાં ઉતર્યા કે તમારી મુશકેલીઓ તમામ થઈ એમ તુરતજ તમને જણાશે, કારણ કે ત્યાં અંગ્રેજી ભાશા એટલે જાણે આપણા પોતાનાજ મુલકમાં હોઈએ તેમ લાગશે. અલબત ઉતરતાંને વાર પેહલી કાળજી ક્યાં હોટેલમાં ઉતરવું તેની રેહવી જોઇશે, અને તે ઉપર તમારાં સુખનો મોટો

આધાર છે. પેહલાં એક વાણી સાંભળી લ્યો. લંડન ઘણુંજ માતબર, ઘણુંજ ઉદાર, ઘણુંજ સાયનટીફીક, ઘણુંજ ખુબસુરત અને ઘણુંજ ઓલું પેલું છે પણ તેમ ત્યાંના પાંચ આંગળ્યાં ચંચલ મદારીઓ પણ શેહરને જેબ આપે તેવા છે. તમારા પેટમાં એક નાહાના દુકતાએ ડપ દેતું કે માથું મારયું ને તમે “ઓ” કરો એટલામાં તો ખીસાં માંહેનું ઘડીઆળ ગેબ. માટે બાહેર ફરવા નીકળો તો તે દીવસે જેટલા જોઈયે એટલાજ પૈસા ડગલાની માહેની બાજુના છાતી આગળના ખીસામાં લેવા, વધારે રાખવામાં જોખમ છે. ને ખરીદી કરવા માટે નોટો રાખવી પડે તો બીજા ખીસામાં તેના નંબર લખી રાખવાની હુ ભલામણ કરૂં છું. પણ સાથે મોટી રકમના પૈસા રાખવાની કશી જરૂર નથી, કારણ કે જ્યાંથીબી માલ લેશો ત્યાંથી તમારે મકાને પહોંચાડવાને તેઓ બંધાયલા છે અને માલ હોટેલમાં આવ્યા પછી તે લાવનારને બીલ ચુકવી આપવાનો ધારો છે.

ખરચની બાબદમાં હું નવું શું કહું? જોઈયે તો વહેવારીઆ દાખલ રહો, નહી તો દીવાળીઆ દાખલ રહો, એતો જેવી જેની પ્રકૃતી. તમે ઈસ્કી મારવી હોય અને ઈનડીઅન પ્રીનસમાં ખપવું હોય તો મોટાં નામાંકીત હોટેલમાં ઉતરો અને જનર્લ ટેબલ ઉપર ઉંચા મીષટાન ખાવો અને ઉંચા વાઈન પીઓ, રાતના ઇવનીંગ ડરેસવાળા ભાગમાં નાટકશાળાની એક બેઠકના ૧૫ થી ૨૦ શીલીંગ

ખરચો, અંડર ગ્રાઉન્ડ રેલવે અથવા મોટોર બસને બદલે ભપકામાં ટેક્સી કેબ મંગાવો તો પછી દરરોજના બે પૌંડ ઉચકાઈ જાય તો તે તમારૂં કામ છે બાકી ભલા ધનેતરો મોટોર બસોમાં આવજા કરે છે, સાધારણ આ–લા–કાર્ટના નીયમપર ખાય છે. અત્રે નાટકનો શોખ થાય તો ત્રણ શીલીંગના વીભાગમાં ચહડી બેશો છે તો તેને દરરોજની ૧૫ શીલીંગ ઘણી છે. 'આ–લા–કાર્ટ' એટલે તમારી આગળ ચાલીસ પચાસ વાણીની ટીપ મુકે, દરેક વાણી આગળ ભાવ છાપેલા, તેમાંથી ગમે તે મંગાવીને ખાઓ. આ મુજબ તમે ચાહો તો બે શીલીંગમાં તમારૂં ડીનર લઈ શકો. પણ એ બાબદની વધારે ચાનકરૂપી પાઇન્ટો હું આગળ ચાલતાં આપીશ. તેટલાં જરા આગળ ચાલ્યે. લંડનનો ખરો બાહાર માસ મે, જુન અને જુલાઈનો સમજાય છે, કે જે વેળા પારલ્યામેંટની સીઝન હોવાથી બડેખાંઓ ત્યાંજ રેહતા હોય. એજ મોહોસમમાં લાડકડી નાચનારીઓ અને દુન્યા વર્ણના એકટરો લંડનમાં આવે છે; તેમજ પીક-ચર ગાલેરીઓ દુકાનો વગેરે ભર જવાનીમાં દીપે છે.

મને ઘણે ઠેકાણેથી પુછવામાં આવ્યું છે કે ઈંગલાંડમાં પાસપોર્ટની જરૂર છે કે? નહી–ઈંગલાંડમાં તો બીલકુલ જરૂર નથી. પણ કાનટીનટ ઉપર સાથે રાખેલી સારી. ફક્ત ૧ રૂપીઆની ફી સેક્રેટેરીએટમાં ભરતાં પાસપોર્ટ આસાનીથી મળી શકશે. વળી લંડનમાં ઉતરતાં કસ્ટમ

હાઉસનીબી હલામણ ઝાઝી નથી. સ્ટેશન ઉપર ફક્ત નામનો સવાલ પુછવામાં આવશે કે તમારી પાસે કાંઈ જગાતનો માલ છે? તમે ના કહી એટલે ખલાસ. અરધો રતલ સુધી સીગાર અને અરધી પાઈન્ટ સુધી દારૂને લાવવામાં કાંઈ હરકત નથી. એથી વધારે હશે તો સીગાર ઉપર રતલે પાંચ શીલીંગની ડ્યુટી આપવી પડશે. બાહરગામમાં કુત્રાં દાખલ કરાવવાની ઘણી માથાકુટ છે. માટે તમારૂં પાળેલું માનીતું પાહારીયુ હોય તો ઘરેજ મુકી આવવામાં શોભા છે. આ જગાતની જંજાલ જેટલી ઈંગલાંડમાં નથી તેટલી ફ્રાંસ અને બીજાં કાનટી- નેનટલ શેહેરોમાં ઘણી છે. ત્યાં તમે સાચું કહો કે હા મારી પાસે ચાર બાકસ સીગારના છે ને તે ઉપર જગાત લઇ મરતા હોય તો એકજ નામ; પણ એટલી બધી ખટપટ અને ખણખોધ કરાવે છે કે તેમાંથી છટકવાની તજવીજ કીધા સીવાય કોઈવાર છુટકો રેહતો નથી. આનો એકજ રમુજી દાખલો આપી આજનો વીષય બંધ કરીશ. અમારી સાથે સફરમાં બે દેશી મીત્રો હતા. એક જણ પાસે પેટીમાં બે સીગારના બાકસો હતા અને બીજા પાસે છ બાકસમાં છસો સીગાર હતી. પેહેલો જરા ડાહેલો થવા ગયો અને કહયું કે મારી પેટીમાં બસો સીગાર છે અને તેની જગાત આપવાને હું તૈયાર છું. મુવો છુટો. પેહેલાં તો તેને કેહવામાં આવ્યું કે જરા થોભો. પછી પેટી ઉઘાડી અને નીચેથી ઉપર ..રી નાખ્યું. તે એવી રીતે કે પાછું રચીને મુકતાં બીજો

કલાક થાય. એ જોઈ પેલા ભાઈબંધ જેવણની ચાર આંખ અને ચાર કાન હતા તેવણે ઝપાટામાં પોતાનો ઓવરકોટ પેહેરી લીધો. આ ઓવરકોટને આઠ ખીસાં હતાં તેમાં દશ દશ સીગાર ઘુસાડી દીધી. પાટલુનના દરેક ખીસાંમાં દશ દશ, આ પ્રમાણે ગોઠવ્યા બાદ બે બે ચાર દેશી બાનુ ફરેન્ડો હતી તેઓના ઓવકોરટમાં પચાસ કે સો અને બાકીની પોતાના એજન્ટનો કલાર્ક આવ્યો હતો તેના ખીસામાં હડસેલી ને હસ્તે મોહોડે પોતાનો માલ પસાર કરાવી લાવ્યા. હે હે હે જોયું, પાપ શું ને સવાબ શું. એ તો દેશ ના વેશ. ચાલો હવે. ટાકસી કેબ તમને હોટેલમાં લઈ જવા ખોટી થાય છે. પણ મારૂં માનો તો અગાઉથી જે હોટલ પસંદ કીધું હોય તેના મેનેજરને તાર કરજો; કારણ કે કોઈવાર રખડી પડવાનો સોદો છે. આપણે આવતા પ્રકરણમાં આપણો સામાન લંડનના આપણા ઓરડામાં ઠીક ઠાક કરી ને પછી આગળ વધીશું.

પ્રકરણ ૫ મું.

લંડન તો આવ્યા. આગળ ઘણું જોવાનું ને જાણવાનું છે. ઘણા વખત થયાં સાંભળ્યું હતું કે લંડનના નામાંકીત હોટેલોમાં ચાર માહે પ્રખ્યાત છે. આ ચાર માંહેના એક નામે મેટ્રોપોલની મોજ તો મેં અગાઉ ચાખી

હતી એટલે હવે જગને મોહોડે ચહડી રહેલું હોટેલ સેસીલ અજમાવી જોવાનો વીચાર થયો. વળી સાથે મારા મીત્ર સર કાવસજી જાંહાંગીર અને તેમનાં બાનુ અને બેટીઓનો ખુશીભર્યો સાથ હતો એટલે ત્યાંજ લાધ્યા. મુંબઈના તેમજ માથેરાન, દેવલાલી, પુના વગેરેનાં માહાભારત હોટેલોનો મને સારો અનુભવ છે માટે જરા સરખામણી અર્થે તમને આ હોટેલ સેસીલનો કાંઈક ભાસ આપું છું. મેહેરબાની કરી વાંચીને તમારી મુછમાં—મુછ હોય તો—હસતા રખે. લડનમાં જે કોઈ ઓળખીતા પાળખીતા મળે ને પુછે કે કયાં ઉતર્યાછ, ને કહીએ કે હોટેલ સેસીલમાં, તો ભવાં ચાહડાવીને કેહ "આંહ! હોટેલ સેસીલમાં!" ત્યારેજ આપરે જાણ્યું કે આપરેબી કાંઈ છેક નાખી દેવાના નથી. પણ ચો તરફથી અસેમસે એસારા કરવામાં આવતા કે બાવા પોહોળા ચોળા થઈને ત્યાં ઉતરયાછ તો ખરા પણ ચામડું જીવતું ઉતરશે તેનો વીચાર રાખજો. એ તો જે હોય તે ખરૂં. લાલા લાખ તો કહે સવા લાખ. ખરચી ખુટી તો—બેંક કયાં નથી—બીલાડું ચીત્રી આપ્યું કે પૈસાજ પૈસા. હવે હું પુર ગંભીરતાથી ખાત્રી આપું છું કે આ પાદશાહી મકાન અને ત્યાંની તજુમલ બીજાં સેકંડ ક્લાસ રેહઠાણો કરતાં અતી ઘણી ચહડતી હોવા છતાં ખરચમાં કાંઈજ જીવ જેવો ફેર નથી. હોટેલ સેસીલમાં ઉતર્યા કે તમારા ખાનગી બંગલામાં રહયા જેટલું સુખ મેળવશો. આંડમાં ચારીંગ ક્રાસ સ્ટેશનથી પાંચ મીનીટના રસતા ઉપર ટેમ્સ નદીની છાતી ઉપર આ રાક્ષસી



હોટેલ સેસીલ-પામ હાલ—લંડન. સફે ૩૯.

મકાન ઉભેલું છે. હાલના લાર્ડ સાલ્સબરીના બપાવા પેહલા અરલ આફ સાલ્સબરીનો મેહલ "સેસીલ હાઉસ" અને પ્રીન્સ બીશપ આફ ડરહામનો મેહલ "ડરહામ હાઉસ" જોડી નાખીને જે ગંજાવર મેહલ ઉભો થયો તે આ હોટેલ સેસીલ. ટેમ્સ ગમની બારીએથી બાહાર જોશો તો એમજ સમજજો કે તમારા પગ આગળથી થોડાજ ફીટ આઘે નામાંકીત કવી ચાશરે પોતાની કવીતાઓ લખી હતી અને ખુબસુરત સર વાલટર રાલે ત્યાં સાંજની હવા ઘોરતો હતો. ખુદ સેસીલ હાઉસમાં ઈંગલાંડના ખુશાલ રાજાઓ પોતાના સાથી સોબતીઓ સાથ હાગઝેડના હાગઝેડ ભરીને દારૂની જામો ઉઠાવતા હતા અને અલબતાં ત્યાં ઉંચા વર્ગની પણ વાંધાભર્યા ટેસ્ટની ખુબસુરત નાઝનીનો સારી રાત ઢીંગા મસ્તીમાં સામેલ રેહતી. કેહે છે કે એક વાર ડચેસ આફ પોર્ટસમાઉથે આએજ 'સેસીલ હોટેલ'વાળા મેહલમાં રાજાને રીજવવા એક "બાલ" આપ્યો ત્યારે સઘળા મરદોએ બૈરીનો લેબાસ સજ્યો હતો અને સર્વે બાનુઓ મરદના પાટલુન ડગલા પેહરી નીકળી હતી!

પણ હું કાંઈ હોટેલ સેસીલની આગલી તવારીખ આપવાનો એરાદો રાખતો નથી. આટલીજ ટુંક નોંધ ઉપરથી તમે જોઈ લીધું હશે કે હું જ્યાં ઉતરયો છું તે કાંઇ નાહાનું સરખું ઝુપડું નથી. સોલ વરસ થયાં તે હઈયાતીમાં આવ્યું છે ત્યારથી કાંઈ લખો ઈંગ્રેજો, ફ્રેંચો,

ઈંડીઅનો અને આસ્ત્રેલ્યન, અમેરીકનો, દેશી રાજવશીઓ અને કરોડપતીઓ આ અજબ જેવાં મકાનની મોજ ચાખી આવ્યા હશે. કહે છે કે આ હોટેલની ઈમારત જેટલી જગા રોકે છે તે જોતાં હોટેલોના બાબમાં આ ઈમારત સર્વેથી મોટી છે. ૨૦૦૦ પરોણા તો ત્યાં એક સપાટામાં સમાઈ જાય એટલું મોટુ છે. અમને ત્યાંના ચીફ મેનેજરની લાયકીથી અને ચોક્કસ લાગવગથી પહેલા માળ ઉપરજ ઓરડા મળ્યા હતા. સમજવુ કે જેમ ઉપર ચહડતા જાઓ તેમ ઓરડાનો ભાવ ઓછો. પહેલા મજલાના જે ઓરડાનુ ભાડું રોજની બાર શીલીંગ (નવ રૂપીઆ) તો તેવાજ ઓરડાનું ચોથે માળે છ શીલીંગ. ચોમેર વીસેક લીફ્ટો દર મીનીટે ચહડ ઉતર કરતી હતી તેમાંની એકમાં પેહેલે માળે ગયા કે એકસરખા ઓરડાની હારોહાર એટલી લબાયલી કે પહેલાં તો કઈ ગલીમાં જવું ને ડાભું જવું કે જમણું તેબી સમજ પડે નહી, પણ રમકડાં જેવી સરવંટ મેડો આમથી તેમ દોડતી ફરે તેમાંથી એકાદને પુછયે કે નબર ૧૧૯ કયો તો તે તુરત તમને રસ્તે પાડી આપે. નીચેથી આપણને કુંચી આપેલી તેથી ઓરડો ઉઘાડી જોઈએ તો આપણો સામાન જાણે ઘરબાર કરીને પડેલો તઈયાર. ઓરડાનું વર્ણન કરવાની કશી જરૂર નથી. ઈલેક્ટ્રીક લાઈટો, ફાયર પ્લેસ, ઘડીઆળ, પીતલના પલંગ, ઓઢણી, લખવાની ટેબલ, આરશીના તખતા, કબાટ, ખુરશીઓ, સોફા, વાશીંગ સામગ્રી સઘળું તઈયાર. દરરોજ દહાડામાં બબે વાર મેડ આવીને


સઘળું સાફ કરી જાય. દરરોજ તળાઈ ફેરવીને ઉપરની નીચે કરે, દરરોજ બબે વાર ત્રણ ત્રણ નવા તુવાલો બદલી જાય, અને તમે બહારથી પાછા ફરો એટલામાં તો એવુ ઠીકઠાક કરી જાય કે જાણે આઠ માણસ લગાડયાં હોય. પણ ની નવાઈ શુ કે એકેક છોકરીને હસ્તકમાં આઠ આવા ઓરડા! અરે આપણા ગોવીંદ અને લક્ષમણ મસાલો, તમને થોડા થોડા મહીના વાહાણ ભરીને ત્યાં મોકલી આપવા જોઈયે. આખા હોટેલમાં આઠસો ટેલીફોન છે. દરેક સુવાના ઓરડામાં એકેકો ટેલીફોન! ગમે તે ઓરડામાં અને ગમે તે મજલાપર કોઈ સાથ વાત કરવી હોય તો ફક્ત ટેલીફોન ઉપાડીને ઘોલીઆ ઉપર સુતાં સુતાં ખુશાલ વાત કરો. લંડનના કોઈબી ભાગ સાથ તમારા ઓરડામાંથીજ વાત થઈ શકે. એક જબરદસ્ત પોથો તમારી ટેબલ ઉપર મુકેલો. તેમાંથી નામ શોધી કહાડીને આખાં લડન સાથ કામકાજ થઈ શકે. હુ ધારૂ છ કે એક કલાકના અરસામાં સુમારે સો મોટોર ટાકસી કેબ પાસીનજરોને લઈને આવતી હશે. "હોલ પોરટર" કસબી ડગલો અને કસબી ફીટવાળો તઈયાર. સીસોડી ફોડી કે હોટેલ પોરટરો આવીને ઉભેલાજ છે. એક મીનીટમાં લગેજ ઉતારયો કે પાસેના ઓરડામાં ત્રાલી ઉપર લાધ્યો, ત્રાલી ધમધમ કરતી ચાલી ને લગેજ લીફ્ટ ઉપર થોભી કે લીફ્ટ ચહડી અને તમે "સાહેબજી, કેમ છેઓ" બોલો એટલામાં તો લગેજ તમારા ઓરડામાં રચાયો. દરેક મોટોર ટાકસી આવે

તેનો નંબર, દરેક ટાકસી જાય તેનો નંબર નોંધી લેવામાં આવે. કાંઈબી ટાકસીમાં રહી ગયું હોય તે કદી ગુમાય નહીં. ઘર બેઠઠાં પાછું ચાલ્યું આવે. વેટરોનો શું ઠસ્સો. ઘણા ખરા સઘળા ૧૮ થી ૨૪ વરસની ઉમરના રાખેલા. સર્વના પગમાં વારનીશના પમ્પ શુઉ અને સીલ્ક સ્ટાકીંગ, ઉંચી બનાટના ફ્રાક, કોટ, વાહીટ કાલર અને નેકટાઈ અને ગળાં ઉપર અને બાંયે ઉપર કસબી ફ્રીટ. બાલને પામેટમ લગાડીને સેંટા પાટલી તો એવા પાડેલા કે જાણે હમણાંજ કીગના ખાસ ઈવનીગ ડાન્સમાં જવાના હોય. મોટે બોલવાનો હુકમ નહી, નમનતાઈ અને સલુકાઈમાં મના નહી. ફકત એક આંગળી ઉંચી કરીએ તો ઝટ આવીને વાંકા વળીને "યસ સર, યસ સર" તઈયાર. જરાબી તુંદાઈ અથવા બેદરકારીની ફર્યાદ થઈ કે એક મીનીટમાં પેંડો!

નીચેજ ઓફીસમાંથી દાખલ થતાંજ એક ગંજાવર "પામ કોર્ટ" બનાવી છે. નરમ બીલાડીના બાલ જેવા ગાલીચા અને સખે જીવ જાય તેવા સોફા કોચો અને આરામ ખુરશીઓ અને સ્મોકીંગ ટેબલો તમારી સેવામાં હાજર છે. હોટેલના તેમજ બાહેરના ગેસ્ટો, બગલમાં મડમરીઓને લઈને અહીં આવીને બેસે. આપણને કોઈ મળવા માંગતું હોય તેબી ત્યાંજ ગોઠવાઈને આપણા ઓરડામાં ટેલીફોન મોકલે કે હું આવ્યો છું. બીજા ખુણામાં સુંદર બેંડ ચાલેલુંજ છે. આપણે મીત્રોને

કાંઈ મુખવાસ કરાવવો હોય તો આંગલી ઉંચકી એકાદ ગવનડર જનરલના જેવા ડ્રેસવાળો આવેલોજ છે. ફક્ત ત્રણ શબ્દ બોલવાનીજ ખોટી. "ટી ફોર થ્રી પ્લીઝ" બે ચાર વેટરો ધડાધડ ટેબલો લાવીને મુકે અને એક રૂપેરી ગાડી ગરગર કરતી આવે તેમાંથી ચાહાની ટીપાટ, દુધ, ખાંડ, કેક, આઈસડ ફ્રૂટ, બટર, બ્રેડ, જામ, બીસ્કીટ વગેરે પાંચ મીનીટમાં તઈયાર. તમારે ગમે એટલું ખાવો. દર માણસ દીઠ બે શીલીંગ. તમને લાડે લીડકાં સુજતાં હોય ને તમારા ઓરડામાં સહવારના ચાહ કે કાફી જોઈએ તો તેબી ના નહીં. એક મોટો અરીમ ધરીમ જેવો ફુલ ડ્રેસવાળો વેટર ત્રે ઉંચકી લાવે તેમાં ચાહ પાંઉની બે કાત્રી અને જરા સરખું માખણ તેના રૂ૧)=. પણ એમ ચાર્જ નહી લે તો પછી પેટબી કેમ ભરાય. એના માસીક ખરચના આંકડા આપીશ ત્યારે તમને કાંઈક ખ્યાલ આવશે. એબી કાંઈ માથેરાન કે દેવલાલીનાં હોટેલ છે કે રૂ૩) માં આખા દાહાડામાં નવ ઈંડાં અને નાસતા ઉપર પાટ ભરીને મારમલેડ ખાઇ જાય. વળી બીજી ખુબી શું કે તમે ઈંગ્રેજ હો કે ભાટીયો, જરમન હો કે કામાટી, પારસી હો કે પરભુ, બધી જાત જાતની ભાશા બોલનારાં માણસો હાજર છે. ખાવાનુંબી તેમજ. બીફના ચોસલાં માંગો કે ધાનશાખ, ભાજી માંગો કે ભેજાં, પાટીઆ માંગો કે કરી, સઘળું તઈયાર. માત્ર પઈસા જોઈએ. ખાસ કોઈને પોતાનાજ ટેસ્ટનો બબરચી જોઈએ, કોઈને હલાલ કીધેલુંજ ગોસ્ત જોઇએ, કોઈને

એલાહેદી રાંધણીજ જોઈએ, તો મેનેજમેંટ તમારી સેવામાં હાજર છે. એકવાર રાજાજીના કોરોનેશન વેળાએ હોટેલ સેસીલમાં જાત જાતના રાજવંશી પરોણા ઉતરયા હતા, બલ્કે સરકારે ઉતારયા હતા. એઓમાં એક ચીનો રાજવંશી આવી ગયો. તેને પંખીના માળાનો સુપ ખાવાની આદત હશે. દોડાદોડી ચાલી અને તેને તેના દેશ મુજબનો સુપ ખવાડયો ત્યારે તેનો જીવ રાજી થયો. આ મહુીમા વેળાએ અફઘાનીસતાન, ઈરાન, હીંદુસ્તાન વગેરેના જાત જાતના નમુના પધારયા હતા, પણ કોઈને જરાબી ઓછું પડવા દીધું નહી. એકવાર મારી પાર્ટીને એકાએક કોલમીનો ખાટટો પાટીઓ હઇડે ચહડી આવ્યો. હા બા, ખવાડયો તો ખવાડયો, પણ પેટમાં ચુંકો ચાલે એટલો ખવાડયો. ખાતાંનો ખરચ અને ધધુખરનું બયાન કરવાને માર્ક ટવેનની કલમ જોઈએ; પણ તોબી મારી યથાશકતી મુજબ થોડોક ખ્યાલ આપીશ. એક વરસ દશ લાખ રૂપીયાની ખોટ ગઈ, પણ એટલી ખોટ તે શી વીસાદમાં. બીજે વરસ વીસ લાખ પેદા કીધા. આખ્ખાં હોટેલની થાપણ માત્ર પોણા ત્રણ ક્રોડ રૂપીઆની છે. આપણા માથેરાન, માહાબલેશ્વરના હોટેલો કરતાં જરા રતી મોટી તો ખરીજ તો. ફકત ઈમારતનો વીસતાર વીસ હજાર ચોરસવારનો છે. રેહવાના ઓરડા છસો પચાસ અને મોટી મેજબાનીઓ માટે અને ખાણાઓ માટે બીજા જબરદસત પંચાવનેક દેવાનખાના તે જુદાં. દરરોજ પાસીનજરોની લગભગ સાતસોપચાસની રાસ



હોટલ સેસીલ ડાઈનીંગ હૉલ, લંડન

સફે ૮૫

બતાવે છે. પણ ખાણાઓ અને બાહારનોઓ જો ગણીએ તો હજારોની થાય. બધા મળીને ઓરડા ઉપર કામ કરનારી દોઢસો સરવંટ ગર્લો અને પાંચસો વેટરો છે. હોટેલમાં બધી મલી દસ હજાર ઇલેક્ટ્રીક લાઈટ છે અને પોતાનાજ મશીનમાંથી વીજળી પેદા કરે છે. બબરચીખાનુ જેનું વર્ણન હું હવે પછી આપીશ, તેબો નાહાનું મઈ જેટલું છે. લગભગ જામે જામે જમશેદ છાપખાનાની બીલડીગ બેલારડ હાઉસ કરતાં બમણું હશે. બાપરે દુધ કેટલું ખપતું હશે અને તે કયાંથી આવતું હશે. ચીતા કરશો ના. લંડનની બહાર ગામડાંઓના 'ફાર્મ' એ લોકે કંત્રાકટે રાખ્યાં છે અને ત્યાંથી રોજ તાજી સપલાઈ આવે છે. ઓ માથેરાનવાળા લાર્ડ અને બેજનજી; દેવલાલીવાળા શેઠના અને માણેકજી, સાંભળો, સાંભળો. તમારા ડુમીન ને પેદરો, લુઈસ ને રવજી, રામલુ ને અકુસને શું પગાર આપતા હશો. હોટેલ સેસીલ બચારૂં તમારી આગળ શરમીંદગીથી સર ઝોંકાવે છે. એના માણસોનો પગાર વરસ દહાડે ફક્ત છ લાખ રૂપીઆ છે. વડા બબરચીનો પગાર કાંઈ નાહાનો જેવો દર માસે રૂપીઆ પંદર સો ! હજુર સબર તો કરો, એનું ધોભીખાનું, આઈસ ફાકટરી, પાણી વગેરેની સગવડનું બ્યાન આવે છે.

પ્રકરણ ૬ થું.

અરે જરા ચપો. હોટેલ સેસીલના હર્ખમાં રખે એક ઘણી અગાત્યની વાત હું ભુલી જાઉં. હું પાછળથી તેનું વર્ણન આપનાર હતો પણ ગઈ પરમ દીનેજ દેવલાલીથી ત્રેનમાં આવતાં મારી એક સગીએ યાદ દેવાડી કે આ બધી વીલાયતની મીઠી મીઠી વાતો તો એવી છે કે જાણે બીજું કાંઈ ખાધા વગર બસ તીખી ચણાની દાળના ફાકા મારીનેજ સાંભળયા કરીએ, પણ પૈસા કહાં છે? શું કાંઈ મોહોડાં બદલ વેલાત જવાયછ? ઓ, રૂપસુંદરીઓ, ફીકર ના કરો. રૂપીઆ શું ચીજ છે? કેટલા જોઈયે છે? જુઓ, લંડનમાં પગ મેલતાંને વારજ નીચલું કાગળ મને ટપાલ મારફતે મળયું. તે એટલું તો રસભરયું છે કે હું તે એમનું એમ અસલ ઈંગ્રેજીમાં ઉતારી લેવાનું જરૂરનું વીચારૂં છું.

TELEGRAPHIC ADDRESS

....

TELEPHONE NO......

..................ST.

LONDON.

W.

SIR,

If now or at any time you can do with temporary cash accommodation, I beg to inform you

that I make Cash Advances by post, without interviews, from £50 to £10000 to Ladies or Gentlemen, without security, on note of hand alone.

Post dated Cheques Cashed. Being the actual lender I make no charges whatsoever if the business is not completed. All transactions are kept strictly private and confidential.

Yours truly,

....

P. S.

Persons under age not dealt with.

Please note the above is my only address.

જેઓને ઇંગ્રેજીનું જ્ઞાન જરા કાચું હોય તેઓની સગવડ માટે આ નામચીન કાગળ ગુજરાતીમાં રજુ કરૂં છું.

ફલાણી ફલાણી સ્ટ્રીટ

લંડન....W.

ટેલીગ્રાફીક એડરેસ

....

ટેલીફોન નાo.......

સાહેબ,

હમણા કે કોઈબી વખતે તમને રોકડા પૈસાની તુરત વેળા જરૂર પડે તો હું જણાવવાની રજા લઉં છું કે

તમને જાતે મળવા ભેટવા વગર, ફક્ત પોસ્ટ મારફતે ૫૦ પૌંડ (૭૫૦ રૂ.) થી ૧૦૦૦૦ પૌંડ (દોહડ લાખ રૂ.) સુધી કોઇબી ગ્રહસ્થને કાંઇબી જામીનગીરી વગર, ફક્ત હાથ ચીઠી ઉપર રોકડા ધીરવા તૈયાર છું.

વળી આજે ચેક આપો પણ તે ઉપર બે મહીના પછીની તારીખ નાખો તો તેબી હુ વટાવવા તૈયાર છું.

પૈસા ધીરનાર હું પોતે હોવાથી જો સોદો ન થાય તો કાંઈબી ખરચ હું લેતો નથી.

બધા સોદા તદન ખાનગી રાખવામાં આવશે.

લા૦ સેવક.....................

તા૦ ક૦—પુખ્ત ઉંમરની અંદરના સાથ કામ પાડવામાં આવશે નહી. મારૂં માત્ર ઉપલું એકજ ઠેકાણું છે તે મેહેરબાની કરી જોજો.

સાબાશ! જીવતો રહે મારા બેટા, ધન્ય છે તારા માતપીતાને કે આવો નમુનેદાર શરાફ જણ્યો. શું એની છાતી કે છાતો. રે મેહેરબાન દોસ્તો બરાબર વાંચ્યું કે? ફક્ત હાથ ચીઠી ઉપર દોહોડ લાખ રૂપીઆ! ને તેબી વળી કાંઈબી જામીનગીરી વગર. મેં આ વીલાયતી દવારકાદાસનું નામ જાણી જોઇને છુપાવયું છે, નહી તો આવતા મેલમાં સ્ટીમરો ભરીને ખાખા વરખા લોકો લંડન ઉતરી પડે તો મારા નામની બુમ પડે. ખુબી તો

એ કે તમારે જોઈએ તો ચેક ભરો ને તે ઉપર ૧૯૯૯ ની ૩૧ મી ડીસેમબરની તારીખ ભરો તોબી પૈસા તૈયાર. આ વાંચીને મને તો એવી ગીલી લાગી કે જાણે આ ગ્રહસ્થને તેજ ઘડી ભાગેલા એરીઓપ્લેનમાં મુંબઈ મોકલાવી દઈ એક નવી બેંક ઉઘડાઉં. બધું તો હીરાદોર જેવું ખુલ્લું છે પણ ભલા આદમી એકજ વાતે પોળો છે; ને એ કે વ્યાજ શું લેશે તે જણાવતો નથી ને બાપ મુવે બમણા ઉપર રૂપીઆ આપશે કે નહી. જો દસ હજારની ચીઠી લખાવી લઈને રૂપીઆ સો નગદ આપતો હોય તો મારી પાસે ઘરાક મારી ટેબલ આગળજ, હું લખું છું તે વેળાજ બેઠેલું છે.

હવે આ પૈસા ટકાની તમને સગવડ કરી આપ્યા પછી આપણે પાછા આપણા હોટેલ તરફ વળીએ. હોટલ-વાળાઓ ઝાઝું ખરૂં પોતાના બાવરચીખાના જાહેર પ્રજાને બતાવતા નથી. તેના મુખ્ય કારણો એમ હું માનું છું કે કોઈના 'કીચન' બાહારથી જેવાં દેખાય તેવાં અંદરથી ન હોય ને ભરમ ફુટી જાય અથવા તો સર્વેને માંહે જવા દે તો સુગડાઈ સચવાય નહી, વખતે દગો ફટકો થાય, ચોરાણું ચાલે ઈત્યાદી. પણ હોટેલ સેસીલના લાયકીવાળા જનર્લ મેનેજર સાથ મને મીત્રાચારી પડી હતી તેઓએ મને પોતાની સાથે ફેરવી લાવવાનું માથે લીધું. કીચન કે કીચન કો દાદો! ફ્રેન્ચ કુકની સરદારી હેઠળ કાંઈ નહી તો ઓછાંમાં ઓછાં બસો

માણસો અને છોડીઓ હશે. બાવરચીખાનાના ત્રણ મોટાં ડીપાર્ટમેંટ કીધેલા. એક ખાતાંમાં હોટેલના વસનારાઓ માટેજ રંધાય, બીજાંમાં બાહારથી ઉટકીચુટકી ખાવા આવનારાંઓ માટે તૈયારી થાય, અને ત્રીજું ખાતું મોટાં પાદશાહી ડીનરો માટે જુદું રાખેલું. એક ખાતાંને બીજાં ખાતાં સાથ નીસબતજ નહી. સઘળા બાવરચીઓએ ધોત્તાં ફુલ જેવાં સફેદ કપડાં સજેલાં અને ગોસ્ત કાપવાની, માછલી સમારવાની ટેબલો મારબલ સ્લાબની. વાસણો જ્યાં ઘટે ત્યાં પ્લેટેડ કીધેલાં, આંખે ઉડી આવે તેવાં. ઘણી મુવાઓને ખાતાં ખાતાં દરેક રકાબી ઉની ઉની જોઈયે તે માટે એક ખાસ ઓરડો રાખેલો, તેમાં પ્લેટો સ્ટીમથી ગરમ થાય. આખાં હોટેલમાં સઘળી મળી અઢાર લીફ્ટ તે ચલાવવા માટે જુદુંજ ઈનજીન રાખેલુ. ટેબલો ઉપર સાફ કરેલી મરઘાઓ અને તાજાં તરફડતાં માછલાંના ઢગના ઢગ પડેલા. વાઈન વીહીસ્કી શેમપેનનું ખાતું જુદું. માખણ, જામ, ઈંડાં વગેરેનો ભાગજ જુદો. પણ તે લોકને ઉપરનાં ખાતાં સાથ કાંઈ લાગેવળગે નહી. સઘળું કામ લખાણથી અને લીફ્ટથી. એક પૈની ચુક કે ચોરીનો ચાન્સજ નહી. જનરલ મેનેજર દહાડામાં ત્રણ ચાર વાર આખાં બાવરચીખાનાનાં ખાતાંમાં ફરી જાય, કારણ કે દરેક હોટેલની ફતેહનો આધાર તેના નોકરોની નમનતાઈ અને ખાણાંની સફાઈ ઉપર આધાર રાખે છે. હોટેલ સેસીલના પબલીક ડીનરો માટેના ગંજાવર ઓરડાની

બરાબરી હજુ કોઈએ કરી નથી. એકીવારે સાતસો ગ્રહસ્થો જમી શકે એવી સઘળી સામગ્રી તૈયાર રાખવામાં આવે છે. ફક્ત વર્દી આપવાની ખોટી. હું ત્યાં હતો ત્યારે લાડ રાબર્ટસને ખાણું, લાર્ડ સીડનહામને ખાણું, મેડીકલ કોનગ્રેસવાળાઓનું ખાણું ઈત્યાદી મહાભારત મેળાવડાઓ થયા હતા અને તેવારે મોટા મોટા ડયુકો અને ઉમરાવો ત્યાં દીસતા હતા. સાથે સાથે મેસાનીક હાલબી ત્યાંજ છે જ્યાં જુદી જુદી લાડજો અવારનવાર ભેગી મળે છે. દરરોજનું લગભગ બારસો જણનું રંધાય ત્યારે બગડતુ કેટલું હશે. ઘણીવાર બે હજારથી ઉપર માણસો ખાય. ચુંથાયલો એક ટુકડોબી પાછો જાય નહી તેની ખાસ સંભાળ લેવામાં આવે છે. નોકરો વગીકને કાંઈ વધ્યું સધ્યું ખાવાને આપતા નથી. તે લોકને પોતાને એવો મીજાજ છે કે જરાબી કોઈને હાથ લગાડેલું ખાઈ મરે ત્યારે કે? આખા દાહાનું ચુંથાયલું પીખાયલું ખરીદનારા કંત્રાકટરોજ જુદા. તેઓ રાતને છેડે સઘળું ઉપાડી જઈ ડુક્કરોને ખવાડનારાઓને વેચે છે અને તેનો મોટો ધંધો ચાલે છે. માછલી રખે જરાબી બગડેલી હોય તેની બીક એ લોકને ભારે છે. તેને લીધે મોટી મોટી કાચની ટાંકીઓમાં જીવતી માછલીઓને રમતી મુકી દે છે અને જેવી ઉપરથી વર્દી આવી કે તેવી માછલીને પકડીને તુરત પકાવીને ઉપર મોકલાવી દીએ. આ જીવતી માછલીઓ મસ મોટા કાચના તળાવમાં દોડતી જોવાની એક મઝેહ છે. એકજ નવાઈ જેવી મે ચીજ જોઇ કે

સઘળા બાવરચીઓ ફ્રેન્ચ અથવા સ્વીસ હતા. ફક્ત એક આપણો સ્વદેશી ગેપાઉ મારી અજાયબી વચ્ચે મારી નજરે પડયો. ખીમો છુંદવાનો સાંચો જુદો, આઈસ બનાવવાના ઓજાર જુદાં, બેકનની પાતલી કાત્રી કાપવાના મશીન જુદાં, લોટ દળવાના સાંચા જુદા.

બાલ કતરાવવા હોય, દાહાડી કરાવવાની હોય, ધોળાના કાળા કરી જુવાનમાં ખપવું હોય તો ખાતું નીચેજ હાજર છે. બુટ બદલીને એસ્કી મારવી હોય તો હોટેલને લગતું ખાતું નીચેજ તૈયાર. પ્રીસક્રીપશન બનાવી મંગાવવું હોય તો હોટેલનો લગતો કેમીસ્ટનો 'હાલ' નીચેજ રચેલો છે. કોઈબી નાટકની ટીકીટ જોઈતી હોય તો નીચે નાટકની ટીકીટ આફીસ, તાર કરવો હોય તો નીચેજ તાર આફીસ. આવકબી તેમજ. દર માસે પાંચ લાખ રૂપીઆની વકરી ન થાય તો તે માસ અભાગ્યો ગણાય. સેસીલ હોટેલના ધોબી ખાણાની શું તારીફ કરૂં. બસો ખુબસુરત છોડીઓ સફેદ ચાંદની સરખાં કપડાંમાં ત્યાં કામે લાગેલી રહે છે. દરરોજની આઠસો હોટેલની ચાદરો અને હઝારો ટુવાલો ધોવાડવા જોઇયે. હોટેલના પાસીનજરોના શર્ટ અને કપડાં તેને તેજ દાહાડે ધોવાવાં **જોઇએ.** સહુવારના બહાર જતી વખતે તમે કપડાં ભોંય ઉપર નાખી જાઓ તો સાંજના તમારા બીછાણા ઉપર ધોઈને મુકેલાં, અને તેબી કેવાં? કે જાણે દુકાનમાંથી અબઘડી નવાં લાવ્યાં હોય. પણ જરા એ ધોવામણની

રકમ ગરમ પડે છે ખરી. સાહુઠ કપડાંના ત્રીસ રૂપીઆ ! ! અસ્ત્રી વગેરે બધું વીજળીના બળથી ચાલે. કપડાં ભફાય, સુકાય, કાંજી પીએ વગેરે તમામે તમામ વીજળીના પ્રતાપ. બધી હારબંધ છોડીઓ સફેદ કપડાંમાં ગોરી ગોરી ઉભેલી જોતાં જાણે પરીઆંના માળામાં ઉભાં હોઇએ તેવું લાગે. હોટેલ સેસીલમાં રોજ છસો નોકરોનું જુદું રંધાય છે. એ પણ નોંધી લેવા જોગ છે. હુ ટુંકમાં કહુ છું કે હોટેલ સેસીલ એવું નાદર છે કે ત્યાં ઉતર્યા એટલે જાણે આપણા પોતાના બંગલામાં ઉતર્યા હોઈયે એટલી સગવડ લાગે છે. તેમાં મુખ્ય કરીને દેશી રજવાડાઓને અને કબીલા સાથે જનારા જરથોસ્તીઓને હું આ પાદશાહી મકાનની ખાસ ભલામણ કરૂં છું. ઘણાકો ઘભરાય છે કે આવાં માહાભારત મકાનમાં જીવતું ચામડું ઉતરી જશે પણ તેવું કાંઈ નથી. એક સીગલ માણસને સારૂં દરરોજની ૬ શીલીંગ એટલે ૪ાા રૂપીઆનોબી ઓરડો મળી શકશે. ડબલ બેડવાળા ઓરડાની દસ શીલીંગ. તેમાં લાઇટ, સરવંટ ગર્લસઘળું સમાઈ ગયું. તમારે ગમે ત્યાં ખાઓ તેની પંચાત નહી. પાસેજ ઓપનડોર્ફ કરી રેસટોરાં છે ત્યાં બે શીલીગમાં હું ઘણીવાર પેટ ભરીને ખાઈ આવ્યો છું. ઘણી ફક્કડ ચાહના માત્ર ત્રણ આના. એ તો જેમ રહેવા માગો તેમ રહેવાય. દીવાજ્યા કે વેહવારયા. કવખતના કેળાં ખાવો માંગો તો પછી તો પેટમાં ચુંકો ચાલે તેમાં વાંક કોણનો ?

પ્રકરણ ૭ મું.

હોટેલ જીંદગીમાં સર્વેથી મોટું દુઃખ ઘણાક મુસાફરોને નડે છે ને એ કે ત્યાંના માણસોને કેટલી 'ટીપ' આપવી, ક્યારે આપવી અને કેવી સીફતથી આપવી તેની ઘણી મુઝવણ થાય છે. આ મોહોકાણને લીધે ઘણાંક હોટેલો અને રેશટોરાંમાં ડીનર કાર્ડ ઉપર સાફ લખેલું આવે છે કે "નોકરોને ટીપ આપવાનો અહી કાયદો નથી. 'ટીપ' ને બદલે એ લોકને વધુ લવાજમ અમે પોતેજ આપીએ છીએ." તે છતાંબી વેટર બાળે ડોળે જોય છે ખરો અને જો એકાદ શીલીંગ ટેબલપર મુકી કે ઝટ પોતાનો તુવાલ ઉપર ધાંકી દઈને જાણે કશામાં હોય નહી તેમ ટેબલ સાફ કરવા પડી જાય છે. બા, એ તો સર્વેને પોતાનું પેટ લાગેલું છે. હું ત્યાંની બેચાર નામાંકીત ક્લબોમાં લંચ લેવા ગયો હતો ત્યાં મોટાં પાટીઆં મારેલાં જોયાં કે જો કોઈબી વેટર "ટીપ" લેતો જણાશે તો તેને તેજ ઘડી કાહાડી મુકવામાં આવશે. કારણ પુછતાં જણાયું કે એક ક્લબ એવું ખાતું છે કે જ્યાં અદના તેમજ આલા સઘળા મેમબરો એકબીજાના ભાઇ જેવા છે, અને કોઈ માતબર ગ્રહસ્થ મેમબર પોતાના પૈસાના જોરે મોટી મોટી 'ટીપ' આપે તો કુદરતી તેના ઉપર નોકરો જીપલાં મારે અને તેથી બીજા મેમબરોને ગેરઈન્સાફ થાય. પણ

સાધારણ રીતે તો 'ટીપ' ઉપર હોટેલના નોકરોનું જીવતર છે. તમારા ઓરડાની સરવંટ ગર્લ જે રોજ બેવાર તમારૂં બીછાણું કરે, કારપીટ સાફ કરે, પાટ ઉંચકે અને કપડાં ઉંચા નીચાં કરી તમારો ચુથાયલો સામાન વગેસગે કરે તેનો હક સઉથી પેહેલો છે. બે ત્રણ દહાડા રહો તો જતી વેળા બે શીલીંગ હશે તો બસ છે. પંદર વીસેક દહાડા રહયા હોવ તો પાંચથી દસ શીલીંગ ઓકવી પડશે. પછી તો ઓરડાની મેડ તમને કેમ આરામથી ખુશી રાખે છે તેપર તમારી સખાવતનો આધાર છે. રોજ રાતના બહારથી આવો ત્યારે ખરડાયલા બુટ બહાર ખુંટી ઉપર ટાંગવાના. બુટ સાફ કરનારને "બુટસ" કહી ઓળખવામાં આવે છે. તેને જતી વખત બે શીલીંગ આપશો તો ચાલશે. જે 'વાલે' (Valet) કપડાં બ્રશ કરી લાવે અને સહ-વારના તમારો નાસ્તો લાવે તેને ત્રણ ચાર દીવસ હોય તો બે શીલીંગ અને વધારે દહાડા હોય તો પાંચ દસ શીલીંગ આપશો તો રાજી થશે. અજાબતાં 'લીફ્ટ'નો ઘણો ઉપયોગ કરવોજ પડશે. પણ ઘણી લીફ્ટો હોવાથી લીફ્ટમેનો અવારનવાર બદલાયા કરે તે લીધે અવારનવાર બે દહાડે ચાર દહાડે અકેક શીલીંગ પકડાવ્યા કરવામાં સલામતી છે. હોટેલમાં કોણ કોણ રહે છે, શું શું ચાલે છે, આએ બલુ બલાઉઝવાળી પેલી ખુબસુરત લેડી કોણ છે, કયા ઓરડામાં રહે છે, ઈત્યાદી ઈત્યાદી ઈત્યાદી ખબરનું વાકીંગ એનસાઇકલો-

પીડીયા એક લીફ્ટમેન છે. પણ આટલાથીજ તમારાથી છટકાવાનું નથી. દરવાજા ઉપરજ કસબી ઠાઠમાર ડરેસવાળો 'હોલ પોરટર' ટપલી ઝાડયા વગર તમને જવા દેશે નહી. આ "હોલ પોરટરો" એક નવાઇ જેવું 'ઇનસ્ટીટયુશન' છે. કોઈબી મુસાફર આવ્યો, પછી તે જર્મન હોય કે રશીયન, ગ્રીક હોય કે ઇટાલીયન, ફ્રેન્ચ હોય કે પોરટુગીઝ, તે બધાની સાથ સઉ સઉની જુદી ભાશામાં વાત કરે છે, તેનો સામાન ઉતરાવે છે અથવા ચહડાવે છે, ટ્રેનોની ખબર આપે છે પણ છેલ્લા જતી વાર 'ટપલી' તો ઝાડવાનો—મતલબ કે 'સાહેબ મેરી બખ્શીશ મત ભુલીયો.' તેનો કસબી ફીટનો ફ્રાક કોટ જોઈને અંજાઈ જતા ના. તેનેબી પાંચ શીલીંગ આપી તો ઘણી થઈ. પંદર વીસ દહાડા રહયા હો તો દસ શીલીંગ આપશો તો ખુશી થશે. હોટેલની ટેબલ ઉપર જમવા જાઓ અથવા કોઇ રેસટોરાંમાં ખાવા જાઓ તો એકલા હોવ તો એક શીલીંગ મુકવાનો ધારો છે. ઘણાંક હોટેલો અને રેસટોરાં ઉપર એટલો મારો ચાલુ રહે છે અને વેટરો 'ટીપ'થી એટલું બધું કમાય છે કે અમુક રેસટોરાંમાં કામ કરવા માટે વેટરો સામુ રેસટોરાંના માલેકને 'પાઘડી'નું આપે છે. એક ઘણુંજ નામાંકીત હોટેલ જેનું નામ હું કહેતો નથી તેના બહાર ઉભા રહેનાર "હોલ પોરટર"ની કમાઇ વરસ દહાડે 'ટીપ'ના આકારમાં પચ્ચીસથી ત્રીસ હજાર રૂપીઆ સુધીની કહેવાય છે. આ સાંભળીને મને ઘણી

નવાઇ લાગી એટલે એક દીવસ હું ત્યાં રાતના સપર લેવા ગયો. અલબતાં રાતનો ફુલ ઇવનીંગ ડરેસ, પેટંટ લેધર પંપ શુઝ અને ક્રીઝ્ડ શરટ સજવાની ફરજ એટલે જીવપર જોરાવરી કરી કે જોઇએ તો ખરા કે આ ચોકીબાન ઉપર એવો તે કેવોક પદમ ચાંદ ઉગયો છે. જબરો બા. ખાસ્સો છ ફીટ બે ઈંચ ઉંચો ને જાંહાંજોય રૂસ્તમ પેહલવાન જેવો શીને ફરાખ ઓસ્તવાર, ઇટાલીના મરહુમ વીકટર ઈમાન્યુએલના જેવી મુછ ને એક સાધારણ માણસને એકજ મુકી લગાવે તો ચાર ગોલાટયાં ખવાડે એવી કાંડી. હું ગયો ત્યારે સુમારે રાતના સાડા અગીઆર થયા હશે. નાટકશાળાઓ તુરતનીજ છુટી હોવી જોઇએ, કેમકે ફકડ ઘરગતુ બરૂહામો અને વીજળીની બતીથી ઝકઝક કરતી મોટોરો ધડાધડ આવી લાગી. 'હોલ પોરટર' ઝટ બારણા ઉઘાડે અને મનમોહન પુતળીઓને બાઇઝતથી હાથ પકડીને નીચે ઉતારે અને તેમના ઘાઘરા ખરડાય નહીં તે માટે ઉંચકીને દરવાજા સુધી ચાલે અને એવી ધામધુમ કરી મુકે કે જાણે આ સઘળી સાહેલીઓ ઓછામાં ઓછી ડચેસો અને મારશીઓનેસો તો હોવીજ જોઇએ. યા ખોદા, શું તેમનાં કપડાં ને શું ગોરી ઉઘાડી છાતીઓ ઉપર હીરાના હાર, શું તેમની કાજલ લગાડેલી ઇજીપશીયન આંખ, ને હાય હાયરે! કુરકુર હસે ત્યારે શું દાડમની કળી જેવી દાંતની હાર! ડચેસો અને કાઉનટેસો તો ખરીજ, તોપણ આશીર્વાદ સારનાર

પાદરી કોણ જાણે કયે ગામના હશે. નાટકી સ્ત્રીઓ અને રૂપાળી "બાલે ડાન્સ"ની પોટટીઓ અને પોતાન અમીરી વખાણનારાઓ સાથ સપર લેવાને સીધારેલી. હું ધારૂંછ કે તેઓ માંહેનાં કેટલાંકનાં માથા ઉપરની ફક્ત ટોપી ઓછામાં ઓછી પચાસ પાઉંડની હશે. તે સઘળા કોણના પ્રતાપ? અહ! હવે હુ સમજીઓ. બાપ મુવે બમણા ઉપર આધાર રાખી લખો રૂપીઆની દોલત ટુંક મુદતમાં ઉડાવીને મોજ મેળવનારા લખપતી માબાપના અભાગ્યા ડુકતાઓનો લડનમાં ટોટો નથી. હું ત્યાં અડધો કલાક બેઠો હોઈશ, પણ તેટલાં મારૂ માથું ફરી આવ્યું. ચમપીનના બુચ તડાતડ ઉડે, અને ફલકમુરો જેમ લહેરમાં આવતી જાય તેમ હીહી હાહાના ભાવટા વધતાજ જાય. ડુકતીઓની આંખો ચમકે તે જાણે બીલીઆનના હીરા! પછી જતી વખતે 'હોલ પોરટર'ની નમનતાઇભરી સલામના બદલામાં ગીનીઓ ફેંકાયલીજ છે. ભલા આદમી એવો માણસ મહીને દહાડે 'ટીપ' થી બે હજાર રૂપીઆ પેદા કરે તેમાં નવાઈ શી છે. એક ખુણામાં બેસી સઘળો તમાસો જોવા પછી હું બાહેર પડયો, પણ બે સાંડવીચ અને એક ગલાસ શેરી વાઇનની આઠ શીલીગની ચોટલી થઈ. પણ તેમાં શું. મેં આ બાબદને મથાલે પહેલાંથીજ કહયું છે કેની કે જીવ્યા કરતાં જોયલું ભલું. ચોટલી તો મને થઈ પણ તમને આ મુફતનું વાંચવાનું

તો થયું. ઘી ઢોળાશે તે ખીચડીમાં. ફકર ના કરશો. આ આઠ શીલીંગમી તમારે ત્યાંથીજ મળી છે!

અજબ જેવું છે કે ઈંગલંડ દારૂનો મુલક છે, ઘણા ખરાં લોક છાંટા પાણીના પુંજારી છે તોયે હોટેલોમાં દારૂનું દામ બહુજ ગરમ છે. મુંબઈમાં જે વીહ્‌સ્કીની બાટલી દુકાન ઉપરથી ત્રણ રૂપીએ મળે તેજ બાટલી તમે હોટેલમાં તમારા ઓરડામાં મંગાવો તો ૭ રૂપીઆ! અને એકાદ ગલાસ જમવાની ટેબલ ઉપર મંગાવો તો ફકત સોડાની બાટલીના છ આના! હોટેલવાળાની એવી ગણત્રી જણાય છે કે જો ઓરડામાં સસતી બાટલી આપયે તો બધા પાસીનજરો પોતાના ઓરડામાં તર થઇને આવે ને પછી નીચે જમવાના ઓરડામાં કોઇ પીએ નહી તો નફો ઓછો થાય. પણ ભલા આદમીઓને ખબર નથી કે "રહે તો આપસે, નહી તો જાય—" ઇત્યાદી ખાવા જવાની અગાઉ બહાર મોહોલાઓમાં હારોહાર દારૂના બાર સદા ખુલ્લાં છે ત્યાં જઇને ધીચી આવતા શું નથી આવડતું કે? અરે તેટલુંબી શું કરવા. રસ્તામાં બે બાટલી વેચાતી લીધી કે તે ઇસ્કી બાકસમાં એવી તો સફાઈથી પેક કરીને તમારા ઓરડામાં મોકલી આપે કે જાણે અંદર તીલીની બધી ભરેલી સાડી હોય. પછી બારણું બંધ કરીને લીવર કમ્પલીટ થાય ત્યાં સુધી પીયાજ કરોની. શું કરયે. તમે ઘણું અતેરૂ કરો તો પછી અમેબી

શરમ લાજ ને સચ્ચાઈ ખીસાંમાં મુકીયે. દારૂના અટકાવ કરવાની મતલબથી ઘણાંક રેસટોરાં 'ટેમપરન્સ' નીયમ ઉપર નીકળ્યાં છે. ત્યાં દારૂની જાત નહી પણ ઉતેજન આપવા થકી ખાવાનું ઘણું સસતું. મેં અવારનવાર જોયું કે સસતું ને સોજું ખાવાને લીધે લોકો ડાહયા ડોહોરા થઇને આ ડાહયાં ડોહોરાં રેસટોરાંમાં જઇને ચાંપે પણ ફરેકાર તો ગજ દુરથી વાસ મારે. માહારા વાહાલાઓ પાસેનાજ પીઠામાં જઇને તળીઆનું ટાઢું કરી આવેલા હોય. હવે ત્યાના દારૂના 'બારો'ની વાત કરૂં છું. એકેક મોહોલાઓમાં કાંઇ સંખ્યાબંધ 'બારો' ઝલકી રહેલાં દીસે છે. મુંબઈના ડાકટરોબી હટયા. જ્યાં જુઓ ત્યાં વેચનારી છોકરીઓ, જેમ છોકરીઓ ખુબસુરત અને નખરાંવાળી, જેમ ઇલેકત્રીક બતીઓની ધમાલ વધારે તેમ પીવાવાળાઓની ભીડ ઝાઝી. બાર આગળ ઉભા ઉભા પીતા જાય અને વેચનારી નખરાંબાજ પોરીઓ સાથ ઠીઠી ઠાઠાનો સોદો ચાલતો જાય. હું માનું છું કે લંડનમાં બારમાં છોકરીઓને વેચવાથી બંધ કરવામાં આવે તો વેલાતનો દારૂનો ખપ પચ્ચીસ ટકા ઓછો થઈ જાય.

હોટેલ લાઇફમાં અંગોળની અડચણબી ઝાઝી છે. એક બાથના ૧ શીલીંગ ૬ પેન્સ એટલે ૩૧)≈. અલતાં સફાઈ સુઘડાઇ તો હદ વીનાની. તમને મારબલ

ટબમાં ગરમ પાણી, સાબુ, ચાદર જેવડાં બે ગરમ દીલનુછના વગેરે સઘળું કમપ્લીટ આપે. એટલું ઠીક છે કે ત્યાં દરરોજ નાહાવાની તલબ થતી નથી, ચાર દાહાડેબી સદરો અંગમાથી કાહાડીએ તો નવા જેવોજ લાગે. પણ તમને સસ્તામાં જોઇતું હોય તો બાહાર પબલીક બાથ ઘણાબી છે. ગરીબોને માટે બાથો છે તેના ફકત બે આના આપવા પડે છે પણ બીજાં કેટલાક "બાથો" છે તેમાં જોઇ તપાસીને પહેલાંથી ખબર કહાડીને જવાની હું ભલામણ કરૂં છું; કારણ કે કોઈ કોઇમાં અવારનવાર મકાઇબાહુ ભરાયલા ભરાયલી–ભરાયલું હોય છે. હું અગાઉ ઘણીવાર કહી ગયો છું કે કપડાં ખાડીબંધ લેવાની તકલીફ ઉઠાવશો નહી. કાલર અને બાંહેના કફ તથા સાક્સ રોજ જોઈયે બાકી બીજું તો ચાલીઆ કરે. "મરેરે મુવો મોરાર ધોબી આજે ચોવીસ દહાડા થયા વાગો લેઈ ગીઓછ ને સદરાની વેહલા પડેછ તોબી લાયો નથી" આવી જાતની ફરીઆદ ત્યાં નથી. લડનમાં શું કે ઈંગ્લંડમાં દરેક મોટાં મથક ઉપર રેલવે સ્ટેશનોને લગતાંજ પોતાનાં પાદશાહી હોટેલો છે. આ હોટેલોના ઓરડા ઘણાજ સરસ પણ કેહવા વગર ચાલતું નથી કે કારભાર લગાર અંધેર છે. એ લીધે જેઓ આજે આવીને કાલે ઉપડી જવાના હોય તેઓનેજ સ્ટેશનના હોટેલની હું ભલામણ કરૂં છું અને બને છે પણ તેમજ. પીકાડીલી સરકસ આગળના વસવાટનો થોડોક

ખ્યાલ હું આપવા માગું છું પણ બાબદ જરા નાજુક છે તેથી લગાર જરાક વીચાર કરીને ઠંડાં મગજે આવતાં પ્રકરણમાં વાત.

પ્રકરણ ૮ મું.

પીકાડીલી સરકસના લત્તા માટે મેં ગઇ વેળા સહેજ ઈસારો કીધો હતો તે ઉપરથી અગાઉથીજ કેટલાકોએ મોહો કુમળાવ્યાં છે. પણ આમ કરનારાઓના મનમાજ પાપ હશે, નાહી તો તે લોક શુ જાણે હું શું લખવાનો છુ. પીકાડીલી સરકસ જે નેલસનના સ્તંભની નજદીકમાં ચાર પાંચ ધોરી રસ્તાઓનું મધ્ય બીદુ છે તે કરોડો રૂપીઆની ધીકતી દુકાનોનું મંદીર છે. દીવસના ત્યાં ચાલવાની જગા નથી અને ગાડી ઘોડાની ભીડ બેસુમાર છે પણ રાતના આઠ વાગા પછી, તેમાં મુખ્ય કરી ઠીએટરો તમામ થવા પછી અગીઆર વાગે જાણે કેવોક સીનેમેટોગ્રાફ ચાલતો હોય તેમ પડદો એકદમ ફેરવાઇ જાય છે. દીવસે સરાફી બજાર અને રાતે દોજખખાનું. હું ગોળ ગોળ ભાશામાં ફાંફાં મારવા માંગતો નથી પણ સાફ સાફ કહી દઉં છું કે રાતના નવ વાગા પછી કોઈબી આબરૂદાર સ્ત્રી ત્યાંથી એકલી પસાર થતી નથી. જો જવલેજ કોઈને જવાની જરૂર જણાય તો પોતાના

પુરૂશ સગા સાથે, અથવા તેમબી નહી બને તો બે ત્રણ સ્ત્રી મીત્રો સાથે ડોકું નીચું નાખીને ઉતાવળી ઉતાવળી સરભોગ નીકળી જાય છે. સારાંશ કે આ મોટો વેપારી જીલ્લો રાતના હલકી નીતીની સ્ત્રીઓ પોતાના કબજામાં લે છે. પીકાડીલી સરકસનો વીસતાર ઘણો મોટો છે અને ત્યાંની માલેતુજાર દુકાનોમાં હજારો વીજળીક બતીથી દરરોજ રાતના દીવાળી સળગે છે, પણ તમારા જેવાં સારાં માણસને ત્યાં ચાલવાનો કરાર નથી કેમ જે હરડગલે આ ગોરી પીડાઓ નજરે પડે છે. ત્યાં, બલકે આખ્ખાં લંડનમાં પોલીસનો જાપનો ઘણોજ સખ્ત છે. ડયુટી ઉપર ઉભેલો છ ફીટનો પોલીસમેન સીધી નજર રાખી મુગો મુગો ફરી રહેલો જણાશે. ને સારી પેઠે જાણે છે કે આ પીડાઓ કોણ છે અને કયાં રહે છે પણ જયાં સુધી આ કમભાગણીઓ મુગે મોહોડે ચાલ્યા કરે ત્યાં સુધી કોઈને એક શબ્દ કેહવાની કોઇની તાકાત નથી, તે ઠાંભલાની પેઠે ઉભો રહી બાળે ડોળે સઘળો તમાસો જોયા કરે છે અને કોઈ પણ ઉભું રહયુ કે તેને "move on please" 'આગળ ચાલોજી'ના નરમ હુકમથી કાહાર કાહારમાં પડે છે.

લંડનના હોટેલોનું સ્વીસ્તર બ્યાન હુ કરી ગયો છું અને ત્યાંની હોટેલ જીંદગીનો કંઈક ઉપ્યોગી ખ્યાલ તમને આપ્યો છે. પણ સર્વેને હોટેલમાંજ જઇ રહેવાની

જરૂર નથી. જો તમારી સાથ બાઇ બચ્ચાંઓનો જમેલો હોય અને ત્રણ ચાર મહીના રહેવાનું હોય તો મારી ભલામણ છે કે એકાદ સારી જગામાં 'અપારટમેંટ' ભાડે રાખવા. આ ઘણા સસ્તા પડશે અને ઘરના જેવું સુખ મળશે. કોઇબી સારા જીલ્લાના હાઉસ એજંટને પકડયો તો ચહુડ ઉતર માંગો તેવા 'ફરનીશડ રૂમ્સ'ની ટીપ આપશે અને શરતો તમને જણાવશે. પણ જો તમે એકલા હો અને હોટેલમાં રહેવાની મરજી ન હોય તો કોઇ સારા કુટુંબમાં બોરડર તરીકે રહેવાની ગોઠવણ ઘણી સલામતી ભરેલી, સસ્તી અને સુગમ પડતી છે. પણ આ કામમાબી જરા સાવચેત રહેવાની જરૂર છે. 'કુટુંબ' શબ્દ બહુ બોહોળો છે. જવા અગાઉ પહેલાં કોઇ મીત્રની મારફતે ખબર કહાડીને બંદોબસ્ત કીધેલો ઠીક પડશે. એટલું બહુજ ગણીમત છે કે મોટાં આબરૂદાર હોટેલોમાં એખલી બાનુ વીઝીટર પોતાની મેડ વગર, આવે તો તેણીને માટે જગા કરવામાં આવતી નથી. સાથે કોઇબી જોઇયે. પણ આવજા એટલી બોહોલી છે કે બચારા હોટેલવાળા કાહા કાંહા તપાસ રાખે. તે છતાં મારે મોટાં આબરૂદાર હોટેલોને ઇનસાફ આપવા થકી કેહવું જોઇએ કે તેઓથી જેટલી બને એટલી નજર રાખે છે. દરેક મજલાના સેંહકડો ઓરડા ઉપર ખાંડીબંધ ચાકરડીઓ અને વેટરો ભમતા ફરે છે અને તેઓને ખાસ તાકીદ છે કે કાંઇબી વાંધા જેવું જણાયું કે તુરત

મેનેજરને ખબર આપવી. હોટેલ કે લાડજીંગ હાઉસના સંબંધમાં એક છેલ્લી સલાહ આપું છું. કીમતી જણસ ભાવ કે નોટો હોટેલોની કે લાડજીંગ હાઉસોની કબાટોમાં મુકી કુંચી ખીસામાં રાખી બાહાર જાઓ તો મનસે ખાંડ ખાતા ના કે બધું સલામત છે. એ કબાટોને મીલનરના કે રેટનરની તીજોરીઓ સમજશો તો સુજમાં રહેશો. તમારી પોતાની મજબુત બંકમાં મેલવામાં વધારે સલામતી છે.

ઇંગલાંડનાં ખાણાં વીશે મોટો મતફેર છે. કેટલાકો તેમાં મુખ્ય કરી ચટણી ચટાકો અને ધાનસાખ કચુંબરના ડબુસા મારનારી પારસણ શેઠાણીઓ અવારનવાર ફરીઆદ કરે છે કે અમારે ગળે વીલાયતી ખાણું ઉતરતું નથી અને ઘડી ઘડી મુંબઇના બાસતાંઉને હાથના પકાવેલાં ટમટમતાં ખાણાંનો હાંફરો કરે છે. પણ એ તો જેવો જેનો ટેસ્ટ. લંડનમાં એકાદ રેસટોરાંમાં ીંચસો જણ ખાવા બેઠા હશે તો એકાદ બે મોટો ઘાંટો કહાડીને ઉસ્ટર સાહાસજ માગ્યા કરશે અને દરેક ડીશમાં ધચક ધચક સાહાસ હોમાવશે. આ જોઇને બાકીના ચારસો ને અઠાણું ખાનારાઓને અજાયબીથી ડોળા ફાડીને જોતા અને મુછમાં હસતા મેં જોયા છે. ગમે તે હોય પણ ઇંગ્રેજી ખાણું સ્વાદમાં સાદું પણ જરવામાં સેહેલું છે. જેટલું આપણી તરફની સાંવળી નાજનીનો મચકારા કરે છે તેટલું બધું ખરાબ નથી.

બલકે આપણી તરફના ઘણાક હુચા કરતાં હું વધારે પસંદ કરૂં છું. ફ્રાનસમાં, તેમાં અગાત્ય કરીને પારીસમાં તેમના હોટેલમાં સ્વાદદાર ડીશ લાવીને મુકે જે દીસવામાં તો અચ્છી હોય પણ હોય ત્યારે ઘોડાની જીભ, ઈંડાં ચારવેલાં જેવાં દેખાય પણ હોય ત્યારે દેડકાં. તેવું તો ઈંગલંડમાં નથી. ત્યાં ગોસ્ત તે ગોસ્તજ. ઘણીક નામીચી કાપડની દુકાનોમાં પણ બપોરનું ખાવાનું અને સાંજની ચા ઘણે થોડે પઇસે મળી શકે છે. ઘણાંક રેસટોરાં મેં જોયાં છે જયાં એક ગોસ્તનો કટકો, એક બાફેલો મોટો પટેટો અને એક પાંઉ ફકત છ પેન્સ (છ આના) માં તમારી આગળ મુકશે. એટલે સમજવું કે ખામખા લંડનમાં બધુંજ અને બધેજ મોંઘું છે એમ સમજવું નહી. પણ હવે પીંજે પીંજે ને રૂનો રૂ. હોટેલોની મેં સારીપેઠે ખબર લીધી છે અને તમે વાંચતાંબી ઠાકી ગયાં હશો. હવે આ વાંચ્યાં પછી તમે વીલાયત જાઓ અને ચીરાઇ આવો તો તેમાં તમારો પોતાનો કસુર છે. મેં તમને ઠરીઠામ ગોઠવી આપ્યાં છે અને હવે આવતાં અંકથી ચલકતી ચાઇ ચાઈઓનો થોડો ઘણો ભાસ આપવાનું મંડાણ કરીશ.

પ્રકરણ ૯ મું.

હું છેલ્લો લંડન ગયો તેને ત્રણ વરસ થયાં હશે, પણ તેટલાં ટુંક અરસામાં ત્યાંની ગાડી ઘોડાની ચેહલ મેહલમાં કેટલો ફેરફાર! અગાઉ ઘોડાની આમની બસો સેંહકડોની સંખ્યામા હારોહાર દોડતી હતી તે હવે ચમતકારીક રીતે ગેબ થઇ ગઇ છે. અગાઉ સુંદર કેબો અને મરોડદાર ઘોડાઓ આપણી આંખે ઉડી આવતા હતા તે બધાં કયાં ગયા? મારી આ વરની મુલાકાત વેળાએ એકબી ઘોડાની બસ મારા જોવામાં આવી નથી. તેમની જગા મોટોર બસે લીધી છે. એક પેની (એક આનો) ખરચતા આ નવી બસો તમને ખાસા ત્રણ ચાર મૈલ લઇ જાય છે. ઘોડાની કેબ જ્યાં હજારોથી ગણાતી હતી તે હવે દજનથી ગણાતી હશે, અને જે થોડી ઘણી ફરતી જણાય છે તેના હાંકનારા બચારા ખશીયાણા જેવા માખ મારતા ઝુંપે છે. હવે સઘળો મારો ધ્રુમ રોકી ટાકસી મોટોર ઉપર છે. એક શીલીંગે મૈલ. સ્ટાંડો ઉપર સંખ્યાબંધ મોટોર ધ્રુમો ઉભેલી તૈયાર જણાય અને તમે હાથ ઉંચો કીધો કે લાગલી ફુંફું કરતી તમારી હજુરમાં આવીને ઉભેલીજ છે. બેસતી વખતે તેને લગાડેલું માપક યંત્ર જોવું કે મીંડાં ઉપર માંડેલું છે કે નહી અને ઉતરતી વખતે જેટલા પૈસા ઘડીઆલ દેખાડે તેટલા આપવા. સાધારણ રીતે ટાકસી

ડ્રાઇવરને ત્રણ પેની કે છ પેની બક્ષેશ આપવાનો ધારો પડી ગયો છે. પણ શું ટાક્સી ડ્રાઇવરોની વખાણ કરૂં. પારીસ, વીએના, બર્લીન વગેરેના ડ્રાઈવરો મેં જોયા છે, પણ લંડનના ડ્રાઇવરો આગળ તેઓ કુચ બીસાદમાં નથી. સીટીમાં જ્યાં સારો દીવસ હજારો ટેક્સીઓ અને મોટોર બસો તથા માલથી લાધેલાં ગાડાં ચોમેરથી ધમધમ કરતા ધસી આવે તો તેમાંથીબી આ ટાકસી ડ્રાઈવરો એવી સફાઇથી અને હીંમતથી નીકળી જાય છે કે આપરો દમ ઉંચો ને ઉંચો રેહે છે. વળી ખુબી શું છે કે ગમે એવા અજાણ્યા મોહોલાનું નામ આપો અને ઘરનું નંબર આપો કે આબાદ તે ઘર આગળ લાવીને ઉભેલોજ છે. ગાડીઓ પણ સફાઈદાર ઘરગતુ મોટોરના જેવીજ છે. મેં ચોક્કસ ખબર કાહાડીઆથી જણાયું કે હમણા હમણા ખુદ લંડનમાં તેર હજાર ટાકસીઓ ફરે છે અને કવચીતજ કોઇ ખાલી દીસતી હશે. તે છતાં કેહવામાં આવ્યું છે કે તેના લક્ષાપતી માલેકો ખોટે કામ કરે છે અને ઘણીક કંપનીઓ બંધ પડી છે, કારણ એ કે મોહોસમ હોય ત્યારે દીવાળી, નહી ત્યારે અપવાસ. શીયાળામાં બડેખાંઓ બાહાર નીકળી જાય ત્યારે આ ટાકસી કેબો અને મોટોર બસો પોતાનો ખરચ કાહાડી શકતાં નથી. એટલું યાદ રાખવું કે તમે ટાકસીમાં ગયા અને કોઇ ઠેકાણે ટાકસીમાં ખોટા કીધી તોબી ગાડીનું ઘડીઆળ તો ચાલ્યાજ કરશે અને ખોટી થવા બદલનો દંડ તમને આપવો પડશે, માટે

જવા ઉતરો કે તુરત 'ટાકસી'ને ભાડું ચુકવા આપી ?ખશદ આપજો કેમજે તમે જ્યાં જશો ત્યાં બીજી એકની ચાર તમને મળશે. વળી બીજું આ ટાકસી ડરાઇવરો માંહેના કોઇ કોઈ ઘણા ઉસ્તાદ હોય છે. તમે ચગારા છો કે બોચીઉં તે તેઓ આખના પલકારામાં પારખી કહાડે છે અને દોહોડ મૈલને છેટે જવું હોય તો ગલી કુંચીઓમાંથી આડોતીડો જઇને ત્રણ મૈલનું હેરીઉં લેશે. જો તમને આવી બાગ્રદનો કાંઇ વેહેમ પડે તો ઉતરતાંજ કોઈ પોલીસમેન પુછતાંજ તમને ખોલાસો મળી જશે કે તમને ડરાઈવરે બનાવ્યા કે નહી. જો તમને લંડનનો બતી પછીનો મહીમા જોવો હોય તો મારી ભલામણ છે કે રાતના ૮ વાગે ડીનર લઇને મોટોર બસના ટાપ ઉપર ચહડી બેસવુ. આખી લંડનની આંખ આંજી નાંખે એવી લાઇટ અને પગે ચાલતાં સ્ત્રી પુરૂશોનાં જોડાં તમારા પગ આગળથી પસાર થતાં જોવાની મઝાહ છે. વળી બસના ટાપ ઉપરબી કોઈ કોઈ વાર 'નાટક' જોવાના મળશે તે જુદા. આ જાતના નાટકનું વર્ણન હું અત્રે આપી શકતો નથી, જઇને જુઓ. મુગા મુગા આંખ ઉંઘાડી રાખજો અને હંમેશ સાથે ઓવરકોટ અને છત્રી રાખજો. અગર તમને excursion યાને નવી જગા જોવાને ઉતરી પડવું હોય તો હું ખાસ ભલામણ કરૂં છું કે રેલવે ટ્રેનમાં જવા કરતાં ચાર ઘોડાની 'કોચ' અથવા ચારઠ ઘણાખરાં સઘળાં મોટાં હોટેલોમાંથી ચોકસ દીવસે ઉપડે છે, તેપર સવાર થઇ લીલોત્રીવાળાં ગામ-

ડાંઓમાંથી "બયુગલ" ફુકતા જવાની મોજ ઓર છે. સીટમાં કુકની હોફીસ છે ત્યાં ખબર કાહાડવાથી કઇ કઇ કોચો કયાં કયાં જવા ઉપડશે તેની ખબરબી મળશે અને ટીકીટોબી મળશે. આ કોચો અરધી મંજલ કાપીઆ બાદ ચોકસ ઠરાવેલી જગા ઉપર ઉભી રહે છે અને સેહલાણીઓને ત્યાં ટીકીટના પેટામાંજ લંચ આપવામાં આવે છે. પણ લંડનના દરેક ભાગ માટે આવજા કરવાનું મોટામાં મોટું સાધન ત્યાંની ટયુબ ત્રેન છે. આ ત્રેન દર ત્રણ ત્રણ મીનીટે આવી પોહોંચે છે અને તમને થોડા પૈસામાં આખું લંડન ફેરવી લાવશે. અલબતાં ચોકસ 'કનત્રી'વાળા ભાગોમાં જવાની ત્રેન બદલવી પડશે, પણ એકવાર બરાબર નકશાનો અભ્યાસ કીધો કે પછી કશી અડચણ પડતી નથી. આ સ્ટેશનો ઉપર પોહોંચવા માટે અલબત દાદરા મારફતે નીચે ઉતરવું પડે છે અને પાછું રસ્તા ઉપર આવવા માટે લીફ્ટો તૈયાર છે જેનું કશું દામ આપવું પડતું નથી. પણ એક વાતની સો વાત, લંડન જોવાનું સર્વેથી સરસ વાહન તમારા પગ છે. આસતે આસતે ચાલીને દુકાનોમાં ડોકાં ઘાલતાં, લોકની રચના જોતા જશો તો મૈલના મૈલ ચાલતાં થાકશો નહી. હોટેલમાંથી નીકળ્યા અને અને લેહકા કરતા કરતા સીટી તરફ ચાલ્યા કે તમારી પેહલી નજર વેસ્ટમીન્સટર આબી તરફ કુદરતી રીતેજ ખેંચાશે. અલબતાં આ ગંજાવર મંદીર આખું જોવાને અને સમજવાને તથા અભ્યાસ કરવાને તો દાહાડાના

દાહાડા જોઈયે પણ તમારે તો એક કલાકજ કાહાડવો છે. આ ધર્તી ઉપર જો કોઇબી નાહાની જગ્યામાં માહાન ભેજાંઓના કાલબુદ ડટાયલાં હોય તો હયાં છે. નામાંકીત નર એડવર્ડ ધી કનફેસર, રાજા હેનરી પાંચમા, કુંવારી કવીન ઈલીઝાબેથ, તેણીના ગુસ્સા અને અદેખાઈનો ભોગ થઈ પડેલી મેરી કવીન આફ સ્કાટસ, પોતાના તમામ ગર્વ એક બાજુ મુકી હવે સદાની શાંતીમાં અંહુી પોઢેલાં છે. આહ! પેલા નીર્દોશ બે શાહજાદાઓ જેઓને ઠાગાથી ટાવરમાં ગુંગળાવીને તેમના નીર્દય કાકાએ મારી નાખ્યા હતા અને જેનું કરૂણારસ બયાન મેં મોદીખાનાથી મારસેલ્સમાં આપ્યું હતું તેબી અહીંજ મટીમાં સુતેલા જણાશે. અરે યારો, વેસ્ટમીન્સટર એબીના પાદશાહી દીવાનખાનામાં બરાબર નજર કરજો અને નામાંકીત ડીસરાલીનાં કફનને સલામ કરજો. તેમની પાસેજ, જાણે જીવતાં લડયા બાદ મુવા પછી મીત્રાઇના ગાંડથી બંધાયા હોય તેમ નામાંકીત ગલાડસ્ટનને સુવાડેલા છે. ઓ, આજના જમાનાના તફરામચીમ કલમકસો, જુઓ, જુઓ, તમારા ધંધાનાજ હુન્નરનો બેમુલ ઝળકતો હીરો ચાર્લસ ડીકન્સ જેનાં પુસ્તકો તમે હર્ખથી વાંચ વાંચ કરી આંખોમાં ચાંપો છો, તેની મટી પણ આ તમારી આગળ પડેલી છે. મુંબઇના નાટકકારો અને નાટક માલેકો, માસીના માકાઓ અને ખુને નાહકો, તમારા બપાવાના બાપ જેવા મહાન 'અરવીંગ' સર હેનરી અરવીંગના રૂહને સેજદો કરવો હોય તો આવો આ

જગાએ અને નમો તેની યાદને. મરહુમ ગર્વનર જનરલો લોર્ડ કેનીંગ અને અને વારન હેસટીંગસ, જગને ધુજાવનારા વકતા વીલ્યમ પીટ, આપણી તરફના સર જાન માલ્કમ, વડા પ્રધાન લાર્ડ પામરસટન, હીમતવાન રીચર્ડ કોબડન, સર આઇઝાક ન્યુટન, સપેનસર, મેકાલે, લાર્ડ લારેન્સ, વગેરે આપણા જીગરને ઠઠરાવનારા અને ઈંગલંડના ઇતીહાસને ઝળકાવનારા જોધાઓ જાણે એક સ્કુલના બીરાદર નીશાળયાઓ હોય તેમ અદબ વાળીને ગુપચુપ પાસે પાસે સુતા છે. આબીનો એક ખંગ માહુ વીદવાન લખનારાઓ અને જગપ્રસિદ્ધ કવીઓને માટે જુદો પાડેલો છે તે જોવાને જરૂર ચુકતા ના. જેઓના કબુ ન ભુલાય એવા નામો જે બચપણથી સાંભળતા આવ્યા છીએ તેઓના હાડની અડોઅડ ઉભા રહી તે નામો યાદ કરતા એકવાર વીચાર આવે કે યા ખોદા, આ કાયા કેટલી મીથ્યા છે. એ કોણ લોક, શું એમનાં ભેજાં અને આપણે કયાં. બીજા સેંહકડોને બાજુ મુકી હું પુરાણા એડીસન, થાકરે, હેનડલ, આલીવર ગોલ્ડસ્મીથ, વીલીયમ શેકસપીયર, બર્નસ, કોલડરીજ, વગેરેને મારા પગ આગળ મુકેલા જોઉં છું ત્યારે અંદેસો કરૂં છું કે જયારે એઓ જીવતા હશે ત્યારે આજના જમાના વીશે શું વીચાર કીધો હશે. ઓ ખોદાઇ શકતીના કવીરાજ મીલટન, બ્રાઉનીંગ, લાંગફેલો, ડરાઈડન, ટેનીસન, હું જ્યારે તમારા નામોની યાદ કરૂં છું ત્યારે ઈંગલંડની મોહોટાઈનો જે ખ્યાલ આવે છે તે એક તલભારબી હું આ ઠેકાણે બતાવી શકતો નથી. રફીકો, જાઓ અને

જુઓ! વેસ્ટમીન્સટર આબીના ગંજાવર હાલમાં આ સેતારાઓની ખાકની વચ્ચે ઉભા રહેશો ત્યારેજ તમને ખ્યાલ આવશે. પણ આમ નીસાસા નાખવામાં કાંઈ સાર છે? આગળ ચાલો. આ આબી ૧૩૦૦ વરસનું પુરાણું છે. આ આબીમાં જેઓને ડાટવામાં આવે તેઓને જાણે મુવા બાદ અનુપમ માન મળ્યું એમ ગણવામાં આવે છે કેમજે મરનારનું સબ અઠંગ પાદશાહો અને જબરદસ્ત પેહેલવાનોના સમાગમમાં સદાનું આસાયશ લેવા પામે છે. મધ્ય હાલ મુબલખ મોટો છે તેમાં લખ્ખો રૂપીઆની કીમ્મતની રંગીન બારીઓથી એવી કળા કરી છે કે અંધારૂં ન થતે રોશની ઘણીજ દબાયલી પડે છે અને ત્યાં મોટેથી વાત કરવાની અને કાંઈબી ગડબડ કરવાની કે ઉતાવળે ચાલવાની આપણી છાતીજ ચાલતી નથી કે રખે તેથી આ સુતેલાંઓના રૂહ જાગરૂત હોય અને આપણી સરકસીથી ખલલ પામે. એક વાર ફરીથી કહું છું કે લંડન જવું તો વેસ્ટમીન્સટર આબી જોવાને ચુકવું નહી.

લંડન વીશે લખતાં મારે એક અગાત્યની સુચના કરવી છે. જો તમને બે ચાર દહાડા લંડનમાં રહેવું હોય તો હોટેલ ઠીક પડશે. જો પંદર વીસ દીવસની કે એકાદ માસની વાત હોય તો કોઈ આબરૂદાર ફેમીલીમાં કે અપારટમેંટ ભાડે લઈ રેહવામાં રેહવામાં કસર અને ફાયદો છે, પણ જો વરસ દોહોડ વરસ રેહેવાનું હોય તો હું

હું ખચીત ભાર મુકીને સુચવું છું કે લંડન ટાઉનમાં રેહેવું નહી. લંડનથી પંદર વીસ મૈલ ઉપર છુટાં એલાહેદાં ગામડાંઓ છે, ત્યાં એકેકાં એવાં રમકડાં જેવાં સુખવાસી મકાનો મળી આવે છે કે એકવાર ત્યાં ગયા પછી ખસવા ગમતું નથી. મારા વડીલ ભાઈબંધ ટાઈમસ આફ ઈંડયાના માલેક મી૦ બેનેટ મારા પુરાણા મીત્ર થાય છે. તેમની મેહેરબાનીથી ગામડાંની જીંદગી જોવાની મને તક મળી હતી. મી૦ બેનેટ પોતે લંડનથી ત્રીસ મૈલ દુર એક ઘણાજ ખુશનુમાં કાટેજ રોકા મકાનમાં રહે છે, જ્યાં ફુલોના બહારથી તાજગી તનદરોસ્તીને કેટલો ટેકો મળતો હશે તે ત્યાંનાં વસનારાંઓજ જાણે છે. વળી ત્યાં ભાડાં કમતી અને ખરચ ઓછો. ચાકરડીઓનું સુખ ઘણું. લંડન અડધા કે પોણા કલાકમાં આવવાનું.

હવે આજનો હફતો સમાપ્ત કીધા અગાઉ હું ચોક્કસ મત આપવાની હીમ્મત કરૂં છું કે જે કદાચ ચોક્કસ માબાપોને અથવા ચોક્કસ જુવાનીઆઓને રૂચશે નહી. તોબી મારે તો મારી ફરજ બજાવવી જોઈયે. છોકરાઓને શીખવવા સારૂ વીલાયત મોકલવા એ પાપ છે કે સવાબ— હું લખતાં ભુલ્યો—સલામત છે કે ઉલટું? હું દલગીર છું કે પાટીઆં ગોઠવતાં મને આવડતું નથી અને તેમ કરવાની જરૂરબી નથી. મારૂં ખાસ મત છે કે જો છોકરાઓને મોકલવા તો દસથી બાર તેર સુધીની ઉમરમાં મોકલવા અને તે પણ કોઈ ખાત્રીદાર, માબાપ જેવી સંભાળ લે

તેવા કુટુંબના આશરામાં મોકલવા. માણસાઈ ઉમરે પોહોંચવા પછી—જરા જરા મુછ ફુટવા માંડયા પછી છોકરાઓને એકલા મોકલવાની હું સાફ સામે છું. હું તેમાં ખાસ જોખમ સમજું છું અને તેમાં તે જુવાનોનો વાંક કહાડી શકીશ નહી. લંડન એવું અજાયબ જેવું શેહેર છે કે "ફુરેબથી ફીરેસતોબી ફરે." ખાનગી ઓરડામાં કોઈથી હુકમ વગર જવાય નહી. બાહાર ગયા તો માર્ગમાં હર પળે અને હર ડગલે લાલચની જાળ પસારેલી, ત્યાં બચારો ભોળો જવાન શું કરે. હું એમ કહેવા માંગતો નથી કે સઘળાઓજ જાતી શકતીથી આવા મામલાથી અલગ રહેવાને શકતીવાન નથી. હશે, પણ કેટલા થોડા, અને કેટલા જોખમ. વીલાયત જઈ આવીને ખરબુજા ખાધામાં શું દાહાડો વળ્યો. અફસોસ, જેઓ પોતાનાં કાજગરાં બચ્ચાંઓને ભર દરીયે મોકલી દે છે તેઓની હું દયા ખાઉં છું.

પ્રકરણ ૧૦ મું.

ચાલો હવે. સ્ટીમરની હાડમારી જોઈ, હોટેલોની કારસાજી તપાસી, ખાઇ પીને ઠર પડયા પછી હવે ખરેખરૂં દાસ્તાને દીલરૂબા શીરૂ કરીએ. આપણે શેહેરે મુંબઇમાં વખત બેવખત બીસકુટો બચર બચર ચાવીએ છીએ.

જાગીનાં બે નામો હર ઘડી જોવામાં આવે છે. એક હંટલી પામર અને બીજો પીક ફ્રીન. આપણામાંથી ઘણા જણા એમ ધારતા હશે કે આ બીસકુટબાજો ધોબીતળાવ ઉપરના ડી સુઝા, કે અરદેસર કનફૅકશનર, કે મોનજીની કરતં કાંઈક ચહડીયાતા હશે. જે હશે તે આ વાંચ્યા પછી જણાશે. કાંઈક મેહનતે મેં આ વીગતો મેલવી છે માટે લગાર રસ લઈને વાંચવાની વીનંતી કરૂં છું. હું વર્તમાન પત્રનો પ્રતીનીધી છું અને જોવા લાયક ઉદયોગોની નજર નોંધ લઈને તેનો હીંદુસ્તાનમાં ઉપયોગ કરનાર છું એવી લાડકલી લમ્ભાસ કોણ જાણે કોણે ફેલાવી પણ મને તો ફાયદોજ થયો. એક દીવસે પીક ફ્રીન લીમીટેડના ડીરેકટરો તરફથી આમનત્રણ આવ્યું કે મેહેરબાની કરી અમારાં કારખાનાની ભેટ લેશો તો અમે બહુ રાજી થઈશું. હા ભાઈ, આપણે શેની ના. અમે પાંચ છ, બાનુઓ અને ગ્રહસ્થોની તોળી તૈયાર થઈ. પીક ફ્રીનનું રાક્ષસી કારખાનું લંડનથી કલાકેકના રસ્તા ઉપર રેડીંગ ગામમાં પથારો માંડી પડેલું છે. અમો બપોરના બે વાગતે ગયા કે કુંપનીનાં સતાવાળાઓ તરફથી બહુ માનપુર્વક આવકાર મળ્યો. એક ચોપડીમાં અમારાં નામ લખ્યા પછી અમારી રખડપતી શીરૂ થઈ. હું તો જાણું કે અરધોક કલાક આમ તેમ જોઈશું—બે ચાર બીસકોટ ચાખીશું—એકાદ કેકનો કકડો સુંઘી જોઈશું, કે પછી ખલાસ પણ પરીણામ તો ગુરાની કઢી અને હોજરાંની અવધી થઇ. ઓ દાદાજી, કારખાનું કે કારખાનાનો બાપ.

જયાં રોજના ૩૦૦૦ સ્ત્રી પુરૂશો કામ કરે અને જયાં ૪૦૦૦૦—હા, ચાળીસ હજાર ઈંડાં રોજના ખપે ત્યાં પછી બીજો વધુ ખ્ય.લ કેમ આપું. કારખાનાએ કુલ ૨૦૦૦૦૦, બે લાખ ચોરસ વાર જગા રોકી છે અને એટલાં બધાં તો ખાતાં છે કે મોહોડેથી કે ચીઠીથી કામ કરવા જાય તો બીસકીટ વાસી પડી જાય. આ અગવડ મટાડવા માટે સેંત્રલ ટેલીફોન હાફીસ રાખી છે જયાં છોકરીઓ ખાતાં ખાતાંના મેસેજ સાંભળી લઈ જયાં ઘટે ત્યાં પુગાડે છે. દાખલ થતાં પેહલાંજ ઇંડાનો ઓરડો. રોજનાં ચાળીસ હજાર ઈંડા ખપે એ ધડાકો પેહલી નજરે લગાર ન મનાય તેવો લાગે એમાં નવાઈ નથી પણ હું હીસાબ ગણાઉં તે ઉપર દરીઆફ્ત કરો. દેવલાલીના પીસ્તાં જેટલાં એક હોટલમાં દોઢસો પાસેનજરો હતા ત્યારે દર માથે ૯ ઈંડાની રાસ આવતી હતી. એટલે દરરોજ ૧૩૫૦ ઈંડાં થયાં, તો પછી જયાં ત્રણ હજાર કામદારો કામ કરે ત્યાં ચાળીસ હજાર ખપે તેમાં શું મોટી વાત છે. પણ મારી મુંઝવણી તો જુદીજ છે. જયારે ફ્કત એક કારખાનું રોજના ચાળીસ હજાર ઈંડા વાપરે ત્યારે એવાં બીજાં અરધી દજન કારખાનાને પુરાં પડે એટલાં ઈંડા મુકનારી મરઘી કયાં હશે! તેમજ આ ચાળીસ હજાર ઈંડા ભાંજવા કેટલાં માણસો અથવા છોકરીઓ કામે લાગતી હશે. પરપુછ કરતાં જણાયું કે ઈંડા તો દરરોજ લાકડાંના ખાસ કીધેલા બાકસોમાં ગાડાં ને ગાડાં ભરીને બાહારગામથી કંત્રાકટવાળાઓ મોકલી આપે છે, અને

તે બે દાહાડામાં વપરાઈ જવાજ જોઈએ. આટલી મોટી રકમ ઈંડા ભાંજવાને કાંઇ ખાસ સાંચો હોવો જોઈએ એમ મેં ખ્યાલ કીધો અને તે બાબે ચીપી ચીપીને પુછયું પણ "અલ્યા પાઘડી ફેરવીને બાંધ્ય" નો સોદો જોઇ હું પામી ગયો કે આ ઈંડા ભાંજવાની રીત બતાવવાને એ લોક રાજી ન હશે, પછી કારણ ગમે એ હોય. પણ એટલું તો ખરૂં કે એકબી કોહેલું કે શક ભરેલું ઈંડું કામમાં આવે નહી તેની ખાસ સંભાલ એ લોકનાં પોતાનાજ ફાયદાને માટે લેવાની જરૂર છે, કેમજે બીસકોટના મલીદામાં કાંઈબી કોહેલી જણસ આવી કે બીસકોટ ખોરી મારી જાય અને પેહડીનું નામ બગાડે. એબી કાંઇ લગાણનું કસતર કે ઇંડાની અકુરી છે કે આજે ખાધું ને કાલે વીસરાઇ જવાયું. બીસકોટ તો દેશ દેશાવર છ છ મહીના કે બાર બાર મહીના રહેવાની, પછી કોહેલાં ઈંડાંનો અખતરો કોઈ કાલેબી પરવડે નહી. પણ એટલું તો ખરૂં કે કોઈવાર ઈંડાં વધી પડે તો પછી? પછી શું? ઇંગ્રેજ કારીગર કાંઈ સીનોર પદેરો નથી. એક મસ મોટો ઓરડો જુદો રાખ્યો છે જેમાં ઈન્જીનથી ઠંડી જાથુકની રાખવામાં આવી છે અને ત્યાં ઈંડા અને દુધ મેલી છાંડે છે. આ ઓરડામાં અમે ગયા તો પાંચ મીનીટમાં ઠંડી લાગી આવી. પણ એટલા અરસામાં જોઈ લીધું કે માખણોના પીપની હારોહાર, દુધના સેહુકડો હાંડા અને ઈંડાના બાકસોની ગંજાવર ઠરી મારેલી હતી. આ ઓરડાની દેવાલ ઉપર હાથ ફેરવ્યે તો

ખોબલીમાં ખુરૂરૂર દેતું બરફ ઝીલાઈ આવે. દુધની પણ એજ અવસ્થા. સહુવારનુ પોહોર થતાંમાં ગામડાં-ઓમાંથી તાજું મલાહીદાર દુધ મોટા તામડાઓ ભરીને આવતુંજ છે. આખું કારખાનું જબરાં ઈલેક્ટ્રીક ઇનજીનથી ચાલે છે. કામદાર છોકરીઓ સહુવારના આવી કે પહેલાં તો તે લોકે કપડાં બદલવાં જોઈયે. કારખાના-વાળાઓ આ કારણ માટે પોતાની 'લાનડરી' એટલે ધોભીખાનું સાંચાથી ચલાવે છે. આગળે દીવસના તમામ કપડાં સ્ટીમથી બાફી સુકવીને બીજે દીન માટે તૈયાર રહેવાંજ જોઇયે. મોટા ચકર ચકર ફરતાં રોલમાં કપડાં મસલાઈને ધોવાય પછી ફરતાં સ્ટીમ રોલરોમાં સુકાય અને મશીનરીથી અસ્ત્રો થાય. જ્યાં આટલાં બધાં માણસો કામ કરે અને આટલી બધી ભઠ્ઠીઓ ચાલી રહેલી ત્યાં આગ વરાળની તો તકેદારી હોવીજ જોઈએ, અને છે પણ તેમજ. દરેક ઓરડામાં ટાંકીઓ ચહડાવી તેમાંથી sprinklers પાણીની સુંઢો કહાડેલી છે તે એવી રીતે કે આગ લાગતાંજ દરેક ઓરડામાં પોતાની મેળેજ પાણીનો વરસાદ વરસી રહે, એટલુંજ નહી પણ કારખાનાના પુરૂષ કામદારોની એક ફાયર બ્રીગેડ બનાવી છે અને તે લોકોને તાલીમ આપવા ઉપ્રાંત અવારનવાર આગની બુમથી ચમકેલા રાખવામાં આવે છે. ઈંગ્રેજ બચ્ચો પક્કો તો ખરો. એક બાજુએ એક સુચના પેટી રાખી છે કે કોઇબી કામદારને કાંઈ સુધારો સુઝે અથવા સુચના કરવી હોય તો લખીને આ પેટીમાં નાખે અને જેની સુચના

કામમાં આવે તેને પૈસાનું ઇનામ મળે. ભોંયતળીએ આટલુ જોઈ વળ્યા કે લીફ્‌ટમાં ઉપર ગયા. તોબાહ એલાહી! આટાના ઢેલા! આવાક્ષે પસેમાન, બે બીલાડાના કેટલા કાન! મહીને દાહાડે બાવીસ લાખ રતલ આટો ખપે ત્યારે સ્ટોક કેટલો રાખવો પડતો હશે, અને બીસ-કોટ દર માસે કેટલી બનીને બહાર પડતી હશે. હું કહું છું—૩૦ લાખ રતલ!! આઠ આનેજ રતલ ગણો તો મહીને દાહાડે પંદર લાખ રૂપીઆની બીસકોટ. ખાના-રાની હોજરી કે બલા. પણ સબર, હુજી બીજાં સત્તાધારી આંકડા આપું છું એટલે તમારા મોંહમાં પાણી છુટશે. ખાંડ દર માસે સાડાપાંચ લાખ રતલ! કેમ? આપણી ચાહેમાં કેટલાં વરસ ચાલે. પસતા ચારોલી બદામ વગેરે સુકકો મેવો ૭૦ હજાર રતલ!

ઈંડાં	દરરોજ	૪૦૦૦૦	
આટો	મહીને	૨૨૦૦૦૦૦	રતલ.
બીસકીટ	મહીને	૩૦૦૦૦૦૦	રતલ.
ખાંડ	મહીને	૫૫૦૦૦૦	રતલ.
પસતાં, બદામ,	ઈત્યાદી	૭૦૦૦૦	રતલ.

એમ ન સમજતા કે બધી જાતની બીસકોટમાં એકજ જાતનો આટો આવતો હશે. ના, ના, જેવી જાતની બીસકોટ તેવી જાતની મેળવણી. આ મેળવણી કેવાં પ્રમાણમાં કરવી તેજ ઉમદા બીસકોટનો છુપો ભેદ

છે અને તે એના કરવઈયાજ સમજે છે. એમજ ખાંડનું સમજવું. કોઈ જાતને જાડી ખાંડ જોઇએ, કોઈને ઝીણી જોઈએ, કોઈને મેંદા જોઈએ તે પ્રમાણે ખાંડબી જુદાં જુદાં ખાતાંઓમાં સંભાળથી મોકલવાનાં માણસોજ જુદાં છે.

આ તો સઘળો માલ મસાલો થયો. હવે ખુદ બીસકીટ બનતી જોવાનો ટાઈમ આવ્યો. એ ખાતાંમાં પેઠા કે નાકનો દાંડો મીઠા મીઠા વાસથી પહેલાં તો ખુશાલ થાય છે પણ પછી એકના એક ગળીઆ વાસથી જીવ ગભરાવા માંડે છે. સાંજના છોડીઓને ચાહ પીવાનો ટાઈમ મળે છે તે વેળાએ મેં જોયું કે છોડીઓ આગળ મીઠી બીસકીટના ડુંગર પડેલા તે છતાં ચાહ સાથે પોતાના ખીસામાં આણેલાં થુલાંના પાંઉના ડબુસા મારે. એક ચબરાક સત્તર વરસની ચીકીનને મે પુછયું કે કેમ આ બીસકીટ ખાતી નથી. તેણીએ હસીને ઉત્તર દીધો કે એક બીસકીટ ખાવા માટે મને એક પેની આપે તોબી હું ખાઉં નહી કેમજે એના વાસથી મને ગચકરાં આવે છે. આ સાંભળી મને હસવું તો આવ્યું પણ નવાઈ લાગી નહી કેમજે હલવાઈની દુકાન ઉપર બેઠેલો કંદોઈ કબુ મીઠાઈની હોંશ કરતો નથી. હું પોતેબી બે કલાકમાં બીસકોટ ચાખતાં ઠાકી ગયો તો જો બે ત્રણ દહાડા આ કારખાનામાંજ રહું તો મારો હાલબી ઉપલી છોડીના જેવોજ થાય. પણ હવે બીસકોટ ખોટી થાય છે. બધો માલ મસાલો, "ઘી ખાંડ ને આટો," અને હલાવીને

ચાટવાની તમામ સામગ્રી મોટા ગોલ ફરતા સકંજામાં નાખીને ઇનજીનથી હલાવ હલાવ કીધા પછી માવા જેવું બને કે પાસેજ બીજા સાંચાઓપર જાય અને ત્યાં રોલરોની મારફતે વેલણથી ભાખરા વણીએ છીએ તેમ પાતલી થાપી થાય, ત્યાંથી ત્રીજા સાંચામાં જઈ બીસકોટના ઘાટ કપાય, ત્યાંથી ભઠ્ઠીઓમાં જાય અને પછી ઉની ઉની બીસ-કોટો ટન ને ટન વજાણમાં બાહાર પડે. પીક ફ્રીનવાળાઓ ચારસો જાતની બીસકોટો બનાવે છે એટલે જુદા જુદા જાતના સાંચાઓબી બેશુમાર છે.

પગબી ઠાકવા માંડયા હતા. મીઠા વાસથી નાકબી તર થયું હતું. એટલામાં ઈજન આવ્યું કે સાહેબો, તમારે સારૂ ચાહ અને જરા રતી રીફ્રેશમેટ તૈયાર છે. અહીં પણ એવુંજ જોઈતું હતું. જાણે ખોદાયજી પાયા. અચ્છી રીતે સમારેલી મેજ ઉપર ફુટડી દાશીઓની ઝડપ વખાણતા અને સાંડવીચના ડુચા દબાવતા અને ડીરેકટરોને દુવા દેતા પોણો કલાક કહાડયા બાદ પાછું હાઉસન ઝાઉસન ઉઠયું. ભુંજવાની ભઠ્ઠીઓ એવી સીફતથી કરેલી કે તેના આતશમાંથી બીસકીટની આખી ત્રેન આસતે આસતે પસાર થઈ જાય. કોઈ ત્રેન તો ચાલીસ ફીટ લાંબી હોય. કેટલીક જાતની બીસકીટની ત્રેનો ધગધગતા ઈંગારમાંથી ઝડપમાં પસાર થવી જોઈએ, કોઈ આસતે આ-સતે મંજલ કાપે. આ ખાતાંમાં કામ કરનારા સઘળા મરદોજ હતા. આ તો મેં ફકત બીસકીટનુંજ બ્યાન આપ્યું છે,

પણ તે ઉપ્રાંત પીક ફ્રીનવાળાઓ જાત જાતના વેફરો, કેકો, મીઠાઈઓ વગેરે બનાવે છે તેનું વર્ણન કરવા બેસું તો આ વીશય બહુ લાંબો થઈ જાય. બીસકીટ તો બની પણ લખ્ખો બાકસો પેક કરવાની માથાકુટ કાંઈ ઓછી નથી. આ કામ ઉપર સેંહકડો છોડીઓ લાગી છે. રેહવાણ દેવાનું, વજન કરવાનું, લેબલ મારવાનું સઘળું કામ છોકરીઓજ ઘણી સફાઈથી કરે છે. કાંઈ હજારો મોટી પેટીઓ દરરોજ જુદા જુદા મુલકમાં જતી હશે પણ જરાબી ભુલ-ભાલ થતી નથી. એ લોકની એ માનીતી બનાવટ 'પેટ–આ–કેક' બીસકીટ કરીને છે. તેનો એટલો તો મોટો ખપ છે **એક દીવસે** એ એકજ જાતની ૯૦ હજાર રતલ કારખાનામાંથી મોકલવામાં આવી હતી. જતી વખતે અમારો સામો ઉપકાર માનવામાં આવ્યો અને અમે દરેક જણને યાદગારી દાખલ અકેક પાકીટ બક્ષીશ તરીકે આપ્યું. પીક ફ્રીનની પહેડી પહેલ વહેલી ૧૮૬૨ માં નીકળી એટલે આજે તેને ૫૧ વરસ ભરાઈ ચુકયાં છે. આ વેળાએ તેઓએ ફકત ૩૦૦ કામદારોથી શરૂઆત કીધી હતી. ત્યારબાદ ૧૮૭૧ માં ફ્રેંકો જર્મન લડાઈ પુરી થઈ અને પારીસ ઉપરનો ઘેરો ઉઠી ગયો ત્યારે નામીચા અબજપતી રાથસચાઈલડ વાળાઓએ પારીસને બીસકોટ સપલાઈ કરવાનું કનત્રાકટ પીક ફ્રીનને આપ્યું. આ ટાંકણે કંપનીએ વીસ દહાડામાં એક કરોડ રતલ બીસકોટ બનાવીને ફ્રાંસ ખાતે રવાના કરી. પીક ફ્રીન-વાળા પોતાના કામદારોને પોતાના બચ્ચાંની પેઠે સમાલે

છે. રોજ એક ડાકટર અને દાંતના ડાકટર ફેકટરીમાં આવીને મુફ્ત સારવાર કરે છે. કોઈ કામદાર સીક પડયું તો કંપનીને ખરચે હવા ખાવા મોકલે છે. કંપનીની પોતાની ક્રીકેટ, ફુટબાલ, સાઈકલીંગ અને શુટીંગ કલબો છે. કંપનીની પોતાની નાટકશાળા છે જેમાં કામદારોજ એકટરો છે.

પણ આ સર્વે કરતાં એક ઘણીજ ખુશીની ખબર આપું. હું મુંબઇ આવ્યા પછી વધામણીના સમાચાર મળ્યા કે મારી ગેરહાજરીમાં પીક ફ્રીનવાળાઓએ બારો-બાર મારે ઘેર મુંબઈ બસો નાહાના ડબ્બા જાત જાતની બીસકીટના સલામ સાથે મોકલી આપ્યા હતા જે દુવા દઈ દઈને હજીબી જમીએ છીએ ! !

પ્રકરણ ૧૧ મું.

લંડનની એક બીજી રમુજનો તમને કંઈક ખ્યાલ આપવા માગું છું જેવી રમુજ આપણા ગરીબડાં દેશમાં તો શું પણ યુરોપમાંબી મેં જોઈ નથી. ટેમ્સનદી ઉપર હેમ્પટન કોર્ટ આગળ બોટોની મેદની કાંઈ અજબ મોહ પમાડનારી છે. હું કહું છું કે જેણે આ દેખાવ જોયો નહી તેનું જીવતરજ બળ્યું. લંડનથી જોઈયે ત્રેનમા જાઓ, જોઈએ બસમાં જાઓ, ચાહીએ ટેકસીમાં જાઓ

અને હેમ્પટન આગળ ઉતરયા કે બોટવાળાઓ આવીને સલામ કરશે. દર કલાક ફરવાનું ચોક્કસ દામ ઠરાવીને બોટમાં બેઠા કે નરા બેહસ્તમાંજ ગયા એમ જાણવું. પેહલાં તો હારની હાર હાઉસ બોટો લાંગર રાખીને પડેલી તે આપણું ધ્યાન ખેંચે છે. આ હાઉસ બોટો ખાસ્સી ત્રણસોથી છસો ટનની સ્ટીમરના જેવડી મોટી માળાવાળી હશે. મોહોસમમાં તેના કરોડપતી ધણીઓ તેમને ઘસડી લાવીને નદીની બે સાઈડે લાઈનની લાઇન ઉભી કરે છે અને પછી તેઓને ફુલથી સણગારવા ઘરની બાનુઓ વળગી જાય, પછી પુછવું શું. મેં જોયું કે તમામ વાહાણ એક નાકેથી બીજે નાકે સુધી રંગબેરંગી ફુલની તોરણોથી મઢી લીધેલું છે, કેબીનોની બારીને નેટના ગુલફેદાર પડદા જડેલા છે અને ડેક ઉપર સ્ત્રી પુરૂશો ઈઝીચેરપર અઢેલીને ખુશ ગોફતેગોમાં મસગુલ છે. કોઈ નશીબદાર નર પોતાની પ્રીયાના કાનમાં મોહોબતના મીઠા બાણ વજાડી રહયો છે, કોઈ લેહેરી બાનુ હાથમાં સીતાર લઈ થમ થમ કરે છે અને સહુ અમન ચમનમાં ગેલમાં હસાહસ કરી રહયું છે. આ વાર મને વીચાર આવ્યો કે ખોદાને ત્યાંનો ઈન્સાફ કયાં છે. હવા પાણીની તો નવાજેશ કીધી છેજ પણ ખુબસુરતીબી બધી ત્યાંજ રેડી દીધી અને સાથે ભેજુંબી એ લોકનેજ આપ્યું. મેં મારી બોટના ચોક્કસ સોબતીઓને સવાલ કીધો કે બાગે ગુલશન જેવી એક માળવાળી બોટ ઘણું તો ત્રીસથી પચાસ હજાર રૂપીઆની હશે અને તેને સંભાળીને રાખવાનો માસીક

ખરચ વધતામાં વધતો રૂ૧૫૦૦ નો હશે. ત્યારે શું આપણા દેશી શેઠીઆઓ અને લખપતીઓ ફક્ત જોવાનાજ કે? કાં નહી તેઓ પણ આવો વૈભવ ભોગવે. કહો, કયા દેશી મીલીઓનેરે આવો તરતો મેહેલ રાખ્યો છે કે જેમાં ત્રણ માસ રહે તો ત્રીસ વરસના આયુષ્ય વધે. કાંઈ નહી, આપણા લોકને જીંદગી ભોગવતાં આવડતીજ નથી. કવખતે હજારોના ખરચ કરી નાખશે અને દેખાદેખી માટે ટીપણાઓમાં હજારો રૂપીઆ ભરી આપશે પણ જીવને સુખ દેખાડવાના ખાસ ખરચ માટે હાય સોસારા કરશે. એવી આપણી કમનસીબીજ કેની. જવા દયો ઘોડાને ઘસડી પસડીને ગમે એટલો પાણી ઓવારે પીવા લઈ જાવો પણ તે નહી પીવાનો તે નહીંજ. તમે ધારશો કે હાઉસબોટનું વર્ણન કરવાની ધુનમાં હું કવીતાઈ હંબગડમ ઉપર ઉતરી પડયો હોઈશ. ધીકથી ન મુવો એટલો બીકથી મુવો. મારી સાથની એક પારસી બાનુને મેં અરજ કરી કે આ હાઉસબોટો જોઈ તમને કેવું લાગ્યું તે ટપકાવી આપો તો મારી નજર ઉઘડશે. બાઈએ શું લખ્યું તે આબેહુબ હું નીચે ઉતારી લઉં છું એટલે તમને બરાબર ખ્યાલ આવશે.

"તમે મારૂં મત પુછોછ તો હું જે હશે તે સાચ્ચું કહીશ. ગમે તેવા છે પણ હજી ઇંગ્રેજ ભલા. ભરભરીઆ તો ખરાજ તો, પણ હઈયાં મેલાં નહી. મને ફ્રેન્ચ લોક જરાબી ગમતાં નથી. મુવા, જીઠા જીઠા

વાંકા ટીકા થઈ જાય પણ બધું પોકલ. મુઇ ૧૮ ને ૨૦ વરસની ગધેરા જેવી દુકતીઓ રસતામાં અરીમ ધરીમ જેવા દુકતાઓ સાથ ઘેલાં કાહારે તે મને તો એવો કાર લાગે કે જાણે હમણા જઈને ફ્રેંટ પકરૂં. એક દહાડે હું મારા વર સાથ હોટેલમાંથી બહાર નીકળી તારે દરવાજા આગળ એક મજાહની દેખાવલી પોરી જરા 'તાઈટ' હોશે કે બલા જાણે શું, તે મારા વરને કહેજે મારા બુટની લેસ છુટી ગઈછ તે બાંધ. વળી તેવણબી જી ભરૂં ડાહયાજ કેની તે વાંકા વળી ને રસ્તામાં લેસ બાંધવા બેઠા. સાથે બીજા ફ્રેન્ચ જુવાન પોરીઆઓ ઉતા તેતો પેટ પકડીને હસે. હું જાણુછ કે બધાંઓએ બબે આંગલ લીધો હોસે. મને તો એવી ચીર લાગી કે એવણને ગાંજારીને હું લેઇ ગોઈ. જાણે એવું થાય કે રાનને ખાસરૂ કાહાડીને મારૂં. તમે મને હેમ્પટન આગળની બોટની મઝાહ સારૂં પુછોછ પણ શું કેહું ને શું બાકી રાખું. મુવાં જીવતાં જીવત બેહેસ્તમાંજ જીવેછ. આએ હાઉસ બોટો તે જાણે ફુલપાનથી સણગારેલાં નહાનાં રમકડાંના ઘેર જોઇ લેવો. મરેરે ફુલ ખરાં હોસે કે? હા ખરાં ને એવાં રંગ બેરંગી કે આંખને ઠાકવી નાખે. મુઈ અંદર પાંચ સાત પોરીઓ ને બે ચાર મરઘાજી બાયલાઓ મોજ કરે તે જોઇ મને તો જાણે કંઈ થઈ આવે. કોઈ બોટમાં ગ્રામોફોન વાગે; કોઈમાં ચાહે નાસ્તાનું નખ્ખોદ વળે. કોઈમાં મ્યુઝીક ચાલેલુંજ છે. પણ ચાહેના પીતાં મરેરે! એ લોક વીહીસ્કી સોડા

સમજે, બાકી ચાહ તો ઉકરેલું પાણી. સોજી ચાહ વગર ઈંગલાંડની મુઝવણ મોટી છે. વેલાતી ખાવાનુંબી તેમજ. સોહલા ડોલાને હાથના ઘીના ગગરતા ખાધેલાં તે અહીં તો લુખું જોઈનેજ તાપ આવે. કમબખતો મરી મસાલો તો નહી નાખે પણ મીઠુંબી ભભરાવી નહી મરે. બધું ફીઈઈકું ફ્ચ. સઉ કસામા સફેદ દુધનો મોરો થુક જેવો સાહાસ જારે હોય તારે લાવીને ઝાંસે. ઓંઝીઓ ખાવાનો વખત થાય તારે ધસ્કોબી પડે. આમલેટ! ધુળપર લીપરૂં! કાંહાં આપરો મસાલાનો તમતમતો, સો વાર દુરથી પમરતો પોરો ને કાંહાં આએ વાસ મારતું ઈંડાંનું લપેટમ ચપેટમ."

હાઉસ બોટો નીહાળતી આપણી નાનકડી બોટ આગળ ચાલી કે આપણી સાથે સાથે બીજી સેંહકડો બોટો ચાલતી છે. તેનો રંગ જોતાં આપણા દીલમાં એક જાતની અદેખાઈ છુટે છે. સાહેબ પોતે શર્ટના બટન ગળાં આગળથી ખુલ્લાં રાખી, બાંહેને છેક કોણી સુધી ચહડાવી, માથે સાદરાંની ટોપી અને પગે કેનવા-સના શુઉ પેહેરીને પોતાની ખુબસુરત માસુકના ખોળામાં માથું નાખી પડયા છે. બીજી એક રમકડાં સરખી પોરી હળવે હળવે હલેસું મારે છે, ત્રીજી રૂપસુંદરી બોટને નાકે ટેબલ બીછાવી ઉપર ચાહ બનાવે છે. સર્વેના સોનેરી બાલ છુટા હવામાં ઉડે છે. લગભગ સર્વેએ ગરમીને માર ગળા આગળનું બટન ક્હાડી

નાખેલું છે. ખીખીખાખાનો સુમાર નથી. આહા રફીકો તે દીવસની રચના યાદ કરૂં છું ત્યારે મોહમાં મોળ આવે છે કે યા પરવરદેગાર તેં મને જનમ આપ્યો તો આ દેશમાં કાંય મોકલ્યો હશે. યુરોપ તરફ શા સારૂ નહી પેક કરી દીધો. નદીમાં બે ત્રણ મૈલ ચાલ્યા કે જગે જગા ટાપુઓ આવે છે તયાં ઉતરવાનુ અને ચાહ, કાફી, કેક, બીસકોટ, માખણ સર્વે તમારી હજુરમાં ઝાડના છાંયા તળે તૈયાર છે. હું ગયો ત્યારે એક ટાપુ ઉપર એવું "ટી પ્લેસ" ઉભું કરવા માંડયું હતું. આઠ દાહાડા પછી પાછો ગયો ત્યારે ત્યાં લગભગ પાંચ હજાર માણસોની ભીડ, તે એટલી કે શોધી જગ્યા ન મળે. એવું ત્યાંનું લોક, શોકીન છે. મુવાં આપણાં લોક, જો ચાહની તરસ લાગશે તો ઈરાનીને ત્યાં બે દોહોડીઆં મુકી આવશે.

હેમ્પટન આગળ નદીની સેલ કરવા જાઓ તેજ દીન નામાંકીત કોર્ટ જોઇ લેવાની તજવીજ કરશો ના, કારણ કે તેમ કરતાં બેહુને ગેરઈનસાફ થશે. હેમ્પટન કોર્ટ અને તેનો બગીચો એટલો જબરદસ્ત છે કે તે બરાબર જોવાને ઓછામાં ઓછો એક આખો દીવસ જોઇએ. બીજી જાહેર જગાઓની પેઠે આ કોર્ટ રવીવારે પ્રજાને માટે બંધ નથી. આખાં વરસમાં ઓછામાં ઓછું ત્રણ લાખ માણસ ત્યાં જોવા જતું હશે. આ અસલ પાદશાહી મેહેલ હતો અને લગભગ ૪૦૦ વરસનો

પુરાણો છે. ઈમારત ઘણીજ મોટી છે પણ બહારથી લાલ ઈંટનો રંગ રંગેલો હોવાથી આંખને હેરત કરતો નથી, પણ માંહેથી–ઓહોહો—૧૦૦૦ ઓરડા છે અને તે માંહેના ૮૦૦ ઓરડા દેશની નોકરી બજાવી ગયલા પણ હમણા પડી ભાંગેલા યોધાઓને માયાલુ સરકારે વસવા માટે આપ્યા છે. જે ઓરડાઓ પ્રજાને જોવા માટે ખુલ્લા છે, તેમાં પીસતોલો, બંદુકો, ભાલાઓ, વગેરેનો મોટો સંગ્રહ રચેલો છે અને બીજા ભાગમાં કાંઈ હજારો નામીચાં પીકચરો લટકાવી મેલ્યાં છે. પણ હેમ્પટન કોર્ટની ખરી ખુબી તેના બગીચાની છે. આવા સુંદર ફુલના કયારા મેં કોઈ વાર જોયા નથી. વચમાં એક દ્રાક્ષનો માંડવો છે તેના પાત્રાં અને ડાંખલીનો ઘેરાવો ૨૨૦૦ ચોરસ ફીટ ઉપર ફેલાયલો છે. આ માંડવા ઉપરથી વરસ દહાડે ૧૦૦૦ રતલ દ્રાક્ષ ઉતરે છે. વળી આગળ એક ભુલ ભુલામણી છે જેમાં દાખલ-થવા અગાઉ તમારો સોબતી ઓળખીતો ભરૂસેદાર પસંદ કરવાની સંભાળ રાખજો. મને કેહેવામાં આવ્યું કે હેમ્પટન કોર્ટનો બગીચો ૧૦૦૦ એકર જગા રોકે છે. વાડી માંહેના કોઈ કોઈ રસતા અકેક મૈલ લાંબા છે.

લંડન જવું અને ત્યાંના નાટકો નહી જોવા એ પેટ ભરીને ધાનદાળ ચાટીને પાણી ન પીવા બરાબર છે. હું ધારૂં છ કે નાટક તો લંડનનું જીવતર છે. જો આજે સરકાર જીનનાં પીઠાં અને નાટકશાળાઓ બંધ

કરે તો દેશમાં રમખાણ જાગે એમ હું માનું છું. એ લોકને રાતના કાંઈબી મન વેરવાનું જોઇયે. આ બાબદમાં આપણું મુંબઈ તો જાણે સુહુનું સાવજ છે. રાતના ૯ાા કે ૧૦ વાગ્યામાં જો લંડનમાં ઉંઘી ગયા તો નકકી તમારી ચાકરડી ધારશે કે આજે મારા શેઠનું ભેજું ચકાસી ગયું છે. લંડનની ખરી જીંદગીજ રાતના છે. દીવસના જેઓ ડાહાયા વરીઆવા થઇને લખોના વેપાર કરે તેઓને રાતના જુઓ તો ઓળખોબી નહી. કોઈ વાર તો એવી મનોરંજક કુંપનીમાં નજરે પડે કે દાંતમાં આંગળાં પકડયા વગર ચાલે નહી. પણ ચાલો હવે, માંડી વાળો. લંડનના નાટકોમાં એટલું ગનીમત છે કે અગીઆર વાગામાં સઘળું ખલાસ. કેટલાક માલેતુજાર સાહેબો તો ફકત એકાદ માનીતી એકટ્રેસના ભાગ ભજવવાની વખતેજ આવે અને તેણીના ઉપર સ્ટેજપર પાંચ છ પૌંડની કીમતનો મોતેબર ફુલનો તોરો ફેંકીને ચાલ્યા જાય. ઘણાખરાં બધાં મોટાં હોટેલોમાં નાટકની ટીકીટની ઓફીસ હોય છે, અને ઘણી વાર માગણી કરવા છતાં કોઈ કોઈ વાર દાહાડાના દાહાડા સુધી જગા મળતી નથી. ઘેલાપણું નાહી તો બીજું શું? લંડનમાં કાંઈ નહીં તો ૬૦ નાટકશાળાઓ હશે અને નાહાના મોટા, સારા માઠા, સ્વચ્છ નજીસ મળી ૫૦૦ મ્યુઝીક હાલ હશે. કહે છે કે આ સઘળાંમાં મળી દર રાતના ઓછામાં ઓછું ચાર લાખ

માણસ જોવા જતું હશે. વરસ દહાડે દસ કરોડ તમાશગીરોની ગણત્રી તો સતા સાથે થઇ છે. કોઇ ટીકીટના ૧૫ રૂપીઆ તો કોઈની ત્રણ શીલીંગ હોય, પણ સરાસરી ફક્ત દર માથાં દીઠ એક રૂપીઓજ ગણીએ તો વરસ દહાડે નાટકના શોખ ઉપર લંડનની વસતી દસ કરોડ રૂપીઆ ખરચે છે. હુ ધારૂંછ કે દસ કરોડની ટીકીટ અને સવાદસ કરોડનો દારૂ પીતા અને પાતા હશે. જો તમને ઇગ્રેજોની જીંદગીનો માંહેનો ભેદ ખરા આકારમાં જોવો જાણવો હોય તો ત્યાંના હલકા ઉંચા વીશ ત્રીસ નાટકો જોઈ આવજો. હું કાંઇ ઘણોજ શરમાળ આદમી નથી અને કેટલાક બેહેલી ભગતોની પેઠે માથે ટુવાલ નાંખીને ટચાકડી ફોડનાર દીનદાર નથી, પણ તોએ એકાદ બે ઠેકાણે જોયલા દેખાવથી મને પણ લગાર ડોકી નમાવવી પડી હતી. એક રાતના હું એક પ્લેમાં ગયો, ત્યાં બાનુઓ પણ સાથે હતી. સ્ટેજ ઉપર એક નાટકી સ્ત્રી આવી તેણીએ કપડાં એવા સજેલાં કે બાજુએથી ફ્રાક છેક કમ્મર સુધી ચીરેલો. થોડાંક ઘેલાં ગાંડાં કહાડયા બાદ એક પુરૂષ નાટકી આવી લાગ્યો અને થોડાક ચાળા કીધા પછી આખી નાટકશાળાની સમક્ષ પેલી સ્ત્રીના બદન ઉપર ચમટા તોડવા લાગ્યો અને તેમ કરવા દેવા માટે પેલી સ્ત્રી જાણે પૈસા માંગતી હોય તેમ સવળા દેખાવ કીધા. આ વાર તમાશગીરો શું ઉઠી ગયા? શું સેંહકડો બાનુઓ ઉઠી

ગઇ? જરાબી નહી. ઉલ્ટી તાળીઓની ગર્જનાથી આ વાંધા ભર્યા દેખાવને વધાવી લીધો. માત્ર ગાલેરીપરના થોડાક તુફાની પોરેઆઓએ "ઓહો-ઓહો-આઈ સે-ગો ઓન-ગો ઓન" કરી રમુજ મેળવી, આ માંહેનો આઠમો ભાગબી જો મુંબઈમાં અજમાવવામાં આવે તો બીજે દાહાડે નાટકશાળા બંધ થાય. સાથે આપેરા ગલાસ લઇ જવાની કાંઇ જરૂર નથી. તમારી સીટની સામેજ એક દાબડો જડેલો જોશો. તેના ચીરણમાં છ પેન્સનો સીક્કો નાખ્યો કે ટપ દેનો બાક્સ ઉઘડી જશે અને તેમાં મેળેલો ગલાસ વાપરીને ખેલ તમામ થવા પછી ત્યાંજ મુકીને ચાલતા થવું. તમારી સાથે બાનુઓ હોય તો સર્વેથી સારી જગા સ્ટાલ્સ છે. યાદ રાખવું કે મોટા ઠીએટરોમાં સ્ટાલ્સમાં ચલ્લીની પુછડી ઘાટનો ઈવનીંગ ડ્રેસ પેહેરવો પડશે. અલબતાં તમે જાણતા તો હશો કે લંડનના કેટલાક નામીચા આકટરોએ સર નાઈટની પદવી મેળવી છે. સર હેનરી અરવીંગ તો મરણ પામ્યા છે, પણ સર બીરબુમ ટ્રી અને સર જયોર્જ અલેકઝાનડર રંગભુમીને હાલ ધુજાવે છે. પણ ત્યાંના આકટીંગ અને સીનરીની શું તારીફ કરૂં અને શું રાખું. જયાં બધાજ સરસ ત્યાં કોઈ અમુકની ઓળખ કરાવવાને ફાવે તેમ નથી. મારા જેવા નાટક જોઇ જોઈને અથાઈ ગયેલા પુરૂષના જયારે રૂંબાલ ઉભા થયા હોય તેવી લાગણી બરપા થાય ત્યારે બીજાઓને કેમ થતું હશે. દુન્યાં વાર્ણના લખનાર મરહુમ ચાર્લેસ

ડીકન્સની કથા ઓલીવર ટ્વીસ્ટ કોણે વાંચી નથી. જો ન વાંચી હોય તો જરૂર વાંચજો. આ કથા નાટકરૂપે લંડનમાં ભજવવામાં આવે છે. તેમાં ફ્રેગીન નામે એક ચોરેલો માલ રાખનાર ધણી છે તેનું પાત્ર બજાવનાર એવી ઝમકથી પોતાનો ભાગ બજાવે છે કે આ માત્ર કથા છે એમ આપણે ભુલી જઈએ છીએ. એજ મુજબ પ્રખ્યાત પંડીત સર વાલટર સ્કાટની દીલ ધ્રુજાવનારી કથા આઈવાનહોની યાહુદની રબેકાનો બાપ અઈઝાક પોતાની બેટીને ચોરીઆઓના હાથમાંથી પાછી મેળવવા આજીજી કરે છે ત્યારે સઘળાં હાઉસની આંખમાં પાણી ભરાઈ આવે છે. અલબતે નાટકીઓનું નામ વાયડું તો છે ને તે કેટલેક દરજ્જે વાજબીની રીતે વાયડું છે. તે લોકની જીંદગી, હાવભાવ, લાગણીઓ, ઉસકેરણીઓ વગેરે એટલી અકુદરતી અને તીક્ષણ રહે છે કે કોઈ ઘણાજ મજબુત મનના હોય તેજ બચી શકે. તે છતાં એમ પણ હું જોતો આવ્યો છું કે કેટલીક પંકાયલી એક્ટ્રેસો અને ગાનારીઓ ઉમરાવો સાથ પરણીને ઉમરાવપદ પામી છે. તેનું મુખ્ય કારણ જુઓ તો તેમની છક કરી નાખનારી ખુબસુરતી અને નખરાં છે. થોડાજ માસની વાત ઉપર એક મોટો ખાનદાની લાર્ડ એક નાટકી સ્ત્રી સાથ મહોબતમાં પડયો અને તેણીની સાથ પરણવાની કબુલાત આપી. આ વાતની લાર્ડના બાપને ખબર પડી એટલે તેણે પોતાના મોહોતના બીછાણા ઉપર બેટાને

બોલાવીને તેનું વચન લીધું કે આ નાટકી સ્ત્રી સાથ પરણવું નહીં. બેટાએ વચન પાળ્યો અને નાટકી સ્ત્રીએ ફર્યાદી માંડી જે વેળા મુકદમો ઉઘડતાંજ લાર્ડ તરફથી કબુલ કરવામાં આવ્યું કે હું આ સ્ત્રીને ચાહાતો હતો, તેણીની સાથ પરણવા કબુલ થયો હતો, હજીબી તેણીને ચાહું છું પણ મારા મરહુમ પીતાને આપેલા કોલથી બંધાઈ ગયો છું માટે દલગીર છું અને નાટકી પ્રીયાને ડામીજી તરીકે સાડા સાત લાખ રૂપીઆ આપવા કબુલ છું. આ આફર કબુલ રાખવામાં આવી ને અત્રે આ ખરો નાટક તમામ થયો. એજ પ્રમાણે પેલી અઢંગ નાચનારી રશીઅન ઓરત મેડમ પાલવોલાના ખેન કોટક હુ વર્ણવી ગયો છું. પોતાના અંગુઠા ઉપર દસ મીનીટ અત્રંગ ઉભી ઉભી નાચે તેમાં એટલું બધું શું છે તે હું જોઈ શકતો નથી. પણ ઈંગલાંડનું લોક તેના ઉપર ઘેલું હેવાનું છે. તેના નાચ વખતે નાટકશાળામાં શોધી જગા મળતી નથી. હું તો એમાં સમજતો નથી પણ મારૂં ખરૂં મત પુછો તો આ પાલવોલાના ડાન્સ કરતાં હું કુશની ઝુલફે વાળીનું નાચવાનું વધારે પસંદ કરૂં. હું સારી પેઠે જાણુંછ કે કેટલેક ઠેકાણે કાળા સાહેબો અને કાળી મડમો મારી મશકરી કરશે કે આ ઘરડો હવે તો છેક ચરી ગયોછ. એમ તો એમ પણ જે ચીજની એ. બી. સી. આપણે સમજીએ નહી તેમાંબી માથું મારીને ઈંગ્રેજોએ વાહ વાહ કીધું તેથી આપરેબી

હર્ખમાં આવીને જુદું જુદું ડોળ ઘાલવું એવી મારી પ્રકૃતી નથી. અરે જરા સબુર તો કરો. આ ઈડી-આટીક ડોળઘાલુ ઘેલાપણું ચીત્રોની બાબદમાં કેટલુ આગળ વધેલુ છે તેનો રમુજી ચીતાર તો તેની જગાએ આપીશ. ચીત્રની ખુબી ખામી સમજવાની જાત નહી ને એક પીકચર આગળ બે ચાર જણ ઉભા હોય અને એકાદ બે પત્રોમાં તારીફ આવી કે જાણે કેવુંક સમજીને બસ ઘેલાં થઈ ગયાં હોય તેમ પછાડા મારતાં મેં ઘણાને જોયાં છે અને મારી મોટી મુછમાં હુ સારી પેઠે મતલબી હસ્યો છું.

નાટકનુ પ્રકરણ તમામ થયુ નથી. આનો ઉપર ટપકેની નોંધ છે. હજી તો પારીસ અને બર્લીનના નાટકોની ખબર લેવી છે. પણ મારે લંડનના સ્ટેજની રચનાનો અહીં ટુંક ઈસારો કરવો જોઈએ. આહ! મુંબઈના નાટકના પડદા! ઓ! તે ઉંચકનારા હેલકરીઓ, ઓ લીલા પીળા લપેટા મારલા સીનો, તમારા શું ગુણ ગાવું. ત્યા કોલેઝીઅમમાં એક સીન ખલાસ થયો કે બતીઓ બુજાવી પાછી અડધી મીનીટમાં ઉઘાડે કે નવો સીન તૈયાર. ખબર કહાડતાં માલમ પડયું કે ત્યા રીવાલવીંગ એટલે ગોળ ચકરડાંથી ફરે એવા સીન રાખ્યા છે અને એક આંખના પલકારામાં સીન ફેરવાઇ જાય છે.

હું હોંસે હર્ખે આક્ષફર્ડની યુનીવરસીટી જોવા ગયો. આ ખાતાં વીશે મેં એટલું બધું સાંભળ્યું હતું કે હું છેવટે નાસીપાસ થયો આમ મારે સચ્ચાઈને ખાતર કબુલ કરવું પડે છે. કાળી ઠણક જેવી પુરાની ઈમારતો અને ધંબારના ઓટલા જેવાં જમવાના દીવાનખાના શીવાય બીજું ત્યાં કાંઈ નથી. માન લેનારનો એક ધખારો છે કે આ મંદીરોમાંથી મોટા મોટા ગ્લાડસ્ટનો અને ફીલસુફો શીખીને બાહાર પડ્યા હતા. લંડનથી આક્ષફર્ડ પચાસ માઈલ છે. નામ નામાંકીત છે, બડા લોકની અસલ નીશાળ છે, જબરદસ્ત પુસ્તકખાનું છે (બોડલીઅન લાઈબ્રેરી) માટે જોવું તો જોઈએ. મારી સલાહ છે કે જોવું તો ચાર ઘોડાની શારા—બેંક અથવા તો ઉઘાડી મોટોરમાં સહવારના પોહોરમાં જવું. રસ્તો ઘણોજ સરસ અને રળીઆમણો છે અને થોડી થોડી મંજલ કાપતાં તરસા જીવને તરૂપ્ત કરવા સારૂં બરફ જેવા ઠંડા બીઅરના મથકો તમને થોભીને સોસ મટાડવા લલચાવે છે. સહવારના પોહોરમાં ઠંડી કેહેજે હું સરસ અને પેટમાં પડેલો બરફ જેવો પોરટર કેહેજે હું હારૂં નહીં. અલબતાં યુનીવરસીટી કસબો એટલે કાલેજોના તોટા નથી. પણ જેવી એક જોશો તેવીજ બીજી. અમે ક્રાઈસ્ટ કાલેજ પસંદ કરી અને ત્યાં દાખલ થયા તો સઘળું શુમસાન હતું. વીદ્યાર્થીઓનો મોટો ભાગ તો પોતાને ઘેરે બારે ગયો હતો. કાંઇ થોડા ઘણા આણીમેર પેલીમેર રખડયા કરતા હતા. ઘણાખરા

રેસટોરાંઓમાં ચાહ પીતા કે બીડી ઓરતા જણાતા હતા. ખરૂ કહું તો આક્ષફર્ડ ત્રીપની ખરે ખરી મોજ તો ત્યાંના ૨૦૦ વરસના પુરાણા રેસટોરાંમાં સમાયલી હતી. એકતો ભુખ લાગેલી અને પચાસ માઈલનો મોટોરનો હેલપટો, તેમાં વળી પેટમાં પોરટરનું પજરણ અને કોલેજની ઈમારતો જોવાની રગડ એટલે મારે મનથી આખી બોડલીયન લાઈબ્રરી કરતાં આ ૨૦૦ વરસનું પુરાણું રેસ્ટોરાં વધારે નોંધી લેવા જોગ લાગ્યું. પણ તોબી ત્યાં બે ત્રણ ચીજ મેં નોંધી રાખી છે. એક તો આપણા મરહુમ કીંગ એડવર્ડ ૭ માં જયારે નાહના હતા ત્યારે આએજ કોલેજમાં અભ્યાસ કરતા હતા તેઓના ખાસ ઓરડા મેં જોયા છે. હાલના રાજાના બેટા પણ અહીંજ શીખે છે અને મને કહેવામાં આવ્યું કે બીજા શીષ્યોની પેઠેજ સઘળું કોલેજનું વહીતરૂં પોતેજ કરે છે. બીજું ત્યાંની રાંધણી જોવા લાયક છે. ત્યાં ગોસ્ત છુંદવાનું એક ઢીંમરૂં મને બતાવવામાં આવ્યું તે ૩૦૦ વરસનું જુનું છે. પણ હવે તો પટેટા અને બધી તરકારી સાંચાથી છોલાય અને ધોવાય છે. ત્રીજો ઘણોજ મનમોહવન દેખાવ ત્યાંના ડાઈનીંગ રૂમનો છે. આ રૂમમાં પ્રોફેસરો અને ચેલાઓ એક સુફરે જમે છે. પણ પ્રોફેસરોની ટેબલ જરા ઉંચા માંચડા ઉપર છે. આ ઓરડામાં આક્ષફર્ડના આગલા ચેલાઓમાં જે મોટું નામ કહાડી ગયલા તેઓની તસવીરો હારો હાર ટાંગી છે. ગલાડસટન,

ડીઝરાલી, મીલટન, લીટન, ઓહોહો! કોણ કોણ આક્ષફર્ડના ચેલા દાખલ અહીં બીરાજ્યા છે.

પ્રકરણ ૧૨ મું.

શું કહું? કયસે કહું? આ શબ્દો એકાદ નાટકમાં મેં સાંભળ્યો હોય એવું યાદ છે. હમણા તેજ હાલ મારો છે. ઈંગ્લાંડ છોડવા ગમતું નથી કેમજે હજુ તો ત્યાંના ગજ્યાં કૌતક ઘણા છે. પણ ડરૂ છું કે રખે પ્રીય વાંચનાર કંટાળે. વળી કેટલીક ચીજ એવી છે કે જે કેમ લખવી યાને કઈ ભાશામાં વર્ણવવી પણ સાથે મર્યાદાની હદમાં રહેવું તે સમજ પડતું નથી. આપણું મુંબાઈ શેહેર ગરૂરીમાં મુસ્તાક છે કે સુધારા વધારાની બાબદમાં મને કોઈ ન પહોંચે પણ એજ શેહેરના સુકાનીઓને પુછોની કે જ્યાં કુદરતના નીયમથી માણસ અકળાય ત્યારે તેને તે અકળામણમાંથી છોડવાને તમે શું કીધું છે. બચારા કોઈ અકળાયલા ઘભરાયલા ઘાટી ગરીઆને સીપાઈ દાદા પકડી લાવી આનરરી માજીસ્ટેટો આગળ ઉભો કરશે કે એણે રસ્તામાં ન્યુસંસ કીધું. શરમાવાની કસી જરૂર નથી—સાફ શબ્દોમાં કહો કે પેશાબ કીધી. સાહેબો, આશનપર બેઠા છો, સવારના ખુશાલ ચાહ પાણી કરીને આવ્યા છો એટલે

તોરમાંજ ગરીબ ઘાટીને બે ચાર આના દંડ કીધો. પણ એજ સાહેબોને પુછશો કે શેઠીઆઓ, એવીજ કુદરતી માંગણી તમને થાય તો શું કરશો? બાપડા અકળાયલા ભીડાયલા હેલકરીને માટે માર્ગમાં ફરાગાત થવાની તમે શું જોગવાઈ રાખી છે? કુદરત તેના ઉપર ગાલેબ આવે તેમાં તેનો શો કસુર! પણ હું આટલું લંબાણથી શા સારૂં લખું છું! ઈંગ્લાંડનાં ભર વસ્તીવાળાં શેહરોમાં શું વ્યવસ્થા છે તે મારે આણજાણાઓને માટે જણાવવું જોઈએ. દરેક મોટ મોહોલાની વચો વચ સુંદર રેલીંગ આગળ જઈ જોઈએ તો એક દાદર જમીનના પેટામાં ઉતારેલો દેખાય. તે દાદર ઉપરથી નીચે ગયા તો ખાસ્સી મારબલની કે કોરીની સંખ્યાબંધ "જાય જરૂર." ત્યાંથી ફારેગ થઈ આવ્યા કે તમારે માટે ત્યાંજ ડરેસીંગ ટેબલ, સાબુ, તુવાલ, બ્રશ વગેરે તૈયાર છે. ના એટલુંજ નહી પણ તમારો ડગલો બ્રશ કરવા અને બુટ લુછવા માણસ પણ હાઝર છે. આ તો મોટી જોગવાઇ થઈ, પણ બીજા મોહોલાઓમાં રોણકદાર ગોળઆકાર દીવાદાંડી જેવાં મકાનો ઉભાં કીધેલાં છે. ત્યાં પણ અકળાયલા માનવીની સગવડ સાચવી છે. આ દાંડી રોકાં મકાનોની બહાર તે દીવસના નાટકો, ગાણાં, ખાણાં, પીણાં વગેરેની જાહેરખબરો ચોંટાડેલી જોવામાં આવે છે અને તેનું કનત્રાકટ લેનાર તેમાંથી પૈસા પેદા કરે છે. પણ અંદરની બાજુએ! આવ-

ખશે પશેમાન, બે બલાડાનો બાર કાન. જાત જાતના એઅલગામણા દરદોની દવાઈઓ અને ઉપાયોના હેંડબીલ વળગાડેલાં. વાંચતાંજ એક જાતની આંગમાં તાપ ચહડી આવે અતે ખ્યાલ આવે કે યા ખોદા, કુદરતનીબી શું સજા છે કે બદ ઈલ્લતનો શરમનો છાપ ગોયા કુદરત બરાબર નાક ઉપર મારે છે! આ દીવાદાંડી રોકાં મંદીરની માંહેના ભાગમાં મારેલાં વીચીત્ર હેંડબીલોની થોડીક જાત મેં ભેગી કરી હતી પણ રખે મારી હૈયાતી બાદ કોઈ અભાગ્યાના હાથમાં જાય એવી બીકથી તે ફાડી નાખ્યાં છે. નવાઈની વાત તો એ છે કે તે ઉપર ત્યાંની ચગારી પોલીસનું ધ્યાન ખેંચાયું નથી. રેલવે સ્ટેશનો ઉપર આ બાબદમાં તરેહવાર ભેંજાઓએ તરેહવાર સેકૃતો લગાવી છે. એક ઠેકાણે હું સ્ટેશન ઉપર ગયો તો urinary કોરીના વાસણમાં એક નાનું ઝીણું પેનડયુલમ જાથુક હાલ્યા કરે અને દરેક વખતે એકેકું ટીપું ડીસઈનફેક્ટંટ પ્રવાહીનું બસ નાખ્યુંજ જાય, પછી ત્યાં કોઈ આવી ગયું કે ન હોય. બીજાં એક સ્ટેશન ઉપર દર દસ મીનીટે પાણી પોતાની મેળે છુટે. ત્રીજાં એક સ્ટેશન ઉપર Urinary વાસણમાં કારબોલીક દડો, ખાસ્સો બીલીઅરડના બોલ જેવડો મુકેલો તે સદા દુરગંધને દુરની દુર રાખે. રેલવે ત્રેનમાંબી બાપલા મુવાઓને સોળ આના પુરા જોઈએ. એક મડમ ઢેડી આખો વખત સઘળા જાજરૂ તપાસતી રેહ. કોઇ કોઈ ત્રેનમાં

તો આટોમેટીક કબાટ મુકેલી, તેના ચીરણમાં-પેની નાખો એટલે ગરૂપ દેતો એક નાહાનો બાક્સ તમારી આગળ પોતાની મેળ આવીને પડે. તે ઉઘાડયો તો માંહે એક નાહનો મઈ જેવો સાબુ, એક જીણી કોલાં-ગવાટરની શીશી અને એક બીલ્લસ જેટલો તુવાલ ઘડી વાળી ને મુકેલો. હાથ ધોઈને સઘળું ફેંકી દયો. ન કોઈના ઓશીયાળા કે ન કોઈ આનરરી માજીસ્ટેટના દંડ.

લંડનનુ બીજુ પાકીને પલેકાર કરી નાખનારૂ કૌતક ત્યાંની "ટી પારટી" ના ઈજન છે. આ નીયમ બડેખાંઓમાં વધુ જાયેજ છે. સેહેજસાજ કોઈ જાહેર જગામાં મળ્યાં હોય ને અમથી નામની ઓળખાણ થઈ હોય તો "ફલાણે દહાડે મારી સાથ સાંજના ૫ વાગે ટી લેવા આવજો" એવી મતલબનું ચીઠડું આવેલુંજ છે. સસતું ને સીગાનપોરની જાત્રા ! તમે સમજીયા કેની? રાતના ડીનરની પત્રાજી મારવા જાયતો ચમપીનથી જીવતું ચામડું ઉતરે એટલે આએ-દજન કેક ને બે ચાર કપ ચાહેમાં કાસલ પતી. પણ વળી જેવા શેઠ તેવા વાણોતર. જેને "હાઇ ટી" કેહે છે તેમાં કેક, પેસ્ત્રી, પાંઉ, માખણ, જેલી, આઈસડ ફ્રૂટ વગેરે આવે. જ્યારે એવું ઇજન આવે ત્યારે બપોરના જરા હલકાજ રહી પારકાં કેક ચાહેપર એવો તો દાબીને હાથ મારવો કે તે રાતનું તો શું પણ બીજે દીવસનો નાસ્તોબી બચે. હું ઘણીવાર આ અખતરો અજમાવી આવ્યોછું, અને "ડીનર"ના

ઇજન કરતાં "હાઇ ટી"નું તેડું વધારે પસંદ કરૂં છું. મારી સાથે આવવાનો કોઇ મીત્ર હોય તો હું કેહેતો આંઉ કે બચ્ચા આજે હાઇ ટી છે, હાથ મારી લેજે, પછી રાતના ડીનરની જે પાંચ શીલીંગ બચી તેમાંથી નાટક જોઈ આવશું. આ ટી ની પાર્ટીમાં પુરૂશો જતાં ઘણા ખરા કંટાળે છે અને દાંડી મારી જાય છે—કારણ કે ત્યાંનું હસવું બોલવું વગેરે અત્યંત પોકળ છે. ઘણીવાર તો ઇજન કરનાર બાઇ પોતાના પરોણાઓને માત્ર નામની ઓળખે છે. કેટલીકવાર—ના—ઘણી વાર ટી ધીચવા આવેલાં મેહમાનો પોતાને ઇજન કરનાર કઇ તેબી ઓળખતાં નથી. એક ઉસ્તાદે પોતાના ચંચળ ચેલાને ખુબ મેહનત લઇને યુસુફ ઝુલીખાનો કીસ્સો સમજાવ્યો. પછી ઉસ્તાદે ખુશી થઇ પુછ્યું:—

"કયુ બેટા, અબ સમજમે આયા?"

"હું જનાબ, સબ બરાબર સમજ ગયા."

"ઠીક, ઠીક બેટા—ખુબ અચ્છી કહી."

"લેકીન, ઉસ્તાદજી, એકજ બાત મેરે સમજમે ન આઈ."

"અંહ? વો ક્યા ભલા?"

"સાહબ, મેં પુછને ચાહતા હું કે યુસુફ મરદ થી કે ઓરત?"

બચારા ઉસ્તાદજીએ કપાળ કુટયું. તેને મળતોજ અહીં કાંઈક મામલો છે. મેં મારે કાને કાન એક બાઈને બીજી સહીના કાનમાં પડી પુછતાં સાંભળ્યું છે કે "આજે આપુને ટી પર બોલાવયાંછ તે કોણ, પેલી ઉંચી જેવી છે તે કે પેલી બેઠાં નાખવાળી?" હવે એવી ચાહ નહી પાઇ હોય તો નહી ચાલે! એ વીલાયતી વેજાં નહી તો બીજું શું? પણ પુરૂશોના બાબમાં વળી એથી ઉલટુંજ છે. પોતાની બાનુંઓ જ્યારે ચાહાના ધીચારા ઉપર પોતાનું માથું ઝીકતી હોય ત્યારે પોતે આફીસનું કામ છે એવું સરેસતાનું સ્વીકારાયલું બાહાનું કાહાડીને પોતાના કોઇ દોસ્તને લંચપર બોલાવે ને નકકર મોજીઆં મારે. જ્યારે તમને કોઈ ઈંગ્રેજ મીત્ર રાતના એકલા ડીનર ઉપર બોલવે ત્યારે નકકી ગાંઠ વાળીને આવજો કે રાતના એક બે વાગા સુધીનો સોદો નોંધાઇ ચુકયો. ત્યાં કાંઈ ખાલી ચાહ કે બીસકીટના ચોસ્લાંની વાત નથી. ઈંગ્રેજ મેહમાન જ્યારે હાથ કાહાડે ત્યારે પુરેપુરો. અલબત રાતના જવાનું એટલે ઇવનીંગ ડરેસ તો પેહરવોજ જોઈએ. બરાબર ટાઈમસર જવું જોઇએ. દોસ્તના ઘરમાં ખાવાનું હોય તો બાહાર ઉભેલા વેટર કે ટેબલ ઉપર ખાણું લાવનારી 'મેડો' ને સારી રીતે ઝાંસવું જોઈએ. એતો જેવું ઘેર તેવી વાત. પાંચ શીલીંગથી એક પૌંડ આપવો પડે. ઉઠતી વખતે આપણી પ્લેટ આગળ મુકવું કે પોતાની મેળે 'મેડ' અથવા વેટર ઉપાડી લેચે. મને એક વાર

યાદ છે કે એક મોટે ઘરના ઈંગ્રેજે એક મુંબઇના દેશી વકીલને ડીનર ઉપર બોલાવ્યો. ખાણું ખલાસ થવા પછી ભોળા વકીલે બે શીલીંગ કાહાડીને ટેબલ ઉપર મુકી. ઉજળાં ગ્લવ્સવાળા માલેતુજાર વેટરે પોતાનું પાંપણબી નાહી હલાવ્યું પણ પ્લેટો ઉંચકી લીધા બાદ પેલી બે શીલીગ તરફ આંગળી બતાવી ઘણીજ નરમાસથી કહયું "સાહેબ, તમારા પૈસા અહીં રહી ગયાછ!" આ ઉપરથી મને એક બીજી રમુજી ખરી વાત યાદ આવે છે તે અહીંજ વર્ણવી લઉં કેમ જે વખતે ફરીથી યોગ્ય લાગ મળે નહીં. મારા ઓળખાણના એક મોટા દરજાજાના ઈંગ્રેજ સાહેબ ઘણી પાકટ વયે ધણીઆણી વેલાતથી પરણી લાવ્યા. આ ધણીઆણીબી અઢાર વયના હતાં. બધાં દેસ્ત મંડળમાં રમુજ ચાલતી હતી કે બચારૂં આ જોડું શું બચ્ચાંની મોજ ચાખવાનું હતું. પણ નસીબ સંજોગો ત્રણ ચાર વરસ પછી મેમસાહેબ પેટથી રહયાં અને ચંદરોજમાં સર્વેની ખુશાલી વચે એક બેટો અવતરયો. હવે સાહેબના બંગલામાં અનેક નોકરો હતા તેમાં સરવેથી પુરાણો એક બ્રાહમણ પરદેશી સીપાહી હતો. પોતાના જુના સાહેબને ત્યાં બેટો આવ્યો તેથી તેનો હરખ માયો સમાયો જાય નહીં. જયારે પહેલ વહેલાં મેમ સાહેબ બુંચાજીને લઇને બાહાર આવ્યાં ત્યારે આ હરખ ઘેલા બની રહેલા નીમકહલાલ પરદેશી નોકરને ઘરરર દેતો અરધો રૂપીઓ બક્ષીશ તરીકે આપી દીધો. શીપાહી

તો ફુગલાઈ ગયો પણ લાગલી ચતુરાઇ વાપરી પાછી અધેલી મેમસાબના હાથમાં મુકી બે હાથ જોડી બોલ્યો "મેમસાબ, મેરી સંદુક તુટ ગઈ, ઈસ્કે મારે બોરીકુ દરૂસ્ત કરને લેજી, વાછતે અબ તો એ પૈસા અપની પાસ રખો, મેં મુલકકુ જાઉંગા જબ મંગ લેગા." આ કથાનો ભેદ સમજ્યા? જો મોટે ઘર જમવા જાઓ તો આટો બાફતા ના. પણ હવે આપનો ઈંગ્રેજ મેજબાન ખોટી થાય છે. સાધારણ રીતે તમને પેટ ભરીને જમાડશે અને જાત જાતના દારૂ પીવાનો આગ્રહ કરશે. ચમપીનતો જરૂર હશે. વાત વગતમાં ડીનર તમામ થયું કે તમને કોઈ સારા નાટકમાં ઘસડી જશે. બને ત્યાં સુધી તમારે ના કેહેવું નહી—કારણ કે સો વસા તેણે મોટો ખરચ કરીને તીકીટો અગાઉથી મેળવી રાખી હશે. અગીઆર વાગ્યા ને નાટકમાંથી નીકળ્યા કે તમે જાણો કે ચાઆઆલો હવે જઈને બે ઉંઘ ખેંચી કાહાડશું, તો ભરૂસે રહેશો. તમારો મીત્ર જો ખરો ગ્રહસ્થ બચ્ચો હશે તો કહેશે ચાલો મારી સાથે—મારી કલબમાં પા કલાક જઇ આવ્યે. ત્યાં ગયા કે સપર, વીહીસ્કી સોડા, પાંચ શીલીંગની કીમતવાળી ચીરૂટ વગેરે તૈયાર. ભુખ હોય કે ન હોય તોબી ખા મારા બાપ. ત્યાંથી નીકળ્યા કે બગલમાં હાથો હાથ ઘાલીને ચાલતાં આપણા હોટેલ તરફ ઢળ્યા. માર્ગમાં હસ્તાં રમતાં દારૂના બારોમાં ડોકું ઘાલ્યુંજ છે, બાર મેડો સાથ ટકોર કીધીજ છે, જરા અહીં પાયો જરા ત્યાં પીધો, એમ

લેહેકા કરતા કરતા છેક હોટેલના દરવાજા સુધી પુગાડી જશે—અને જો જરા તમારા તાંટીઆના ઈસકોરૂ સેજ ઢીલા માલમ પડે અથવા દરવાજા બબે દેખાય અને દાદર ગોળ ગોળ ફરેછ એવી નીશાનો જોય તો બચારો છેક 'લીફ્ટ' સુધી મુકી આવશે. લીફ્ટવાળોબી એવો સોલ આના પુરો કે પેલાના સેજ આંખના ચમકારામાં સમજી જાય અને હસીને પુછે "કેમ આજે બાહાર ઘણી ઠંડી છે નહી—ગુડ મારનીંગ" એટલે જે "ચાલો તમને તમારા ઓરડા સુધી મુકી આઉં—હાલ તો મુગા મુગા પોહોંચી જાઓ." પુરૂષોની બેચેલર મેહમાનદારીનું આ આબાદ પીકચર છે!

— · —

પ્રકરણ ૧૩ મું.

આ પ્રકરણ બધું ઝાડઝુડનું એટલે પરચુટણ મસાલાનું છે કેમ જે ઇંગલાંડને છેલ્લી સલામ કીધા અગાઉ બધી બાકી સાકી, વધ્યું સધ્યું ચુકાવી લેવાનું છે. મુંબઈમાં જ્યારે પેહલવેહલાં "સેલ" નીકળ્યાં ત્યારે કેટલાક ધંધાદારીઓ ખાટી ગયા એ ખરી વાત છે, કારણ કે તે વાર "કલીઅરન્સ સેલ"ની નવાઈ હતી અને બચારા મુંબઇગરા એમજ ધારતા હતા કે ધંધાદારીઓ બેવકુફ છે અને આપરે હુશીયારી મારી સઘળું સસતું સસતું હોરી લાવશું. પણ પાછળથી 'સેલ

એટલાં કકડી ગયાં કે કાલબાદેવી અને પીંજારા ગલીમાં પલાંઠી મારીને સોય ધાગાનું નખ્ખોદ વાળનારા નાહાના દરજીઓભી 'ક્લીઅરન્સ સેલ'નુ પાટીઉં મારી બેઠા. પણ એ બધા પ્રતાપ કોણના? આ સઘળી નકલ વીલાયતની હતી. જાણીતી વાત છે કે અગાઉ મુંબઈની ભાડેની વીકટોરીઆનો ઘોડો જયારે છેક પાંજરાપોળમાં જવાની સ્થીતીમાં આવે ત્યારે ત્રણ પગે ખોડંગતો વાંદરે ભાડે ફરવા જાય, અને જયારે વાંદરેથીભી રદ બાતલ થાય, ત્યારે સર સેવટે અંધેરી જાય. તેમજ જે હબંગ વીલાયતમાં કામન થઇ ગયું તે મુંબાઇ આવ્યું અને હું ધારૂંછ કે હવે મુંબાઈથી સુરત, ભરૂચ વગેરેની ખબર લેવા જશે. પણ જેમ લંડનનું ખરીદદાર લોક ચતુર છે તેમ ત્યાંના દુકાનદારોભી સગી બહેનનો સાલ્લો ચોરે તેવા છે. "ક્લીઅરન્સ સેલ" તો હવે કોઈ માનતુ નથી પણ જયારે એક દુકાન ઉપર વાંચીએ કે "આએ મીલકત વેચાયાથી તા૦ ૨૦ મીએ આએ દુકાન ખાલી કરવીજ છે તેથી માંહેનો માલ જેમ જાય તેમ કાહાડી નાખ્યા શીવાય છુટકજ નથી. ફરીથી આવો ચાન્સ મળશે નહી" આમ વાંચીએ ત્યારે બોલો, કોણનો જીવ માંહે ડોકું ઘાલવા વગર રેહ? હું કાંઈ છેકજ ભોળો ભટાક નથી પણ હું બી આ નવાઈ જેવાં પાટીઆંથી ચીરાયો એમ શરમીંદગી સાથે કબુલ કરવું પડે છે. બીજાં એક પાટીઆંપર લખેલું કે "એક ગુજર પામેલા ઉમરાવનું આ કીમતી ચાંદી કામ છે અને મરનારના

વારેસોના તરફથી વેચી નાખવાનો હુકમ મલ્યો છે, કોઈબી વાજબી આફર ના પાડવામાં આવશે નહી." નવ્વાનું ટકા બાદ. એક બીજી દુકાનપર મોટા અક્ષરે લખેલું કે "આએ ખાતું નાદાર થયું છે માટે કોર્ટના હુકમથી સઘળું જેમ જાય તેમ વેચી નાખવામાં આવે છે." મેં ધારયું કે બધા તો સમજીઆ પણ આતો ખરૂં હશે, પણ જ્યારે દર મોહોલે એવાં ને એવાંજ પાટીઆં જોયાં ત્યારે જરા વેહેમ પડયો અને બારીકીથી ખબર કાહાડી તો તા૦ ૨૦ મીએ ખાલી કરી જનાર દુકાનદાર જ્યાંનો ત્યાંજ હતો અને 'નાદાર' થયલા દુકાનદાર ભલા આદમી જેટલો માલ એક દીવસના વેચાય તેટલોજ બીજો પાછો બજારમાંથી લાવીને ભરતી કરી મુકે. જબરા ઉઠાવગીર બા. એ લોકને કાંહાં સુધી પોંહોચીએ. એજ જાતના ખેન કૌટક હજી સુધી મુંબાઈમાં આવ્યાં નથી પણ ચંદરોજમાં આવશે ખરાં, માટે આગાઉથી તમને પાઠ ભણાવી રાખવાની હું મારી ફરજ સમજું છું.

બીજી એક રમુજી સંસ્થા "૪।। પેની શાપો" છે. જેમ આપણી તરફ હાથ ગાડીમાં પરચુટણ સામન નાખીને મુસલમીન પોરયાઓ ફરતા અને બુમ મારત ફરે છે કે "છ છ પઇસા, જી ચાહેસો ઉઠા લેઓ-છ છ પઈસા" તેમ લંડનમાં મોટી દુકાનો છે. એકના ઉપર મોટા અક્ષરે લખેલું કે "દરેક ચીજ છ પેન્સ"

એટલે ૬ આના. ટકે શેર ભાજી ટકે શેર ખાજા. પરવાળાંની માળા, મેટલના ઘડીઆળો, નકલી હીરાની બુટ્ટીઓ, સફેદ બેકના બ્રશ, કોરીકામ, કાતરો સઘળું ૬ આને. કેમ પરવડતું હશે તેનો વીચાર કરતાં પંદર વીસ શીલીંગનો ધુમાડો કરીને બહાર પડયા ને જોઉંછ તો પાસેજ એક બીજી દુકાન. "દરેક ચીજ ૪।। પેન્સ, આવી જાઓ." માહે ગયા તો બાનુઓ તમારી નોકરીમાં હાજર હતી. હમા ચીજ ભરેલી, ભાવ પડવાની વાતજ નહી. મેં હસ્તાં હસ્તાં પુછયું કે પાસેવાળા છ પેનસે અમુક ચીજો વેચતો હતો તે જોઇ અમે અજબ થયા ને તમે લોક ૪।। પેન્સે તેવોજ માલ વેચોછ તે તો હદ થઈ. દુકાનની માલેકન છણકો કરીન બોલી કે પાસેનો ધણી તો જાણીતો જુગારી ને ચોર છે. એ તો સારાં ગામને લુટશે પણ તમારા જેવાએ ત્યાં જવુંબી ન જોઇએ. મેં જોયું કે બાઇ ઘણી ભલું માણસ હતી. ચાર પાંચ આંગલીએ હીરાની વીટ્ટીઓ સહુ પેહરેલી! થોડીક ખરીદી કરીને બાહાર પડયા કે અચબુચ મારી નજર છ પેન્સ વાળી દુકાનમાં પડી તો ત્યાં પડોસની ૪।। વાળી દુકાનની એક રૂપાળી આસીસટંટ છોડી કાઉનટરની પછવાડે ભરાઈને ચાહા પીતી હતી! ઓ ત્તારી! હું દુકાનના દરવાજા-માંજ થભ્યો હતો એટલે આ છાડી પાસેની દુકાનમાં કેમ ગઈ હશે. ચળવળતો જીવ એટલે સુંધારા લેતાં જણાયું કે આ બે દુકાનોની વચ્ચે બારણું હતું અને

૬ પેન્સ ને ૭ાા પેન્સ—બેહુ માટી બેયર હતાં! લ્યો! છે એટલી તમારામાં અક્કલ? જુઓ આ લોક કેમ આપણને હથેલીપરં નચાવેછ તે.

આને મળતીજ એક બીજી રમુજી કથા તમને કહીશ કે કામ પડે ત્યારે તમે તમારી હુશીયારીમાં રહો. જેમ કોટેકોટની એક ઝગમગતી દુકાનમાં એક ચીજના ચાર રૂપીઆ અને તેજ ચીજ ફેરીઆના હાથમાં દોહોડ રૂપીઓ, તેવોજ આબાદ મામલો અહીં પણ છે. મારા એક મીત્રને ડ્રેસ શર્ટ સીવાડવા હતા. એઓ સાહેબને એવોજ ધખારો કે સ્ત્રાંડ અથવા રીજંટ સ્ત્રીટની દુકાનમાંજ સઘળું ઉંચું મળે એટલે એક ધપધપ દુકાનમાં જઈ અગીઆર અગીઆર શીલીંગે અકેક શર્ટ ને હીસાબે આરડર આપી આવ્યા. બીજેજ દીને માલ તૈયાર થઈને આવ્યો અને શોકીન સાહેબને ઘણો પસંદ પડયો. હવે ત્રણેક દાહાડા પછી મને પણ એવાજ ઈવનીંગ શર્ટની જરૂર પડી. આપરે બાપુ ગરીબ માણસ પડયા એટલે રીજંટ સ્ત્રીટની પાછળ એક નાહાની ગલીમાં દુકાન હતી ત્યાં પુછતાં તે લોકાએ આબાદ અગીઆર શીલીંગવાળા શર્ટની જોડી કાહાડી બતાવી, ફરક માત્ર બાક્સ ઉપર જુદાં નામ હતાં. કીમ્મત દરેક્ની સવા છ શીલીંગ! આ વળી મદારીપણુ શું છે તેના ભીતરમાં નાક ઘાલતાં જાણ્યું કે એ બેહુ દુકાનો એકજ હતી ફક્ત વચમાં બારણું હતું. એતો વળી "આરીસટોક્રાટીક" થવા જાઓ તો પછી એમજ તો.

ક્વીન આલકઝાનડરા ડે નો થોડોક ખ્યાલ હું લંડનથી આપી ચુક્યોછું. પણ અહીં થોડુંક ઉમેરવાની રજા લઈશ. અમીર, ઉમરાવ અને બારોનેટોની ગુલાબની કળી સરખી છોડીઓ આ દીવસને માટે આંગળાંઓ ઉપર દહાડા ગણતી હશે. પોતાની પરી સરખી ખુબસુરતી અને મખમલ જેવા રૂખસાર ઉમરાવોના મંડળમાં તો અવારનવાર દેખાડતી હશે પણ જયાં બધાંજ ખુબસુરત અને હીરા મોતી જડીત એટલે તેમાં કાંઈ નવાઈ રહે નહી. આ એકલો એકજ દીવસ છે કે જે દહાડે એ છોકરીઓ પોતાના હરણફાર રૂપાળા ચેહેરા અને નખરાંબાજ નાજ જાહેર વસતીમાં બતાવી શકે. સવારના પોહોરમાંથી આ ફુટડીઓ સફેદ બરફ સરખાં લેબાસમાં, પગમાં સફેદ ઉંચી એડીના સ્લીપર અને સીલક સટાકીંગમાં બહાર પડીને હલકામાં હલકા બેગારીને ફુલ ખરીદવા પટાવે તે દેખાવ કધુ ભુલી શકાય તેવો નથી. હું ધારૂંછ કે આ દીવસને માટે બાલ કેમ બાંધવાં અને ડરેસનો કટ કેવો કરાવવો તે ઉપર કાંઈ દહાડાના દહાડા અગાઉથી વીચાર ચાલતો હશે. ગરીબમાં ગરીબ, મેલો, રફ ટાક્સી ડરાઈવરબી ખીસામાંથી શીલીંગ કહાડી આપીને એક ફુલ પોતાના બટન હોલમાં આ પરીનાં નાજુક આંગળાંએ ખોસાવશે. લંડન શેહેરમાં સોળથી વીસ વરસની કેટલી બધા પરી સમાન ઉંચાં કુળની છોડીઓ છે અને તેઓની ન મનાય તેવી ખુબ સુરતીનું અવલોકન કરવું હોય તો અલેકઝાનડરા

કે ને દાહાડે સાહવારના રસતામાં નીકળી પડવું. બટન હોલમાં ફુલ રાખવું નહી, પછી જુઓ તમને કેવી ગીલી લાગશે તે.

અરે દાદારની દયા છે કે 'સફ્રજેટ'નો પવન આ દેશમાં ઉડયો નથી. જો આ તુફાની બેહનપણીની નકલ નેહમીનાઓ અને મેહરબાનુઓ કરે તો કોણ જાણે આપણા કેવા હાલ થાય. અરે હમણાજ કેટલાક આશીબાયલાઓ પોતાની સ્ત્રીના ડોળા આગળ ઠરઠરે છે તો પછી તો ચાલવાનો મારગબી ન મળે. આ સફ્રેજેટોએ શું શું અવધી કરી છે તેતો તમે વાંચતા હશો. કોઇ પોતાને હાથે સાંકળ બાંધીને પારલ્યામેંટની ગાલેરીમાં ટીંગાઈ રહેશે, તો કોઈ દેવળમાં મોટો ઘાંટો કહાડીને ગાવા પડી જશે. કોઇ નાટકશાળામાં ઘુસીને શ્રોતા-જનોનાં માથાં ઉપર હેંડબીલો ફેંકશે તો કોઈ ભુખે મરી જવાની કોશેશ કરશે. સારાંશ કે આ ડાકણીઓએ સતાવાળાઓને માહુ માહુ પોકરાવી છે. પણ એમને અટકાવવાની કોઇની મગદુર નથી, કારણ કે કેટલાક મરદાજીઓ પણ એમની તરફેણમાં છે. આ લોક કેવી હશે તે જોવા થકી એક દીવસ હું ગયો હતો. ત્રાફ-લગાર સ્કવેર આગળથી આ હમેશગીઆન જનાર હતું. ગાડી, ઘોડા, ટાકસી વગેરે વ્યવહાર એક કલાક સુધી બંધ થઇ ગયો હતો. કનસ્ટેબલો બચારા મુગા મુગા સાથે ચાલતા હતા પણ ઈંગલાંડ એવો ફ્રી દેશ છે

કે કોઈની સ-તા નહી કે આ સરઘસને અટકાવે. સરઘસમાં ઓછામાં ઓછી દસ હજાર સ્ત્રીઓ હશે. તે લોકોએ આફીસના સીપાઈની પેઠે આડા કાળા પટા બાંધ્યા હતા પણ કશીબી ગડબડ કીધા વગર મુગી મુગી ચાલતી હતી. એકજ ચીજ મેં બારીકીથી જોઈ કે ઘણી ખરી સઘળીઓ કુમળી ભઠીઆરીના જેવી "પ્રીટી" હતી!

એનેજ મળતું રમખાણ ત્યાંની હડતાળ છે. જાત જાતના મજુર વર્ગો ત્યાં હમણા એટલા મુસ્તાક થઈ ગયા છે કે સર્વને પોતાની મરજી મુજબ હાંકવા માંગે છે. એક વખત માલ લાવ લઇજાવ કરનારાં ગાડાંવાળાઓએ હડતાળ પાડી તો કોની માએ સુંઠ ખાધી છે કે એક મણનો બોજોબી લઇ જાય. એવું કબસ સાટક આવી બન્યું કે ઇસપીટાલોમાં બીમારોને ખોરાકી વટીક પોહોં ચાડી શકાઇ નહી. આખરે આ એકસંપી યુનીયનવાળા કબુલ થયા કે ફક્ત ઈસપીટાલોમાં જતાં ગાડાં જવા દઇશું અને તેબી અમારા આગેવાનોની દેખદેખ તળે. ગરીબ બચારા પોલીસમેન, જાતે જાત મળી એટલે કરેબી શું.

એક બીજું હસવાના ભાવટા પડાવનારૂં ખેલ 'બાયોફીક્સ' નામનું છે. જગે જગ એ નામના પાટીઆં જોયાથી જીવ ટપટપ થાય છે કે જોઈએ તો ખરા એ વળી શું હશે. એક દુકાનમાં ઘુસ્યા તો સમજ પડી

કે શું કરવું ને કેમ કરવું. અમને બે જણને પાસે પાસે ખુરશી ઉપર બેસાડયા અને ફરમાવ્યું કે તમારે ગમે તેમ હસો બોલો, માથું ધુનાવો અને પા કલાકમાં એ સઘળું પાછું જીવતું જાગતું જોશો. અહીં કાંઈ ડાહાયા ડોહોરા થઈને હાથના પાંચ આંગલાં પસારીને વીંટી દેખાડતા બેસવાનું અથવા ઈડીઆટીક ડાચું કરવાનું નથી. અમે બેઠા બેઠા એકેક સાથ હસીએછ એટલામાં તો સાદ નીકળ્યો કે Thank you, it is finished. મારી સાથે બે બાઈઓ હતી તે તો બરબડવા લાગી કે "તું મુવોરે, જરા પાધરૂં ગાગડવા તો દે. મરે મુવાએ જરા સાડીની કોરબી સરખી કરવા નાહી દીધી." જરા વારમાં, કહો કે અડધા કલાકમાં ૮૦ ફોટોગ્રાફોની એક ચોપડી અમારા હાથમાં મુકી. તેના પાણા ફરરરર કરતાં ફેરવે કે તમોએ જે ચાળા કીધેલા તે એમના એમ સીનેમેટોગ્રાફની પેઠે તમારી આ-ગળ હાજર થયલા જણાય. જો તમે દાંત કાહાડી હસ્યા હોવ તો તે પણ સબીમાં. ડોકાંબી હીલતાં. આંખબી ચમકતી! નાહાનો જેવો તમારી પોતાની આકૃતીનો સીનેમેટોગ્રાફ જોઈ લ્યો. કીંમત ફક્ત પાંચ શીલીંગ. અરે રફીકો, વેલાતી ભેજું શું કરવામાં બાકી રાખશે. હું આ ગજવામાં માય એટલું સીનેમેટોગ્રાફ મારી સાથે લાવ્યો છું અને તેમાં મેં કીધેલા ચાળા અવાર નવાર જોઉં છું ત્યારે લંડનમાં હું કેવો ખુશાલ હતો તેનો ખ્યાલ ભેજામાં હંમેશ તાજો થાય છે.

હવે છેલ્લુ મુંબઈના બલદના ભાર બરદારી ખટારા એ મુંબઇની એક એબ છે. યુરોપના ગરીબમાં ગરીબ ગામડાંમાંબી આવો શરમભરયો દેખાવ નજર પડતો નથી અને તોબી મુંબઇના શેહરીઓ ફેકટના ફુંફારા મારે છે. ત્યાં કમાનના ગાડાં અને હાથી જેવા ઘોડા જોઇને આપણી છાતી ગજ ખીલે છે અને અંહી? જવા દયો. હું લખવાને ખુશી છું કે આ મુંબઇની કમાલ એબનો છેડો આવવાના ચીનહો દીસવા લાગ્યાં છે. જામે જમશેદ પત્રમાં નવી ઉભી થતી કંપનીની વીગત વાંચો. મોટોર વાગનો ૨૮ નંગ આવી પોહોંચ્યાં છે અને હવે આપણી પીડાનો છેડો આવી પુગ્યો છે.—ઇનશાલ્લા.

પ્રકરણ ૧૪ મું.

પારીસ મોજીલું છે, બરલીન પઇસે ભરપુર છે, ઈટાલી રળીઆમણું છે, પણ લંડનની ધંધાની ધધુખરને કોઈ પુગે નહી. ખરો નક્કર માલ જોવો હોય તો લંડન. ખરી મનસનીની ધકાધકી જોવી હોય તો લંડન. હું જેટલી વાર આ શેહરમાં હોવું તે વાર મારી મોટી મકસદજ એવી કે અત્રેના સઘળા ઉદયોગોમાં માથાં મારીને એ લોક શું કરી રહયા છે તેનો ખ્યાલ મેળવવો

જાત જાતના વરણુન હું આપી ગયો છું અને હજી આપીશ, પણ તેટલાં મારા પોતાના ધંધાના સંબધમાં મેં જે જોયું છે ને ઉપરથી કહુંછું કે હીદુસ્તાન આ દરજ્જે પહોંચવાને હજી બીજાં પાંચસો વરસ જોઈએ./ હું આજે ચોપડી પ્રગટ કરનારાઓ મેસર્સ મેકમીલનની કંપનીનો ગજાવર સ્ટોર વર્ણવાની તજવીજ કરીશ. આ પરવરતાવનારાઓનાં નામથી કોઈબી સ્કુલ બોય અજાણ્યો ન હશે. હાલમાં મુંબઈનાં કેળવણી ખાતાંની સ્કુલ બુકો બનાવીને વેચવાનું કંત્રાકટબી એ લોકનાજ હાથમાં છે. સેંટ મારટીન સ્ટ્રીટ, લંડનમાં એ કંપનીની મુખ્ય હાફીસ આવેલી છે. આ ઇતીહાસીક જગા મેકમીલનવાળાઓના હાથમાં કેમ આવી તેબી એક નવાઈ છે, કારણકે આએજ જગાએ માહુ પંડીત સર આઇઝાક ન્યુટન ૧૭૧૦ નાં સાલમાં રહેતો હતો. આ વાર ન્યુટનની ઉમર હેસી વરસની હશે. મેકમીલન-વાળાઓની નવી બીલડીંગ એક સાધારણ મકાન નહી, પણ એક મેહેલ છે. જે ભેજાવાળા ગ્રહસ્થો કરોડો ચોપડીઓ પ્રગટ કરીને દુનીઆનાં ખુણેખુણાંમાં વાંચ-ણનો પ્રસાર કરે છે તેઓનો ઓરડોજ એક નવાઈ છે. ત્યાં દાખલ થતાંજ આપણને લાગે છે કે આ વીદવાનો પોતાનાં ભેજાંનો થોડોક ભાગ અહીંજ મુકી જતા હશે કે શું. વરસમાં લગભગ ચારસો નવાં પુસ્તકો લખાવવાં, છપાવવાં અને ખપાવવાં એ કાંઈ કુલ્લીમાંનો ગોળ ખાઇ જવા જેવું નથી. લખ્ખો

રૂપીઆની જુમાદારી ઉપ્રાંત કઈ જાતનું સાહીત્ય ઉભું કરવું તેની પસંદગીનું કામ માહ મુશકેલ છે અને તે માટે ખાસ પંડીતો રોકેલા છે. ભોંયતળીએ દાખલ થતાંજ કલારકો અને અકાઉનટંટોની હારોહાર આપણને એક બેંકનો ખ્યાલ આપે છે. નીચે એડવરટાઈઝીંગ હાફીસો, ખુદ પોતાની પોસ્ટ હાફીસ અને ટેલીફોન ટેલીગ્રાફ હાફીસો છે. બીજા માળ ઉપર છ એડીટરો માટે છ જુદા ઓરડા કહાડયા છે, જ્યાં છ મહાન લખનારાઓ પોતાનાં ભેજાં કસે છે. એક મોટું દીવાનખાનું હજારો ચોપડીઓથી ભરેલું છે. મેકમીલનની કું૦એ અત્યાર લગનમાં જે જે ચોપડીઓ બહાર પાડી છે તેની આ એકેકી નકલ છે.

પણ સર્વેથી વીસમય પમાડનારો અથવા હેરત કરનારો દેખાવ તો નીચે 'સ્ટોર' રૂમ છે. આ સ્ટોરમાં પીસતાળીસ લાખ પુસ્તકો સમાઈ શકે એટલી સગવડ કરેલી છે. તેજ પ્રમાણે પાસે બાહેર ગામના આરડર પુરા પાડવાનું ખાતું ધુમધુકાર ચાલી રહયું છે. આ ખાતાંને બાહેરના કોઈબી ખાતાં સાથે સંબંધ નથી. જેવી પેટીઓ ભરાઈ કે ત્રણ જબરી હાઇડરાલીક લીફ્ટ મારફતે ઉપર પહોંચાડી કે પેકીંગ ખાતાંની ફરજ તમામ થઈ. આ ગંજાવર કીતાબ માહાલનો વીસતાર શું હશે તે સમજવા માટે એટલુંજ કહીશ કે બુકોવાળાં ભોંયરાંઓમાં દીવસના પણ ઈલેકટ્રીક લાઈટ

કરવામાં આવે છે અને તે માટે સઘળો મળી પાંચ માઈલના જેટલા વીજળીનો તાર ખપ્યો છે અને એક ખાતાંમાંથી બીજાં ખાતાંમાં વાત કરવા માટે સ્પીકીંગ ટયુબો મેલી છે. તેનું વજન ૮૦ હંડરવેટ જેટલું નોંધાયું છે. અલબતે માંહેનો સામાણ સઘળો કરાકરી બીસકોટ એટલે આગવરાળની ખુબ સંભાળ રાખી છે. દકરે બારણા ફાયરપરૂફ હોવા સાથે આખી ઈમારત ફાયરપરૂફ છે. આ પેહડીની બુકોનો ખપ કેટલો છે તે એ લોક પોતે કેહતા નથી, તેમજ પુછવાનુંબી ઠીક પડે નહી, પણ જે હજારોની સંખ્યામાં નાહાના મોટા પેટી પેટારા અને બંડલો રોજના બાહેર પડે છે તે ઉપરથી અનુમાન કરી ચુકયો છું કે એ લોકનું સેલ દર માસે ઓછામાં ઓછું પંદર લાખ રૂપીઆનું હશે.

પણ આ તો ચોપડી ચોપાનીઆંની વાત થઈ. હવે વર્તમાનપત્રોનું શું? એબી કાંઇ તમારા મુંબઇના એબલગામણા બે હજાર ચાર હજારપર ગુસતાખી કરનારાં પત્રો છે કે? અરે સાંભળો ને શરમીંદગીથી સર નમાવો. ત્યાંનું એક ડેલી પેપર "ડેલી મેલ" દરરોજની બાર લાખ નકલ છાપે છે. એનો માલેક સર હાર્મસવર્થ અસલથીજ કરવેયો હતો. મુંબઈથી તો શીખી ગયલો નહી હોય!! અગાઉ લંડનનાં બધાં પત્રે પેની પેપર તરીકે વેચાતાં હતાં. ડેલી ટેલીગ્રાફ રોજની બે લાખ કાપી વેચતું તેની તો હોહો થઇ રહી હતી.

એટલાંમાં મી૦ હાર્મસવર્થનો કીડો ચવડયો. તેણે ઠરાવ કીધો કે એક પત્ર કાહાડવું અને તે ફકત હે પેની (બે દોહોડીઆં) માં વેચવું. તેના ઘણાક મીત્રોએ તેને સમજાવ્યો કે એમાં તે ફાવશે નહી, પણ હાર્મસવર્થે જવાબ દીધો કે થાઉં તો અમીર, નહી તો ફકીર. જો ન ફાવ્યો તો હું ખરાબે હાલ મળીશ, રસતેભીખ માંગીશ પણ હું કાહાડવાનો તો ખરો. તેણે 'ડેલી મેલ' કાહાડયું અને આંખ વીંચીને ઉંઘાડીએ એટલામાં તો તેની બાર લાખ નકલો ખપવા લાગી પોતાની ગણત્રી પ્રમાણે હાર્મસવર્થ હાલ સર નાઈટ થવા પામ્યા છે અને પૈસાના ઢગમાં લોટે છે. કોઈ જબરો કારસા-જીવાળો માણસ હશે, કેમજે યુરોપના કોઇબી ગર ગામડાંમાં જાઓ કે પહેલી નજર 'ડેલી મેલ' ઉપર પડશે. યુરોપના દરેક જાણીતાં શહેરોમાં તેણે નાહાની નાહાની હાફીસો ઉઘાડી છે, જ્યાં કોઈબી જાય તેને મુસાફરીને લગતી, ફરવા હરવાને લગતી ખબર મુફત આપવામાં આવે છે.

સમજો કે તમે ચેરીંગક્રાસ કે વાટરલુ કે વીકટોરીઆ સ્ટેશનપર ગયા, તો બાહેર એક નયુસવાળો ફકત અદબ વાળીને ઉભો રહેલો જોશો. તેની આગળ નાહાના નાહાના ઢગલા જાત જાતના રોજીંદા પત્રોના રચીને મુકેલા. ગ્લોબ, સટાર, ટાઇમ્સ, સટાંડરડ, ડેલી મેલ ઇત્યાદી. સઘળાનાં ઢગલા ભોંયથી ૧ ફુટ

હશે અને ડેલી મેલનો ઢગલો પાંચ ફીટ! સાંજના આફીસો છુટી કે જુઓ ઘર જતાં લોકની દોડાદોડ. પાંચ મીનીટમાં પંદરથી સોળ ટ્રેનો ઉપડી જાય. હાફીસ કલારકો અને આસીસટંટો હાંફતા હુફંતા દોડ દોડ કરીને આવે અને આગળ પડેલા ઉઘાડા પેટારામાં સીકકો ફેંકીને પોતાની પસંદગીનું પેપર ઢગમાંથી ચપ દઈને ઉપાડી ને ટ્રેન પકડવા દોડે. પેલો વેચનારો મુગો મુગો ઉભો રહીને જોયા કરે. ઢગ ખલ્લાસ થયો કે બીજો લાવીને મુકે. પેલો ફુટ ઉંચો ઢગ એક કલાકમાં ખર્પી રેહ, તો ડેલી મેલવાળો ઢગ પાંચ ફીટનો દસ મીનીટમાં સફા થઈ જાય. ટ્રેન-માંબી જુઓ તો એજ ભાવટા. ગાડી ચીકાર ભરેલી હોયજ. તેમાં દસ જણા બેઠેલા હોય, તેમાંથી ૮ના હાથમાં ' ડેલી મેલ '! પોતાના સ્ટેશન ઉપર આવી પાંહેચ્યા કે પત્ર ત્યાંનું ત્યાંજ નાખીને ચાલ્યા. પછી પોરટરોની રોજી જાગે. લોક નાખી ગયલાં સઘળાં પત્રો તે લોક ઝાડીઝુડીને જમા કરે અને નાના નાના ગામડાંઓમાં તે પાછાં દોહોડીઆના ત્રણને હસાબે વંચાય. અરે પરવરદેગાર! આ વાર મારાં દેશી પત્રોની કમબખત હાલતનો મને કેવો ખ્યાલ આવ્યો હશે. ધમ દઇને મહીને દહાડે સવા રૂપીઓ બેજનજી બા ફેંકી દે ને તેને માટે સત્તર તગાજા ખમવા પડે.


"આજે તો સાડા છમાં હુડી મીનીટ ઓછીએ કેમ લાયો, તારા શેઠને લખશ"—

"સાહેબ તમારૂં માણુસ ઘણું તરકડું છે. હું અઠ્ઠાવીસમે મજલે રહુંછ; તાંહાં ઉપર સુધી કાગજ પહોંચાડતો નથી. એને છ મહીના ફાંસી ચહડાવજો"—

"લખવાને દલગીર છું કે આજનું તમારૂં પેપર ભોંયતળીએની ભાડુતની મરઘીએ ચુંથી પીખી નાખ્યું. ખરી વાત છે કે સહવારના પાંચ વાગે અમારૂં બારણું બંધ રહેછ પણ તમારૂં માણુસ જરા ખોટી થાય તો શું થયું—એને ખુબ ખખરાવજો."

આવા આવા ઘસારાની જ્યારે મને યાદ આવેછ ત્યારે એક ગમથી હસવું અને બીજી ગમથી અફસોસનો નીસાસો નાખવા વગર ચાલતું નથી. વળી બેજનજી બા આટલાથીજ ધારાયાકે? જામે જમશેદનાં મથાળાંથી તે કોણે છાપયું ત્યાં સુધી વાંચી ગયા પછી માંગું આવશે કે "બેજનજી કાકા—માયજી કહેચ કે જરા જામે વાંચી રહયા હોય તો આપશો—અરધા કલાકમાં પાછું લાવશ!"

માયજીપર બીજો મારકોની મેસેજ ગયો કે તમે વાંચી રહીને પાસેના અસનીઆરજી દારૂવાળાને ત્યાં મોકલજો. અસલાજીએ પેપરનું ભીતર ખોદી ખાધું



લાઇડસ વીકલીનું છાપવાનું ગજારી મશીન. કલાકની લાખ નકલ. સફે ૧૨૩.

કે પછી ચાલ્યું મામાજીને વરે ભાવનગર ટપાલમે. એમ છે, ને તોબી આપરા લોક હાય મારે છે કે ઈંગલંડ નસીબદાર છે. ડેલી મેલ રોજીંદુ છે, પણ લાઇડઝ વીકલી દર અઠવાડીએ નીકળે છે, તેની દર ઈશીયુની પંદર લાખ પચાસ હજાર નકલ!! એનું ખાનુ ખરાબ થાય એનું. છાપતા કેમ હશે, વેહેંચતા કેમ હશે અને વાંચતા કોણ હશે. હું એક વાર આગાઉ આ ખાસ પત્રનું વર્ણન આપી ગયો હતો, પણ ત્યાર પછી આ વાર ફ્રીથી જોયું તો તેમાં અને આગલામાં આસમાન જમીનનો ફ્રેર જણાયો. અરે બાપરે! છાપખાનું કે નાહાનું જેવું શેહેર. આહ! મોટાં ઘર જેવાં મશીનો કાળાં માથાંના માનવીની એક આંગળીની એશારતને કેવાં ગાય, જેવાં ગરીબ થઈ તાબે થાય છે તે જોવું હોય તો "લાઇડસ વીકલી" ની રાક્ષશી આફીસમાં જાઓ. તમારાં માનીતાં 'જામે' નું ગુલાબી કાગળ એજ 'લાઇડસ' વાળા સપલાઈ કરે છે; એટલે એ લોક સાથ સેવકને ઘરોબરો છે. મારી અરજને માન આપી એઓએ મારી આખી પારટીને ઇજન કીધું હતું. મારા મગજ ઉપર પડેલા છાપનો થોડોક ખ્યાલ આપવાની તજવીજ કરીશ. જ્યાં ચૌદથી પંદર લાખ નકલો ૨૪ સફાની છપાય ત્યાં કાગળ કેટલું ખપતું હશે અને કયાં ભરી મુકતાં હશે.

અસલ જમાનામાં ચીનાઓ અને ઇજીપશયનો બાંબુના રેસામાંથી કાગળ બનાવતા હતા, તેનેજ મળતુંજ કૌતક આજે હજારો વરસ પછીબી ચાલુ છે, કેમકે આ ૧૪ લાખ નકલવાળાં બચુકલાં પત્ર માટે એક જાતનું પોચું લાકડું છેક નોરવે અને કેનેડા વેરથી આવે છે. મને જણાવવામાં આવ્યું કે આ મસ મોટાં ઝાડો કાપીને જમીનપર નાંખ્યા પછી મૈલના મૈલ સુધી બરફની ઉપરથી સલેડજ મારફતે કુતરાઓ પાસથી ખેંચાવીને નજદીકની નદીઓમાં આણે છે, પણ એ કાપેલું ઝાડ કાગળ બનાવવાના કામ માટે એટલું નરમ થવું જોઈએ કે સાંચો તેના ઉપર ગાલેબ આવે. એટલા માટે નદીમા નાંખ્યા પછી તે ઝાડના થડને નદીના રોહ સાથે તણાતું તણાતું સેંકડો માઈલ સુધી પાણી ખાતું જવા દે છે, એટલે તે પોતાની મેળે નરમ ઘી જેવું થઈ દૈત્ય સરખા સાંચાઓ આગળ ગરીબ બકરાં જેવું થઈ જાય છે. એદવરડ લોઈડવાળાઓ જેઓ પોતાનાં પત્ર માટે હજારો ટન કાગળ દર અઠવાડયે બનાવે છે તે સાથે વેચવા માટે પણ કાગળ બનાવવાનો તેઓનો મોટો ઉદયોગ છે. એ નામીચી પેઢીના એક માલેકે મને ખુલાસો કીધો કે નદીમાં ઝાડોને લાવ્યા પછી તેને કચડીને પલ્પ એટલે માવો બનાવવા માટે તેઓએ નોરવેના મુલકમાં મોટાં કારખાના ઉભાં કીધાં છે. ત્યારે હવે આ વાંચનારને સમજ પડી હશે કે જે ગોલાબી પત્ર રોજ તમારા હાથમાં પકડીને વાંચો છો તે થોડાજ

માસની વાત ઉપર નોરવેના જંગલમાં એક જીવતું જાગતું ઝાડ હતું. ઉપલા કારખાનામાં ઝાડ આણ્યા પછી મોટા સાંચાઓથી તેની છાલ છોળી કહાડી સેંકડો ગોળ કરવતીઓથી તેનાં ઢીમડાં કાપી કહાડી તેને જંગી ઓસતવાર સાંચાઓમાં મરડી મચડીને માવો કીધા બાદ સ્ત્રોબોરડ અથવા પુંઠાના કાગળ જેવા શીટ બનાવવામાં આવે છે. આ શીટોને ગાંસડીના આકારમા બાંધીને પછી સટીમરો ઉપર લંડનમાં આણ્યું એટલે પહેલો તબક્કો છાપાકળાનો શરૂ થયો.

ખોદાને ખાતર આ વીશય વાંચતાં કંટાળશો ના, કારણ કે એમાંથી ઘણું શીખવાનું અને કાન ચીમટવાનું છે. હું ઉપર કહી ગયો છું કે કાગળના માવાના જાડા પોપડા કરીને તેની ગાંસડીઓ ઈંગલાંડમાં આણે છે, પણ તે કેટલી હશે? શું ધારો છો? એડવરડ લાઈડવાળાઓની નોરવેની ફક્ત એકજ મીલમાં વરસ દાહાડે બાર લાખ હંડરવેટ માવો ચંપાઈને તૈયાર થાય છે! પણ આ બધો ખાંડીબંધ મરીમસાલો છેક ઈંગલાંડવેર લાવવો તે કાંઇ બચ્ચાંની રમત નથી. જે ખીણમાં આ મીલ આવેલી છે તે રેલવે સ્ટેશનથી ઘણી નીચાણમાં છે અને વળી આઘે છે એટલે એ લોકોએ જાણે તારના દોરડાં નાખ્યાં હોય તેમ ઉંચા થાંભલાઓ ઉપર પાટા નાખ્યા છે અને તે ઉપરથી ગાંસડીઓ લટકાવીને સ્ટેશન સુધી લઈ જાય છે. આ વેળાએ

હવામાં અધ્ધર દોડતી ગાંસડીઓનો દેખાવ આઘેથી એવો લાગે છે કે જાણે ગાંસડીઓ ફક્ત હવામાં ઉડતી હોય અથવા જાણે સંખ્યાબંધ એરીઓપલેનો છોડી મુક્યાં હોય. આ તાર ઉપર લટકતી ગાંસડીઓ સ્ટેશન ઉપર આવી પુગી કે સાંચાવડે તેમને ઉતારીને મસ મોટાં ગોડાઉનો ભરવામાં આવે છે જ્યાંથી દરરોજની અનેક ટ્રેનો ભરાઈ ભરાઈને માલ ઉપડતો જાય છે. આ ટ્રેનો નારવેના ધક્કા ઉપર આવી પુગી કે લાગલી આગળ ઉભેલી સ્ટીમરો ઉપર માલ ત્રાનસફર કરીને રવાના થયો. આ સ્ટીમરો ટેમસના એક મથક "કવીનબરો" સુધી આવીને માલ ખાલી કરે છે અને ત્યાંથી લાઈડ કું૦ ની લાઇટરો આ પલ્પની ગાંસડીઓને સીટીંગ-બોર્ન ખાતે લઇ જાય છે જ્યાં એમના કાગળ બનાવવાના ખરેખરાં કારખાના છે. આ કારખાનું કેટલું મોટું હશે તેનો ખ્યાલ એટલા ઉપરથીજ આવશે કે દર માસે એ મીલમાંથી ૯૦ લાખ રતલ તૈયાર કાગળ નીકળે છે. એની કીંમત ફક્ત રતલે બેજ આના ગણીએ તો મીલમાંથી મહીને દહાડે અગીઆર લાખ રૂપીઆનું કાગળ નીકળતું કહેવાશે. ગણત્રી કરવામાં આવી છે કે આ માસીકનું રોલ જો આખું ઉખેડીને વીટાળ્યું હોય તો આપણી ધર્થીની આસપાસ બરાબર પોહોંચી શકે? પેપર મીલનું વર્ણન આપવાની જરૂર નથી. ઘણાઓએ પુનાની રે પેપર મીલ અથવા અત્રે ચાલતી ગીરગામની મીલ જોઈ હશે. આ વાર એકજ વીચાર

મનમાં પેદા થાય છે કે આજ પંદર દીવસની વાત ઉપર જે જીવતું જાગતું ઝાડ નારવેમાં ડોળા ખાતું હતું તેજ આ બીજે છેડે સુંદર કાગળના આકારમાં છે, જે ઉપર જોઇએ તો કદરૂપી કવીતા લખો કે દેશી અધીપતીઓ પોતાનો કચરો લખો કે તમારી પ્રીયાની આંખ ઉપર કવીતા લખો. આ પેપર મેકીંગ મશીનના સંબંધમાં—એકજ વધુ વાત ઉમેરીશ કે પુનામાં એક મશીન ચાલે છે અને અત્રે એવા ૧૪ મશીન છે દરેક મશીન ૨૫૦ ફીટ લાંબો છે એટલે અમારાં બેલારડ હાઉસ કરતાં બેવડો લાંબો! એક ગમથી કાંજી જેવો પ્રવાહી અને બીજે છેડે સુવાળું સફેદ કાગળ! આ કાંજી એક મીનીટમાં ૫૩૦ ફીટ દોડે છે તોજ ઠંડી પડીને કાગળ બંધાઈ શકાય છે.

હવે કાગળ તો બન્યું અને લંડન ખાતે પ્રીનટીંગ ખાતાંમાં પોહોંચ્યું. આ કાગળ રીમના આકારમાં છુટા શીટ નહી પણ રોલના રોલ જાય છે. એકકું રોલ પોહોળાઈમાં સુમારે ૧૩ ફીટ હશે અને જો ઉખેડે તો લાંબું ૪॥ મૈલ થાય.

પણ દર આવરતીની પંદર લાખ નકલો કયાં ખપતી હશે? ખરો સવાલ તો એ છે કે કયાં ન ખપતી

હશે? વેલ્લાતથી તે ચીન, ચીનથી જાપાન, આફ્રીકા, ઈનડીઆ, જ્યાં જુઓ ત્યાં આ અજબ જેવું પત્ર પડેલું છેજ. આ પત્રની ખરી મઝાહ જોવી હોય તો એકાદ શનીવાર છે. ઢગલાના ઢગલા તારના આવીને પડે અને ખડે પગે ઉભા રહીને ચપોચપ તે વાંચીને ન્યુમેટીક ટયુબ મારફતે જુદાં જુદાં ખાતાંઓમાં દોડે અને ત્યાંથી સાફસુફ થઈને કમપોઝીંગ ખાતાંમાં જાય. તેમજ ટેલીફોન ઓરડામાં ખાંડીબંધ ટેલીફોન મુકેલા ત્યાં જગે જગાથી ખબરના સમાચાર આવે અને તે ચપોચપ ઉતારી લઇને એડીટોરીયલ ખાતાંમાં જઈ પુગેલા સમજવાં. ત્યાંથી કંમપોઝીંગ રૂમમાં દાખલ થયા તો જાણે દરજીની દુકાનમાં ચાલીસ દરજીઓ સીવવાનો મશીન ચલાવતા બેઠા હોય તેવો દેખાવ બરાબર જોઈ લ્યો. ૩૮ લાઈનોટાઈપ મશીનો ઉપર ૩૮ જણ પી-આનો વગાડતા બેઠા છે અને થોડી મીનીટમાં એક કાલમ 'મેટર' તૈયાર. આ કાલમો ને પેજના આકારમાં ગોઠવીને તેની આઠ આઠ સ્ટીરીઓ પ્લેટ ઓતી કાહાડી, ગોળ વાળીને મશીનો ઉપર લગાડતાં ઘણામાં ઘણું પા કલાક લાગતો હશે. પછી મશીનો દોડવા માંડે એટલે સાંભળતા ડોસા થયા. કાનના પડદા ફાડી નાખે એવા ઘોંઘાટ વચે આ બલાએ આફત દોડે એટલે ૩૨ પેજી પત્ર છપાઇ, એકકમાં ગોઠવાઇ ટાંકા મરાઇને તઇયાર ૫૦ ૫૦ ની ઢગલી પોતાની મેળે બહાર પડે. આ વખતે દેખાવ એવો લાગે કે જાણે ચાર ગમથી

ઉન્જળા પાણીના ધોત પડતા હોય. એક કલાકમાં ૯૬૦૦૦ નકલો! યા ખોદા, એવો દહાડો આ અભાગ્યાં હીંદુસ્તાનનો કયારે આવશે. દોહોડસો કોપી તો અડધી મીનીટમાં તઇયાર થઇ કે તેના બંડલો રેંટની માફક સદા ફરતી લીફટમાં ઉપર પબલીશીંગ ખાતાંમાં મોકલી દેવામાં આવે છે. જાણવું કે લાઈડના મશીન ખાતાંમાં સાત મશીનોનો એવો જુખંડો બનાવ્યો છે કે ફકત એક માણસની દેખરેખ તળે કલાકની ૩૨ સફાની ૪ લાખ કાપી છાપી શકે છે. આ દરેક મશીન ૫૦ ફીટ લાંબો છે અને જમીનથી ૨૭ ફીટ એટલે ભોંયતળીયું અને ઉપલો માળ મળીને એક ઘેર ઉંચું થાય એટલો ઉંચો છે. આ દરેક મશીનનું વજન હડા હજાર હંડરવેટ છે અને જો આખા સાંચાને ઉખેડી કહાડયે તો છુટા છુટા એક લાખ ટુકડા થાયં. એકક મશીનમાં ૧૨૦૦ રતલ છાપવાની શાહી ભરવી જોઈયે એટલે આ જોડયાં સાત મશીનમાં ૮૪૦૦ રતલ શાહી રોજની જોઈએ. અમારાં મુંબઇના કેટલાંક રોજીંદાં પત્રની આફીસમાં દરરોજની "૭" રતલ શાહી ખપે છે તો તેના માલેકો નાખપર માખ બેસવા દેતા નથી. જેવી મશીનની ભુખ, તેવુંજ કાગળનું નખ્ખોદ. એક કલાકમાં એટલાં બધાં તો રોલ છાપી કાહાડે છે કે જો તે પાંથરીઆં હોય તો ૩૦૦ મૈલની જગા ઢાંકી શકે. સારાંસ કે આ સાત મશીનની ભાઈબંધીથી એટલી નકલો એક કલાકમાં છાપી શકાય છે કે તે જો

પથારીને મુકે તો દીલહીથી મુંબઇ સુધી પોહોંચે ! ! જેવું રોલ ખલાસ થવા આવ્યું કે મશીનરીથી બીજું રોલ હવામાં લટકતું તૈયારજ રહે છે. એક છેડો મશીનનાં મોહમાં આપ્યો કે ગાડું આગળ ચાલ્યું, અને આ બધાને એક આંખના પલકારામાં બંધ કરવાને અથવા ચાલુ કરવાને ફકત એક નાહાની ચાવી એક આંગળીથી ફેરવવાની ખોટી.

પત્રો છપાયાં, ઉપર ગયાં કે પછી વાંચક વર્ગના હાથમાં મોકલવાની ઝડપ જોવાજોગ છે. એકજ આવ-રૂતી બાંધીને તેના બંડલ બનાવવાને ૨૦ મૈલ જેટલી લાંબી સુતળી ખપે છે, ખુદ લંડનમાં વેહેંચવા માટે પચાસ મોટોર ગાડાં રાખયાં છે. બાહારગામ ચારે દશાએ સ્પેશીઅલ ત્રેનોમાં પેપરોના બંડલ જઈ પુગે છે. જેવી ત્રેન આવી કે બંડલોને લઈને દોડી જવા માટે મોટોરો સ્ટેશનો ઉપર તૈયાર રાખી હોય છે. કોઈ વખત કોઇ અગતનો તાર આવી ગયો તેને લીધે જવા મોડું થયું નો નજીકના શહેરોમાં જવા માટે ઘણી ફાસ્ટ મોટોરો સદા આફીસ આગળ તૈયાર ઉભેલી જોશો. લાર્ઈડસ વીકલી વેચવા માટે સઘળા મળી ૩૦૦૦૦ આડતીઆઓ છે. હવે આટલું બધું છે ત્યારે વીચાર કરો કે એની જાહેર ખબરની આવક શું હશે.

(હું અંહીં આટલાંથીજ બંધ કરૂં છું કારણ કે સહવાર પછીથી મેં બરાબર અગીઆર જણની મુ-

લાકાત લીધી છે અને દર આઠ આઠ મીનીટે ભેજા ઉપર એટલું પીંજાણનું દબાણ થયું છે કે અ. .રે વધુ લખવાની તાકાત નથી. કાન ચીમટીઆ. આવતા મંગળવારથી બંધ બારણે બેસી જવાબ મોકલું કે "બહાર ગયાછે"તો મનમાં ઓછું લાવશો ના. હાલને કાજ તો ક્ષમા માગું છું.)

પ્રકરણ ૧૫ મું.

તમે કદાચ અજબ થશો કે લંડનની ખુબી બદીઓ લખતાં લખતાં ખડ્ડી અને બીમારી પર લખનાર કયાં ઢલી ગયો. પણ એનો રોજ મીઠાઇ ખાઇએ તો કોઈ વાર ઓશડઓ પીવું પડે. બાહાદુરજી સેનીટેરીઅમના સબંધને લીધે ખડ્ડીની જીવલેણ બીમારીનો ચોક્કસ દરજ્જે હું અભીયાશી છું; પણ આમ ન સમજવું કે મારા એક મીત્રની પેઠે આઠ ફીટ લાંબુ સ્થેતસકોપ લઈને આઘેથી છાતીના ધપકારા ગણીને ઉંટવૈદું કરવાનો દાવો કરતો હોઈશ. પણ એટલું તો ખરૂં કે ખડ્ડીને માટે વીલાયતમાં અને હર જગાએ શું શું તદબીરો કરવામાં આવે છે તે જાણવાને તલબગાર છું. મારી સાત માસની રખડ દરમ્યાન મેં ખડ્ડીને લગતાં અનેક ખાતાંઓની મુલાકાત લીધી હતી,

અને અનુમાન ઉપર આવ્યો છું કે જ્યાં જોઈએ ત્ય છ ને બદલે અડધી દજન જેવો મામલો હતો. એકજ ઠેકાણે મેં જોયું કે જ્યાં કાંઇક નવું શીખવાનું હતુ તે એવી રીતે કે એક મોટાં ચોગાનમાં લાકડાંનાં છ ખુણી મકાનો ઉભાં કીધેલાં. આ મકાનોને તળીએ જીણા ચાક જડેલાં એટલે બીમાર પોતે સેજ જોર કરતાં આ આખાં મકાનને જેમ ગમે તેમ ગોળ ગોળ ફેરવી શકે. બીમારોને કાચું ગોસ્ત દમ બાંધીને ખવાડવાની રૂઢી પણ જર્મનીમાં જાયજ છે. દવા તો કદાચજ આપવામાં આવે છે પણ મારા જોવામાં એકજ દવા આવી જેના પરીણામ તપાસતાં હું હેરત પામ્યો છું. જે ડાકટરોએ આ નવી શોધ ઉપર પોતાની સહી આપી છે તેઓ એટલા મોટા અને માન પામેલા છે કે તેઓ જે કેહે છે તે જો અડધુંબી ખરૂં હોય તો ખહીની નાપાક બીમારીનો એલાજ હાથ લાગેલો સમજવાની આપણને લાલચ થશે. આ બીના એટલી અગત્યની છે કે તેનો થોડોક ખ્યાલ આપવાની તજવીજ કરૂં છું. આ એલાજ કાંઇ પીવાનો નહી પણ ઈનજેકશનનો છે અને ન્યુમો-સનને નામે વૈદક મંડળમાં હાલમાંજ જાણમાં આવ્યો છે. એક ચોક્કસ હાસપીતાલના ખહીના ડીપાર્ટમેંટમાં આ એલાજ મોટા નામાંકીત ડાકટરોની દેખરેખ તળે અજમાવ્યામાં આવ્યો હતો, જ્યારે ૭૯ કેસીસમાં ૪૩ બચવા પામ્યા હતા, ૯ બગડયા હતા અને ૨૭ જેમના તેમ રહયા હતા. પણ ત્યાર પછી આ

ઇનજેકશનની રૂઢી અને વજાણમાં ઘણોક ફેરફાર કરવામાં આવ્યો છે અને આશા રાખવામાં આવે છે કે હવે એકસો કેસીસમાંથી ઓછામાં ઓછા ૯૦ સાજા થવાજ જોઇએ. બાજુમાં ઇનજેકશન કીધા પછી થોડાક કલાક માત્ર સેજ અકસાટ રેહે છે અને તાવ ઘણોજ થોડો એક બે દીવસ રેહે છે. ખહીની જનરલ હાસપીતાલ બરમીંગામમાં છે તેના વડા ડાકટર કારવર ખાત્રીથી કેહે છે કે ન્યુમોસાનની ત્રોટમેંટ પછી ખહી, વાળો બીમાર વજાણમાં ઘણી ઝડપમાં વધે છે; અંગમાં વધારે તાકાત દેખાડે છે અને તેનું રૂપ રંગ બદલાઈ જાય છે.

ઉપલું જાણવા પછી અલબતાં આ નવા એલાજ બાબે વધારે પુછપરછ કરવાનું મન થાય એ સ્વભાવીક છે. લંડનનું મેડીકલ ટાઇમ્સ કેટલું ધરખમ પત્ર છે તે તો તમે જાણો છો. આ પત્રમાં ડા૦ નીકો એમ. ડી. એ આ ન્યુમોસાન માટે પોતાનો અનુભવ પોતાને ખરે નામે આપ્યો છે. (તા૦ ૧૯ મી જુલાઈ ૧૯૧૩.) આ નમાંકીત ડાકટર જે કાંઈ મત ઓચરે તેને કેટલું માન આપવું જોઈયે તે સમજવા થકી હું તેમની ઓળખ આપવાનું દરૂસ્ત ધારૂં છું. એ ગ્રહસ્થ ખહીની લેબાનનની મોટી હાસ્પીતાલના વડા તબીબ છે, અને હીસટોલોજી અને માઇક્રોસકાપીક પેથોલોજીના પ્રોફેસર છે. આ ગ્રહસ્થ જણાવે છે કે

"આજે ૧૮ મહીના થયા હું 'ન્યુમોસન' ને અજમાવતો આવ્યો છું અને મારી ખાત્રી થઇ છે કે ખહીના બાબમાં આ ચીજ, હું જાણું છું ત્યાં સુધી સર્વેથી સરસ એલાજ છે. મેં કાંઈ હજારો ઇનજેકશનો ન્યુમોસનથી કીધાં છે અને ફક્ત જે જગાએ ઈનજેકશન કરવાનું તે ભાગ ઉપર સેજ સ્પીરીટ (alcohol) ચોળયા ઉપરાંત બીજી કાંઈ ખાસ તજવીજ રાખી ન હતી. તોએ એક કેસમાંબી કોઈબી જાતની ફુલ્લી કે સોજો આવ્યો ન હતો. બલકે કોઈબી વખતે પચુકરી કે સોયને 'સ્ટરીલાઈઝ' કરવાની જરૂર પડી ન હતી. ફોલ્લા અને જખમોમાંથી પરૂ કાહાડી નાખવા બાદ ખાડામાં ન્યુમોસન નાખી તપાશી જોયું હતું તો જણાયું કે પાછું પરૂં થતું બંધ પડી ગયું અને ઘણાજ થોડા કેસમાં પરૂ બંધાયું તે બીલકુલ સ્વચ્છ અને બદબો વનાનું હતું. આ દવાના ટીપાં મેં ડોહોવાયલી આંખોમાંબી નાખી જોયાં છે પણ કસી અગવડ કે નુકશાન થયું નથી. ન્યુમોસન ઘણું જલદી ઉડી જતી પ્રવાહી છે અને ખહીવાળા ગાંઠામાં ઈનજેકટ કીધા પછી કલાકેકમાં સોજો અને દરદ નરમ પડી જાય છે. ખહીની બીમારીમાં દસ ઈનજેકશન પછી સુધારો જણાવા માંડે છે. બીમાર વધુ ખોરાક માંગે છે, તેના મોહપર રંગ જણાય છે અને બદનનું વજન વધવા ઉપરાંત બીમાર ખુશાલ અને ચપળ દેખાય છે. આ વખતથીજ તાવ ઓછી થતી જાય છે અને

રાતનો પરસેવો બંધ પડે છે. મારે આ ઠેકાણે ખુલાસો કરવો જોઈએ કે ત્રીજા દરજ્જા ઉપર છેક બગડેલા કેસ માટે હું મત આપતો નથી. જેમ બીમારીના વહેલા તબ્બકામાં આ ઉપાય લાગુ કીધામાં આવે તેમ તેનો ફાયદો ઘણો ચોક્કસ છે. હું ઘણાક કેસોમાં જાણુછું કે ન્યુમોસનથી તદન બીમાર સાજો થયો નથી તેમજ કેટલાક કેસોમાં બીમારી અટકી નથી પણ એકબી કેસ મારે ત્યાં એવો નોંધાયો નથી કે જ્યાં આ દવાથી નુકશાન થયું હોય. હું આગળ વધીને કહું છું કે ન્યુમોસન ફકત ખહીમાંજ નહીં પણ રગતપીત અને પ્લેગમાં વટીક ફાયદો કરી શકે છે. ખહીના બાબમાં તો મારી પુરેપુરી ખાત્રી છે. બધાજ ખહીના કેસ સારા થાય એમ હું કહેતો નથી પણ હું એટલું તો કહીશ કે મેં જે જે ઉપાયો તપાશીઆ છે તેમાં ન્યુમોસને સહુથી સરસ પરીણામ બતાવ્યાં છે. મારી સાથવાળા બીજા અનુભવી તબીબોના પરીણામ પણ મને મળતાંજ છે. જ્યાં બીજા એલાજો રદ ગયા છે ત્યાં ન્યુમોસને અજબ રાહત આપી છે."

આ પછી ડા૦ નીકો પોતાની હાસપીતાલના રેકારડ ઉપરથી થોડાક જાણવાજોગ દાખલા આપે છે.

એક બાઈ ૨૫ વરસની વયની; તેણીને પ્રોફેસર ડા૦ ડી બરૂને હોસપીતાલમાં મોકલાવી હતી. તેણીને

બીજા સ્ટેજનો ખહીી હતો. ગયા (૧૯૧૩) ઃ તે દાખલ થઈ અને ન્યુમોસન ત્રીટમેંટ અજમાવવામાં આવ્યું કે તુરતજ ફેર જણાવવા લાગ્યો. પરસેવો બંધ થયો, તાવ જતો રહયો અને છોકરી તટાર થવા માંડી. આસતે આસતે ફેંફસાંની ગરબડ બેમાલુમ થતી ગઈ. ત્રણ મહીના બાદ તે હોસપીતાલ છોડી ગઈ અને પોતાને ઘેરે બીજા તબીબ હસ્તક ઇનજેકશન ચાલુ રાખ્યાં. હમણાં તે તદન સારી પેઠે છે અને લબમાં ખહીના જતુની મુતલગ નીશાન નથી.

એક છોકરો ૧૮ વરસની ઉમરનો હતો અને તેને છાતી ઉપરથી લોહી પડતું હતુ. થુક તપાસતાં માંહેથી ખહીના જંતુઓ જણાયા. જેવું લોહી પડતું બંધ થયું કે તેને ન્યુમોસનની ત્રીટમેટમાં મેલવામાં આવ્યો કે તાબડતોડ સઘળી ગંભીર નીશાનીઓ અલોપ થઈ ગઇ. ૯ માસ બાદ ઉપલાજ ડા૦ નીકોને ફરીથી બોલાવવામાં આવ્યો ત્યારે આ છોકરાને તાવ, રાતનો પરસેવો, ખાંસી અને છાતી ઉપરથીજ બલગમનું પડવું પાછું શરૂ થયું હતું. એકવાર ફરી તેને ન્યુમોસન ત્રીટમેટમાં મેલવામાં આવ્યો અને તુરતજ વળી પાછી ઉપલી નીશાનીઓ બેમાલુમ થવા લાગી. ખાંસી, બલગમ વગેરે જતું ગયું અને હમણાં એ છોકરો તદન સારી હાલતમાં છે.

ત્રીજો કેસ ૨૮ વરસની ઉમરનો પુરૂશ આ ત્રીટમેંટ પછી તદ્દન સાજો છે અને મજુરી કરે છે. આ ધણીને ન્યુમોસનના ૩૦ ઈનજેકશન આપવામાં આવ્યાં હતાં.

એવા એવા કેટલાક દાખલાઓ ઉપલો નામાંકીત તબીબ આપે છે તે વીશે વધારે લંબાણ કરવાની હું જરૂર જોતો નથી.

સીરીયાનો એક વખણાયલો તબીબ કહે છે કે કોઈબી દવાના આટલા નાના ડોઝથી ખહુી ઉપર આવી તુરત અસર થાય તે હું અગાઉ કદી માનતો નહીં હતો. અગાઉ બીજા બધા ઉપાયો કરતાં આ ઉપાય ઘણો ઉત્તમ મને લાગે છે.

પેલેસટાઇનનો નેઝરેથ હોસપીતાલનો વડો ડા૦ હેમેલ કહે છે કે ખહુીની બાબદમાં મેં જેટલા ઉપાયો અજમાવ્યા તેમાં આ ન્યુમોસનનો ઉપાય મને સરવથી આબાદ લાગ્યો છે.

પેલેસટાઇન ખાનેની ઈંગલીશ હોસ્પીતાલનો વડો ડા૦ સપ્રીનગબોર કહે છે કે અમે આ દવા ખુબ વાપરચે છીયે અને તે ઘણીજ ફતેહમંદ નીવડી છે.

લંડનનું 'મેડીકલ ટાઈમસ' જે વઈદક મંડળમાં એક સતા સમાન ગણાય છે તે જણાવે છે કે ઉપલો તબીબ ડા૦

નીકો ખહીના બાબદમાં એક ઉસતાદ સમાન ગણાતો આવ્યો છે. એટલું તો સીધ થયું છે કે જે બીમારીમાં ટુબરકલીન ઇનજેકશન નુકસાનકારક જણાયું છે ત્યાં ન્યુમોસનથી ફાયદો થયો છે. "મેડીકલ ટાઇમસ" કહે છે કે ડા૦ નીકોની પછી બીજા પંકાયલા તબીબોએ આ દવા અજમાવી છે અને તેઓ પોતાનો દરેક રીતે સંતોશ જાહેર કરે છે. આ પ્રમાણે લખીને "મેડીકલ ટાઇમસ" મત આપે છે કે જયારે એટલું બધું છે ત્યારે આ દવાને લંડનની મોટી હોસપીતાલોમાં એક વાજબી ચાનસ આપવો જોઇયે.

હવે લંડનનું બીજું નામીચું વઈદક પત્ર "લેનસેટ" જે ગણાય છે તે હું ધારૂં છું કે મુંબઈના દરેક તબીબના હાથમાંથી પસાર થયું હશે. આ પત્રમાં ડા૦ જે. મીલટન, જે ઈંગલંડના મોટાં મોટાં ખાતાંઓનો તબીબી વડો છે તે લખે છે કે "હું આજે લખું છું તે ફકત મારા ભાઈબંધ વઈદોની જાણ માટે છે. આજ કાંઈ સદીઓ થઈ ડાકટરો ખહીનો એલાજ શોધવા મથયા છે. કાંઈ સંખ્યાબંધ દવાઓ નીકળી અને અજમાયશ પછી કચરો માલમ પડી. તેટલા માટે કાંઈબી નવી દવા ઉપર મત આપતાં હું ડરૂં છું. સઉથી છેલ્લો ઉપાય ઈનજેકશનનો બહાર પડયો હતો, પણ ચોક્કસ કારણોને લીધે અને આ ઈનજેકશનો તઈયાર કરવાની મુશકેલીને લીધે એ નીશફળ ગયલો હું જાણું છું.

એટલા માટે આ નવા ઈનજેકશન ન્યુમોસન ઉપર મેં ખાસ ધ્યાન આપ્યું છે. મેં તેને પ્રમાણીકપણે અજમાયશ આપી છે અને તેને માટે વખાણ કે બદનામીના સખુનો બોલવાને હું તઈયાર ન હતો. ન્યુમોસન શું છે, કોણનું છે, તે હું જાણતો પણ નહી તો. ફકત તબીબ તરીકે તેણે મારૂં ધ્યાન ખેંચ્યું છે.

મારા અનુભવ ઉપરથી હવે હું કહેવાને શકતીવાન છું કે ન્યુમોસન માટે જે આશાઓ બાંધવામાં આવી છે તે મોટે ભાગે ખરી છે. હજી સુધી મને એટલો વખત મલ્યો નથી કે હું એ દવાને ખહીને જડમુળથી ઉખેડી નાંખનારી દવા દાખલ જાહેર કરૂં, પણ હું સાચા મનથી એટલું કહું છું કે મે પચાસ કેસોમાં એ દવાને ત્રાયલ આપી છે અને એકબી કેસમાં કોઈને નુકસાન થયું નથી. ઘણા આગળ વધેલા કેસોમા ઘણા જાણવાજોગ પરીણામો મેં જોયાં છે. એક કેસમાં જ્યાં અગાઉ તબીબો હારી ખાઈ બેઠા હતા અને જ્યાં મજબુત ખહી સાથે ડાયેરીયા લાગુ પડયો હતો, ત્યાં આ ન્યુમોસન ઈનજેકશનથી તરત ફેર પડેલો મેં જોયો છે. મારા જોવામાં આવ્યું છે કે આ ઇનજેકશનની ત્રીટમેંટથી સુધરેલી ભુખ, વજન, ખાંસીનું નરમ પડવું, અને છાતીનો ખુલાસો દેખઇતાં વધયાં છે. દરેક ખહીના કેસમાં એ ઉત્તમ દવા છે એમ કહેવાનો હજી વખત આવ્યો નથી, પણ હું કહું છું કે ઘણા

ખરાબ કેસોમાંથી એ મોટો ફાયદો કરનારી જણસ મને માલમ પડી છે. એટલા માટે વૈદક વર્ગે તે ઉપર ખાસ નેગાહ રાખવી જોઇએ.

આ બીના સાધારણ વાંચક વર્ગની આગળ રજુ કરીને હું આજનો આ અગત્યનો પણ ગંભીર વીશય સમાત્પ કરૂં છું.

પ્રકરણ ૧૬ મું.

હું નાનો હતો ત્યારે મેડમ ટુસાંના મીણના પુતળાંની અનેક વાત સાંભળીને બોચી ખજવાળતો કે કોણ જાણે આ જીવ વગરનાં "જીવતાં" પુતળાં કેવીક કરામતથી કીધેલાં હશે કે લોક ત્રાહે ત્રાહે કરે છે. ખાસ કરી આ વાર હું દીવસના ગયો અને કહેવાને લજવાવું છું કે હું તદન નાસીપાસ થયો છું: જીવતાં માણસમાં ઝમક જે જોવામાં આવે છે તે માહેલું અત્રે કાંઈ નથી. દીવસનાં ઉજરડાંમાં મીણની બનાવટ સ્પષ્ટ દેખાય છે અને આંખની રોશની ગેરહાજર છે. જાણવું કે મેડમ ટુસાંનું આ પ્રદરશન ગેઆસ લાઇટમાંજ જોવું જોઇયે અને તેથી બને તેમ આઘેથી જોવું જોઈયે. મારો પુરાણો ફીરેસ્તો નામાંકીત ચારલસ ડીકન્સ એક ઓરડામાં પોતાના ફુલ કાળા ડ્રેસમાં બેઠા છે. લખવાની ટેબલ ઉપર એક લીલાં સેડવાળી

બતી જલતી રાખેલી છે અને હાથમાં ક્વીલ કલમ પકડી વીચારમાં બેઠેલો જણાય છે તે ખરેખર આ માહાભારત લેખક કેવો હશે તેનો ખ્યાલ આપે છે. મેડમ ટુસાંના વારેસોએ થોડી જાણવાજોગ ઈતીહાસીક ચીજો મોટી કીમતે ખરીદીને ભેગી કરી છે તે એક ઉપયોગી કામ બજાવેલું કહેવાય. દાખલા તરીકે ફ્રાંસના લુઈ ૧૬ માને અને મેરી એનટોઈનેટને જે ગીલોટીનથી ગરદન મારવામાં આવ્યાં હતાં તે ખુદ હથીયાર હયાં જોવા મુકેલું છે. તેજ પ્રમાણે મરહુમ જોધા નેપોલીયન બોનાપાર્ટની ખાસ સવારીની ચારઠ એમની એમ જોવા મુકી છે. આ ગાડી ઉપર સોનેરી નકશીનો જડાવ કીધોછ, પણ પોપડા ખરી જવાથી ગરીબ ઘરમાં જુની આરસીઓ ખખડી ગયલી નજરે પડે છે તેવું ખડખડપાંચમ વાજું તમારી સામે ઉભું છે. ચાક જાણે નરાં મોટા ખટારાના પૈ! હું ખાત્રીથી કહું છું કે આવી જો ગાડી કોઈ ખાનગી ગ્રહસ્થની હોય તો ચોર બજારના વેપારી પાસથી તે બદલ પચાસ રૂપીઆ મેળવવા મુશકેલ પડે.

તમે લંડન જાઓ ત્યારે ત્યાંનાં ચીત્રોનાં પ્રદરશન જોવાની તજવીજ કરશો તો પ્રોફેસર પાગનસ્ટેચરને ત્યાં જવું પડશે. જો તમને ખરેખર નામાંકીત પેનટીંગનો શોખજ હોય અને પેનટીંગ સમજવાની શકતી હોય તો કોનટીનંટ ઉપર એટલું બધું તો જોવાનું છે

કે જો બધું જોવા જશો તો એક વરસથી પુરૂં ન પડશે. વળી હું ખરૂં લખીશ તો બાનુઓની મારા ઉપર ધાડ આવશે, પણ સાચને ન આવે આંચ. હું અવારનવાર જોતો હતો કે પીકચર ગેલેરીઓમાં સ્ત્રીઓની સંખ્યા પુરૂષો કરતાં ઝાઝી દેખાય. મારા વાહાલાંઓ કોઈ ગાઈડ બુકમાં વાચી આવે અને પછી એકાદ પીકચર આગળ ઉભાં રહીને એવા ચબ્બાભર્યા સટાકા મારે કે જાણે પોતે કાંઈ નહી તો તીનતોરેટો અથવા રામ બ્રાન્ટનાં ચેલાં તો ઓછામાં ઓછા હોયજ હોય. કોઈ એક આંખ ચુંચી કરીને જોશે, તો કાંઈ પાછળ હઠીને જોશે; તો કાંઈ મુઠ્ઠી વાળીને તેના કાણાંમાંથી જોશે. આ સઘળી વાર તેઓની ખરી મનસની તો એમ જોવાની કે હું કેવીક સમજુનું પુછડું છું, તે બધાં જોઈને ડંગ થાયછ કે નહી. તેમાં ખાસ કરીને આપણા દેશી લોકથી તો હાથ જોડયા. તે લોકની જાણે બલા કે અમુક પીકચર શાનેબી વાસતે વખણાયું હશે, તે છતાં "ઓ કેવુ સરસ."—"અરે અહીંથી જુવો આએ લાઈટ કેવી ફાઈન છે" એમ નહી કરે તો ગમાડમાં ખપે. પણ મારા જેવાને તો ખરી મઝાહ આ ખેળ-કોટક જોવાનીજ છે. આમ હાટહુસ ચાલે ત્યારે મારી નાનકડી નોટબુક ખીસામાંથી નીકળેલીજ છે. આસ-પાસનાઓ તો જાણે કે આએ ધણી કંઈ આઠ દસ લાખ રૂપીઆનું પીકચર ખરીદવા માટે તેનું નંબર ટપકાવી લેતો હશે!! પણ આ આઠ દસ લાખ રૂપીઆનો

આંકડો હું કાંઇ ઉધડમાપ મુકતો નથી. પીકચર ગાલેરીઓમાં પાંચ પાંચ છ છ લાખ રૂપીઆનાં પેન્ટીંગ સાધારણ છે. તમે કદાચ હમણાજ વાંચ્યું હશે કે છેલ્લા માસમાં એક અભાગણી વંત્રી સફ્રજેટે વીનસનું વખણાયલું નગન ચીત્ર જે લગભગ સાત લાખ રૂપીઆની કીમતનું હતું તે એક છરા વડે ચીરી નાખ્યું. હોય ભાઈ, જે સમજે તેને ભારી. મારે મનથી તો આ સાત લાખનું ચીત્ર અને અમે તથા અમારા ભાઇબંધો અવારનવાર જે મનમોહક ચીત્રો તમને આંસીએ છીએ એ બધું સરખુંજ છે.

ઈંગ્રેજોનું પહેલું દેવાનાપણું દારૂ, બીજું ડરેસીસ અને ત્રીજી જગા હું ઘોડાની શરતને આપું છું— કોઈબી રીતે શરત બકવાની વાત કે એકકી બેકકીની જીકર આવી કે ઈંગ્રેજ બચ્ચો ગોયા ઘેલા થઈ જાય છે. રેસીંગની મોહીનીમા બચ્ચાં છોકરાં, પ્રીયા, પઈસા નોકરી નાદારી સઘળું વ્યર્થ છે. બસ ડારબીની શરતનો હીંગામ આવ્યો કે જાણે એના બાપદાદાની વરસી આવી. અરરર, મેની સેવટે ડારબીનો દીવસ આવ્યો કે શું શેઠ કે વાનોતર, લાર્ડ કે ભીક્ષુક, શેઠાણી કે કુભારજા, એ સઘળાંનાં બસ ભેજાં ફ્રૂરી જાય છે. આ ડારબીની શરત તમે જોઇ ન હોય તો છો રહી. તમે કદાપી ડારબી સ્વીપની ટીકીટ લઈને તમારૂં કીસમત તો એકાદ વાર અજમાવ્યું હશેજ હશે.

પણ જરા તેની વીગત તો જાણો કે એ છે શું. ૧૭૮૦ નાં સાલમાં અર્લ ડારબી નામના ઉમરાવે આ શરત પેહેલવહેલી શરૂ કરી. હમણા (ક) ઘોડો જીતશે કે (ખ) તે ઉપર આ શરતમાં લખો રૂપીઆનો જુગાર રમાય છે. આ શરતનું વેહજું એટલુંબધું છે કે ખુદ ઇંગલાંડના રાજા વટીક પોતાના ઘોડા રેસમાં દાખલ કરે છે અને જો રાજાનો ઘોડો પેહલો આવ્યો તો એક લડાઈ મારી હોય તેમ બાદશાહી મંડળમાં ખુશાલી વ્યાપી રહે છે. ડારબીનો રેસકોરસ એટલે દોડવાનું છેટું ૧॥ મૈલનું છે.

આ છેટું પરસીમોન નામના ઘોડાએ ૧૮૯૬ માં અને ડાયમંડ જ્યુબીલી નામની ઘોડીએ ૧૯૦૦ માં બે મીનીટ અને બેતાળીસ સેકંડમાં દોડીને પુરૂં કર્યું હતું. આ શરતમાં ઘોડા અને ઘોડી બેઉને દોડવાની છુટ છે. પણ ઘોડા કરતાં ઘોડીને ૩ રતલ ઓછો વજન મુકવામાં આવે છે. આ સઘળાં જાનવર ત્રણ વરસની ઉમરના હોવાં જોઈએ. પણ આ શરતના દીવસે શું લંડનની ધધુખર ! જાણે વીસુવીઅસ ફાટો હોય ને આસપાસના શેહેરના લોક નાહાસભાગમાં પડે તે દેખાવ આબાદ જોઈ લ્યો. મીનીટે મીનીટે ત્રેનો દોડે તોબી એક ઈંચ જગા ન મળે. લંડન અને એપસમની વચ્ચે જાત જાતની ચારહો અને ટેકસીઓ, ગધેડાંની નાની ગાડી અને થારાબેંક કીડીની પેઠ ઉભાઈ જાય.

અલબતાં રેલવેમાં જવાનું સસતું અને ટુકું તો ખરૂં, પણ જો ડારબીની ખરી ગમત જોવી હોય તો કાંઇબી કરીને કોઈબી રવેશે કોઇની ગાડીના ટાપપર મુસાફરી કરવી. આ દીવસે ઉમરાવ પોતાનો દરજ્જો ખીસામાં મુકીને આવે છે. લાડકી પોટટીઓ હરખને મારે મોહોડાંમાંની પોતાની બદામ દરાખ વેરી નાખે છે. સઉ ગાડીઓ ઉપર મોટા મોટા કરંડીઆ સીંચેલા છે અને તેમાંથી ડોકીયાં કહાડીને ચમપીનની બાટલીઓ આપણને સુચવે છે કે "જી આગુ તો ચલો, બરી મઝા હય." આ દીવસને માટે ભાડેની ગાડીઓની તાણાતાણ છે. ચાર માણસ બેસે તેવી ફ્ઈટીન અને જોડીના રૂ૧૫૦! અને તેબી થોડા દહાડા અગાઉથી રોકવી જોઈએ. ખુદ રેસકોર્સ આગળ ભીડાભીડ! શું વખાણ કરૂં! દુન્યામાં એટલાં બધાં માણસ હશે એ તો તેજ દાહાડે જાણયુ. કાંઈ લખ્ખોથીજ હીસાબ. જેને જોઈએ તેણે ગળાંમાં ઓપેરા ગલાસ ઓળવેલો અને બાઇ માણસોની ટોપી ઉપર લીલા પીલા બુરખાના વાવટા ઉડે. પાંચ આંગળીઆ ચીલઝપટદાસોબી તમારી સેવામાં હાજર છે. ભુલે ચુકે ખીસામાં કાંઈ લઈ ગયા તો તમુને બચારા ભાર ઉંચકવા શા માટે દીએ. બીજે દીને પાછું ઘેર બેઠકાં આલુનાં પાત્રામાં બાંધીને પહોંચાડી દેશે. પણ આ બધી ઝેહેમત ને મેહેનત મશાકત શા માટે? રેસ જોવાની? દસ બાર ઘોડા હારે કટાર ઉભા રહયા, એક વાવટાની નીશાન અને ફ્રરરર દેતા બધા દોડયા કે બે હડી

મીનીટમાં તો સઘળું ખલાસ. જે સમજદાર હોય અને જેણે અમુક ઘોડા ઉપર શરત બકી હોય તેનું મોંહ આ વાર જોવાજોગ છે. ટીંગાઈ ટીંગાઈ ને પોતાના બાઈનોકયુલરમાંથી જોય કે પોતાનો માનીતો ઘોડો શું કાંદાં કાહાડે છે. આ હડી મીનીટમાં લખો લોક ધનવાન અને લખો લોક મુફલેસ થઈ જાય છે. જે અઠંગ રમનારા છે તેઓ જે રીતે શરત બકે છે તે જો જોઈએ તો આપણી ફીફડી ફાટી જાય છે. (ક) ઘોડો જીતે તો ચાર લાખ લેઉં નહીં તો બાર લાખ આપું. એવી નખોદીઆ શરતોમાં હજારો ખાનદાની લોક પાયમાલ થઈ ગયા છે. સ્ત્રીઓનેબી આ શરતનો ચશટો બારી છે. હજારો રૂપીઆ એક હડી મીનીટમાં ઘોડાની દોડ ઉપર ખુરબાન કરે છે. વળી મોહોકાન શું કે તમારા દરજીને રડાવો, ધંધાદારીનું કરજ કરીને હંફાવો, તમારા બેંકરને સતાવો, પણ રેસકોર્સ ઉપર જે કરજ કીધું તે ન આપ્યું તો સોસાઇટીમાંથી તમારાં નામ ઉપર સદાનો છેકો. 'ડેટ આફ આનર' પગાર કરો નહી તો આપઘાત કરો. આ શરતની વખતે પાદશાહી કુટુંબ પણ બડા ઠાઠમાઠથી રેસકોર્સ ઉપર આવે છે. આ તો ડરબીની શરત થઈ પણ એવી તો બીજી નાહાની નાહાની ઘણી છે. તમે જાણો છો કે? અકેક ઘોડો કોઈ વાર પંદર લાખ રૂપીએ વેચાય છે!! કાંય, તો કેહેજે એના બપાવાનો બાપ ફલાણો નામીચો શરતનો ઘોડો હતો અને એની મમાઈની મમાઈ

ફ્રાંસની ફલાણી નામચીન ઘોડી હતી. દેવાનાપણું સાત પાણીએ ધોયલું. મુરબ્બી સાહેબો, એકજ છેલ્લી શીખામણ દઉં છું કે મોટી કે નાહાની શરતમાં જાઓ તો કોઈ જાણીતા ઠાવકા દોસ્તની સાથે જજો અને જાણ્યા અજાણ્યા સાથ નવી મીત્રાચારી માંડતા ના, નહીંતો વખત કવખતે જીવતું નખ ઉતરાવી આવશો. બીજુ, આ રેસકોર્સ ઉપર ચલકતી ચાઈ ચાઇઓ ઉભાઈ જાય છે. ખુબસુરતીમાં મના નહીં, કપડાં તો એવાં સજેલાં કે રોયલ ફેમીલીમાં ભેળાઈ જાય. હસતાં દાડમની કળી જેવાં દાંત દેખાય, આંખે કાજળ આંજીને તમારા ગમ જીએ તો જાણે કાશમીરી છુરી પણ બાપુ આઘેથીજ મીઠા ગાળો મુકવામાં શોભા છે.

પ્રકરણ ૧૭ મું.

ઈંગ્રેજ બચ્ચો ખાનાર પીનાર છે પણ પોતાનાં ધર્મ સ્થળોની બાબદમાં તેના ઉદારતા આપણને હેરતમાં નાંખે છે. હું ધારૂંછ કે આખા યુરોપ માંહે જેટલા દેવળો ઉપર અબજો રૂપીઆ ધારમીક લોકોએ આપ્યા હશે તેટલી દોલત આખ્ખાં હીંદુસ્તાનમાં ન હશે. શું ધારો છો, એકેકાં દેવળ ઉપર કોઈ વાર કરોડ રૂપીઆ! હું કબુલ કરૂં છું કે આ ભકતીભાવીક ગ્રહસ્થો અને

બાનુઓ સઘળાંજ એક ચીતે બંદગી કરવાં જતાં ન હશે; તોબી ઘણો મોટો ભાગ રવીવારે દેવળમાં ન જાય તો જાણે નીમક વગરનું ભોજણ ખાધું હોય તેમ અકર વકર કરે. પોતાના ભકતીના મકાનો માટે મુસલીમ ભાઈઓની ઉતકંઠા પણ બહુ તીક્ષણ છે, અને હીંદુઓ તો ધર્મના સેવક છેજ. પણ આપણા લાડક-વાય સુધારાવાળા પારસીઓનો કેટલોક ભાગ આ લાગણીથી અલગ છે એમ મારે ઘણી દલગીરી સાથ નોંધ લેવી પડે છે. હું લંડનના ચર્ચોનીજ અત્રે વાત કરૂં છું. બે ત્રણ વાર આ ક્રીયા જોવાને હું ગયો હતો અને સર્વે હીલચાલ ઉપર બારીક નજર રાખી હતી. સ્ત્રીઓમાં જેઓ ઘરડાં ખોખાં, તેમજ મકાઈ બાહુ જેવાં આવતા તેઓના મોંહ ઉપર સ્પષ્ટ ધારમીક છાપ દેખાતી પણ જુવાન બાનુઓના બાબમાં નવી 'હેટ' દેખાડવાની ઉક-માઈ વધારે માલમ પડતી. જુવાનીઆઓનું ટોળુ એકાદ નામીચી ખુબસુરત એકત્રેસ જયાં બેઠી હોય ત્યાં વધારે ધ્યાન ચીતે ઉભું રેહેલુ જણાતું. મારા ખ્યાલ પ્રમાણે પારસી બાયડાંઓ જયારે સાંજના કાંઇ ન સોહાવાય ત્યારે કોઈ મરી ગયું હોય તેને ત્યાં કોનડોલન્સ વીઝીટ આપવાને મસે ઉતરી પડે અને કલાકેક સુધી ખુરસીનું ખુન કરે તેમ આ દેવળમાં એસ્કી મેસ્કી થઇને પોતાની સહી મીટીઓ સાથ જવા જેવું મને તો લાગ્યું. ગમે તેમ હોય પણ દેવળમાં એક વાર પેઠા કે તેની ગંભીરતામાં રતી ભારબી મના નથી. મને ભય છે કે પાદરીનું ભાશણ

ઘણા થોડા જણ સમજતા હશે કારણકે તે તમામ થવા પછી આહા! નો ખુશીભરયો નીસાસો કેટલીક વાર નખાતો મેં સાંભળયો છે. તોબી આપણા કેટલાક જરથોસ્તી ધર્મ દાતારો જેઓ માથાં ઉપર તુવાલ નાખીને અશેમ થરોસ્તા કરતા જાય અને બીજી ગમથી દાંત પીસીને બાજમાં હુકમ આપે કે 'ઉં–કુવલા, ભણી રૂવા આયું.' ઉક ભુંજુલો કુવુબ લુવજે. (મેં લખ્યું છ તેમજ મોટેથી વાંચી જોજો) તેમ અહીં નથી. લંડનમાં સઘળી જાતના મળી ઓછામાં ઓછાં ૧૫૦૦ દેવળો છે જેમાં કોઈનેબી જવાની છુટ છે. એકજ વાત મને પસંદ નથી ને એ કે સરવીસ પુરી થવા પછી ત્યાંને ત્યાંજ પઈસા ભેગા કરવા સારૂં ડાળી લઇને દેવળના નોકરો હારો-હાર ફરે છે. દેખાદેખીથી કોઈ કીમતી સીકકો નાખતું હશે પણ ધરમ સાથ આ રીતની માંગણીની નીસબત હું જોઇ શકતો નથી. દેવળો ઉપરાંત સંખ્યાબંધ જુઇશ સીનાગોગ છે. મુસલમીનોની મસજીદ છે પણ અજબ છે કે પારસી એબાદતખાનું નથી. કહેવત છે કે કોઈબી નવા મુલકમાં દજન ઈંગ્રેજ સાથે મળી ગયા તો એક કલબ ઉઘાડે અને બાર પારસી વસી ગયા ત્યાં પહેલી અગીયારી બંધાવે પણ લંડનમાં જયાં પારસીઓની વસ્તી ઝાઝી છે ત્યાં એવું કાંઈ નથી. વેલાતજ ખરૂં કેની!

લંડનનું બીજું સીતમગાર ખાતું ત્યાંની પોસ્ટ અને ટેલીગ્રાફ આફીસો છે. પોસ્ટ આફીસનો કારભાર એક

મોટાં જેવાં રાજયના જેવો કેહું તો ચાલે. કાંઈ લખ્ખો કાગળો એવાં આવતાં હશે કે જેનો પત્તો મળે નહી. આવાં કાગળો બેથી આઠ અઠવાડીયાં સુધી રાખી (લંબાણથી આવ્યું હોય તેના બીજાન પ્રમાણે) પછી આનવીલોપ ઉપર લખ્યું હોય કે "પ-તો નહી મળે તો પાછું વાળવું" તો મોકલનાર ધણીને પાછું પોહોંચાડવામાં આવે અને નહીંતો બાળી નાખે. ખુદ લંડનમાં વડી પોસ્ટ આફીસ ઉપ્રાંત ૨૭૦ લત્તા લતાની આફીસો છે અને ૩૬૦૦ પોસ્ટ બાકસીસ છે. પોસ્ટ આફીસોમાં ૧૭૦૦૦ કામદારો સવારથી રાત સુધી કામે વળગેલાં રહે છે. આ ગંજાવર ખાતાં ઉપર સાધારણ દીવસેબી એટલો મોટો દરોરો પડે છે કે તેની સંખ્યા મેં ઘણી તજ-વીજ કીધી પણ મળી શકી નહી. કેહે છે કે ક્રીસટમ-સના દહાડા ઉપર પેલા એબલગામણા ગ્રીટીંગ કારડોને લીધે મોહોલ્લે મોહોલ્લે મસ્ત મોટાં ગાડાંઓ ભરીને પોસ્ટમેનો વેહેંચવા નીકળે છે.

એજ મીસાલ ટેલીગ્રાફ આફીસનુંબી સમજવું. છ પેનસમાં તાર મોકલી શકાય એટલે સુખી જીવડાઓ ચીઠી લખવાની તસદી શું કામ લે? ધણીઆણીને આફીસમાંથી લખે "ડીઅર, કામ ઘણું છે જમી લેજો" કે કાસલ પતી. વળી ખુબી શું છે કે તાર લખીને તાર આફીસમાં મોકલવાની જરૂર નહી. છ પેનસનો તઇયાર સટાંપ મારેલા તારના ખાલી ફારમ મળે તેપર

લખીને કોઈબી નજીકના પોસ્ટ પીલરમાં નાખ્યો કે ચાલ્યો તમારો તાર! ખુદ લંડનમાં ૨૦૦ ટેલીગ્રાફ આફીસો છે. કામ એટલી ઝડપથી ચાલે છે કે તમે એક પ્રીપેડ તાર નાખો અને પા કલાક ત્યાંજ થોભી જાવો તો પાછો જવાબબી મેળવી શકો. પણ અગાઉ જેટલી ટેલીગ્રાફની ગરજ ઘણે દરજ્જે ટેલીફોને તોડી છે. ખરેખાત માનવી જાતે હવે તો અવધીજ કરેલી કહેવાય. ઘણાંખરાં દરેક ઘરમાં હવે તો ટેલીફોન છે અને પાંચ મીનીટમાં તમે આખ્ખાં લંડન સાથ અથવા ચાહો તો પારીસ સાથ વાત કરી શકો. ઓરડે ઓરડે અને ટેબલે ટેબલે ટેલીફોન એટલે ઉઠીને બીજા ઓરડામાં વાત કરવાનીબી જરૂર રહી નથી.

જેવું તાર આફીસનું ને પોસ્ટ આફીસનું સુખ તેવુંજ પારસલ પોહોંચાડવાની સગવડ. મુંબઈમાં તો તમારે એક બોચકું મલબાર હીલથી કોટમાં મોકલવું હોય તો ઘોડા-વાળા બાયાજીને ભાઇબાપા કરી હાથમાં બેઆની સેરવી દઇ મોકલવો પડે અથવા તો ખાસ કુલી કરવો પડે. લંડ-નમાં તેમ નથી, ત્યાં એક મોટી પારસલ ડીલીવરી કંપની છે જેના ગાડાં સારો દાહાડો મોહોલે મોહોલે ફરતાંઅને પારસલો ભેગાં કરતાં રેહે છે. બારીએ ડોકયું કીધું અને જેવું ગાડું મોટા અક્ષર સાથ નજરે પડયું કે તુરત તેને પારસલ આપી દીધું કે ખલાસ. તમારાં મકાનથી ત્રણ માઇલની આ-સપાસ કોઇબી ઠેકાણે ૪ રતલની અંદરનું પારસલ

પોહોંચાડવાની ફક્ત ૩ પેન્સ, અરધા મણનું તેની છ પેન્સ. બારીમાંથી ડોકું તણાવ્યા કરવાંનીબી જરૂર નહીં. C. P. એવા અક્ષરનું એક પાટીઉં રાખી મેલવું અને જ્યારેબી તમને કાંઇ પારસલ આપવું હોય ત્યારે તે બહાર દરવાજા ઉપર ઓળવવું કે ગાડું પોતાની મેળેજ આવીને ઉભું રહેશે. આટલી બધી સગવડ છતા જાણે ઓછું હોય તેમ બીજીબી સગવડ છે. લંડન ટાઇમસનાં માલેક સર એડવરડ વાલટરે એક ટોળી ૧૮૫૯ ના સાલમાં સ્થાપી હતી. તેમાં સઘળા સારી ચાલના ખાત્રીદાર પેનશનવાળા સોલજરોને રાખ્યા છે જેઓ કીમતી પારસલો અથવા કાગળો લઈ જવાનુ કામ બજાવે છે. તેઓને લીલા રંગનો ડ્રેસ અને પીતલનું બક્કલ આપેલું છે, જેથી તેઓ ઓળખાઇ આવે છે. એક મૈલના ૩ આના યાને એક કલાકના છ આનાનો દર મુકરર કરેલો છે.

પણ એક નવાઈ જેવી સંસ્થા હમણા કામમાં આવી છે તે નોંધી લેવાજોગ છે. લંડનમાં સાથે ફરવા, દુભાશીયા તરીકે કામ કરવા, દુકાનોમાં ખરીદી કરવામાં સાથે જવા માટે બાનુ ભોમીઆઓની આસોસીએશન છે. એકલા મરદો સાથે તેઓને મોકલવામાં આવતી નથી, પણ મરદ સાથ સ્ત્રી હોય તો ચીંતા નહીં. આ બાનુ આસોસીએશન ખાલી ઘરોનુ રજીસ્ટર રાખે છે તેમજ કયાં કયાં સારાં બોરડીંગ હાઉસીસ છે તે શોધી

કાહાડવામાં મદદ આપે છે. તમે અગાઉથી તાર કરો તો તમને હોટેલોમાં ઓરડાઓ એનગેજ કરી આપશે. તમે માંગો તો તમારી મુસાફરી માટે રેલવેની સીટ એનગેજ કરશે અને ટુંકમાં લંડન જનારા નવા સવાને જેબી કાંઈ અગવડ પડે તેનો નીકાલો કરી આપશે. એક લેડી ગાઈડની ફી, આખ્ખા દીવસની ૧૦ શીલીંગ.

લંડન! લંડન! મેં ઘણુંખરૂં આખું યુરોપ જોયું છે પણ લંડનની આગળ તે સઘળાં પાણી ભરે છે સીત્તેર લાખ માણસની વસ્તી! દરરોજ રાતના ૫૦૦૦ મકાનો તો તમામ ખાલી પડે કારણ કે કામ ધંધો કરનારાઓ ટ્રેનોમાં ચાલી જાય. ફક્ત લંડન ટાઉનની વારસીક મ્યુનીસીપાલ આવક દશ કરોડ રૂપીઆ. ફક્ત લંડન ટાઉનમાંજ એક મોહોલામાંથી બીજા મોહોલામાં એક લાખ ગાડીઓ પસાર થાય, અને એકવાર એક પરવારતાએ સેન્સસ લેવાયો તે મુજબ એક ગીચ મોહોલામાંથી ૨૪ કલાકમાં બાર લાખ માણસ પસાર થઈ ગયું! લંડનમાં ૮૦૦૦ મોહોલા છે અને તેને જો છેડે છેડા વળગાડીને લંબાવ્યા હોય તો ૩૦૦૦ મૈલ થાય. લંડનમાં ૬ લાખ ઈમારતો છે અને ૮૦૦૦ દારૂના પીઠાં છે, ૧૭૦૦ કાફી હાઉસો છે, અને ૫૦૦ હોટેલો છે. ફક્ત લંડનનીજ પબલીક ઈમારતોની કીમત લગભગ એક અબજ રૂપીઆ જેટલી ગણાઇ છે. આ સઘળાં સાથે લંડન સીટીનું એકલાનું દેવું માત્ર પાંચ

અબજ રૂપીઆનું છે!! બોલો હવે, તમે મુંબઈગરાઓ ફુંફાં શાના કરી રહ્યા છો. આ આંકડા ગળે ઉતારો અને પછી બીજી લાંબી ટુકી કરજો.

પ્રકરણ ૧૮ મું.

મારા ઇષ્ટ મીત્રોને તો ઉના ઉના મોહ સવાદીઆં જોઇએ છે. જ્યાં સુધી નાજુક આંગળાવાળી નાઝનીનોનાં ચીત્ર આપ્યાં ત્યાં સુધી બધાંએ હોંસે હોંસે વાંચ્યું અને સામી ફરયાદ કરી કે આમ જીણું જીણું શું પીરસો છો. પણ જ્યારે લંડનનું જાણવાજોગ થોડુંક જ્ઞાન આપવા માંડ્યું ત્યારે હવે ચોમેરથી પીખાઈ જાઉંછું કે અમને તો એવું જોઈતું નથી, પેલું ગળીઉં ગળીઉં કયારે આવશે. દોસ્ત મારા, આમ તમારી તલબ હું સમજી શકુ છુ પણ તે વાજબી ગણતો નથી. ગમે એવા હાસ્યરસ નાટકમાં કાંઈબી સેવટ સાર તો હોવો જોઈએ. બધુજ ચાઈ ચાઈનું આપું તો તમેજ કહેવા નીકળશો કે હું ઇંગલાંડમાં આંખ વીંચીને ફરયો હોઈશ. પણ ધીર ધરો આગળ બીજું ઘણું મીઠડું મીશટાન આવે છે. આ પ્રકરણમાંજ હું લંડનને છેલ્લી સલામ કરીશ પછી વળી ફરીથી જઈએ ત્યારે નવી વાત. પણ આ નવાઇ જેવાં શહેરપર

સદાનું ઢાંકણ વાળું તે અગાઉ બે ચાર શબ્દો વાંચી લેજો. ફ્રેંચોના જેટલા ઈંગ્રેજો બાહારના 'પોલાઈટ' નથી પણ એક વાર દોસ્તી પડી તો સાચ્ચા મીત્રો નીવડે છે. પણ સમજી જજો કે હું હીંદુસ્તાનમાં આવતા ઇંગ્રેજોને માટે બોલતો નથી. જાણવું કે ઈંગલાંડમાં ગ્રહસ્થ ગ્રહસ્થો સામાસામી મળે તો ટોપી માથાં ઉપરથી ઉંચકવાનો ચાલ નથી, તેમજ દુકાનોમાં દાખલ થાઓ ત્યાં કાફી શાપમાં, મ્યુઝીક હાલોમાં કે મ્યુઝીઅમોમાં પણ માથે ટોપી રાખીનેજ બેસવાનો અને ફરવાનો ચાલ છે, પણ સામી લેડી મળે તો ટોપી માથાં ઉપરથી ઉચકવી જોઈએ. લીફ્ટમાં ચહડ ઉતર કરતાં જો માંહે લેડી હોય તો ટોપી ઉતારીને હાથમાં રાખવાનો ચાલ છે. લીફ્ટમાં સ્મોક પણ થાય નહીં પણ જો અડધી સળગેલી બીડી હોય તો આંગળાં વચ્ચે પકડી રાખવાની અડચણ નથી. લંડનમાં ફાશનેબલ વીઝીટ કરવાનો ટાઇમ સાંજના ચારથી છ વાગતા સુધીનો છે. તમે અત્રેથી 'ઇનટ્રોડકશન' લેટર લઈ ગયા હોવ તો તે વીશેનો ખરો નીયમ તો એવો છે કે પોતે જાતે જઇને પોહોંચાડવો. સાથે આપણા કામ અને ઠેકાણાનો કાર્ડ લઇ જવો પણ જો બહુ આઘે રહેતા હોવ અને બીજી અડચણને લીધે જવાને નજ બને તો ટપાલ મારફતે મોકલી આપવો, પણ સાથે દરગુઝર ચાહાવાનું કાગળ લખવું. મોટે ઘેરના 'ડીનર'નો ટાઈમ છ થી

નવ વાગતા સુધીનો ગણાય છે. જે કલાક ઈજનમાં લખ્યો હોય તેની પાંચેક મીનીટ અસુરેથી જવાનો રવૈયો છે.

સંભાળો—લંડનમાં ખીસા કાતરૂઓનો દોર ભારી છે અને કેટલાક સાહુકારો એવા ત્રીમ તરાક ડ્રેસમાં ફરતા રહે છે કે આપણે તેઓને ઓછામાં ઓછા મેમ્બર આફ પારલ્યામેંટ તો નકી સમજીએ. રસતામાં કોઈ ભલતા સાથેજ વાત કરતાં ખુબ સંભાળ રાખજો. કોઇ સાથ અડધો કલાકની ઓળખાણ પડી તો તેને આધારે કોઈબી જગાએ વાઈન કે ચાહ પીવા જવું નહીં, કારણે કે તમે પાછા જાગુત થશો ત્યારે તમે પોતાને કોઇ અણજાણી જગ્યાએ પડેલા અને લુટાયલા જોશો. કાંઈબી જાણવું હોય કે પુછપરછ કરવી હોય તો પોલીસમેન તમારી નોકરીમાં હાજર છે અને તેઓને એ બાબેની સખત તાકીદ કરેલી છે. પોલીસમેન નજરે ન પડે તો કોઇ મારગે જતા પોસ્ટમેનને અને તેબી ન મળે તો કોઇબી દુકાનમાં દાખલ થઇને નમનતાઇથી પુછવાની હરકત નથી. બને ત્યાં સુધી ગરીબ લોકાલીટીમાં રાતની વખતે ન જવાની હું સખત ભલામણ કરૂં છું. વળી એક બીજી શીખામણ સાંભળજો. મોહોલે મોહોલે ધરાધર લીલાંઉની દુકાનો જોશો. જ્યાં, સીલ્ક હેટ અને ફ્રાક કોટવાળો

ફાયર ઘાંટાં પાડીને માલ 'ખોટે' વેચતો જણાશે. તમારા જોવામાં આવશે કે એકકો લાટ સપાટામાં ઉંચકાઇ જતો હુશે અને પઈસા તડોતડ પગાર થતા જશે, પણ એ બધું સાતવાર ધોયલું હંબગ છે. આ ઠગારાં લીલાંઉઆનામાં જવું નહી.

મારી રખડપતીને દરમ્યાન મેં કેટલીક ઉપયોગી વીગતો કરી રાખી હતી ને હું આ ટાંકણે ફેંકી દઇ રદ કરવા માંગતો નથી, કારણકે તે મેળવવા મને ઘણી મેહેનત પડી છે. ગયાં સાલમાં યુનાઈટે કીંગડમમાં સઘળાં મળી લગભગ ૩૦૦ કરોડ કાગળો ટપાલ મારફતે વહેંચાયાં હતાં અને બુક પોસ્ટ માટે એક હજાર ન્યુસપેપરોના માલેકોએ નામ રજીસ્ટર કરાવયાં હતાં. એ ઉપરાંત બહારગામના વેલ્યુપેબલો અને પોસ્ટ કારડોની સંખ્યાનો નોંધ કરશો ત્યારે ત્યાંની પોસ્ટ આફીસ કેવી હશે તેનો કાંઈક ખ્યાલ આવશે. આફીસ તો જોવાને બને તેમ રજા મળી શકશે પણ સારેંજ ટેલીગ્રાફ આફીસ છે. એના બીજા બધા તો રહયા પણ સીગનલરોનો હોલ જોશો તો બસ છે. તેમા ૫૦૦ તાર મોકલવાના યંત્રો રાતદીવસ ચાલે છે. ભોંયતળીએ ૨૦૦ હોર્સ પાવરના ચાર ઇનજીનો ચાલે છે જેની મદદથી નળો મારફતે તાર એક ડીસ્ત્રીકટમાંથી બીજાં ડીસ્ત્રીકટમાં એક મીનીટમાં પોહોંચાડી શકાય છે. આખાં વરસમાં નવ કરોડ ટેલીગ્રામ દેશમાં ઉડતા ફરે છે.

મુંબઈમાં અગાઉ જમીન એક રૂપીએ ચોરસવાર વેચાતી તો તે ધણો સારો ભાવ ગણતો હતો. પચાસ સાહાઠ વરસની વાત ઉપર જે શેઠીઆઓએ, પરેલ, મઝગામ, નવરોજજી હીલ વગેરેની મોટા વીસતારની જગા રૂપીએ વાર લીધી હતી તેઓને આજે પચ્ચીસથી પચાસ રૂપીએ વાર ઉપજયાથી તેઓ નેહાલ થઈ ગયા છે. પણ ત્યાર પછી મુંબઈનો દાહાડો ફરી ગયો છે અને ભુલેશ્વર, કાલબાદેવી જગાઓ ત્રણસે રૂપીએ વાર વેચાવા લાગી છે. છેલ્લી એક બે જગા ક્રાફરડ મારકીટ આગળ સાતસો રૂપીએ વાર વેચાયાથી આપણા ડોળાં ફાટી ગયા છે. પણ આ સઘળાઓને કેહવા માંગું છું કે આપણે તો કુચ બીસાદમાં નથી. લંડનમાં ચીપસાઇડ લતાપરના જમીનના કકડાઓનો ભાવ દર ચોરસવારે રૂ૪૦૦૦ નો છે!

અલબત તમે લંડન જશો તો ત્યાંનું બ્રીટીશ મ્યુઝીઅમ તો જોવા વગર રેહશોજ નહીં. પણ તેમ કરવા માટે અને સમજવા માટે ઓછામાં ઓછું એક વરસ જોઇએ અને ગુરાને ખડીઆની જેલી ખવાડવી જોઇએ. એ મ્યુઝીઅમ નથી; એક નાહાનું શેહેર છે. હજારો વરસના હસ્ત લેખો જેની કીંમતજ થાય નહીં તેથી ઓરડાના ઓરડા ભરી કાહાડયા છે. આ મધ્યે આપણું માનીતું શાહાનામું અને પનોતી ઝંદ અવસતા ઘણી માનભરી જગા રોકે છે. ફકત

પુસ્તકખાનામાં સાહાઠ લાખ કેતાબોનો અખુટ ખજાનો છે. ઈન્ડીઅન ડીપાર્ટમેંટમાં હું ખાસ ઉલટથી જોવા ગયો હતો તો મને ઘણી રમુજ મળી. આપણે ચોખા ડાળ ભરીએ છઈએ તેવી કાળી લખોટેલી બરણીઓ જેની કીમત ઘણીનો દસ રૂપીઆ હશે તે ખાસ્સી ડાહી ડોહોરી થઈને હજાર રૂપીઆની કાચની કબાટમાં ગોઠવાઈને બેઠલી! તેમજ તપકીરવાળાની દુકાને જે બહુ ચીનાઈ બરણીઓ આપણે બચગીમાં જોતા હતા તે અહી પાદશાહી વૈભવ ભોગવે છે. નસીબદાર બરણીઓ! બ્રીટીશ મ્યુઝીઅમમાં જોવાનું તો ગંજાવર છે પણ એ સઘળું જોવા ને સમજવા જશો તો બીજું ચુકી જશો માટે મારી ભલામણ છે કે એક ઉડતી નજર નાખવા શીવાય વધારે તસ્દી લેવી ફોકટ છે.

છેલ્લાં લંડનને સલામ કરવા અગાઉ ત્યાંની હોસપીટલો માટે બે બોલ બોલવા વગર ચાલતું નથી. મારા દીલમાં ચોક્કસ બેસી ગયું છે કે દાદારની મેહેર બધીન્જ યુરોપખંડમાં ફેલાઇ ગઈ છે. જે કોઈને પઈસાની મવસર હોય તેને મોઈબી ગંભીર ઓપરેશન કરાવવું હોય તો વીલાયત જવું. એમ તો અહીં પણ કુશળ સરજીઅનો છે પણ ત્યાંનું હવાપાણી અને નરસીગ!! હું એકજ અંગત દાખલો આપુછું. અમારી સાથ એક પારસી બાનુ જુવાન, ખુબસુરત, પોતે

જાતે ડાકટર અને વળી ડાકટરની ઘણીઆણી ટયુમરથી હેરાન હતી. મારવું કે મરવું એવો મકકમ ઠરાવ કરીને તે એકલી અમારી સાથ વીલાયત આવી, અરે સમજો—આ વાર તેણીને પેહેલીવારના હમેલ હતા. પણ શું આ બાઇની હીમતની તારીફ કરૂં. લંડન ઉતરતાનેવાર પોતાના ઘણીના ઉસતાદ નામાંકીત સરજીઅન સર ફ્રેડ સટન પાસે જઈ પોહોંચી. તેણે મત આપ્યું કે કાલનું કાલ ઓપરેશન થવું જોઈયે. મીડલસેકસ હોસ્પીટલમાં બીજેજ દીને ગંભીર ઓપરેશન થયું તેમાં બે મોટાં ટયુમર અને એક ચાર માસનું બાળક કાહાડવામાં આવ્યું અને આઠમે દાહાડે અમે મળવા ગયા ત્યારે બાઇ ખુશાલ હસ્તી પડેલી હતી. જાણે કાંઇ હોયજ નાહી તેમ તે તંદરોસત પાછી અત્રે ફરી છે. એજ મુજબ ત્યાં જગેજગ નર્સીંગ હોમ છે, જ્યાં ઉસ્તાદ સરજીઅનો પોતાના બીમારોને લઇ જઇને ઘટતું વાહાડકાપ કરીને બે દાહડામાં ઉભા કરે છે. અમારા એક પારસી મીત્રને ત્યાં રાખેલા હતા તે જોવા હું ગયો ત્યારે ત્યાંની સ્વચ્છતા, નરસીંગ સીસટરોની કાળજી, ખોરાકીની માવજત વગેરે જોઇ હું મન સાથે બોલ્યો કે યા ખોદા આવી હાલતમાં મુએલું માણસબી ઉભું થાય. અરે આપણા દેશોનો આવો દાહાડો કયારે આવશે.

ચાલો લંડન, પ્યારાં શેહર, વેપારી ધામ અને દુરભાગણીઓના મુકામ તને છેલ્લી સલામ. આવતે

પ્રકરણે મારી સાથે સ્ટેશન ઉપર જવાનું છે, કારણકે હવે સ્વારી સ્કોટલંડ તરફ ચાલવાની તૈયારી છે. ખોદાનું ચાહ્યું છે તો વળી ત્યાંનું કાંઇ નવુ નવું જોઇશું.

- - -

પ્રકરણ ૧૯ મું.


એ શું વચનમાં વીંટળાયો છું! કેવું ખાસ્સું મારૂં ગળ્યું દાસ્તાન હસી હસીને વંચાતું હતું તેમાં આ કમ ભાગ્યના રંગુન્યા તુરંગે રંગમાં ભંગ કરી નાખ્યો છે. ઘણા વરસથી ઉમેદ હતી કે સ્કોટલંડ જાવું અને ત્યાંના દુન્યાવર્હાના સરોવરો જોઈ સાચું મત આપું કે આ બધી વખાણ ખરી છે કે બારા કોસકા માંડવ. 'ફલાઈંગ સ્કાટમેન' નામની ટ્રેન અમથી કલાકના ૭૦ થી ૮૦ મૈલ દોડતી હશે પણ ચીંતા કરશો ના—કેમજે તમારી જીંદગીનો વીમો થોડી શીલીંગ માટે ઉતારે છે, તે છતાં હું સખ્ત ભલામણ કરૂં છું કે પહેલો કલાક દાંત પીસીને અશેમ યથા ભણવામાં કહાડવો.

પહેલવહેલો એડીનબરોમાં પગ મુકયો તે વાર મને શું લાગ્યું તે કહું? જાણે સ્ટીરીઓસકોપમાંથી કોઈ ફેનસી પ્લેટ જોતો હોવું. પાહાડની ઉપર બંગલાની હારોહાર અને વળી તે ઉપર બીજી હાર અને તે

ઉપર ત્રીજી હાર, એ પ્રમાણે છેક આસમાનસે હાર લાગેલી. રસતા તો એવા સ્વચ્છ કે જાણે ઉપર બેસી જઇને ભાણું જમીએ, અને ચુપાચુપ ! આહ ! લંડનની ક્યાં ગડબડ અને અહીનું કેવું શુમસાન ! કહે છે કે ગ્રેટબ્રીટનનાં સર્વે શેહેર કરતાં - એડીનબરો ખુબસુરત શેહેર છે. તેમ છે ખરૂં, પણ લંડનની ઝમક અને ત્યાંની દુકતીઓની ધમક જોવા પછી અહીં નવરૂં નીછટ લાગે છે. જેઓએ નામાંકીત વોલટર સ્કોટની બેમુલ કથાઓ વાંચી હશે તેઓને મનથી એ-ડીનબરો એક બેહેસ્તખાનું છે. પણ હુ શેહેરમાં ફરૂં અને તેનુ વર્ણન આપું તે અગાઉ ત્યાં જતાં માર્ગમાં શુ જોવાનું છે તે જણાવીશ. કુકને ત્યાંથી મુસાફરે એક અખંડ ટીકીટ લેવી. તે છેક તમને સ્કોટલંડના હાઇલંડની ટોંચ સુધી ફેરવીને પાછા લાવશે. ત્રેનમાંથી ઉતરયા કે લાક લોમંડ અને લાક કેટરીન સરોવરમાથી નાની સ્ટીમરોમાં સવાર થઈને જવું પડશે. તે પાર થઇ ઉતર્યા કે કીનારે બે અથવા ચાર ઘોડાની શારાબેંક (ચારટ) મા સવાર થઈને વળી નવ દશ મૈલ કાપ્યા કે પાછી ત્રેન. તેમાં બે કલાક પસાર કીધા કે એક બીજો નાનો સરોવર. તે ખલાસ થયો કે વળી ઘોડાની ચારટ. એમ હરતા ફરતા હાઈલંડ પ્હોંચાય છે. પણ જરાબી ઠાક કે અગવડ પડતી નથી કારણ કે નાની સ્ટીમરો ઉપર કુમીસતાની સઘળી ગોઠવણ મજબુત છે, અને સરોવર એવા થાળી જેવાં શાંત છે કે જાણે



હાઈલાંડસમા મુસાફરી—સ્કાટલંડ. સફે ૧૬૨




પ્રીન્સેસ સ્ટ્રીટ—વાલટર સ્કાટ મીનારો એડીનબરો. સફે ૧૬૩.

મખમલની તળાઈ ઉપર રબરના ગોળા ઉપર ગબડતા હોઈએ. આસપાસના દેખાવ, પહાડોની ઘટા, અવારનવાર ચરતાં બકરાંઓ, બેગપાઈપ વગાડતા હાઈલાંડરો, તેના સરોદ ઉપર નાચતી છોકરીઓ એ જોતા વખત જાણે કેમ ઉડી જાય છે તે જણાતો નથી.

જાણે એમ સમજો કે એડીનબરો ઉતરયા. પહેલો અંદેશો આ થશે કે હાડકાં કયાં ઠેકાણે પાડવાં? મારો અનુભવ આ બાબદમાં ઝાઝો છે, તેથી લખું છું કે લાંબા દીવસ રહેવું હોય તો ત્યાંના મસ મોટાં રેલવે હોટેલોમાં ઉતરવું નહી. કાયદા સખ્ત છે, ભાવ ઝાઝા છે અને હીસાબની ધાંધલ ભારી છે. અલબતાં ઈમારત એટલી મોટી છે અને ઓરડા એટલા બધા છે કે સઘળો દેખાવ એક મોટી બરાખને મળતો આવે છે. મારા વીચાર પ્રમાણે સર્વેથી સુતરૂં હોટેલ 'રોયલ હોટેલ' ૩૦૦ ઓરડાવાળું છે. એડીનબરોનો સર્વેથી વીશાળ મોહોલો પ્રીન્સીસ સ્ટ્રીટ કરી કહેવાય છે તેની ઉપર નામાંક્ષીત વોલટર સ્કોટનો યાદગાર મીનારો ૨૦૦ ફીટ ઉંચો ઉભો કરેલો છે તેની બરાબર સામે આ હોટેલ આવેલું છે. એડીનબરો જાઓ તો આ મીનારો છેક ઉપર જઈને જોવાને ચુકતા ના. માહેથી ઉપર જવાની સીડીઓ છે અને ફી માત્ર નામની છે. સામેજ એક પબ્લીક ગારડન છે તેનું બ્યાન આપવાની મારામાં તાકાત નથી. એકજ ચીજ જે ખરેખર હેરત

પમાડનારી છે તે એ કે જમીન ઉપર એક મોટાં ઘડી યાળના આકારની તખતી ઉંગાડી છે. આ ચકરડું ઓછામાં ઓછું બાર ફીટ ડાયમીટરમાં હશે. તે ઉપર કલાકના અક્ષર પાડયા છે તેબી લાલ લીલાં ફુલ ઉગાડીને દેખાડયા છે અને કાંટા જે સુમારે છ ફીટ લાંબા છે તે પણ ફુલ ઉગાડીનેજ બનાવેલા છે. આ કાંટા ભોંયમાં છુપાવેલા સંચાથી ચાલે છે અને ઉપલું ઘડીયાળ બરાબર ટાઈમ આપે છે! જેઓએ સ્કોટલંડની વીચીત્ર તવારીખ વાંચી હશે તેઓએ બેશક હોલીરૂડના પાદશાહી મેહેલ અથવા કીલ્લાનો અભ્યાસ કરયોજ હશે. આ ઈમારત જોવા પછી એક જાતનો દીલમાં અંદેશો પેદા થાય છે કે ગમે એવી પાદશાહી ગરદનબી જમાનાની જફાથી ખાલી નથી. માંહે દાખલ થવાની કશી ફી પડતી નથી. કહે છે કે સ્કોટલંડના એક આગલા રાજા સાથ સેક્સનીની શાહાઝાદી પરણી આવી ને પોતાની સાથે એક ક્રુસ લાવી હતી. જે ક્રુસ ઉપર ખુદ ઇસુ ખ્રીસ્તને ખીલા ઠોકીને મારી નાંખવામાં આવ્યો હતો. તે ખરા ક્રુસનો એક નાનો કટકો એક ગુરજમાં જડેલો હતો. જ્યારે આ રાણીના બેટા અને સ્કોટલંડના રાજા દેવીડના હાથમાં આ ગુરજ આવ્યો ત્યારે તે હંમેશ પોતાની સાથે શેકારે લઇ જતો. એકવાર એવું બન્યું કે શેકારમાં એક જબરદસ્ત હરણ સામે થયું. પણ દેવીડના હાથમાં ઉપલો પવીત્ર ગુરજ હોવાથી તે નાસી ગયું



ઘાસપર ઉગાડેલુ ખરૂ ઘડીઆલ એડીનબરો. સફે ૧૬૩

અને પાદશાહનો જાન બચ્યો. આ બનાવની યાદગારીમાં કીંગ ડેવીડે એક દેવળ બંધાવ્યું અને તેનું નામ "હોલી-રૂડ" એટલે પવીત્ર કરૂસ રાખ્યું. પાછળથી તે પાદશાહી મેહેલ થવા પામ્યો. ગમે તે હોય પણ માંહે પાદશાહી વસવાટ જેવું તો કાંઈ નથી. કાળા પથ્થરની ઈમારત છે અને નાના ઓરડા, મોહોલાનાં ઘર જેવા દાદરો અને સાધારણ બારીઓ સીવાય મને તો બીજું કાંઇ જણાયું નહી. કેટલોક ભાગ જાહેર પ્રજાથી બંધ રાખવામાં આવે છે તેમાં કાંઇ કરામત હોય તો કોણ જાણે. પણ સરવેથી જોવાલાયક અને વીસમય પમાડ-નારા ક્વીન મેરીના સુવાના ઓરડા છે. આ કમભાગ્યની રાણી ૧૫૬૫ માં અરલ લેનોક્સના બેટા લોર્ડ ડાર્નલી સાથ પરણી હતી. આ શાદીથી ઈંગલંડના રાણી ઈલીઝાબેથ બહુજ ખફા થયાં કારણ કે આ જોડાણથી ઈંગલંડ અને સ્કોટલંડ બંનેની ગાદી ઉપર ક્વીન મેરીનો હક વધારે મજબુત થયો. લોર્ડ ડાર્નલીના બેસવાના ઓરડાનું એક બારણું ઉઘાડતાં એક નાનો દાદર નજરે પડે છે. કહેવામાં આવે છે કે આ દાદર વાટે ક્વીન મેરીના ઓરડામાં જવાઈ શકાતું હતું. હું ક્વીન મેરીના પોઢવાના ઓરડામાં જઈ આવ્યો છું અને જે પલંગ ઉપર આ કમભાગ્યની રાણી સુતી હતી તે પણ જોયો છે. પલંગની આસપાસ ક્રીમસન સાટીનની ઝાલર લગાડી છે અને બધું જરી પુરાણા જેવું કોહી સડી ગયું છે. આ ઓરડાનું એક નાનું બારણું

ઉઘાડયું કે બીજો નાનો દાદર જણાય છે જે વાટે રાણીજીનો માનીતો ગાયનકાર રીજીઓ જે ઓરડામાં રહેતો હતો ત્યાં જવાય છે. અલબતાં રીજીઓ કાકાએ કાંઈ ગેરસલુક ચાલ ચલાવી હશે, કારણકે એક રાત્રીએ અચબુચ કેટલાક ઉમરાવો આ દાદર વાટે ચહડી આવ્યા અને રીજીઓને પકડીને ત્યાંનો ત્યાંજ મારી નાખ્યો. જે જગા ઉપર તેને મારયો ત્યાં તેના લોહીના ડાઘ હજી છે અને તે સઘળા વીજીટરોને બનાવ્યાનાં આવે છે. હોલીરૂડ કેસ્ટલની બહાર ટુકા ઘાઘરાવાળો હાઇલેનડર સોલજરોની ગાર્ડ ન હોય અને પાદશાહોના ઓરડા છે એમ કહેવામાં ન આવે તો હું એ કાળી ઈમારતને શું નામ આપું તે હાલ કહી શકતો નથી. બહાર નીકળતાં એક નાની બંગલી જેવી છે તે જોવાની યાદ રાખજો. તે ઉપર પીરામીડ આકારનું છાપરૂં છે અને તે કવીન મેરીનું હમામખાનું એવાં નામથી ઓળખવામાં આવે છે. કહે છે કે આ હમામખાનામાં ખુબસુરત કવીન મેરી પોતાની જુવાની જાળવી રાખવાને પાણીને બદલે સફેદ વાઈનમાં સનાન કરતી હતી.

એડીનબરોમાં જેટલી કોલેજો અને યુનીવરસીટીઓ છે તેટલી આખાં ઈંગલંડમાં નથી એમ કહેવાય છે. વીદ્યારથીઓની આમદ પણ ત્યાં ઝાઝી છે, કારણ કે કેળવણી સસતી છે અને લગાર સેહેલી છે. ઈંગલંડની કોલેજો અને હોસપીટાલોની માફક અદેખાઈના છાંટા



ક્વીન મેરીનો બેડ રૂમ. સફે ૧૬૬.

હોલીરૂડ પાલેસ—એડીનબરો.

હજી અહીં ઉડયા નથી. જો કે હમણા હમણા સેહેજ અસર જણાવા માંડી છે. આપણા જરથોસ્તી ભાઇઓને રેહેવા માટે ઉદાર દીલના સર શાપુરજી ભરૂચાએ એક કુસાદે મકાન સ્થાપ્યું છે. ત્યાં ખાવા પીવાની અને વીધ્યાભ્યાસ કરવાની સઘળી સામગ્રી હાજર છે પણ હું ગયો ત્યારે ત્યાં ફકત એકજ જરથોસ્તી વીધ્યારથી રહેનો હનો. દારૂ પીવાની બદીને તમે હજાર વાર ઢીંગો પણ એમાં સંડોવાયલા જે વેપારી જોશો તો મંડાઈ ગયલા જણાશે. આ કારણને લીધે ઈંગલંડમાં 'પીઅરેજ' એટલે ઉમરાવપદને મશખરીમા 'બીઅરેજ' કરી કહેવામાં આવે છે. આ લખવાનું મને એટલા ઉપરથી સુજયું છે કે એડીનબરોમાં સરવેથી મોટી હોસપીટાલ અને વીદયાલયો ત્યાંના બે મોટા કરોડપતી દારૂવાળાઓએ સ્થાપી છે. તમે જો દારૂ પીનાર હશો નો વીહીસ્કી બનાવનાર એનડરૂ અશરનું નામ સાંભળ્યું હશે. આ એનડરૂ અશરે એક યુનીવરસીટી સ્થાપી તેમા કાંઈ લખો રૂપીઆ આપ્યા છે. બીજું એક કેળવણી ખાતું બીઅર બનાવનાર મી૦ મેકયુઅનને આભારી છે. બીઅર બનાવનાર તેનંટ અને બાસ વાળા પણ ઉમરાવપદ પામ્યા છે. ઓ મુંબઈવાળા શેઠો ડી. સી. ઉમરીગર અને બારીઆ, કઠોક અને શરાફ, પરવરદેગારની મેહેરથી અને દારૂની લેહેરથી તમારે ત્યાંબી ટંકસાલ ચાલે છે પણ ઉમરાવપદ માટેનો તમારો વારો ક્યારે આવશે?

એડીનબરો જવું અને ત્યાના ફોર્થ પુલ નહી જોવો એ ખાંડ વગરની ચાહ બરાબર છે. આજના ઈનજી-નીઅરીગ જમાનાનો આ માહાભારત જંગી ચમતકાર છે. એડીનબરોનો એક ભાગ વચ્ચે ટે નદી આવવાથી છુટો પડી ગયો હતો એટલે આ લોહોડાંના રાક્ષસને આડો પાડીને આ ધર્થી એક કરી નાખી છે. આ પુલ ઉપર સવાત્રણ કરોડ રૂપીઆનો ખરચ થયો છે એટલા ઉપરથીજ એના કદની સમજ પડશે. આ બે છુટા પડી ગયલા ખંડોની વચ્ચે એક મૈલનો અંતર હતો, પણ વચમાં એક ખડક આવી જવાથી ઇનજીનીઅરોને લાગું કે પુલ નાખી શકાશે. વચમાં અરધા મૈલનું પાણી પણ તે બસો ફીટ ઉંડું એટલે વસઇના પુલની પેઠે ભુગળાં ઉપર તો પુલ બંધાઇ શકાયજ નહી. જે કાંઇબી કરે તે પાણીની ઉપરજ થવું જોઈયે, એટલે બે span એટલે જે બે ખાભાં ઉપરજ આ પુલ લટકેલો છે. દરેક ખાભું ૧૭૦૦ ફીટ પોહોળું છે.

આ આરકાં એવાં જબરદસ્તે બાંધ્યાં છે કે ગમે એવાં તોફાનને મચક આપે નહી અને ધરધડાક ટ્રેનો દોડી જાય તો ધુજે નહી. આ આખો પુલ ૮૦૦૦ ફીટ લાંબો છે અને પાણીથી ૧૫૦ ફીટ ઉચો છે. મેં ઘણાક ઉમદા બાંધકામો જોયાં હશે પણ આ ફોર્થ બ્રીડજ જોઇને હું તો અક્કલ હેરાન રહયો છું.

અમે ત્યાં હુતા ત્યારે ગ્રામના ડ્રાઈવરો અને કંડકટરો-એ હડતાળ પાડી હતી. આ લીધે ચાર દહાડા સુધી જાણે શેહૅર માહેતમમાં પડયું હોય એવો દેખાવ થઇ રહ્યો હતો. દરરોજ સાંજના જાહેર બાગમાં સભાઓ મળતી અને ત્યાં આ ખંતીલા હડતાળીયાઓ એકેકાં એવાં કઠણ ભાશણ કરતા કે જો તેનો પચાસમો ભાગબી અત્રે બોલવામાં આવે તો ભાશણ કર્તાના પોરીઆં રડી રહે. રવીવારનો દહાડો સકાચ લોકો ઘણોજ—અતી ઘણો પવીત્ર ગણે છે. તે દહાડે અલબતાં કાંઇબી કામ તો નહીજ કરાય પણ હસતું મોહોડુંબી નહી રખાય, લાઇટ લીટરેચર યાને કાંઇ રમુજી વાંચણબી ન વંચાય. પણ દારૂ પીવાની હરકત નથી! તેથી જેમ ધર્મી વધારે તેમ ફ્રેકારની વાસબી વધારે! મારા વહાલાઓની આંખ ભીજેલી અને રડતી પણ ગમ મારવાને માટે જરા જરા વીહીસ્કી તો ઓગળ્યા કરવોજ જોઇયે.

ત્યાં ફરવા હરવાને માટે ખાસ ગાઇડની જરૂર નથી કારણ કે જે ભાડેની ગાડી લ્યો તેના કોચમેનો એવા હુશીયાર અને કેળવાયલા હોય છે કે તમને બધું ખુશીથી સમજાવે છે. અમારી સાથવાળો ડ્રાઇવર બડો ઉસતાદ હતો તેણે એક કથા કહી તે ઉતારી લેવાજોગ છે. કહેજે એકવાર સ્કોટલંડના રાજા જેમસને ચટાપટી થઈ કે બચું કુદરતી રીતે કાંઇબી શીખવ્યા વગર કઇ ભાશા બોલે. અખતરા માટે તેણે બે બાળકોને એક મુગા

રખેવાલના ચાર્જમાં એક ટાપુ ઉપર એકલાં રાખ્યાં. આ ટાપુ ઉપર કોઈને જવાની સખત મનાઈ હતી. છોકરાં મોટાં થયાં ત્યારે પોતાની મેળે પોતપોતામાં સકાચ ભાશામાં વાત કરવા લાગ્યાં! હાંક સલેમાન ગાલ્લી!

નામાંકીત જાન નાક્સ, વાલ્ટર સ્કાટ, બલાકઉડ માગેઝીન વાળો મી૦ બલાકઉડ, દુન્યા વર્ણ કવી રોબર્ટ બર્નસ વગેરે અહીંજ રેહતા હતા અને તેમના ઘરો દેખાડવામાં આવે છે જે મોહીખાનાના રૂ૧૫ વાળાં ભાડાંના ઘર જેવાં છે પણ ચતુર સતાવાળાઓએ તે એમના એમ સાચવી રાખ્યાં છે. અગાઉ એડીનબરો કેટલું ગરીબ હશે તેનો એકજ હસવાસરખો દાખલો આપું છું. કહેજે ઘરનુ ધોયલું મેલું પાણી કાહાડવાની ગટર કે નળો કે ગાડાં એવું બીજું કાંઇ હતુંજ નાહીં. એટલા માટે રોજ ધંધેરો પીટાવવામાં આવતો કે "આઈકા લોક બાઈકા લોક, આજે હાઇ સ્ત્રીટ મધે બરાબર બપોરના બાર વાગતે મેલું પાણી બારીએથી રસતા ઉપર ધોળી નાખવામાં આવશે, માટે સઉ સઉએ પોતાની સંભાલમાં રહેવું!" આહ! કેવો સુતરો ઈન્સાફી સંદેશો! આપણા મોહોલાઓમાં પારસીના બૈરાંઓ કચરાનું પાણી નખીને વટેમાર્ગુને અવાર નવાર વધાવી લે છે અને ગાળ ખાય છે તેઓના બાબમાં આવો કાયદો કાહાડવામાં આવે તો કેટલી રાહાત થાય?

પ્રકરણ ૨૦ મું.

એડીનબરો ખલાસ થયું કે સ્કાટલંડનું નામીચું વેપારી શેહેર ગ્લાસગો જે ફક્ત એક કલાકના રસતાપર છે તે બચારાંએ શું ચોરી કીધી? આબાદ બીજું મુંબઇ જોઈ લ્યો. મોટો ઘોરી ભાગ તે જાણે કોટેકોટ અને નાહેનો ભાગ નરૂં કાળબાદેવી અને નળ બજાર. પણ શું ત્યાંનો વેપાર અને શું ત્યાંની ધુમછેરી! દરીઆની સ-ફીલ તરફ જાઓ તો સેંહુકડો નવી સ્ટીમરો બંધાતી ચાલી છે અને હજારો કારખાનાંમાંથી હથોડાના અવાજ અને ધુમાડાના ગોટે ગોટા નીકળતા જણાય છે. વસતી સુમારે આઠેક લાખની હશે. એકજ ચીજ ત્યાં છે જે આપણી તરફ નથી. તે ચીજ જમીનના પેટામા ચાલતી અંડર ગ્રાઉન્ડ રેલવે છે જે લોહોડાંના દોરડાંથી ખેંચાય છે અને આખો દહાડો શેહેરની આસપાસ ચકરડી ખાયા કરે છે. સઘળાં મલી ૧૫ સ્ટેશનો હશે. એકવાર દાખલ થઈ બે પેન્સ આપીને બેઠા કે જોઈએ તો આખો દાહાડો ગોતાં ખાયાજ કરો. ચાર સ્ટેશન સુધી જવાની એક પેન્સ. દર ત્રણ મીનીટે ત્રેન એકની પાછળ એક આવ્યાજ કરે. ફરસટ કે સેંકડ ઠરડ કલાસની વાતજ નહી. સઘળા એકસરખા, પછી લાર્ડ હોય કે મોચી હોય. કેહેછે કે ગ્રેટબ્રીટનની હકુમતમાં સવર્થી દોલતમંદ, સરવેથી ઉદ્યોગી સીટી લીવરપુલ છે અને તેથી બીજે નંબરે ગ્લાસગો છે. ઇનજીનો બનાવવાના

કારખાનાં અને કોલસાની ખાનો અને સુતરનાં કારખાનાં જેટલા ગ્લાસગોમાં કકડી જાય છે તેટલાં બીજાં ગ્રેટબ્રીટનના કોઈબી શેહેરમાં ન હશે એવુ મારૂં માનવું છે. પણ મારા જેવા ઘેરબારના સુખીઆરાને માટે આ શેહેર કાંઇ કામનું નથી. એડીનબરોના જેવી ખુબસુરતી, શાંતી અને હવા અહીં નથી. તમને વાહાણ બાંધવાનાં ગંજાવર કારખાનાં જોવા હોય તો ત્યાં જજો બાકી આંખને ઠંડક આપવા અથવા આસાયસને માટે જવાની જરૂર નથી.

પણ ચાલો હવે આપણે મારી બચગીના સ્વપનામાં જવું છે. હું નાનો હનો ત્યારે પાંઉમારકીટ આગળ દારૂ પી છાકટા થયલા હાઇલાંડરોને જોતો હતો તે વારે મને આ "ઘાઘરા રીજમીટ" ના ઉઘાડાં તેટાં જોઇને બહુ હસવું આવતું હતું. આ રીજમીટ મેં પહેલ વેહલી એડીનબરોમાં જોઇ પણ હવે તો ખુદ હાઈલાંડમાંજ જવું છે એટલે બધાજ ઉંઘાડા પગીઆ જોયાજ કરશું એવા ખ્યાલમાં હું હતો પણ તેમાં હું તદન નાસીપાસ થયોછું. હાઈલાંડમાં એકબી ઘાઘરાવાળો નજરે પડયો નહી. કેહેછે કે ઈંગલાંડ સાથ સ્કાટલંડને ખુનખાર લડાઈઓ પછી જોડી નાખ્યું ત્યારથી સ્કાટીશ લોક એટલા નારાજ થઇ ગયાં કે તે લોકોએ ઘાઘરા કાહાડી નાખ્યા અને હવે સ્કાટલંડની છેક ઉતર ટોંચથી તે દક્ષીણ હદ સુધી કોઈબી ઘાઘરા ઘાલતું




કેલીડોનીઅન કનાલ. હાઇલાંડસ—સ્કાટલંડ. સફે ૧૭૩.

નથી. અગાઉ હાઈલાંડના પાહાડો ઉપર જુદી જુદી, ‘કલ્લાનો’ યાને હરીફ તાયફાઓ પોતાના ચીફને રાજા ગણીને વસ્તી હતી અને અવારનવાર એકેકના તોટા પીસ્તી હતી તે સઘળું હવે આગલા જમાનામાં વહી ગયું છે. અગાઉ નોર્થ હાઈલાડમાં ગેલીક ભાશા બોલાતી જેનો એક બોલબી આપણને સમજ ન પડે તેબી હવે ધોવાઇ ગયું છે અને જયાં જાઓ ત્યાં ઈંગ્રેજીની બોલબાલા છે. પણ આ બધાં સાથે હાઇલાંડની કુદરતી રચના અને જંગલી દમામ કોઈબી રીતે ઓછો થયો નથી.

ત્યારે ચાલો હવે, હાઈલાંડ જવા સારૂ નામાંકીત કેલીડોનીઅન કનાલમાં પેસીએ. આ કનાલ ૬૦ મૈલ લાંબી છે અને કોઈ ઠેકાણે ખારાં તો કોઈ ભાગમાં મીઠા પાણી જણાય છે. આખે રસતે બેઉ બાજુએ ફળદરૂપ કીનારો જાણે ઉભા રહીને જોયાજ કર્યે. કનાલ એટલે પાણી તો જાણે સ્થીર મેદાન જેવાં. ઈનવરનેસ આવ્યા કે ખરૂં હાઈલાંડ શીરૂ થયલું સમજવું. અજબ જેવું છે કે ઈનવરનેસ છેક ઉતરે આવેલું છે, ખરેખરો હાઈલાંડરોનો મુલક છે તોયે ત્યાંની વસતી જેવી સાફ઼ ઇગ્રેજી બોલે છે તેવી ખુદ ઇંગલંડના કેટલાક ભાગોમ બી બોલાતી નથી. ઈનવરનેસ બીજું નાહાનું જેવું એડીનબરો જોઇ લેવું. લોક ઘણા ભલાં, વેપાર ઉદયોગ ઝાઝો અને સ્કોટીશ ખુબસુરતી પણ વધું. કેલીડોનીઅન કનાલ

પસાર કરી સ્ટીમરમાંથી ઉતરયા કે "ઓબાન" આવ્યું. દરીઆના મુખ ઉપર છે પણ એવું ડરટી છે કે સ્કાટલંડ અગાઉ કેવું હશે તેનો કંઇક ખ્યાલ આવે છે. લોકબા મેલાં, ઘરબી મેલાં, છોકરાં મેલાં અને દુકાનોબી મેલી. એક કલાકમાં બધું જોવાઈ શકાય. ફકત એકજ ચીજ ઓબનમાં મળે છે જે બીજે ઠેકાણે મળવી મુશકેલ છે. બાઈસન અને જંગલી ગોધાઓના તથા હરણનાં ડોકાં સ્ટફ કરવાનો અહીં ધંધો છે. લંડનમાં આવું એક ડોકું સાઠ રૂપીએ તો મુંબઈમાં હંસી રૂપીએ અને ઓબનમાં પંદર રૂપીએ! એનો ભેદ હું સમજાવું છું. અગાઉ આસપાસના ઉંઘાડા પગીઆ હાઇલંડરોનું મુખ્ય કામ ઉન કાપવાનું, વીહીસ્કી ઘરમાં બનાવીને પીવાનું અને જંગલી જાનવરોનો શેકાર કરી ખાવાનું હતું. પહેલાં આ ગામડીઆઓ એવા ગમાડ હતા કે ખભે બંદુક ચહડાવી ગોધો કે મોટો બકરો મારી લાવે તો તેનું માંસ ખાઇને ચામડું પહેરવામાં લેતા અને ડોકું તો નકામું જાણીને જંગલમાં નાખી દેતા. આસતે આસતે દક્ષીણ ભણીથી શોખીનો આવીને આ ડોકાં અકેક બબે શીલીંગ આપીને ખરીદવા લાગયા. આ લીધે આ જંગલી હાઇલાંડરોની નજર ઉઘડી કે આ લોક નકામાં ડોકાંને શું કરતા હશે! પાછળથી આ ડોકાં સાફ કરીને ડરાઇંગ રૂમ ડાઈનીંગ રૂમના ઓરનામેંટ તરીકે દેવાલ ઉપર લટકાવા લાગયા એટલે ઘણી મુદતે તેમની સુધ ઉઘડી કે આ તો છતા પઇસા આપણે



ગ્રેક્સ હોટેલ—હાઈલાંડસ સકાટલંડ. સફે ૧૭૫.

ફેંકી દઇએ છીએ. ત્યાર પછી ડોકાં વેચાવા લાગ્યાં અને તે સાફ કરીને ટાંગવા લાયક બનાવનારાઓબી આવી વસ્યા. હવે શેકારીઓ ચચાર પાંચ પાંચ શીલીંગે ડોકાં વેચી જાય છે અને તે સાફ કરનારાંઓ તઈયાર કરીને પંદરથી વીસથી ત્રીસ ચાલીસ શીલીંગે વેચે છે. તે જો આજે મુંબઇમાં હોય તો એકસો રૂપીઆ આવે. નામ ત્યારે ગોધાનુ ડોકું—પણ એટલું જબરૂં કે ઉચકીને ટાંગવા માટે ચાર માણસ જોઈએ. ડોળા ખાસ્સા નાહાની નારંગી જેટલા મોટા હશે, ને બકરો તમે માનસો નહી પણ માથું ખાસ્સું એક ટટુના ડોકાં જેટલું અને કારકસકરૂ આકારના શીગડાં સાથે ઘણુંજ ખુબસુરત છે. ઓબનમા બીજું જોવાનુ કાંઈ નથી ઘણ હોટેલો સારાં માંડા કકડી જાયછે.

ઓબનથી ઘોડાની શારાબેંકમાં રણશીગડું ફુંકતા આગળ ચાલ્યા કે "ત્રોસેકસ." હું ધારૂ છ કે સ્કાટલંડ જતો કોઇબી મુસાફર આ જગા જોયા વગર જતો ન હશે. જો ઈનવરનેસ સુધી આવો તો "ત્રોસાકસ" જરૂર જરૂર જોજો. અંદર બીજું કાંઇ નથી પણ હાઈલેંડ સીનરી! આહ! તે કબુ ભુલાય એવી નથી. ત્યાં માત્ર એકજ હોટેલ છે અને તેબી ઘણું સરસ છે. દેખાવમાં કોઇ અસલી કેસ્ટલને મળતું આવે છે. સામેજ કેલીડોનીઅલ કનાલનો એક ભાગ તમારા પગ આગળ પડેલો છે. જોઈએ તો વરંડાપર બેસી તેની

ાજ મારો કે જોઇએ તો હોટેલની બોટ લઈ તેમાં લેહેર કરો. ખાધાપીધાનું એટલું સ્વચ્છ અને મન માનતું કે જાણે ત્યાંથી ખસવા ગમે નાહી. વરંડા ઉપર બેઠા હોઇએ એવામાં ભુંઉઉઉં ભુંઉઉઉં કરતી ચારઠો આવે તેમાં બેઠેલા અને બેઠેલી મુસાફરો ચપાચપ ઉતરી પડે! ચાહ પીએ, વીહીસ્કી પીએ, નાસ્તો કરે, બીડી હોરે અને બે કલાક ઠાક ખાઈને પાછુ ભુંઉઉઉ અને ચાલો મારા બાપ. એક ચારઠ ગઈ કે બીજી અને તેની પછવાડે ત્રીજી એમ આવેલીજ. અલબતે એકાંત પડયું એટલે તર નવાલા તો મલેજ કયાંથી! પણ તોબી ત્યાંના માલેકો સઘળી ન્યમતો તઇયાર રાખે છે. એકજ નાહાની રમુજી વાત કહું. લંડન અને જગેજગ ગોસ્તના ચોસલાં ખાતાં ખાતાં કંટાળી ગયાં એટલે એક દીને મેનેજરને હસવામાં કહયું કે અમારા ગામમાં હોઈએ તો કેવું ચાવલ અને કોલમીનો ખાટો તીખો પાટીઓ ખાઈએ. તેણે અજાયબીથી પુછયું કે તે શું! પાવલી જેટલાં ચકરડાં પાડી અમે ગોળ ગોળ કોલમીની તે વાત તેના ધયાનમાં ઉતારી અને પાટીઓ કેવો થાય તેની બરાબર સમજ આપી. બીજે દીને રાતના અમારી અજાયબી વચ્ચે ટેબલ ઉપર સુફેદ બરફ જેવા ચાવલ અને સાવકી માના બાલ ઉભા કરે તેવો ખાટો કોલમીનો પાટીઓ રજુ થયો. અમને તે કેમ ભાવે છે તે જોવાને બચારો મેનેજર ચીંતાતુર આમથી તેમ અમારી આગળનો

આગળ ભમ્યા કરતો હતો. અમને કબુલ કરવું પડયું કે અમારો સીનોર બાસતાંઉ બનાવે તે કરતાંબી આ ચટાકો અચ્છો બનાવેલો હતો. અમને તો એમ લાગ્યો પણ કોણ જાણે વખતે ઘણા દાહાડાની મોહોડાંને મોળ આવી હોય તેને લીધેબી હોય. પછી જોઈ લ્યો પાટીઆની રોજ ધમાલ. બચારો મેનેજર બોટ મોકલીને રોજ કોલમી મંગાવે અને ફ્કત અમારીજ ટેબલ ઉપર મુકે. બીજા બધા પાસીનજરો ડોકાં ઉંચાં કરી કરીને જુએ કે આ "ડેલીક્સી" અને મોહસવાદયાં એ લોકનેજ કાંય, અમને કાંય નહી? મેનેજરનો જવાબ કે એ લોક તો ઈનડીઆના મોટા અમીરો (!) છે, ને પોતાને ખરચે બોટ મોકલીને પોતાને મનગમતું મંગાવે છે!! એંહેહેં—શું અમે અમીર લોકનો ભપકો! મને ઘણી બીક હતી કે હમણા તો કોલમીના પાટીઆ દમ બાંધીને ચગારો પણ પછી અમારી સાથે એકુ બે ખીલી પસીઆરાં જેવાં હતાં તેઓનું કેમ થશે. એ તો જે હોય તે ખરૂં. ત્રોસાક્સની અમારી ચાર દાહાડાની ત્યાંની ઠાક એટલી તો છાતીને પ્યારી લાગી કે ત્યાંથી નીકળવા ગમે નહી. હવે છેલ્લી એક શીખામણ આપુછું તે નોંધી લેજો. ત્રોસાક્સમાં ઝાડ ઝાડ ને પાહાડ પાહાડ છે. ઘોરી રસ્તા ઉપર ફરશો તો ચીંતા નથી કેમજે એકજ ધાન ખાવાનો ઘોરી રસ્તો છે પણ જાણ્યા અજાણ્યા પાહાડ ઉપર ઉસ્તાદી કરવા જાઓ તો સાથે ગાઈડ લીધામાં શોભા છે. જુઓ, એક દીવસે અમે ત્રણ વાગે નીકળ્યાં અને

એક પાહાડપર ચહડયાં કે અમેબી કોલમબસ કે વાસ્કો ડી ગામાની સંફમાં અમારૂં નામ અમર કરીએ. અમારી પાર્ટીમાં ચાર બાનુઓ અને બે પુરૂશો હતાં. પહેલાં તો લેહેરે લેહેરે ચહડયાં ખરાં પણ બે એક કલાક પછી પાછું જવા માંડયું તો રસતોજ પાય નાહીં. એક અમારી સાથવાળી જુવાન બાનુ ઘણી ચબરાક હતી તેણીએ સધીઆરો આપ્યો કે "ચાલો—ચાલો મારી પછવાડે આવો—મને બરાબર ખબર છે!" ચાલો ચાલો ને ત્યાંના ત્યાં. પેલો ધોરી રસ્તો આઘેથી નજરે પડે તો તે તરફ વળીએ કેની. ચાલતાં ચાલતાં ઠાકયાં. "ઓ દેખાયછ—હું ધારૂં છ કે હવે બરાબર છે," કરતાં કરતાં ગુરાની પેહેટ નીકળી ગઈ. સર્વેથી મોટી બીક તો એ કે અંધારૂં પડવા માંડયું હતું અને રાત પડી જશે તો પહાડનાં જંગલમાં શું કરશું! ત્યાં કયાં હાથનાં ફાણસ કે ઈલેકત્રીક બત્તી મળવાની હતી! વળી પહાડનો રસ્તો એટલે દીસાદીસ પગ ન ઠરે તો રાતના તો નક્કી ભીમજી હાડવૈદનો સોદો. આ વાર ખરેખર અમે ગુંચવાઈ ગયાં. રખે ઘેર જવાને બદલે બીજે ઠેકાણે ગોતાં ખાતાં હોઈએ. પહાડપર એક ચઝ્યું'ઓ નજરે આવે નહી. હવે શું કરવું? આખરે આઘેથી એક માણસ ખભે બંદુક મારીને જતો મળ્યો. તેને હાંક મારીને નમનતાઇથી પુછયું કે અમે બાહારગામના મુસાફરો છીએ અને ભુલાં પડયાં છીએ. મેહેરબાની કરી અમને કહેશો કે 'ત્રોસાકસ' હોટેલ તરફ જવાનો

રસ્તો કેની મેરથી આવશે? પેલાએ આંખ ચહડાવીને જવાબ દીધો “ઓહોહો-તમે એણીમેર કાંહાં ચાલ્યાં? તમે તો ઉલટાં પહાડના ભીતરમાં જાઓછો. જ્યાંથી આવ્યાં ત્યાં પાછાં ફરો અને વચમાં ખબોચીઆં આવશે ત્યાંથી ઉતરવા માંડજો કે ભુલ નહી કરશો તો રસ્તો નજરે પડશે.” યથા તારી મદદ. ચાલો બાપુ પાછાં. હાલામ હે કરતાં અફળાતાં ઝીંકાતાં પાછાં ફરયાં. માર્ગમાં ખબોચ્યાં મળ્યાં અને બુટ મોજાં કાને બાંધવાનો વખત આવ્યો. ધુળ નાખી, નાક કટા તો કટા પણ ઘી તો ચટા. પગ ખચ ખચ ખરડાયા પણ જીવને એટલો તો સધીઆરો આવ્યો કે ખરો રસ્તો હાથ લાગ્યો છે. આખરે આંઠેક વાગે રસ્તા ઉપર નજર પડતાં “આહ” નો નીસાસો નાખ્યો, કેમજે જો પેલો રાહાદારી ન મળ્યો હોત તો કોણ જાણે અંધારી રાતના આડાં ફાટી કયા આલ્પસ પર્વતમાં ગોતાં ખાત. રસ્તે પડયાં તો ખરાં પણ પહાડના ટેકડાઓ ચહડ ઉતર કરતાં પગનાં દેડકાં ડંખવા લાગ્યાં. ભુખ કેહજે ભુલું નહીં ને ઠાક કેહેજે થોભું નહીં. રસ્તામાં એક ઝુપડું મળ્યું ત્યાં એક પીપ જેવી લાલ મધરડી ડોસી ઉભી હતી તેણીને પુછયું કે “બાઈ, અંહી કોઈ ગાડી ભાડેની મળશે-અમે બહુ ઠાકી ગયાં છીએ” ડોસી પેહેલાં તો સમજી કે અમે ઠઠા કરતાં હોઈશું પણ પછી અમારા મકાઇ બાહુ જેવા ચેહેરા જોઈ હસી પડી ને ઉતર દીધો “ઠાકી ગયાં? તો પહાડપર ચહડયાં શું કામ? આ

જીલ્લામાં ગાડીઓ છેજ નહી—હવે તો ચાલીઆ જાઓ કલાકેકમાં હોટેલ સામુ દેખાશે."

ડોસી મરેરે પાછલી રાતના ! ચાલો ભાઈઓ, બાઈઓ. ઠાકીને લુસ થયલાં લાલ મટીથી લચરાઇ ગયલાં રાતના ૯ાા વાગે મુકામે પોહોંચી ગયાં. જાણવું કે આ જીલ્લામાં મોટોર દાખલ કરવાનો હુકમજ નથી. એકવાર એક અમેરીકન પાર્ટી ધુમધુકાર પોતાની મોટોર હાંકી લાવ્યા. તેઓને પચીસ પૌંડનો દંડ કરવામાં આવ્યો હતો.

પ્રકરણ ૨૧ મું.

આગલા એક અંકમાં મેં વર્ણવ્યું છે કે બાઈસન અને બુલ, હરણ અને મસ બકરાઓનાં ડોકાં અને ચામડાં 'ક્યુર' કરીને દીવાનખાનાઓમાં સણગાર તરીકે ટાંગવાનો હુંનર સ્કોટલંડની મુખ્ય ખુબી છે, બલકે અડધા જંગલી હાઈલાંડરોનો માનીતો ધંધો છે; પણ એ કુદરતી ખુબસુરત નવાઈઓથી મુંબઈના બડેખાંઓના મકાનબી ખાલી નથી. મને હમણાજ ખબર પડી છે કે આ દેશમાં આવાં ડોકાંઓ છ મહીના સુધી ભીતે ટાંગયા પછી તેમાં જીવજંતુ પેદા થઈને બાલ ખરી પડે છે અને કોઈવાર તો આવાં 'પ્રીઝર્વડ' ડોકા

અને ચામડાં ખવાઈ જઈને નાખી દેવા જેવાં થાય છે. આ લીધે તેનો ઉપાય શું કરવો તે માટે મેં કેટલીક ખોળ કરી હતી અને તેનો લાભ હું અત્રે મારા શોકીન વાંચનારાઓને આપું છું. સ્ટફ્ કીધેલાં ડોકાં અને ચામડાંઓને હમેશ સ્વચ્છ રાખવાને સાધારણ સંભાળ કરતાં વધારે તસ્દી લેવાની કશી જરૂર નથી. હું નીચે આપું છું તેટલી માત્ર કારસાજી કરશો તો વાઘ કે રીછના ચામડાં જાવેદાન સુધી એવાં ને એવાં રહેશે. કેંપ કે ત્રોચર અથવા બીજા કોઇબી કેમીસ્ટને ત્યાં બેનઝોલીન નામનું પ્રવાહી ઘણું સસતું મળે છે પણ યાદ રાખવું કે બેનઝોલીનને આગ સાથ મોટું વેર છે અને તે વાપરતી વેળાએ ખુબ સંભાળ રાખવી. જેબી ડોકું અથવા ચામડું સાફ કરવું હોય તે ઉઘાડા ચોકમાં કરવું. જો બંધ ઓરડામાં કરવું હોય તો ત્યાં બતી અથવા કોઈબી જાતની આગ કે આતશ નહીં જોઈએ. ડોકાં કે ચામડાં વરસમાં બે વખત ઉતારીને સાફ કરશો તો બસ છે. પહેલાં એકાદ નેતરથી તેમને ઝટકવાં અને પછી કઠણ બ્રશથી ઘશીને સાફ કરવાં. આ પ્રમાણે કીધાથી સઘળી ધુળ અને કચરો નીકળી જશે. પછી એક પ્યાળામાં થોડુંક બેનઝોલીન કહાડીને પોતાંથી ડોકાં કે ચામડાં ઉપર ખુબ પચપચાવવું. થોડુંક બેનઝોલીન કાનમાં અને શીંગડાંના ઠરમાં જવા દેવું. પછી ડોકાંને ખુલ્લામાં મુકવું એટલે જરા વારમાં સ્પીરીટ સુકાઈ જશે. બેનઝોલીનનો તીક્ષણ

વાસ અડધો કલાક રહેશે પણ તેની ચીંતા કરવી નહીં. નાક અને ડોળા વગેરે જે ભાગ લાલ હોય અને રંગ ફક મારી ગયો હોય તો તેને જરા ટરપીટન સાથે વારનીશ લગાડયાથી પાછું તાજું દેખાશે. બકરાના જેવું ડોકું જે ઘણા મોટા બાલવાળું હોય તો તેને પહેલાં "સોફ્ટ સોપ"થી સારી પેઠ ધોવામાં ફાયદો છે. જો બાલને સફેદ સુવાળાં રાખવાં હોય તો સાબુવાળું પાણી સુકાયા પછી ઉપર સેહેજ પલાસટર ઓફ પારીસનો ભુકો ભભરાવવો અને તે સુકાઈ જાય એટલે બ્રષથી સાફ કરી નાંખવો. મી૦ બીશપ જે ઓબન ખાતેનો ઘણો નીમીચો "ક્યુરર" છે તેણે મને હુલુસે કાનમાં કહયું છે કે જો બેનઝોલીન મોઘું પડતું હોય અને નહીં મળતું હોય તો મોટોરકારમાં વપરાતું સાધારણ પેત્રોલથી ચાલશે. જેઓને ત્યાં વાઘના ચામડાં કે સ્ટફ્ કીધેલાં પક્ષી હોય તેઓએ આ ઉપર લખેલી કાપલી કાપી રાખવી. કોઈ દહાડે કામની છે. આપણા તરફ એવી ચીજોનો ઝાઝો અભીઆસ નથી પણ મેં એક હરણનું હાડપીંજર જોયું તે ખાસ્સું છ ફીટ ઉંચું હતું અને તેના શીંગડાંને દરેક છેડે ૧૩ ફાંટા હતા.

ત્રોસેક્સથી કોલમીના પાટીઆ ચપાટીને હવે કયાં જઈશું? ચાલો સ્ત્રેથપેફર. કાંય? તો કેહેજે આ નવી જગા હમણા ઘણી વખાણમાં આવી છે કારણ કે ત્યાં મેડીસીનલ પાણીના ગરમ ઝરા નીકળ્યા છે તે "ચગ-

રદમ" કરનારાઓને એટલા અકસીર છે કે તેની આગળ મારીઆનબાદ અને કાર્લસબાદના ઝરાઓ તો કુછ બીસાદમાં નથી. એક અમારા મીત્રે ફરયાદ કરી કે તેઓએ લંડનમાં બે મહીના સુધી પાર્ટી પારટાઓમાં એવું ખુંદારયુ હતું કે એમના ડાકટરે તાકીદ કીધી કે કોઈબી વાટરીંગ પ્લેસમાં જઈને ચોક્કસ 'કોર્સ' લેવા નહીં તો ખાધેલું પીધેલું બધું અવળું નીકળશે. કયાં જઈએ, કયાં જઇએ કરી ઠરાવ થયો કે સ્ત્રાથપેફરની ઘણી તારીફ થાય છે તો એક વરસ તે અજમાવી જોવું. મારૂં પોતાનું અંગત મત તો એવું કે નવો મુલક જોવાની મતલબ હોય તો બેલાસક ઝાહાનુમમાં ચાલીએ પણ "મેડીસીનલ વાટર" પીવાની મારી સાફ ના. શું આપરા બાપદાદા બધા કાર્લસબાદ ને ફલાણાબાદ ઢીકણાબાદ જતા હતા કે? ને લોક મોહોવરૂં પી પીને હેંસી વરસના થઈને મરી ગયા. તે વેળાએ દઈત્યની પેઠે ખાતા ને નખે દુ:ખ ન હતું. પણ નહીં, બસ મીનરલ વોટર ન લે તો ફુલ્લા ફુટી નીકળે! ચાલો બા, આપણી કયા ના છે. પણ ખરેખર—જગા તો નરૂં બાગેબેહેસ્ત હતું. છેક હાઇલાંડની ટોંચ ઉપર આવેલું તે એટલાં સુધી કે વધુ ઉપર જવું હોય તો પાંઉપીઆદા પાહાડો કુદાવો તોજ કાંઇ થોડા માઇલ આગળ વધાય. એટલે જે સ્કાટલંડની છેક ઉતર ટોંચ સુધી આવી પોહાંચ્યા હતા. પાહાડોની ઘટા અને ઠંડક બહુજ સરસ, હોટેલ પણ ઘણુંજ નાદર અને સસતું. ખાધા પીધાનું ફરસ્ટ

ક્લાસ, નોકરો સઘળી હાઇલાંડ પોરીઓ ચુંટી ચુંટીને એવી સ્વચ્છ અને ઘટમારી શોધી કાહાડેલી કે ભુખ્યાની ભુખ ભાગી જાય. સુધ સફેદ કપડાંમાં ગોલાબી ગાલવાળી આ ફુટડીઓ તમારી ખીદમતમાં પરીઓની પેઠે દોડે ત્યારે જાણે ઇડનના બાગમાં લેહેર મારતા હોઇએ તેવું લાગે. ઓ હીંદુસ્તાન, તારો આવો વખત કયારે આવશે? ઓ માતબર દેશીઓ! જાઓ, જાઓ અને તમારી જીંદગીના જે વરસ બાકી રહયાં હોય તેમાં મોજ મારી લ્યો. ખાઓ અને ખવાડો, સાથે પૈસા કોઈ લાવ્યું નથી ને કોઇ લઇ જવાનું નથી. છ માસ આવી જગામાં કહાડશો તો છ વરસના વધુ આયુષ્ય લઇ આવશો. બે ઘોડાની ગાડીમાં અથવા પંદર હજારની મોટોરમાં પાલવા બંદરથી બંગલે અને બંગલેથી કલબમાં ધકેલા ખાયા કીધામાં કાંઇ વળ્યું નહી. આહ! કયાં સેથ પેફુરની સફેદ ડ્રેસવાળી બાળાઓ અને કયાં અત્રેના હોટેલના સીનોર ડુમીંગો! પણ આ હાય સોસારામાં પેલાં સળકતાં પાણીને વીસારી મેલું છું. ગીયા તો ખરા. મેડીસીનલ પાણી પીવા સારૂ તથા અંગોળ કરવા સારૂ ખાસ મકાનો બાંધેલાં છે તેબી જોયાં. પાણી ચાખી જોયું તો—તોબાહ એલાહી! ઓળું પેલું કેહેછ તે કરતાં વાસમાં સેહેજ વધારે ખરાબ હશે. હજી ગલાસ ભરીને ગામઠી એરંડીઉ પીધેલું લાખવાર પરવડે. મોહોડાંમાંથી વાસ અને ઓડકાર તો એવા આવે કે જાણે અડધી દજન કોહેલાં ઇંડાં પીધાં હોય. અલબતાં જરા જુલાબની

અસર તો ખરી પણ સુનામખીનો જરા જેટલો કાહાવો પીધો હોય તો આવીજ અસર ન થાય? પણ સમજીઆ કેની? સુનામખી તો એક પૈસાની અને આતો ફેશનેબલ "વાટરીંગ પ્લેસ!" મારા મીત્ર પેહેલે દાહાડે તો પી આવ્યા. બીજે દાહાડે આઠ વાગતાને બદલે દસ વાગતે ગયા. ત્રીજે દાહાડે અખાડા, ચોથે દાહાડે ફક્ત અંગોળજ કરીને આવ્યા. કેમ બા, એમ કાંય? ડાક્ટરે ફરમાવ્યું છે કે અનેરૂં નહીં કરવું પછી એકવાર બીજો અંગોળ લીધો અને પછી—ખલાસ!

હવે સ્કાટલંડ તમામ થયું, હાઇલાંડને છેલ્લી સલામ. આ વાર સીધા ટ્રેનમાંજ એડીનબરો જવાનું છે. ઘડીમાં સ્ટીમર, ઘડીમાં ચારઠ, ઘડીમાં ટ્રેન એવી અફાળઝીક કરવાની નથી એટલે જીવ ખુશાલ હતો. બરાબર સમજણ લઇ લીધી હતી કે, ડીંગવાલ સ્ટેશન સુધી જવું, અને ત્યાં ફક્ત એકવાર ટ્રેન બદલવી એટલે ઠેઠ એડીનબરો પોહોંચાડશે. ડીંગવાલ પોહોંચ્યા. પાસીનજરો અને ટુરીસ્ટોની ધમાલ ભારી હતી. દોડાદોડી કરીને હું તથા મારી બેટ્રી તૈયાર ઉભેલી બીજી ટ્રેનમાં દબાઈ ચંપાઇને બેઠાં. ટ્રેન ઉપડવાને બે એક મીનીટની વાર હતી તેટલાં ગાર્ડે આવીને પુછ્યું કે તમારી ટીકીટ કયાં સુધીની છે.

"એડીનબરો સુધી".

"અરરરર, ઉતરો ઉતરો, તમે ખોટી ટ્રેનમાં બેઠાં છો, ઉતરો, ઉતરો." મોહોકાણના સમાચાર. છલાંગ મારીને

અમે ઉતરયાં અને પુછ્યું કે ત્યારે અમારી ત્રેન ક્યાં છે? પેલાએ આંગલી ઉંચી કરી આઘેથી જતી બીજી ત્રેન બતાવી—"પેએએલી રહી, તમારી ત્રેન તો ઉપડી ગઇ!" સારાંસ કે હાડમાર થતા એડીનબરો આવી પોહોંચ્યા. પ્રીય વાંચનાર—ત્યાંથી લંડન અને લંડનથી પારીસ. અત્રે મારૂં ઈંગલંડ અને સ્કોટલંડનું વર્ણન પુરૂં થાય છે, માટે હવે તૈયાર થાઓ. આવતાં પ્રકરણથી આપણે પારીસ જઇશું. પારીસ! પારીસ! ખુબસુરતીનું ધામ, પાપનું અખંતર મુકામ, પૈસા અને તનદરોસ્તીની સત્યાનાશીને પેહેલી સલામ. જરા થોભો, પારીસની ખુબસુરતીનું બ્યાન વાંચવું હોય તો તારાપોરવાળા બીરાદરોને ત્યાં ઘણીબી ગાઇડ બુકો મળશે. પણ મારી મતલબ તમને મારી સાથ રખડાવવાની નથી. આપણી તરફના ઘણાક મુસાફરો જાય છે તે ત્યાંની બાદશાહી ઇમારતો અને ઝાહોજલાલી જોવા પડી જાય છે. અલબતાં મેં પણ તે જોયાં છે પણ તમે જ્યારે પારીસ જાઓ ત્યારે તે બધું જોજો. હું તો તમને પારીસના ભીતર ખુણા ખાંચરાઓનો ખ્યાલ આપનાર છું. ઘણા થોડાઓએ આ તપાસવાની તસદી લીધી હશે, પણ હુશીયારીમાં રહેજો. પારીસ બેશક ખુબસુરત છે પણ તે એક પાકેલાં બોરના જેવું છે. બોર બાહારથી કેવું પીળું ચાંપા જેવું અને ચળકતું લાગે છે, અને ભાંજતાં માંહેથી કેવો ચપ દેતો કીડો ચળવળ કરતો ઉભેરી આવે છે તે તો તમો જાણોછો. મારી મુશકેલી એ છે કે આ

સઘળાંનું બ્યાન એવી કેવીક ભાશામાં આપું કે જે દસતુર દાવરો અને સુઘડ પદમનીઓ પણ કમકમીઆ વગર વાંચી શકે. પણ ચીતા નહી, જોઇશું. અલબતે ચાલીસ લાખ માણસની વસ્તીનું આખું પારીસજ આવું છે એમ સમજવાની ભુલ કરવી નહીં. હું કહેવા આમ માંગુંછુ કે આ શેહેરમાં જેવાં અણદીઠ, અકુદરતી, હરણફાર કરનારા મકાનો અને ખાતાંઓ છે તેની જોડી યુરોપના કોઇબી શેહેરમાં મેં જોઇ નથી. "હરખ હવે તું હીંદુસ્તાન," યુરોપના કરતાં આપણે ઓછામાં ઓછાં એક હજાર વરસ પછાટ છીએ પણ નીતીની બાબદમાં આપણી જુતીને યુરોપનું કોઇબી શેહેર પોહોંચતું નથી, આમ હું મગરૂરી સાથે કહું છું.

પ્રકરણ ૨૨ મું.

ચલાવું છું મારી કલમનો ઘોડો પારીસના મેદાનમાં, પણ સંભાળજે ઓ નાદાન સવાર. જો સાચું અને બીલોર જેવું પ્રકરણ રજુ કરવું હોય તો નાકે જીભ લગાડતા ભગત ઠગોના ડોળા ઉંચે ચહડી જશે અને નાકને જીભ લાગી જશે માટે તારી ભાશાનો ચાબુક બગલમાં ખુબ ચાંપીને રાખજે. યાદ રાખજે ઓ ઉછાછલા કલમકશ કે જેઓ લંડન, પારીસ અને વીએનામાં જાયે છે તેઓનો મોટો ભાગ સાવરથી સાંજ અને મોડી

રાત સુધી અવસતાના કલ્લામોજ ભણ્યા કરતા હશે. પણ પોતાની એ પાકીજગી જાહેરમાં આણવાને તેઓને મોટી છીટ રહે છે. યુરોપ જવું અને પારીસ નહીં જોવું એ બાંહે વગરનો ડગલો પહેરયા જેવું છે, ધુળના રસ્તા ઉપર બુટ વગર ફ્કત મોજા ઉપર ચાલવા સમાન છે. પારીસ તો જરૂર જવું અને ખાલેસ મન રાખીને બધું જોવું, પણ બધી જાતના ખીસાંનો કબજો સાબેત રાખવો, કેમજે પારીસ બેહેસ્તખાના અને દોજખખાનાનો અજબ જમેલો છે.

હું ગયા અંકમાં જરા ડાહેલો થયો હતો કે આ મારા સ્કેચો કાંઈ 'ગાઇડ બુક' તરીકે વાંચવા માટે લખતો નથી. પણ ત્યાર પછી મારા કેટલાક મીત્ર મંડળોએ મને લગાર ઓંગારી નાખ્યો છે. તેમનું કહેવું એવું છે કે ગાઈડ બુકો તો ઈંગ્રેજ અને અમેરીકન ટુરીસ્ટોને માટે છે, પણ અમારાં જેવાં નવાં સવાં જઈએ ત્યારે તમારા જેવા જુના ડોબાંઓનો આઈતો મસાલો મળે તે શું કામ ચુકયે. કેટલાકો કહે છે કે તમારી ચોપડીઓ સ્ટીમર ઉપર આમતેમ ઉઠલાવી જોઇએછ તો બીજું વાંચવાની કડાકુટ મટેછ. આવી આવી સુચના થવાથી હું થોડુંક ગળ્યું સાથે થોડુંક કામનું મીશટાનબી પીરસ્તો જઈશ. જોઇએ એટલું વાંચજો અને જોઈએ એટલું નાખી દેજો.

મારી ખાસ સલાહ છે કે તમારી સાથે બાનુ હોય તો બને ત્યાં સુધી દીવસની ત્રેનમાં કેલેથી પારીસ જવું. અલબતાં બે એક કલાકનો ફેર પડશે પણ બીજી સગવડ ઘણી મળશે, પણ જો રાતનાજ જવું હોય તો જરૂર બા જરૂર અગાઉથી સ્લીપીંગ બર્થ એનગેજ કરાવજો. મુંબઈથી જતી વાર મેં આ ભુલ કરી હતી, પણ આ વાર કાન ચીમટયો અને બે બર્થનો એક સ્લીપીંગ કમ-પાર્ટમેંટ રીઝર્વ કરાવ્યો હતો. રાતના ત્રેનમાં દાખલ થયા તો સાધારણ કુપે જેવો ખંગ નજરે પડયો. કેબી-નની પેઠે એક ઉપર અને એક નીચે સાંકડી બેઠક હતી. હમે ધાર્યું કે આજે તો આપણે બન્યા. ખાલીપીલી બે ત્રણ પૌડની 'પાદસ' ફેરવી નાખી! દોહોડ કે પો-ણાબે ફીટ પોહોળી સીટ ઉપર આખી રાત્ર સુવાસે કેમ? એ તો જે હોય તે ખરૂં. ત્રેન આગળ ચાલી અને સુમારે દશ વાગતે એક કસ્બી ટોપીવાળો કનડકટર આવ્યો અને અમને અરજ કરી કે હું બીછાણા કરૂં છ તેટલાં પાંચ મીનીટ બહાર કોરીડોર ઉપર ઉભા રહેવું. જે સીટ બેસવાની તેની નીચે પોકલ ભાગમાંથી એક ખાસ્સું ત્રણ ફીટ પોહોળું પોચું પોચું ગોદરૂં બહાર કાહાડયું. ત્યાંથીજ બે નવી કોરી ચાદરો કાહાડી અને બેઠકને ઝટ ડબલ કરી દઇને ઉપર ગોદરૂં નાખીને ફુલ જેવી ચાદર પાંથરી. પછી તુરત ફુગોલી અઠીંગવાની પીઠ હતી તે ઉંચકી તો તેમાંથી ત્રણ પોચા તકીઆ અને એક સુફેદ નવી બલાં-કેટ નીકળી! આ તો નરો જાણે મદારીનો ખેલ. જરા

વારમાં એવું મજાનું ત્રણ ફીટ પોહોળું ઉનું ઉનું બીછાણું તૈયાર થયું કે જેવું ઘણાકના ઘરમાંબી ન હુશે. રાત કાહાં અને કેમ ગઇ તે જણાયુંબી નહી. સવારના સાત વાગતે એક સ્ટેશન આવ્યું, ત્યાં એક મોટા કરંડીઆમાં ચાહ અને પાંઉ માખણ હતું. દરેક માણસ દીઠ ફ્રાંક (૧૦ આના.) જીવ હુશીઆર થઈ ગયો કે વળી પાછા પેલા કસ્બી ટોપીવાળા જનરલ સાહેબ આવ્યા. પીઠ ઉંધાડીને તેમાં તકીઆ અને બલાંકેટ ખોશી દીધાં. બેઠકની નીચે ચાદરો અને ગોદરૂં ગેબ થઈ ગયું અને પાંચ મીનીટમાં તો પાછી ગાદી વાળી બેઠક તૈયાર થઇ. જનરલ સાહેબ ને એક ફ્રાંક ઝટકયો એટલે કીસ્સો તમામ. જુઓ હું તમને કેવો હસાડી રમાડીને પારીસ લાવ્યો છું.

કેટલાકોને એવો ખ્યાલ છે કે લંડનથી બહાર નીકળ્યા પછી કોનટીનંટ ઉપર કાંઇ ખાસ ડ્રેસ કરવાની જરૂર નથી. આપણે તો તુરીસ્ટ અથવા મુસાફર છૈએ, એટલે ગમે તેવો ડ્રેસ પેહેરીએ તો ચાલે, પણ હું ધારૂં છું કે તે એક ભુલ છે. ઘણાક આબરૂદાર ફ્રેન્ચમેનો ને આવા દેખાવથી કચવાતા મેં જાણીઆ છે. સાંજને છેડે બુલીવારડો ઉપર સેહલ કરતાં અથવા “શાંઝ ઇલીસી” ઉપર ડ્રાઈવ કરતાં છેકેજ જંગલમાં રખડવા જેવો ડ્રેસ પેહેડીને નીકળવાનો કોઈને હક નથી. ફ્રેંચમેનો બોલશે તો કાંઇ નહીં, પણ આપણને જંગલીમાં ખપાવશે કે આ લોક મેનર્સ અથવા એટીકેટ શું છે તે સમજતા નથી. જાણવું

કે કપડાંની બાબદમાં પારીસ તો મુળ મથક છે. સઘળી નવી ફ્રાસીનો પારીસથી નીકળે છે અને તેની નકલ દેશો-દેશ થાય છે. હુમણા હુમણા મુંબઈની પારસી લાડકીઓ પોતાની નવી જાતની સાડીઓ માટેબી પારીસને સેકો તાણે છે તે જાણીતી વાત છે. સારાંસ કે સાધારણ નાટકોમાં "ઇવનીગ ફુલ ડ્રેસ" પેહેરવાની ખાસ જરૂર નથી, પણ ગ્રાંડ ઓપેરામાં જવું હોય અથવા કાઇ મોટે ખાંચરે ડીનરમાં જવું હોય તો ચલ્લી પુછડયો કોટ પેહરવો જોઇએ. પારસી બાનુઓના બાબમાં કાંઇ મુંજાવાની જરૂરજ નથી, કારણકે એ લોકની સાડીની ધમક એટલી સરસ છે કે જરાતરી ઝળકતી ચળકતી તીલીની કોર અને રંગીન સાડી સજી કે પારીસીઅનોને મનથી તે ફુલ ડ્રેસ કરતાં ઉત્તમ છે.

અલબતાં ભાશાને માટે અત્રેથી જનાર દેશી જરા પહેલાં અકળાય છે ખરો, પણ ખાસ ગભરાવાની જરૂર નથી. જો તમે કોઇ ટુરીગ એજન્સીની મારફતે કામ પાડશો તો કંઇજ અડચણ પડશે નહી, કારણ તેઓ પહેલાંથી છેલ્લાં સુધી સઘળી મેનીજ કરશે. સારાં હોટે-લોમાં ઘણાખરા સઘળા વેટરો ઇંગ્રેજી બોલે છે અને જો તેમબી નહીં તો મુગા બેયેરાની ભાશામાં કામ ચાલે તેવું છે. મારા એક પુરાણા મહેરબાન બોઝરગ મીત્ર, જેઓ હાલ ગુજર પામેલા છે તેઓ કેહેતા હતા કે તેવણ પહેલાં પારીસ ગયા ત્યારે ત્યાં હોટેલોમાં ઇંગ્રેજી કોઇ જાણતું ન

હતું. હવે તેવણને નાસ્તા ઉપર એક ઇંડું જોઈતું હતું. એટલે ગારસોં (વેટર) ને પાંચ આંગળીની ઇસારત કરી ગોળ ગોળ બતાવ્યું. વેટર બચારો "ઉવી–ઉવી" કરી દોડયો અને એક બાફેલો પટેટો લઇ આવ્યો. મારા મીત્રે સખત ડોકું ધુનાવી કહયું "નો–નો–કુકુ–કુકુ." આમ બોલી પોતાના બેઉ હાથ પાંખની પેઠે ફફડાવ્યા કે તુરત ઇંડું હાજર થયું! પણ હવે એટલી બધી તસ્દી પડશે નહી. વળી ટેક્સી કેબવાળા એવા ચકોર થયા છે કે વાત કરવાની કશી જરૂર નથી. કાગળની કાપલી ઉપર તમે કયાં જવાના છો તે અગાઉથી લખી રાખી તેના હાથમાં મુકો કે આબાદ તે ઘરના નંબર આગળ જઈ ઉભો રહેશે અને ટાકસીમાં મંડાયલા પૈસા આપવાનીજ ખોટી.

પૈસાની બાબદમાં જરા ધ્યાન રાખજો. ઈંગલાંડનો સોવરેન ૨૫ ફ્રાંકનો થાય છે અને ફ્રેચ લુઇ ૨૦ ફ્રાંકનો થાય છે, પણ બેઉ દેખાવમાં મળતા હોવાથી ચોક્કસ જગાએ ભપકામાં સોવરેનને બદલે લુઈ ઠેસવી દેવામાં આવે છે, માટે સોવરેન મુકતી વેળાએ બે વાર બોલીને દુકાનદારનું ધ્યાન ખેંચવું કે "સોવરેન–સોવરેન"! બચારા ફ્રેંચમેનો ઘણી વાર ભુલ કરે છે, પણ કોણ જાણે શું છે કે કોઈ દહાડેબી લુઇને બદલે સોવરેન ભુલમાં આપતા નથી. એક બીજી નાહાની પણ જરૂરી ચેતવણી આપું છું. હોટેલોમાં 'બાથ' અંગોળ ઘણું મોઘું પડે છે, માટે ખાસ કરી પુરૂશ મુસાફરે પબલીક બાથમાં જવાથી

ફાયદો છે. પણ સમજીઆ કે? જરા જોઈ તપાસીને, ઓળખીતાઓથી ખબર અંતર કાહાડીને જાણીતા બાથમાંજ જવું. કેટલાક "બાથ"માં કોઈ કોઈ વાર ન ધારેલો દેખાવ નીકળી આવે છે. તમે દાખલ થાઓ અને એક બાથમાં જઈ બારણું બંધ કરીને કપડાં ઉતારો તો એમ ના સમજતા કે "ચાલો હવે કરારથી નાહીએ." સાબુ ગરમ દીલનુકચનું, સોફા કોચ વગેરે સઘળું તૈયાર જણાશે: પણ ખાંડ ખાતા ના કે એક મોટું ટબ ભરીને ઉનું પાણી ભરી કાહાડયું ને તે ખરાબ થયું તો બીજી વાર ભરયુ ને ગમે તેમ બગાડયું. એ કાંઇ મુંબઇ નથી, એ તો પારીસ છે. એક ટબ ભરાશે તેપર તો તમારો હક છે, પણ તે ખાલી કરીને બીજી વાર ભરશો તો તમો જાણો કે કોણ જોય છે, પણ તેમ નથી. કેટલી વાર ટબ ભરાયું તેનો હીસાબ માળપર નોંધાય છે, અને તમારી અજાયબી વચ્ચે જોશો કે બીલમાં સાફ લખેલું હશે કે "બે ટબ પાણી."

પારીસમાં રહેવાનું સસ્તુંબી છે અને મોંઘુબી છે. મને ખબર કાહાડતાં જણાયું છે કે તમે ચાહો તો દીવસના બે ફ્રાંક (સવા રૂપીઆ) માંબી રહી શકો. ખુદ શેહેરના મધ્ય ભાગમાં, દરરોજના ૩ ફ્રાંક માટેબી નાહાના ઓરડા, સેકંડ કલાસ હોટેલોમાં મળી શકશે. મોટા ઓરડા, બાથ અને જાજરૂ સાથે પાંચ ફ્રાંક. આખો મહીનો લેઓ તો ૪૦ ફ્રાંકથી ૨૦૦ ફ્રાંક સુધીના

બાંધેલા ભાવે ઓરડા મળશે. પણ એ તો જેટલો ગોળ ઘાલો એટલું મીઠું થાય. જો એક મહીનાથી વધુ વાર રહેવું હોય અને ત્રણ ચાર જણની પાર્ટી હોય તો એકુ મધ્યમ લોકાલીટીમાં એકાદ ફ્લાટ ભાડે રાખવામાં મોટી કરકસર છે. દાખલા તરીકે લાટીન કવાર-ટરમાં એક વીકના એક પૌંડ અથવા દોહોડ પૌંડ આપતાં ફ્લાટ મળશે. તેમાં બે સુવાના ઓરડા, બે બેસવાના ઓરડા, રાંધણી અને નોકરની ઓરડી મળી શકશે. ખાધા પીધાની પંચાત માથે હોરવી નહી, કારણકે બાહાર નીકળ્યા કે પેટનો ખાડો પુરવાનાં સાંધનો સસ્તાં અને બેશુમાર છે. એટલી બધી સગવડ છે કે પાસેના ઈટીંગ હાઉસમાં ટેલીફોન કરતાં પાંચ મીનીટમાં ખાણું ઘર બેઠાં તમારાં મકાનમાં લાવી હાજર કરશે. આ ફ્લાટ ભાડે આપવાનો છે તેનાં પાટીઆં જગેજગ જોવામાં આવે છે. જો પીળા રંગનું પાટયું હોય તો જાણવું કે ફરનીચર સાથે છે અને સફેદ હોય તો સમજવું કે રૂમો ફક્ત ખાલી ભાડે આપવાના છે. આવા ફ્લાટોની પડો-સમાંજ સસતાં રેસટોરાં કકડી જાય છે. સારૂં ડીનર, સાધારણ વાઈન અને કાફી સાથે ફક્ત રૂ. ૧.) કોઇબી રેસટોરાંમાં ખાવા જાઓ તો નમાના વેટર અથવા વેટરે-સને શું "ટીપ" આપવી તે માટે ગુંચવાયા કરવાની જરૂર નથી. સાધારણ કાયદો એવો છે કે જેટલા ફ્રાંકનું બીલ થયું હોય તેટલાંનો દસમો ભાગ "ટીપ" બસ છે. દર ફ્રાંકનું બીલ થયું હોય તો ૧ ફ્રાંકની સેસ વેટરને કરવં

પડશે. એવેન્યુ ડે લા ઓપેરાની નજીકમાં એક રેસટોરાં નામે બ્રાસેરી યુનીવરસાલ કરીને છે તેની મુલાકાત એક નવાઇ દાખલ કરવાની હું ભલામણ કરૂં છું. ત્યાં જમવા બેઠા કે પહેલાં ૨૪ થી ૩૦ જાતની જુદી જુદી નાહાની નાહાની પ્લેટો જેને હોર ડે ઓવર કહે છે તે મેજ ઉપર મુકી જશે. કીંમત ફક્ત ૯ આના, તમારેથી ખવાય એટલી ખાઓ. પેટમાં ચુંકો પછી ચાલે તો તે સમજવાનું તમારૂં કામ છે.

પ્રકરણ ૨૩ મું.

શું નસીબવાળો હું હોઈશ કે રંગુનની ફરજયાત સેહેલગાહે નીકળયા ત્યાંબી મારૂં ગજ્યું દાસ્તાન ગળે વળગયું. નાગપોર સ્ટેશને આવી પહોંચતાં ટોળેટોળાં જરથોસ્તી ભાઈબંધો પ્લાટ ફોર્મ ઉપર હાજર હુતા અને બળાપો કરવા લાગ્યા કે તમે તો રંગુન મોજ મારવા જાઓ છો પણ અમારૂં બુધવારનું "ગજ્યું દાસ્તાન" ખાઈ જશો તેનું કેમ? મારો જવાબ એટલોજ હુતો કે શેઠયાઓ મારાં કાંઈ બે ભેજાં નથી અને હું કાંઈ લોહોડાંનો ઘડેલો નથી. હું ધારૂં છ કે રંગુનના રંગ કરતાં એ સાહેબોને ગજ્યાં દાસ્તાનનો અપવાસ વધારે કડવો લાગ્યો હશે. કલકતે આવી પહોંચ્યા કે વળી પાછા જરથોસ્તીઓ ફુટી નીકળયા હુતા અને પછી

એની એજ વાત. અલબતાં મારી છાતી ગજ ખીલી હતી પણ હું તો મુંબઈમાં વરદી આપી આવ્યો હતો કે જો મારૂં લખેલું પાકીટ ન મળે તો મારી મુશકેલી એક ફકરા મારફતે જાહેર કરીને વાંચનારા સાહેબો પાસે દરગુજર ચાહવી. પણ હું અત્રે આવયા પછી આસમાનની ચાલ જુદીજ જોઈ. જે આઘેથી તોફાનનું વાદળ દીસતું હતું તે ખુશ સેહેલગાહ જેવું લાગ્યું અને કાગળ સાહી લઈને લખવા બેઠો તો ભેજાંમાં એવી ચમક આવી કે એક કલાકમાં આ ચરીત્ર ચીત્રી કહાડયું છે.

પારીસની ખરી જીંદગી બહાર રસ્તામાં છે. મને લાગેછ કે સુમારે બે લાખ સ્ત્રી પુરૂશોને આખો દહાડો ખાવા પીવા તથા હસવા સીવાય બીજું કશું કામ ધંધોજ નથી. મોટા રસ્તાઓ ઉપર હજારો લખો નાની ટીપાઈઓ મેલેલી અને તે ઉપર આખો દહાડો અને રાત લખો માણસો દારૂ અથવા કાફી પીતા હશે. ઘણી વાર હું ત્યાં જગા મેળવવામાં નીશફળ થયો છું. મારી ખાસ સલાહ છે કે પારીસની ચા પીવી નહી, કારણ કે તે ઉના કોગળા સીવાય બીજું કાંઈ નથી. પણ ત્યાંની ક્રીમ સાથની કાફી ! આહાહા ! જો ટંબલર ભરીને તેજ પીશો તો બીજું ખાધાનું બી માંગશો નહી અને સહવાર સુધી મોહોડાંમાં સ્વાદ રહી જશે. આ બુલીવાર્ડ ઉપર એકાદ ટીપાઈ નજરે

પડે અને તે ઉપર કોઈ એકલી માહાબુખતાર બેઠી હોય તો મારી ભલામણ છે કે ત્યાં બેસશો નહીં કારણકે ત્યાં ઘણી વાર ખુરસીમાં માકડ મળી આવે છે અને તે અભાગયાંઓને ખીસાં ઉપરજ ચટકો મારવાની કુદરતે પ્રેરણા મુકી છે. તેજ પ્રમાણે કોઇ ખુશાલ જીવનો ફોરેનર કે ફ્રેંચમેન ઓળખાણ પારખાણ વગાર તમને દારૂનું ગલાસ કે કાફી આફર કરે તો પેટ ઉપર હાથ ઠોકીને આસમાન ઉપર ડોળા ચહડાવીને જણાવજો કે તમને એકાએક પેટમાં વાયુ સુળ થઇ આવ્યું છે. વળી સાંભાળી લો. આમ સમજો કે તમને કોઇ નાટક-ફાટકમાં કોઈ સાથ સેહેજ ઓળખાણ થઈ તો ભાઈ-બંધી અર્થે ચોથે દાહાડે કોઈ જાણ્યા અણજાણ્યા ઘરમાં તેની સાથે જતા ના કેમજે અવારનવાર બનાવો બન્યા છે કે ત્યાં વાઈનનું કે બીરનું ગલાસ દોસ્તીના હકમાં પીધા પછી એવી તો ઉંઘ આવશે કે સહવારના ચાર વાગે આંખ ઉઘડશે ત્યારે ખીસું હલકુ હલકું લાગશે અને તમારા ઉતારાની જગાએ જવા જેટલા ગાડીના પઈસાબી પાસે હશે નહી. વળી "તાગડો" તે શું તે તો તમે સમજતા હશો. કોઈ કોઈ વાર અચ-બુચ ભાઈ કે વર નીકળી આવશે અને ગળચીમાંથી ધરીને ધાંધલ કરીને પઇસા ઓકાવશે. મુંબઈમાં આવા બનાવના ચાન્સ નથી પણ પારીસમાં તો આવાં પરીઆંના માળા ઘણા છે. આ ઉપરથી મને એક મુંબઈની બનેલી ખરી હકીકત યાદ આવે છે. આ

સ્કેચો અલબત્તે રમુજને થકીજ છે એટલે તે ટપકાવી લેવાનું મન થાય છે. એક બોઝોર્ગ, ઘણાજ આબરૂદાર-પારસી ગ્રહસ્થ એક વાર ચાલતા મેટરીમોનીઅલ કોર્ટ માંથી પોતાની આફીસે જવા નીકળ્યા. સાંજના ત્રણ વાગાનો તડકો હતો એટલે સોસ ઘણી લાગી, તેથી કોટેકોટ એક રેસટોરાંમાં જઇને સોડા માંગ્યો. મડમે હસીને સોડા લાવી આપ્યો અને આગળ અદબ કરીને ઉભી અને ઘણા વાહાલથી પુછવા લાગી કે ઘણા ઠાકી ગયાછ જરા ચંપીન લાઉં? કોણ જાણે શું ચોઘડયું હશે કે પેલા પારસી ગ્રહસ્થને આ ફુટડીનું ગાલમાં ખાડા પડે તેવું હસવુ ઘણું ગમ્યું. તેથી ભોલાઈમાં જવાબ આપ્યો કે "મને તો ચંપીનનો શોખ નથી પણ મારી તરફથી તું એક પાઈન્ટ પી." ચતુરા દોડી અને એક "ઓઝોન"ની છ આનાની પાઈન્ટ લાવીને ચપ દેતી ઉંઘાડીને શેઠની તંદરોસ્તી ચાહીને નોશ કરી ગઇ. જરા વારે શેઠ ઉઠયા ત્યારે પેલીએ બીલ હાજર કીધું. બાર રૂપીઆ!! ઓ તારો બાપ બપાવો મરે એમના એમ. શેઠ જરા વાંધો કાહાડવા માંડયો તો ફૂલક્સુરે તો મોટે સાદે તુફાન ઉઠાવ્યું અને પોલીસને બોલાવવાની ધમકી આપી. હવે આ રેસટોરાં જરા—અંહું—એમ તેમજ હતું. શેઠે વીચાર્યું કે કોઈ પુછશેની કે હું મમાવો બપાવો, પારસી ટોળાનો બોઝો-રગવાર તે આવી જગામાં શું કામ ગયો હોઇશ. ધુળ નાખી એનાં નામપર રૂપીઆ બાર ઝાંસીઆ અને સોડાનું ટંબલર એક પીને ઘર આવ્યા.

લંડનની પેઠેજ પારીસમાંબી મોટોર ટાકસીની બોલબાલા છે. પણ લંડનના ટાકસીવાળાની ઝડપ અને સફાઈને આ પારીસનો નવો હુમનબરદ નહીં પુગે. પારીસના રસ્તા ઉપર ચાલવું એ ગોયા જંગલી ગોધાઓ છોડી મેલ્યા હોય તેની વચમાં ચાલવા બરાબર છે. ટાકસીવાળાઓ તમારી કે પોતાની સાઈડની બીલકુલ દરકાર કરવા વગર આંગ ઉપર ધસી આવે છે. ગાડી હાંકનારાઓ કોઈબી રીતે બાજુ થવાને ચેતાવતા નથી. ચાલતું લોક પણ લગાર એવુંજ બેધ્યાન બેદરકાર છે. લેડીઝોને વટીક ધક્કા ધક્કીમાંથી પસાર થવું પડે છે. જો કે ઇંગલાંડના કરતાં ફ્રાંસ ઘણું "પોલાઈટ" કહેવાય છે પણ તે ફક્ત નામનુંજ છે. આપણી પારસી બાનુઓ લંડનના ભર રસતામાં ને નાટકશાળામાં અથવા એવાજ બીજા મેળાવડામાં જણાય તો ઈંગ્રેજોને લગાર નવાઈ તો લાગે પણ તે લોક જાણે કશામાં જાણતા ન હોય તેમ વરતે અને ફક્ત બાડી નજરે જુએ, પણ પારીસમાં તો રસતે ચાલતાં હજાર જણ પાછા ફરીને વાંકાંટીકાં થઈને તમારી માથાંથી પગ સુધી તપાસ લેશે.

પારીસ એટલું મોટું છે અને ત્યાં એટલું બધું જોવાનું અને ફરવાનું છે કે પગે ચાલીને જો પંદર દાહાડામાં જોવાનો કસદ કરશો તો પંદરસોમો ભાગબી જોઈ શકશો નહી, તેમજ હર વખતે ટાકસીનું માથું ભાંજતાંબી પરવડશે નહી. સર્વેથી સસતું અને સેહેલું

ત્યાંની મેટ્રોપોલીટન રેલવે છે. આખ્ખાં પારીસમાં તે જાલ પસારી રહી છે. ફક્ત ૧૫ સાનટીમ (દોહોડ આનો) ટીકીટ આફીસની બારી ઉપર મુકવાની ખોટી, કારણકે ગમે એટલાં સ્ટેશન જાઓ કે ગમે એટલો વાર ફરો તેનો એકજ ભાવ. "ટકે શેર ભાજી ટકે શેર ખાજા." માત્ર તમારો ફરવાનો હર્ખ પુરો થયો ને બાહાર નીકળવું હોય તો બાહાર નીકળવાના માર્ગમાં બાકસ મુકેલો હોય ત્યાં તમારી ટીકીટ નાખી દઇને ચાલતા થવું. ના ટીકીટ કટર કે ના ટીકીટ કલેકટર. વળી દોડાદોડી કરવાનીબી જરૂર નહી. આપરે જોઇએ કે અરર આ ટ્રેન તો આપણે ચુકયા. પણ હજી તો તેની પીઠનો લાલ રંગ દેખાય એટલામાં તો બીજી આવીને ઉભી રહે. સારાંશ કે દર બબે મીનીટે એકકની પાછળ ટ્રેનો ધકેલા ખાયાજ કરે છે.

નાટકની બાબદમાં મને લખતાં ધ્રુજરાં છુટે છે કે આ બલાએ આફતમાંથી કોણ જાણે કેમ સલામત બાહાર પડીશ. કબુલ કીધા વગર ચાલતું નથી કે પારીસના થીએટરો ઘણા—ઘણા—ઘણાજ ઉમદા છે પણ તેમ કેટલાંક ઘણા—ઘણા—ઘણા—ઘણાઆઆજ નજીસ છે. જયાં ઉમદા છે ત્યાં નાટકી જોશ અને જોમ ઝકઝકી રેહે છે, તેમજ જયાં "રાત અંધારી ને મગ કાળા," ન ઓળખાય સસરા કે ન ઓળખાય સાળા જેવો મામલો હોય ત્યાં આપણી બાયડી, બેહેનોને

લઈ જવાની વાતજ હોય નહીં. ચાર નામચીન મોટી કુંપનીઓ છે તેઓની શું વાખવાખી હશે કે તેઓને ઉંચકી રાખવાને ખુદ સરકાર વરસ દહાડે ૨૪૦૦૦૦ ફ્રાંકની "સબસીડી" એટલે મદદ આપે છે. આ નાટકશાળાઓમાં લંડનની પેઠે ઈવનીંગ ડ્રેસ પેહેરવાનો જુલમજ નથી પણ ઘણાખરા પહેલા વર્ગોમાં બધાજ કાળા ઈવનીંગ ડ્રેસમાં આવે ત્યારે આપણે ખાકી કે 'કલરડ' સુટમાં જઇને તો ઠીક લાગે નહીં. તેમાં દેશી બાનુઓને તો ફકરજ નથી. જરા ચાઇચાઇની ચળકતી કોર લટકાવી અને એકાદ મોતીની (ખોટાંબી ચાલશે) માળા ગળે ઓળવી કે ફ્રેંચમેનો પોતપોતામાં બોલશે કે આ કોઈ ઈંડીઅન પ્રીનસેસ આવી છે. પણ અરજ કરૂં છું કે બાઈ માણસોને લઇ જાઓ તેની અગાઉ સારી પેઠે ખબર કાહાડજો કે નાટક કાંહાં છે અને કેવો છે કારણકે કેટલેક ઠેકાણે એવા દેખાવ અને ચાળા જોવામાં આવે છે કે પારીસની ગર્મ એટલી ઠંડી છતાં બરડે પાણી ઉતરશે.

ટુંકમાં કહુંતો ફ્રેંચ લોકમાં નાટકી નીતીનો 'સ્ટાંડરડ' અથવા માપ આપણાથી તદન જુદુંજ છે. જો તમને આ ગળ્યું લાગ્યું હોય તો એવા બે ચાર બીજાં ખાતાં-ઓનો ખ્યાલ તમને આપીશ.

પ્રકરણ ૨૪ મું.

અમારો રંગુનનો રંગ હજુ સમાપ્ત થયો નથી અને બીજા થોડા માસમાં તમામ થાય એવો પડછાયોબી જણાતો નથી, એટલે પાછું મારૂં દાસ્તાન અત્રેના મારા ઉતારાની જગાએથીજ ચલાવું છું. પારીસના નાટક ફાટક હાથ ધરયા છે, એટલે હું ધારૂં છું કે તેનોજ હીસાબ ચુકતે કરી નાખવો ઠીક પડશે. અહીં મુંબઈ શેહેરના ગ્રાંટરોડ નાટકશાળાઓમાં જેમ ધુળ જેવાં ગીતડાંઓ છ છ વાર ગવડાવીને 'એનકોર' એનકોર કરનારા ઉજબખો આવે છે તેમ પારીસબી ખાલી નથી, એમ મેં ઘણી અજાયબી વચ્ચે જોયું છે. ખબર કહાડતાં જણાયું કે આ લોક નાટક કંપનીના પગારદાર લોક છે. તેઓ નાટકશાળાના જુદા જુદા ભાગમાં ગોઠવાઇને છુટા છુટા બેસે છે અને 'વીઈવા' 'આંકોર' કરીને નાટકને ઉચકી આપે છે. પહેલાં મને એટલા ઉપરથી શક પડયો કે એક નાટકમાં એક ઘણી ખુબસુરત જવાન સ્ત્રી મારી પાસે આરકેસ્ત્રા સ્ટાલ્સમાં બેઠી હતી અને જરા જરામાં તાલી પાડીને સ્ટેજ ઉપર નાચનારી અને ગાનારીને ઉત્તેજન આપતી હતી. જેવો તેણીનો તાલીનો સાદ પડે કે ઉપર ડ્રેસ સરકલ અને ગેલરી ઉપરથી પણ ધુમ તાલી પડે. સેવટે તેણીએ એક ફુલનો તોરો સ્ટેજ ઉપર

ફેંકયો કે લાગલા બીજા તોરા ધડોધડ ફેંકાયા. જયારે પ્લે તમામ થયો ત્યારે આ બાનુ બહાર પડવાને બદલે ખોટ્ટી થઇ રહી. તરતજ સ્ટેજનો પડદો ખસાડીને સ્ટેજ મેનેજર આવ્યા અને તેણીને લઇને માંહે ગયા. મને રસતા ઉપર ગાડી ન મળવાથી હું ખોટ્ટી હતો તેટલાં પાએક કલાક નાટકની બીજી એકટ્રેસો સાથે પેલી માહ-બુબબી રેસટોરાંમાં વાઇન પીવા ભરાઇ. હુ પણ રીફ્રે-શમેંટ લેવાને મશે દાખલ થયો તો જેટલા જણ તાલી પાડતા હતા ને સઘળાનું ગ્રૂપ ખુશ મજાહ કરતું મારા જોવામાં આવ્યું. વધુ ચાવાચીવી કરતાં જણાયું કે આ તો બધાં પગારદાર ભાડુતી સલામતી લેનારા હતાં.

હું ફરીથી કહું છું કે કોઇબી નાટકશાળામાં જાઓ અને તમે ભણ્નાર ગણનાર હો અથવા તમારી સાથ બાનુઓ હોય તો પહેલાંથી બે વખત ખબર કહાડજો કેમજે કોઈ કોઈ વાર તમારી નજર આગળ એવા નાટક નજરે પડશે કે કદાચ ઉઠી જવાનું બી ભારી પડશે. એક ઠેકાણે અમે ફસીઆ. સ્ટેજ ઉપર પહેલાં તો ડાહયાં ડોહોરાં બે ચાર જણ કાંઈ ફ્રેંચમાં ભરડી ગયાં. શ્રોતાજનો ખુબ પેટ પકડીને હસ્તાં હતાં એટલે મેં જાણયું કે હશે, ગણ પછી મારા મીત્રને પુછયું ત્યારે તેણે ખોલાસો કીધો કે તમે ફ્રેંચ જાણુતા નથી એટલુંજ ગણીમત છે, કારણકે ટકોર અને ચાળા એવા વાંધા ભરી ભાશામાં કરવામાં આવે છે કે ઇંગલંડમાં એક પળબી તે ચાલી શકે નહી. થોડી

વાર એક નાટકી સ્ત્રી સ્ટેજ ઉપર આવી. તેણીના બાલ છુટા હતા અને પગમાં સ્ટાકીંગબી ન હતાં. સનાન કરવા જતી એક પરીનો દેખાવ રજુ કરવાની મતલબ હતી, પણ તેણીના ચાળા અને આવભાવ! તોબાહ! તોબાહ! અને ઘરડા દાહાડીવાળા શેઆન શોકતના ફ્રેંચમેનો, અમેરીકનો અને બીજાઓ ખુશાલ તે બેસીને જુએ. આરકેસ્ત્રા સ્ટાલમાં કોઈ બાનુ તમાશગીર તો ન હતી, પણ પછવાડે મોહોલ્લાની સાહેબજાદીઓ કકડી જતી હતી. ઇનસાફને ખાતર મારે અત્રે ઉમેરવું જોઈએ કે જ્યારે ઘણું અતેરૂં થયું ત્યારે કેટલાક ઈંગ્રેજ તમાશગીરો ઉઠી ગયા હતા. મેં મારા મીત્રને પુછ્યું કે ફ્રેંચ સરકાર આ પ્રમાણે ચાલવા કેમ દેતી હશે, ત્યારે તેણે ઉતર દીધો કે સરકારનો નીયમ એવો છે કે ચોક્કસ વર્ગના લોકના ટેસ્ટને માર્ગ આપવો જોઇએ. જો તે અટકાવવામાં આવે તો તે ટેસ્ટ ભીતરમાં નીતીને કોત્રી નાંખીને પોતાની ભુખ તૃપ્ત કરે. સરકાર છડે-ચોક આવા દેખાવોને ઉતેજન આપતી નથી, પણ માત્ર આંખવીચમણા કરે છે. પણ મારા મીત્રના કહેવા પ્રમાણે આ તો કાંઈ બીસાદમાં નથી. ચાલો વળી કાંઈ નવીજ કીસમનુ જોઈએ. રાતના અગીઆર વાગયા હતા તોયે અમે ત્યાંથી ઉઠીને એક બીજી નાટક શાશામાં ગયા. આ નામચીન ખાતું એક એકાંત મોહોલામાં હતું. પહેલા, બીજા વર્ગ જેવું કાંઇજ નથી, પણ એક લાંબો હાલ, તેમાં નાહાની નાહાની ટેબલો

માંડેલી અને તે ઉપર ચાર ચાર પાંચ પાંચના ગ્રુપ બેસીને દારૂ પીતાં જાય અને સટેજ ઉપર જોતાં જાય. સઘળી પીરસનારી છોકરીઓજ હતી અને બધી હલકી વર્ણનીજ હશે; કારણકે અવારનવાર કેટલાક છાંટાપાણી માસતરો તઓને ચમટી તોડે અને હજારો લોકોની વચ્ચે બે મલાહજે વર્તે. કોઈ પુછનાર કે પરછનાર નહી. કોઈ કોઇ જુવાનીઆઓ અને ઘરડાઓ પોતાની સાથે સ્ત્રીઓને લાવેલા તેઓને પોતાની પાસે બેસાડી દારૂ પાય. માથે ટોપી, મોહોડાંમાં ચીરૂટ અને માહાબુખતારની કમ્મરે હાથ! કેમ, પીક્ચર ધ્યાનમાં ઉતરેછ કે, તમારે ગમે તેમ મુંગા મરો પણ જો જરાબી સુગાઈને નાકનું ટીચકું ચહ- ડાવ્યું તો તમારી માથાંપરની ટોપી હવામાં ઉડવાનો સોદો છે, માટે મુંગા મુંગા બેસીને તમાશો જોવામાંજ લાભ છે.

એક હવે બીજી રમુજી વાત કહું. એક દાહાડો અમારો ફ્રેંચ ગાઇડ ખુશીની ખબર લાવ્યો કે એક ઘણોજ વીચીત્ર સરસ સીનેમેટોગ્રાફ આવ્યો છે તે જોવા વગર જવું નહી. અમારી સાથે બાનુઓનો સાથ હતો અને તેઓબી આવવા તૈયાર થયાં, પણ ગાઇડ કાકા જેવણ ખાસ્સા દાહાડીવાળા બોઝોરગ હતા તેઓએ અમને એશારત કરી કે તમે પેહેલાં જોઇ લ્યો અને પછી કાલે બાનુઓને લઇ જઇશું. આ ઉપરથી અમે ત્રણ મીત્રો ગયા. રાતના સુમારે દસેકનો અમલ હતો. ગલી ગુંચીમાંથી અંધારી રાતના એક

એકાંત ગલીમાં આવી પોહોંચ્યા કોઈ કાળું ચલ્યું મળે નહી. અમે વીચાર્યું કે એ ડોસો કોણ જાણે કયા ભસ્તાંમાં લઈ જાય છે, પણ તેની સાથે લાંબી ઓળખાણ હતી, એટલે લુટાવાની કે ઝુટાવાની ધાસ્તી ન હતી. આખરે એક મકાન આગળ આવી પોહોંચ્યા જેનું જબરૂં બારણું બંધ હતું. ગાઈડે ત્રણ ટકોરા મારયા કે એક પીપ જેવી જાડા ફ્રેંચ ઓરતે તે અડધું ઉઘાડીને વચ્ચે આડી ઉભી. તેણીની કમ્મર ખાસ્સી ભેંસનો પટો આવે એવી જાડી, મોહોડાંપર જીણી મુછ અને આંગળીએ બીલીઆનની છ એક વીંટીઓ પેહેરેલી હતી. સગન તો સારા ન હતા, પણ જોઈએ તો ખરા શું છે. ગાઈડને ઓળખીને બાઈ સાહેબ પીપે અમને ચાલમાં દાખલ કીધા અને પઠવા માંડયું કે આ સીનેમેટોગ્રાફ ફક્ત “સીલેક્ટ લોકને માટે છે અને દરેક જણના ૧૦ ફ્રાંક પડશે.” અમે તુરત પામી ગયા કે આ તો રેંહેસવાની વાત છે એટલે ઉપકાર સાથે ના પાડી ચાલવા માંડયું. આખરે થોડીક ફ્રેંચમાં રકજક કરીને ચાર જણના એકંદર ૧૦ ફ્રાંક ઠરાવીને માંહે પેઠા. મારી પુરી ખાત્રી છે કે ગાઇડ મુરબ્બીનો આ મુછાળી દદા સાથે ભાગ હશે. ખેર, એ તો ખાંડણી-આમાં માથું ઘાલી ધપકારાથી બીહીવું શું. અંદર ગયા તો એક મધ્યમ કદનો ઓરડો હતો, જેમાં બે ચાર ઝુકતી ઝાકતી વીજળીની બતી બળતી હતી. સુમારે પચીસ ત્રીસ સાબુગોરાઓ બેઠા હશે. બધા, અમે

સુધાં, બેવકુફ જેવા લાગતા હતા. અમને તુરત લાગયું કે આજે સરગરદાન બન્યા, પણ કાંદો ખાઇને મોંહ સુંઘાડવા જેવા બેઅકલી અમે ન હતા. તવલાવી તવલાવીને અરધેક કલાકે બતીઓ સળગી. સામેજ સીનીમાનો પડદો હતો. જરા વારે પેહેલો દેખાવ આવ્યો. શું વર્ણન કરૂં! કેમ કરૂં! ચાલો માંડી વાળો. મારા વેપારી બોઝોરગ મીત્ર કમકમવા લાગ્યા અને મારા કાનમાં પડીને કહયું કે ચાલો ઉઠો, આપણાં વરસ વેચાવા જેવું છે. અમો હવે ઉઠયા, અને દરવાજા ઉપર ધસ્યા ગયા. અમારા દીલમા એવી બીક હતી કે આ સઘળો દોજખી મામલો ચાલે છે, તેમાં પોલીસની સાથે ગુપ્ત સમજુતી હશે અને તે લોક અચબુચ દરોરો પાડીને અમને ધરી પકડીને ધાંધલ મચાવીને કાંઈ પાંચ પચાસ ફ્રાંકની રૂમડી મુકાવશે. વળી તેના સમાચાર વર્તમાનપત્રોમાં આવે અને અમારા મુંબઇના હેતના કટકા ઘણા, તે મરી મસાલા સાથે ઘરેઘર ફેલાવે તે જુદી વાત. એટલે શેહતાન ડાભો કરી ત્યાંથી વટટી જવાની વાત કરી, પણ જવા દે કોણ. પેલી અમારી પુરાણી મુછાળી પાડી પાછી આડી નડી. બાહાર જવાય-કાંય! તો તમે આવ્યા શું કામ? તમે અમારાં પવીત્ર (!) મકાનને બદનામ કરવા આવ્યા તો દરેક જણ બબે ફ્રાંકનો દંડ આપો, નહીં તો પોલીસને બોલાઉંછ. આબાદ મારી ધારેલી તરફ. મુવા છુટા. ઝાંસ; ઢેડાની ખાધીને ઝાંસ; અને કાંઇબી કરીને નીકળ

આએ દોજખખાનામાંથી—નહીં તો રેવડી દાનાદાન થશે. બાહાર પડયા અને પેલા માહાગુરૂ પવીત્ર આતમા ગાઈડને ગાળ ગાળે વર્સાવી નાખ્યો કે તું જાણી જોઈને આવા નર્કમાં લાવ્યોજ કેમ. તે બચારો ભોલો ભાલો, ગભરાઈ ગયો અને એકની એકજ તકરાર કરે કે "અરે પણ અહીં તો સારાં સારાં માણસ આવેછ." બળ્યાં તારાં સારાં સારાં માણસ અને મુવો તું એમનો એમ.

પ્રકરણ ૨૫ મું.

એક વખત અગાઉ મારી ચોપડીમાં હું લંડનના હેરોડ સ્ટોરનું વર્ણન આપી ગયો છું. તે વખત મને એમ લાગ્યું હતું કે આ હેરોડની દુકાન આખી દુનીઆમાં મોટી હશે પણ ત્યાર પછી પારીસમાં "બો મારશે" નામનો એક સ્ટોર જોયો છે તેની આગળ લંડનની દુકાનો તો જાણે બચ્ચાં જેવી છે. પણ આમ કહી હું વળી પાછો બંધઇ જતો નથી કારણકે ત્યાર પછી બરલીનમાં વરટાઇમ સ્ટોર જોયો છે તે વળી આ સઘળાંને વીસરાવે તેવો છે અને તેનું વર્ણન હું હવે પછી આપીશ.

આસરે પચાસ વરસની વાત ઉપર "બો મારશે" એક નાની કાપડીઆની દુકાન હતી. તે વધી વધીને હમણા રોજના ૪૫૦૦ પુરૂષ અને લેડી સેલ્સ મેના

અને દરરોજની સવાલાખ રૂપીઆની વકરી ધરાવે છે. ત્યાં શું મળે છે તે પુછતા ના. શું નથી મળતું તે તમને પુછવાનો હક છે. વટાણાની દાળથી તે ત્રણ લાખ રૂપીઆનાં મોતીના હાર! બે પેનીનાં રમકડાંથી તે દસ ઓરડાનો બંગલો, પત્રાંની સીસોડીથી તે એકસો માણસનું બેંડ, દાઢીઆંની પેપરમીટથી તે એક હજાર માણસનું ખાણું. અલબતાં આવાં ગંજાવર એકઝીબીશનને માટે મકાનબી એમ સમજો કે બોરી-બંદરનો સ્ટેશન કરતાં ચારગણું મોટું. એનો અસલ માલેક મી૦ બોસીકો જબરો ગણત્રીવાળો હતો. તેણે એવો નીયમ રાખ્યો કે જે કાંઈ કમાય તેમાંથી પોતાનું અને ધણીઆણીનું પેટ ભરાય કે બાકીનું યાહોમ પોતાનાં બીઝનેસ વધારવામાં નાંખવું. આમ નાખ નાખ કરતાં દુકાનનું પેટ ફુગાતું ગયું. એણે પેહેલીજ વાર પારીસમાં કાયદો કહાડયો કે તમારે ગમે તે માલ લઈ જાઓ અને જો ત્રણ દહાડામાં પસંદ ન પડે તો પૈસા પાછા. વળી એની ગણત્રી એવી કે માલ ઉપર જે ખરચ બેસે તે બાદ કરતે ફક્ત પાંચ ટકા નફો લેવો. જો એક જાતનો માલ વરસમાં દસ વખત વેચાય તો પચાસ ટકા પેદા થાય એ ધોરણ ઉપર તેણે કામ શરૂ કરયું હતું, અને તેમાં તે ફતેહ પામ્યો. એનાં ૪૫૦૦ માણસો એ મોટી બાયડી ઉપર જીવ આપે તેમાં નવાઇ છે? જેમ વફાદાર નોકરી તેમ વધુ પગાર. જો તમે એકસો રૂપીઆનો માલ વેચો તો

પાંચ રૂપીઆ માલીકનો નફો અને આઠઆના વેચનાર છોકરીને ખાતે જમે થાય. પણ બોલી એ કે દરેક વેચનારીનું ખાતું પાડેલું અને તેમાં આ રોજનું કમીશન જમા થયાજ કરે અને વળી તે ઉપર તેણીને પાંચ ટકા વ્યાજ મળે. અલબતા પગાર જુદો, પણ જ્યારે ખાવા પીવાનું સુવાનું અને ધોભીધોવામણ સઘળું આછેતું મળે ત્યારે પગારનું પણ શું કામ પડે. છોકરીની ખુશી હોય.તો તેબી તેનાં ખાતાંમાં જમે થયા કરે. રાતના કામપરથી છુટયાં અને ખાધું પીધું કે તે લોકને સુવાના ઓરડામાં ચાંપી રાખવાને બદલે સ્કુલો, મ્યુઝીક કલાસીસ, કસરતશાળા, નાટકશાળા વગેરે સ્થાપેલી ત્યાં જઈને રમુજ મેળવે. 'બો મારશે' નાં કોઇબી ખાતાંમાં કોઈબી આસીસટંટ દાખલ થાય તો તેની એક પૈ આપવાની નહી. માલેકો એવા ઠાવકા કે દર વરસ થોડી છોકરીઓને ઈગ્રેજી શીખવા માટે પોતાને ખરચે ઈંગ્લંડ મોકલે કે જેથી પાછું ફરતાં તે લોક આ સ્ટોરમાં વધુ કામનાં થઈ પડે. આ વેચનારી છોકરીઓની માતાની જગા મીસીસ બોસીકોએ રાખી છે. આ છોડીઓને માટે મોટાં હવાવાળાં કુશાદે મકાનો જુદાં છે અને તેબી એમ નહી કે ઘર જઈને ચોટટી બીલાડીઓની પેઠ ઓરડીમાં ભરાઇને વગે સગે થઇ જાય. ના, ખાસ્સા ડ્રોઈંગરૂમ, લાઈબ્રેરી, બાગ બગીચા સાથનાં આ મકાનો છે. હવે વીચાર કરો કે જ્યાં આવું સુખ હોય, ખાવા પીવાના


તર નવાળા મળે ત્યાંથી ચાકરી છોડીને શું ધુળ મુકવા બહાર જાય. એ લોક શું ખાતાં હશે અને કેમ રહેતાં હશે, ૪૦૦૦ નું રાંધવાનું કેમ બનતું હશે વગેરે જાણવાની મને ઘણીજ ઉતકંઠા હતી અને સેહેજ મેહેનતે હું કેટલીક વીગતો મેળવી શકયો છું. સવારના સાત વાગે માલેકોને ખરચે સર્વે નોકરીદારો નાસ્તો લેવા બેશે તેમાં ચાહ અથવા કાફી બીસકીટ માખણ અને ઈંડાં. સાંજના વારાફરતી પાંચસો પાંચસોની ટેબલ મંડાય અને તેમાં સુપ, ગોસ્ત, તરકારી, સેલાડ અને પુડીંગ સાથે અકેકી ઘણીજ નરમ વાઈનની બાટલી!! મુંવાંઓનો સખે જીવ જાય છે. કોઈ માંદું પડયું સાહાજીું પડયું તો 'બો મારશે'ને ખરચે ડાકટર હાજર છે અને તે જે ફરમાવે તે, ચમપીન સુધાં, બીમારને આપવાની વાણ નથી. ત્રણ મોટા જબરદસ્ત ડાઇનીગ રૂમ છે, તેમાં એકમાં સુપ્રીનટેનડંટો અને મરદ આસીસટંટો, બીજામાં બાનુ આસીસટંટો અને ત્રીજામાં પોરટરો, નોકરો અને કોચમેન. આ કોચમેન શબ્દ ઉપરથી યાદ આવે છે કે "બો મારશે"થી બહાર પડયા તો સુમારે પચાસ પીળા રંગની આમની બસો દુકાનનાં નામ સાથની હારોહાર ઉભેલી જણાશે, અને તે ઉપર વેચાયલાં પારસલ લાદ્યાં કે ચાલી. આ પ્રમાણે આખો દહાડો 'બો મારશે'ની 'બસો' દોડતી ને દોડતી રહે છે અને હજારો પારસલો પહોંચાડી આવે છે. દરેક ડાઇનીંગ રૂમમાં ૮૦ બારી-

ઓ છે અને દરેક ઓરડો ૪૦૦ ફીટ લાંબો છે. દરેક ડાઈનીંગ રૂમમાં ૧૩૦ ઇલેક્ટ્રીક લાઇટ બળે છે અને બરાબર ૧૦૦૦ નોકરોને કરારથી બેસીને જમવાની સગવડ છે. હવે જરા બબરચી ખાનામાં ડોકું ઘાલીએ. ૪૦૦૦ જણનું રાંધવાનું એટલે કાંઇ કુલ્લીમાંનો ગોળ ખાવાનું નથી. નવ મોટાં રાક્ષશી બાઇલરોમાં વાણીઓ બફાય છે પણ ખુબી એ કે બધું પકાવવાનું સ્ટીમથી થાય છે. ચાપ ગ્રીલ કરવાના એટલે ભુંજવાના સાંચા જુદા છે જે ઉપર ૧૨ મીનીટમાં ૬૦૦ ચાપ નાકનો દાંડો ફાડી નાખે એવા સ્વાસ સાથ ભુંજાઈને ઉતરે તે જોવા જોગ છે. વળી એ લોકને પટેટા વગર ચાલે નહી એટલે એક નવાંજ ધોરણથી ૧૭૦૦ રતલ પટેટા એક સપાટામાં બફાઈ અથવા તળાઈને નીકલે છે અને તે પીરસાઈ રહે એટલામાં તો બીજો ઘાન તઈયાર છે. એજ પ્રમાણે ઈંડાં અને રકાબીઓ ગરમ રાખવાનું સમજવું. પણ બાઇસાહેબોને કાફી વગર કેમ ચાલે. એક સાંચો એવો રાખ્યો છે કે તેમાં અડધા કલાકમાં ૩૦૦ રતલ કાફી તાજી ભુંજાઈ, દળાઇ બનીને તઈયાર પીવાના કામમાં આવે છે, એવી મતલબથી કે મેમ સાહેબોનું ભેજું તર થઈને કામપર જાય તો બેવડું કામ કરે! કાંઇ તલમાં તસુ ઓછું પડયું કે ડીરેકટરો ઉપર ફર્યાદ ગયલી છે. પાંચ છ મોહોલા રોકે એવી ઇમારત નાહાની પડી એટલે હમણાં એ લોકોએ એક બીજો મોહોલો ઘેરી લઈ ત્યાં કારપીટ અને ફરનીચરનું

ખાતું કહાડયું છે. આ બેઉ ખાતાઓને જોડી નાંખવાને અંડર ગ્રાઉન્ડ ટનલથી રસ્તો કીધેલો છે. હું ધારૂંછ કે આ નવાં ખાતાંમાં કાંઈ એકાદ લાખ કારપીટો હશે. પાંચ ફ્રાંકના ટુકડાથી તે દસ હજાર રૂપ્યાની કીંમતના ગલીચા અહીં ઠસવી મુકયા છે. પેહેલાં જોતાંજ વીચાર આવે છે કે એ બનાવ્યા કોણે હશે, એટલા ખરીદતા કોણ હશે, એ સાફ રાખતા કેમ હશે, ભાવ યાદ રાખતા કેમ હશે, એનું વ્યાજ ખાધ શું પડતું હશે. વળી ફરનીચર હું ખાત્રીથી માનું છું કે આપણા મુંબઈના ખલાસી ચકલા ઉપરની સઘળી દુકાનો એકઠી મેળવે તે કરતાંબી આ એક મકાનમાં વધારે હશે. ખુબી શું કે જાત જાતનું ફરનીચર ડીઝાઈન કરનારા, સુંથારો, કોતરનારાઓ, ગીલડ કરનારા, પાલીસ કરનારા તથા લાઇનીંગ કરનારા સઘળા આ ખાતાંના પોતાના નોકરીદાર માણસો છે. આ 'બો મારશે' કેટલું મોટું હશે તેની એકજ સમજણ આપીશ. એકવાર બપોરના અમારી સાથની બાનુઓ ત્યાં કાંઈ ખરીદ કરવા ગઈ અને મને વરદી આપી ગઇ કે તમોએ ત્રણ વાગે ત્યાં આવવું અને આપણે સીલ્ક ડીપાર્ટમેંટમાં મળશું. હું વખતસર ભપકામાં ગયો ખરો પણ સીલ્ક ડીપાર્ટમેંટમાં એટલી તો ગલી ગુંચીઓ અને હજારો કબટો અને હજારો વેચનારીઓ કે બે કલાક ફરયો પણ કોઈ પાયું નહી. આખરે હાકીને ત્યાંના એક ઉપરીને પકડયો તે બચારો મારી

સાથે બીજો કલાકેક ફર્યો હશે પણ કોઇ મળે નહી. આખરે ઠાકીને મેં વીચાર કીધો કે હશે. આવવાનો રસ્તો જોયલો છે. મેં બહાર નીકળવાનો કસદ કીધો પણ રસ્તો પાય ત્યારે કે? માંહેના માંહે બીજો એક કલાક ગોતાં ખાધાં ત્યારે ખાંડીબંધ દરવાજા માંહેનો એક પાયો અને ત્યારે છુટકો થયો. મકાને આવી પોહોંચતાં છોકરાંઓને પુછતાં જણાયું કે તેઓ આખો વખત ત્યાંજ હતાં પણ મેળાપ થઇ શકયો નહીં.

હું અગાઉ લખી ગયો છું કે આ ખાતાંના નોકરોનું મોટું ફંડ છે અને તે હમણા ૯૦ લાખ ફ્રાંકનું થવા આવ્યું છે. પાંચ વરસ નોકરી કરે તેને તેને ખાતે જમે થયલી રકમથી એક ત્રતીઆંઉસ મળે, દશ વરસે બે ત્રતીઆંઉસ મળે અને પંદર વરસની નોકરી પછી અથવા પરણી જાય તો આખું ઉપાડી જાય. વળી આ ખાતાંના સ્થાપનાર બાનુ મેડમ બોસીકોએ એક પેનશન ખાતું ઉઘાડયું છે અને તેમાં પોતાની ગીરોથી ૫000000 (પચાસ લાખ) ફ્રાંક પોતાની અંગત દોલતમાંથી આપ્યા છે. આમાંથી ૭00 ઘરડા નોકરોને બેઠકું માસીક પેનશન મળે છે. પુરૂષ ૫0 વરસની ઉમરનો અને ઓરત ૪૫ વરસની ઉમરની થઈ અને વીસ વરસ ખાતાંમાં ચાકરી કરો તો આ પેનશન ઉપર ખુશીથી રીટાયર થઇ શકે. તેજ મુજબ ખાતાંના નફામાંથી સેંકડે ૭ ટકા માલેકો પોતાની રાજી



સફે ૨૧૫.

લુવરનો મહેલ—પારીસ.

ખુશીથી જુદા કહાડે છે અને તેમાંથી ગરીબ વીધવા-ઓને, માબાપ વગરનાં બાળકોને મદદ મળે છે. ડાકટરો તો ખાતાંના નેમેલા હાજર છે એટલુંજ નહીં પણ સ્રી દુકાનવાળીઓ જેઓ બચ્ચાંની માતા થવાની અણી ઉપર હોય તેઓને આખો પગાર આપવા ઉપ્રાંત દર સુવાવડ વેળાએ ૧૦૦ ફ્રાંક બક્ષીશમાં મળે છે.


સમજમાં કાંઈબી મુશકેલી નડતી નથી, કારણ કે ઘણીખરી સઘળી વેચનારી છોડીઓ ઈંગ્રેજી બોલી શકે છે ને તે ઉપ્રાંત રશીયન, જરમન, ઇટાલીયન વગેરે ભાશા જાણનારા દુભાશીઆઓ ફરતા રાખેલા છે. ફકત તમારી આંગળી ઉંચકવાનીજ ખોટી. હું આ વીશય અત્રેજ ખતમ કરૂં છું કારણકે બરલીનમાં એનો બપાવો બીજો છે તેને માટે થોડીક જગા રાખવી જોઇશે.

પ્રકરણ ૨૬ મું.

તમે પીકચર ગાલેરીઓ અને મ્યુઝીઅમો ઘણાબી જોયાં હશે પણ કદમાં લુવરનો ખજાનો હું ધારૂં છ કે દુન્યામાં સરવેથી મોટો હશે. અરે બાપરે બાપરે—આપણાં બઈ-રાંઓ કેહ તેમ "મુવો આંખ વીચીને થપેરીઓજ ગીઓછ." પીકચરોની હારો હાર બસ સોલ મૈલ ચાલ

ચાલ કરો ત્યારે કેનવાસ અને કસ્બી ફ્રેમોનો છેડો આવે. જો બધાં પીક્ચરો તપાસવા જઈએ તો દસેક વરસ લાગે. પારીસમાં આ ઇમારત સર્વેથી મોટી છે એમ સેહેલાઈથી કહેવાઈ શકાશે. અસલ વારેના ઈટાલીઅન ચીતારાઓ અને કોતરનારાઓની પીછીના અને ટાંકણા હથોડીના પરીણામ એકેકાં એવાં અહીં જમાવ કીધેલાં છે કે જે દર નંગની કીંમત લખો રૂપીઆની થાય છે અને આખા સંગ્રહની તો કીમ્મતજ નથી. ફ્રાંસનો માનીતો જોધ્ધો નેપોલીયન બોનાપાર્ટ જ્યારે યુરોપને જીતતો જીતતો ચોખંડ ફરી વળ્યો ત્યારે દેશો દેશથી જે નામીચાં ચીત્રો પીત્તી લાવ્યો તે અહીં ખચોખચ ભરેલાં છે. નામીચા પેન્ટરો જેવા કે તીશીઆં, લીઓનારડો ડી વીનસાઇ, રૂબન, વગેરેના એક પીકચરને માટે તુટાતુટ પડે તો અહીંતો એ અમર્ગા નરોના સેંહેકડો પીકચરો દેવાલે લટકી રહયાં છે. પારીસ જાઓ અને લુવરનો ગંજાવર મેહેલ ન જુઓ તો અનાડીમાં ખપો એ નક્કી જાણવું. વળી એબી ખરૂં કે એક વીઝીટમાં લુવર જોવા જવા કરતાં નહીંજ જાઓ તો બેહેતર. અસલ એ ઇમારત મધ્યમ કદના કીલ્લા માટે બાંધી હતી પણ ત્યારે પછી નવા નવા ફ્રેંચ શોકીન એમપરરો આવ્યા અને પોતાના ફાંટા મુજબ ઇમારતમાં ઉમેરો કરતાજ ગયા. ત્યારબાદ ફ્રાંસમાં રેવોલ્યુશન થયું. ત્યારબાદ લુઇ ૧૫ માંના અમલમાં મહાન પીકચરો જે જુદા જુદા મેહેલોમાં વીખેરાઈને પડેલાં હતાં તે આસતે આસતે અહીં ભેગાં કરવા માંડયાં.

આ વાર લુવર અને તુઇલરીના મેહેલો છુટા છુટા હતા તે જોડી નાંખીને આ જબરદસ્ત ઇમારત એક કરી નાખી. હું આગળ કહી ગયો છું કે લુવર આખું જોવા માટે સોળ મૈલ સુધી ગુરાની કઢી કરવી પડે. ઇમારત તદન ચો-ખંડ છે અને વચમાં મોટો ચોક છે.



ક થી ખ સુધી ચાલવું હોય તો ખાસ્સો પા મૈલ થાય. ખ થી ગ સુધી અડધો મૈલ, એટલે કથી ઘ સુધી ચાલ્યા જઇએ તો ૧।। મૈલ ચાલવું પડે. એવા ચાર મજલા એટલે એકજ સાઇડની દેવાલ જોતાં જઈએ તો ૬ મૈલ થાય. હવે બીજી સાઇડ પકડયે તો બીજા ૬ મૈલ અને વચમાંની લાઇન જોવાના બીજા ૪ મૈલ. હીસાબ ગણી લ્યો. સારાંશ કે લુવરના મેહેલનું વરણને કરવાની મારામાં શકતી નથી અને કરૂં તો કોઇ વાંચેબી નહી. હું એટલીજ ભલામણ કરૂં છું કેજઈને જુઓ.

પારીસની છેવટની રજા લઉં તે અગાઉ ત્યાંના અજબ જેવા આપેરા હાઉસની જરા ખબર લેવાની રજા આપશો. આપરે ફ્રેંચના તો પ્રોફેસર પડયા અને વળી મ્યુઝીકના ખાં એટલે સમજીને તુટી પડયે પણ ખુદ આપેરાની ઇમારતની ઝમક અને ત્યાંના

ફુલ હાઉસની ધમક એક વાર વખાણવાજોગ, નહી વીસરાય એવો દેખાવ છે. અઠવાડયાંના ચાર દહાડા આપેરા ચાલુ છે પણ તે છતાં તમાશગીર શોકીન લોકનો એટલો ધસારો છે કે ઘણી વાર જગા મળતી નથી. પહેલા વર્ગની ટીકીટોની મારામાર છે એટલુંજ નહી પણ ચલીની પુછડી ફ્રાસીનનો અને બધી ભરેલી છાતી સાથનો શર્ટવાળો ફુલ ડ્રેસ પહેરયા વગર ત્યાં જવાય નહી. ઉપરની સસ્તી સીટોમાં ફુલ ડ્રેસની જરૂર નથી પણ તમે જાણો કે ખાકી રંગના અથવા ગ્રે ત્વીડનાં કપડાં પહેરીને જશો તો તે કાંઇ ચાલશે નહી. તમને દાખલ થવા ના તો નહી પાડશે પણ આખું હાઉસ નાટકને બદલે તમને જોયા કરશે. બાનુઓ માટે ચીંતા નથી પણ આપેરામાં જવું તો બાનુઓએ ફ્રસ્ટ કલાસમાંજ જવું એવી મારી ભલામણ છે. ઈંગ્લંડના કરતાં અને મુંબઈના કરતાં પારીસમાં દરેક આકટ વચ્ચે લાંબો વખત આપવાનો ચાલ છે તે વારે તમામ આડીઅન્સ ઉઠીને બાહાર મારબલની શુસોભીત પ્રામાનાડ છે ત્યાં લટાર મારે છે. હજારો ટેબલો માંડેલી હોય તેપર બેસી દારૂ, આઈસીસ, કેક વગેરેનો હજારોનો ધુમાડો ચાલે છે. પાસેજ આપેરા હાઉસને લગતું એક જોવાલાયક નાહાનું મ્યુઝીઅમ છે જ્યાં નામીચા કમપોઝરો અને ગાનારાઓનાં પીક્ચર અને બસ્ટ હારોહાર મુકયાં છે તેમજ નાટકી લેબાસો જાત જાતનાં પુતલાંઓને અંગે ચહડાવીને રચેલાં છે.

વળી ડયુક ડ બારી નામનો જગપ્રસીદ્ધ ઉમરાવ આપેરા હાઉસમાંથી ઉતરતો હતો તેટલાં તેને છરી મારીને બેજાન કીધો તેના લોહીથી ખરડાયલાં બ્રેસીસ અને રૂમાલ પણ અહીં એમના એમ જોવા મુકેલાં છે. બીજું એક નાટકી સ્ત્રી એમાં સ્ટેજ ઉપર સળગી ગઈ અને મરણ પામી તેણીના અડધાં બળેલાં કપડાંઓ ત્યાં નજરે આવે છે.

તમે નવાઈ જેવા પુરૂષ કારડીનલ રોહાનનું નામ તો સાંભળ્યું હશે. નહીં હોય તો ડુમાની The Diamond necklace નામની કથા વાંચવાની ભલામણ કરૂં છું. આ ધર્તી ધુજાવનાર કારડીનલનું અસલ મકાન જોવાજોગ છે પણ તે કરતાં વધારે જોવાલાયક તો આ ઈમારતમાં ઉઘાડેલી સરકારી પ્રીન્ટીંગ ઑફીસ છે. કહે છે કે આખી પૃથ્વીમાં સવેથી મોટી પ્રીન્ટીંગ આફીસ આ હશે. આ કારખાનામાં ૨૮૮ ભાશાના ટાઇપો છે. ફારસી, ગુજરાતી, મરાઠી, ઉરદુ, અરાબીક, ટીલુગુ વગેરે ૯૩ જાતના ટાઇપ તો ફક્ત આપણા હીંદ દેશ તરફના છે. કારખાનામાં લગભગ ૧૫૦૦ માણસો કામ કરે છે. તમામ સરકારી કામ અત્રે થાય છે પણ જો કોઈ ઓરીઅનટલ ભાશાની ચોપડી છપાવવી હોય અને કોઈ બીજા પ્રેસમાં નહીં બને તો સરકારી હુકમથી અહીં છાપી આપવામાં આવે છે.


પારીસનો એક બીજો ઘણોજ જોવાલાયક દેખાવ ત્યાંની ભુમીદાહ કરવાની જગા પીઅરે-લા-શે છે. બેરીઅલ ગ્રાંઉડને બદલે એને બેહેસ્તના બાગનું નામ

આપવું જોઈએ. આહા, ત્યાં ઉભા ઉભા ઘણીવાર વીચાર આવે છે કે હાડમારી જીંદગી ભોગવ્યા કરતાં આ ઠેકાણે પોઢવું કેવું ખુશનુમાં છે. ત્યાં જેઓની મટી પડી છે તેઓની હું કેવી અદેખાઈ કરૂં છું. મરહુમ કાબ્રાજીની લીટીઓ મને તે વારેજ યાદ આવી.

"સુખમાં પોઢોરે તમે પ્રાણપતી વ્હાલા
કરતી ઉભી છું તારા કાલાવાલા."

પારીસમાં દુમીદાની જગાઓ તો ડીસ્ત્રીકટ પ્રમાણે ઘણી છે પણ આ પીઅરે–લા–શે તો આંખે ઉડી આવે તેવું ઉત્તમ છે. એની જગા ૧૧૦ એકર એટલે જે સાડાપાંચ લાખ ચોરસ વાર જેટલી છે અને માંહે પડેલી કબરો ઉપર ફકત ઉડતી નજર ફેંકતાં ત્યાં કેવા કેવા નામાંકીત નરો અને લડવાયાઓ પડેલા છે તેનો સેહેજ ખ્યાલ આવે છે.

બાકી રહયું વારસાઇલસ. એનો ખરો ફ્રેંચ ઉચ્ચાર 'વારસાઈ' છે. અલબતાં એક બારગી પારીસ જોશો તો એકજ નામ પણ વારસાઈ જોયા વગર હરગીઝ આવવું નહીં. બચગીનાં આપણે બાવા આદમ અને મમ્મા અવ્વા ઈડનના બાગમાં ચેહેલ કરતાં હતાં તેની વાત રસ લઈ લઈને વાંચતાં હતાં. તે ઇડનનો દીલ ચમન બાગ જોવો હોય તો વારસાઈ જોજો. ફક્ત ૧૨ મૈલ પારીસથી દુર છે. જોવાના સરસ દાહાડા મંગળ, ભરેસપત અને શની છે. બને ત્યાં સુધી રવીવાર ઉપર બીઠો ગાળો મુકજો કારણ કે તે દીવસે



વારસેલસની બાવલા ગાલેરી—પારીસ   સફે ૨૨૧.

ફ્રેંચ લોક બાળબચ્ચાંઓની એટલી ધમાલ પડે છે કે ગાલેરીઓમાં તમને ચાલવાની જગા મળશે નહીં. પણ તેમ વળી દર મહીનાના પેહેલા રવીવારે ત્યાંના પાદશાહી ફુવારાઓ ઉડે છે તે દેખાવ તમારી જીંદગીમાં એકજ વાર જોશો. વારસાઈ જવાની ઘણી રીતો છે. સાહવારના ૧૦ વાગે એક મોટી ઓટોમોબીલ આમનીબસ ચોક્કસ એજંટોની આફીસોમાંથી ઉપડે છે. એક સીટના ફક્ત ૧૨॥ ફ્રાંક એટલે આઠ રૂપીઆ આપવાના. તે ઉપર ચહડી બેઠા તો, બુઆ ડે બુલોંના બગીચામાંથી થઇને ગ્રાંડ ત્રાયનોન તથા રાજવંશી ગાડીઓ (જે વીશે હું હવે પછી બોલીશ) તે બતાવી, બપોરનું જમાડીને વારસાઈ લઈ જશે અને સાંજના ૬ વાગે પાછા પારીસ લાવી નાખશે. બીજી રીતે ત્રેન મારફતે જવાની છે. આ ત્રેનો મુસાફરને વારસાઈના મેહેલથી અડધા મૈલ ઉપર ઉતારે છે. ત્રીજી રીત ત્રામ મારફતે જવાની છે. આ ત્રામ આબાદ વારસાઇના દરવાજા આગળ ઉતારશે.

વારસાઇ ઉતરયા કે પેહેલાં મેહેલ જોવાની દોડાદોડી કરતા ના; કારણ કે તેમ કરશો ને એકવાર માંહે પેઠા તો બીજું રહી જશે. અરધા મૈલ ઉપર ત્રાયનોન છે ને પેહલાં જોઈ આવજો. ત્યાં પાદશાહી સોનેરી રથો મુકેલા છે. આ મેહલ ૧૬૮૮ના સાલમાં શોકીન ફ્રેંચ રાજા લુઈ ૧૪ માંએ મેડમ ડે મોનટીનાનને માટે

બંધાવ્યો હતો. દરેક ફ્રેંચ અભીઆસી જાણે છે કે આ અતી ખુબસુરત સ્ત્રી રાણીના કરતાં જીઆદા વૈભવ ભોગવતી હતી. વારસાઇની ઝાકઝમાલથી જ્યારે તે કંટાળી ગઈ ત્યારે એકાંતવાસમાં રહેવાની ઇચ્છા જાહેર કીધાથી રાજાએ આ મકાન ઉઠાવ્યું. ત્યારબાદ ઘણા વરસ ગયા પછી લુઈ ૧૬ માએ પોતાની રાણી મેરી એનટોઇનટીને અત્રે લાવી રાખી. તે પછી પેહેલો નેપોલીઅન પોતાની પેહેલી બાનુ જોઝફીન સાથે અહીં આવી રહ્યો. દાખલ થતાંજ મલબારી સાગની એક ગોળ ટેબલ છે જે ઉપર રાજદુવારી પ્રધાનોની કાઉનસીલ બેસતી હતી. એક બેડ રૂમ છે તેમાં મહાન જોદ્ધો નેપોલીઅન પોઢતો હતો ત્યાં તેનો પલંગ, લખવાની ટેબલ, બાથ વગેરે એમનું એમ મેલેલું છે. નેપોલીઅન પછીના છેલ્લા રાજા ફીલીપે આએજ મકાનમાં રાણી વીકટોરીઆને માટે તૈયારી કરી હતી. પણ એ મરહુમ રાણીએ ત્યાં રેહેવાનું પસંદ કીધું નહીં. રાજવંશી ગાડીઓનો સંગ્રહબી જોવાલાયક છે. નેપોલીઅન પેહેલાની અને છેલ્લા નેપોલીઅન ત્રોજાની ગાડીઓ ખાસ ધ્યાન ખેંચે છે. કહેવામાં આવે છે કે એક ગાડીના ૬ લાખ રૂપીઆ થયા હતા અને તેનું વજન સાત ટન હતું. ૧૮૫૬ માં પ્રીન્સ ઇમ્પીરીઅલના બાપટીઝમ વખતે તે છેલ્લી કામમાં આવી હતી. તેમાં તે વાર શાહાનશાહ નેપોલીઅન તેમની બાનુ, બાળક પ્રીન્સ અને તેની નર્સ બેઠાં હતાં.

પ્રકરણ ૨૭ મું.

ગ્રાંડ ત્રાયનાનનું થોડુંક વર્ણન હું આગલા અંકમાં આપી ગયો છું અને જણાવી ગયો છું કે માહાન જોદ્ધા નેપોલીઅન જેણે એક વાર આખાં યુરોપને ધ્રુજાવ્યું હતું તેનું આ ખાનગી મકાન હતું. પણ આ ઇમારતની પડોસમાંજ પીટીટ ત્રાયનાન છે તે પણ તેની ઇતીહાસીક યાદ માટે જોવાજોગ છે. લુઇ ૧૫ માએ તે બંધાવીને પોતાની મીત્ર મેડમ ડુ બારીને તે બક્ષીસ આપ્યું હતું. ત્યારબાદ લુઇ ૧૬ માએ દુન્યા-વર્ણુ રાણી મેરી એનટોઈનેટને તે આપ્યું હતું. આ કમનસીબ રાણીનું ફરનીચર અને માનીતો પીઆનો હજુ અહીં છે. કવીન મેરી અહી લગભગ પોતાની સાહેલીઓ સાથ એકાંતવાસમાં રહેતી હતી અને બગી-ચાનો મોટો શોખ હોવાથી એક વીસ્તાર જગાને પારસ-તાનનું રૂપ આપ્યું હતું. પોતાને સોહોવાય નહી એટલે અહીં મરઘાં બટકાં ઉછેરવામાં અને માખણ બનાવવામાં તે મોજ લેતી અને તેમાંથી જે પેદાસ થાય તે આસપા-સના ગરીબ ગુરબાંઓમાં વહેંચી આપતી.


આ પીટીટ ત્રાયનોન જોવા પછી તુરત વારસાઇ તરફ હીંડવાની જરૂર છે. કેમ જે નહીં તો પછી

વખત હાથમાં રહેશે નહીં. જણાવવાની જરૂર છે કે આ વારસાઇ (વારસેલસ) અસલ લુઈ ૧૩ માની શેકારની જગા હતી. પાછળથી ચૌદમાં લુઇને તે ઘણીજ પસંદ પડી અને ત્યાં મોટો મેહેલ ઉઠાવીને બાગ બનાવવા પાછળ કરોડો રૂપીઆ ખરચી નાખ્યા. અસલ ફ્રેંચ રાજાઓનું રહેવાનું મથક સેંટ જરમેન આગળ હતું પણ ત્યાં નાક આગળજ પાદશાહી લુમીદાની જગા હોવાથી રાજાને સુગ ભરાઇ કે આયંદેહ તેની મટીબી ત્યાંજ પડવાની છે એટલે ત્યાંથી નીકળી જઈને વારસેલસના બાગોબેહસ્ત જેવાં મકાનમાં પોતાનું રહેઠાણ કીધું. કોણ જાણે શાકારણથી જનરલ નેપોલીઅન જ્યારે રાજાઓને હઠાવીને પોતે એમપરર થઇ બેઠો ત્યારથી કોઈ દહાડેબી આ વારસેલસના મેહેલમાં રહયો ન હતો. કહે છે કે આ મેહેલને રોણકદાર બનાવવા ઉપર પાછળથીબી બીજા દોહોડ કરોડ રૂપીઆ ખરચાયા હતા, અને જરૂર તેમ હશે કેમજે દરેક પીલર અને બારી દેવાલ અને સીંલીંગ ખરાં સોનાના વરખથી એવી ભારોભાર થપેરી છે કે જોતાં જોતાં આપણી આંખ દુખી આવે છે. ફ્રેંચ લોક કહે છે કે તે ખરૂં છે કે વારસેલ્સના મેહેલમાં જેવાં કીંમતી પીકચરો છે તેવાં આખી દુનીઆમાં ન હશે. ૧૬ મો લુઈ જયારે અહીં રહેતો હતો ત્યારે એકવાર પારીસની રઇયત છેડાઇ અને બઝારની ઓરતોએ હલાબકોર કરી મુકી કે લુઈનું અને તેની આસ્ત્રીયન રાણી મેરી

એનટોઇનેટનું માથું છટકાવી નાખવું. આ વાર રાણી પોતાના હાથમાં પોતાના નાહાના બાળકને લઇને હીમ્મતથી અગાસી ઉપર આવી અને તેમ કરીને છેડાયલી રૈયતની દયા ખેંચવાની તજવીજ કરી. આ અગાસી સર્વે વીઝીટરોને બતાવવામાં આવે છે. પણ આ સેફ્ત ચાલી નહીં અને રાજા .રાણીને કેદ પકડીને પારીસ લઈ જઈને તેમના ડોકાં ઉરાડી નાખવામાં આવ્યાં. આ કથા ફ્રેંચ ઈતીહાસના અભ્યાસીઓમાં ઘણી જાણીતી છે. છેલ્લી ૧૮૭૦ ની ફ્રેંકો પ્રશીયન લડાઈમાં ફ્રેંચો હાર્યો અને પૃશીયાનો રાજા વીલીયમ જબરદસ્તીથી પારીસમાં દાખલ થયો અને ત્યાં તેને એમપરર ઓફ જર્મની દાખલ જાહેર કરવામાં આવ્યો તે જગાબી આએજ મેહેલમાં છે. વારસેલસના મેહેલનો સર્વેથી મોટો ઓરડો ૪૦૦ ફીટ લાંબો છે, અને તેની દેવાલની ઈંચે ઈંચ જગા લડાઈના અમુલ્ય પીકચરોથી ભરી કાહાડી છે જે ઉપર લખ્ખો રૂપ્યાનો ખરચ થયો હશે. પણ ફ્રાંકો પ્રશીયન લડાઈ પુરી થવા પછી આ માહાભારત ઓરડામાં બીમાર જર્મન સીપાઈઓને સુવાડયા હતા! વળી આ ઓરડામાં અબદલ કાદર સાથની લડાઈનું એક ચીત્ર છે જે ૭૦ ફીટ પોહોળું અને ૧૮ ફીટ ઉંચું છે, અને તે આખાં યુરોપમાં સર્વેથી મોટું પીક્ચર કહેવાય છે. મતલબ કે જ્યાં જશો ત્યાં એનું એજ. પીકચરો અને ગીલટ જોતાં જોતાં થાકી જવાય છે ને મન કહે છે કે હવે બાહાર પડવું.

વારસેલસનો ખરેખરો મોહક દેખાવ મેહેલની બાહાર છે. તળાવ અને ફુંવારા, આહ! જાણે નરો ઇડનનો બાગ. દર મહીનાના પેહેલા રવીવારે આ ફુવારા ઉડે છે અને તે જોવાને હજારોના ટોળાં ઉતરી પડે છે. તે દહાડો ઉજાની જેવો છે. સ્પેશીયલ ટ્રેનો અને ટાકસીકેબો તથા હજારો ગાડીઓનો મેહેમાર જોવાજોગ છે. જો આ ફાઉન્ટન ઉડતા જોવા હોય તો ૩ વાગા પછી કલાકેક આગમચથી સારી જગા પકડી રાખવાની જરૂર છે, કારણકે પછી એટલી ભચડા કચડી થાય છે કે ઉભું રહેવાનીબી જગા મળશે નહી. સાંજના ચાર વાગેથી ફાઉનટનો ઉડવા માંડે છે અને તેની કમાનો એક બીજામાં ભેળાઈને એવો દેખાવ રજુ કરે છે કે આપણો દમ બંધાઇ જાય છે. વળી તરેહવાર ઘાટમાં ઉડતાં પાણી ઉપર સુરજના કીરણો પડવાથી જાણે હીરા, માણેક, લીલમ ઉડતાં હોય તેમ લાગે છે. આ રચના માટે પાણી ખાસ કેટલાક મૈલ આઘેથી પંપ થઇને આવે છે અને દરેક અઠવાડયાંનો પાણી ઉરાડવાનો ખરચ ૯૦૦૦ રૂપીઆ ગણાયલો છે.

હવે પારીસને લગતી એકજ નોંધ બાકી રહી છે. તે ફ્રોનટેનબ્લોનો ઈતીહાસીક નામાંકીત પાદશાહી મેહેલ છે. આ જોવા માટે એકલા જવાની અથવા પારટી થઇ પોતાની ગોઠવણ કરીને જવાની હું ભલામણ કરતો નથી, કારણ કે તે ખરચમાં લગાર ગરમ પડી જશે. ટુરીસ્ટ એજંસીવાળાઓ ત્રીસ ત્રીસ માણસોની ભેગી




વાર્સેલસના નામાંકીત ફુવારા—પારીસ   સફે ૨૨૬.

પારટી લઈ જાય છે તે સર્વથી સગવડ ભર્યો માર્ગ છે. વીસ ફ્રાંક એટલે સાડાબાર રૂપીઆની ટીકીટ આગળથી નોંધાવી કે રેલવેમાં ફ્રસ્ટ કલાસની ટીકીટ, સ્ટેશનથી ફ્રોનટેનબ્લો જવાનું ગાડીભાડું, ઉત્તમ ટીફીન અને દાખલ થવાની ફી, રખેવાલોને 'ટીપ' સઘળું સમાઇ ગયું. પારીસથી જતાં સવાકલાક લાગે છે. મેહેલની બાહાર એક નાહાની ઇમારત છે જયાં બેસીને નેપોલીઅન પેહેલાએ એલબા ટાપુમાં કેદ (૧૮૧૪) જતાં પોતાના બાહાદુર જનરલોને છેલ્લી સલામ કરી હતી, અને પોતાના ગાર્ડોની છેલ્લી સલામ સ્વીકારી હતી. આએજ મેહેલમાં ૧૩ મો લુઈ જનમ્યો હતો અને ૧૫ મો લુઈ પરણ્યો હતો. નેપોલીઅન પેહેલાનો એક પુરો બાળક છોકરો જેને રોમનો રાજા બનાવ્યો હતો તેને આએજ જગામાં બેપાટાઝઈ કીધો હતો. આ મહેલમાં સર્વથી નોંધી લેવાજોગ ચીજ લડવઇયા નેપોલીઅનના પોતાના વસવાના ઓરડા છે, જે ઓરડામાં બેસીને નેપોલીઅને પોતાની શાહનશાહની પદવીનું રાજીનામું સહી કરી આપ્યું, અને તે વખતે જે ટેબલ ઉપર તે સહી કરવા બેઠા હતો તે હજી ત્યાં દેખાડવામાં આવે છે. નેપોલીઅનનો સુવાનો ઓરડો તેના સાદા પલંગ સાથબી ત્યાંજ છે. પાસેજ આ લડવઇયાનો કાઉનસીલ ચેમબર છે જયાં એક જોવા લાયક ચીજ ત્યાં ટાંગેલું બીલોરનું જબરદસ્ત ઝુમર છે, જેની કીમત રૂ. ૩૦ હજાર બેઠેલી કહેવાય છે. વળી શાહનશાહની લાઇબ્રેરરી પોણી ત્રણસે ફીટ લાંબી હજુ

હઈયાત છે અને તેમાં ૩૫ હજાર કેતાબો સમાવી છે. નેપોલીઅને રાજપાટ છોડી દેવાનું જે લખત સહી કરી આપ્યું તેની ખરી નકલ એક કાચના કેસમાં જોવા મુકી છે. એક ઓરડો દેખાડવામાં આવે છે કે જ્યાં રોમના પોપ પાયસ ૭ માંને ૧૮ માસ સુધી કેદ રાખવામાં આવ્યો હતો, કારણકે તેણે નેપોલીઅનની એમપ્રેસ જોસફીન સાથની શાદી રદ કરવાની રજા આપી નહતી. આ બનાવનો ઇતીહાસ અગાઉથી વાંચી જવાની હું ભલામણ કરૂં છું, જો કે ગાઇડો ને સઘળું કહી સંભળાવે છે. કેહે છે કે પોપની હઠથી નેપાલીઅન એટલો ગુસ્સે થઈ ગયો હતો કે તેણે પોપને કાન ઉપર એક મુક્કી લગાવી કહાડી હતી. માહારાણી વીકટોરીઆ જ્યારે ફ્રાંસની મુલાકાતે ગયાં ત્યારે આએજ મહેલમાં તેવણને ઉતારો આપવામાં આવ્યો હતો.

પણ હવે બસ, પારીસ તને છેલ્લી સલામ. હું ધારૂંછ કે આ રમણીય માહાભારત શેહેરનું આટલું વર્ણન બસ છે. વાંચનાર કદાચ કંટાળી ગયા હશે પણ યુરોપના સર્વેથી ખુબસુરત, સર્વેથી મોજીલાં શેહેરનું આટલુંબી વર્ણન ન આપું તો મારી નોંધ અધુરી ગણાય. પારીસમાં જેમ કેટલાંક મોજીલાં સાધનો છે તેમ વીદયા હુન્નરની બાબતમાં, નવી શોધો કરવામાં, કેળવણીના પ્રસારમાં અને વેપાર વનજણમાં આ શેહેર યુરોપના બીજા શેહેરો સાથ સાબુત ટક્કર ઝીલી શકે એવું ઓસ્તવાર છે.



હોટેલ કોનટીનેનટલ—પારીસ

સફે ૨૨૮

પ્રકરણ ૨૮ મું.

મારા છેલ્લા અંકમાં પારીસનું વૃતાંત સમાપ્ત કરતાં એકજ નજીવી બીના નોંધી લેતાં ભુલી ગયો હતો. પારીસમાં ભાડેની ગાડી કરવાની કાંઇજ જરૂર નથી, કારણ કે ત્યાં ટ્રામની સર્વીસ એટલી સંપુર્ણ છે કે ઘણા થોડા ખર્ચે આખાં શેહેરમાં ફરી વળી શકાશે. પણ આ ટ્રામ સર્વીસના સંબંધમાં ત્યાં એક નવાઇ મેં જોઈ તે માટે ઘણીવાર મને વીચાર આવ્યો કે તેની નકલ મુંબઇમાં કાં નહી થાય? આપણા શેહેરમાં સાંજને છેડે એકાદ "કોરનર" આગળ ટ્રામ આવીને ઉભી રહે કે માંહે દાખલ થવાને કેવી દોડાદોડી અને કચડાકચડી થાય છે તે આપણે સર્વેએ જોઈ છે. મોટા લઠ મરદો ધકાધકી કરીને પેહેલા ચહડી જવા માંગે છે અને બચારી કલાકની ખોટી થતી અબલાઓનો મારો લાગતો નથી. પણ પારીસે તેનો અચ્છો તોડ શોધી કાહાડયો છે. દરેક વેટીંગ સ્ટેશન આગળ એક થાંભલા સાથ પાતળાં કાગળની કાપળીનો ઢગ ટાંગેલો રહે છે અને તે ઉપર એક બે ત્રણ ચાર એમ ચહડતાં નંબરો છાપેલાં હોય છે. જે ધણી થાંભળા આગળ પેહેલો આવ્યો તે આ માંહેની એક કાપલી તોડીને પોતાની પાસે રાખે છે. સમજો કે બીજા ચાર જણની પાર્ટી આવી તો ત્યાર પછીના ચાર નંબરોની ટીકીટો ફાડીને પોતાની પાસે રાખે, જેવી ટ્રામ આવી કે પેહેલી ટીકીટ તોડનારને ઉપર ચહડવાનો પેહેલો હક. ત્યાર પછી તેની

પાછળ આવનારને હક. એટલે જે આપણામાં કહેવત છે તેમ વહેલો તે પેહેલો. ૨૧૧ ની નંબરવાળી કાપલી ધરાવનારની અગાઉ ૨૦૯, ૨૧૦ વાળા બેસી શકે. આ ગોઠવણથી ભચડાકચડીની તકરાર બીલકુલ ઉઠતી નથી.

પણ હવે પારીસનો પીછો છોડી આગળ ચાલ્યે. મારી હવે પછીની સવારી બર્લીન તરફ છે. હું એકવાર અગાઉ એશારો કરી ગયો છું કે યુરોપમાં જોવા જેવી જગાઓમાં બધે માથું મારવા જશો તો આખી જીંદગી અટવાઇ જશે. ધસારાબંધ વેપાર વણજ અને ઉતસાહ જોવા હોય તો લંડન; આર્ટ, શોખ, શોધ, વીદયા જોવી હોય તો પારીસ; પુરાતનપણું અને અસલી ઝાહોજલાલી માટે રોમ; સીનરી અને કુદરતી બલીહારી માટે સ્કોટલંડ અને સ્વીટઝરલાંડ, પણ નવો ઉમંગ અને ઉછાળા મારતો મુલક જોવો હોય તો બર્લીન છે. આ ઉપર વર્ણવેલાં મથકો જોઇ વળ્યા એટલે આખાં યુરોપનો માવો જોયો એમ સમજાવું. અરે યારો, ફક્ત ત્રણ વરસના અરસામાં બર્લીન કેટલું અછાડ પછાડ કરી રહયું છે તેનો ખ્યાલ હું આપી શકતો નથી. તેની વસ્તી અને વીસ્તાર ધસારાબંધ વધ્યો જાય છે, અને જરમનોનો મોટો અભખરો છે કે ચંદરોજમાં બર્લીનને એવું બનાવવું કે આખાં યુરોપનું કોઇબી શેહેર તેની બરાબરી કરી શકે નહી. ટ્રેનમાં મુસાફરીની કશી હરકત પડતી નથી. માત્ર ફ્રાંસની હદ તમામ થઈ ને જરમન હદ શીરૂથાય ત્યાં એક નાહાનું સ્ટેશન આવે છે ત્યાં ઉતરીને તમારો સામાણ તપાસાવાની માંથાકુટ ભારી છે. એક તો આપણને ભાશાના

વાખા તેમા વળી થોડી મીનીટમાં દોડાદોડી કરવાની એટલે ઘણો સામાણ હોય તો જરા ગભરાટ થાય છે ખરો, પણ ત્યાંના એકુ ગાર્ડ અથવા બીજા કામદારના હાથમાં એકાદ બે ફ્રાંક ઠેસવી દીધા તો સપાટામાં કામ પાર થઇ જશે. કુંચીનો જુમખો સદા હાથમાં રાખજો.

ત્યારે બર્લીન આવી તો પોહોંચ્યા. અગાઉથી હોટેલનો બંદોબસ્ત કરી રાખો તો સારૂં. હોટેલો તો બેસુમાર છે પણ તમને રૂચે કે ન રૂચે. સારાં, જાણીતાં હોટેલમાં આઠ માર્ક (રૂ ૬) માં સારો સીંગલ ઓરડો મળશે. ખાવા પીવાનું જુદું. કયસર હોફ નામનાં નામીચાં હોટેલમાં અમારી સવારી જઈ પુગી તો પહેલી મારી નજર એક નવી નવાઇ ઉપર ખેંચાઇ. લીફ્ટ આગળ જઇને ઉભા અને બટન દાબ્યું કે લીફ્ટ છેક પાંચમે માળે ગઈ હતી તે ઉતરતી જણાઇ. તે એવી રીતે કે જ્યાં અમે ઉભા ત્યાંજ પારદરશક કોરોની એક ટેબલેટ નીચે પ્રમાણે મારેલી.

૬ ઠો માળ.
૫ મો માળ.
૪ થો માળ.
૩ જો માળ.
૨ જો માળ.
જમીન મજલો.

જેમ જેમ લીફ્ટ ઉતરતી જાય તેમ તે નંબરની તખ્તી ચળકતી થાય એટલે નીચે ઉભેલો ધણી જાણે

કે ફ્રીએ માળે લીફ્ટ આવી પોહોંચી કે ઉતરતી વેળાએ કયે માળે ઉભેલી છે ઇત્યાદી. વળી કેટલેક ઠેકાણે તો આટોમાટીક લીફ્ટ એટલે અંદર લીફ્ટમેનની જરૂરજ નહીં. તમે માહે બેસીને જે મજલાપર જવું હોય તે બટન દાબો કે આબાદ ત્યાં જઈને લીફ્ટ ઉભી રહે. કોઈ બેદરકારીથી બારણું ઉઘાડું રાખીને ચાલી જાય તો જ્યાં સુધી તે બારણું કોઇ બંધ કરે નહી ત્યાં સુધી એક ઘાંટરડી બસ વાગ્યાજ કરે. એટલે કોઈ ચાકરડી કે વેટર આવીને બારણું બંધ કરે તોજ લીફ્ટ પાછી નીચે ઉતરે. કોઈ કોઈ મેડીકલ ખાતાંઓમાં તો એવડી મોટી લીફ્ટ કે માહે સુતેલાં માણસ સાથના આખા કોચના કોચ ચહડાવી લઇ જાય. બેશક ઇલેક્ત્રીકની બાબદમાં જરમનીએ અવધીજ કરી છે. તેના કેટલાક દાખલા હું પાછળથી આપીશ. બર્લીનના રસ્તા અને બર્લીનની ઈમારતો હું ધારૂંછ કે યુરોપના કોઈબી શેહેરને ટક્કર મારે તેવાં છે. એકજ દાખલો બસ થશે. નવો બીસમારક રોડ કરી બાંધ્યો છે, તે ૨૪ માઈલ લાંબો હશે અને તમામ મારબલના બાવલાં અને રંગબેરંગી ફુલોથી ચલકી રહયો છે. બસો ફીટ પોહોળો અને ૨૪ માઇલ લાંબા રસ્તાનો કાંઇ ખ્યાલ આવે છે? જરમનો દેખાવે લગાર ઠંડા દેખાય છે પણ ખાધા પીધાની બાબદમાં એ લોક કાંઇ ખાંડયા જાય તેવા નથી. એ લોક દારૂ પીનાર અઠંગ નથી. બીરનું સત્યાનાશ વાળે છે ખરા, પણ મજબુત



બરફની બાંધેલી ભોંય ઉપર નાચ—બર્લીન. સફે ૨૩૩.

સ્પીરીટ જેમકે જીન, વીહીસકી, બ્રાંડી એ લોક પસંદ કરતા નથી. તેમજ મેં જોયું કે બીરની પણ ૩-૪ ટાંસ ચહડાવી કે સેહેજમાં ત-ત-પ-પ થઈ જાય છે. હું ધારૂંછ કે એ લોકને જલ્લદ દારૂ બીલકુલ સદતો નથી. વળી બીજી નવાઈ શું છે કે જરમન બાનુઓ નાહાની ઉમ્મરની હોય છે ત્યારે કદ કામતમાં દુન્યા વર્ણની જણાય છે પણ ચોક્કસ ઉમ્મરે આવી કે જાડી થવા માંડે છે. જરમન બાનુઓને જાડી થઇ જવાની એટલી બીક રહે છે કે તેઓ પોતાના જીવ ઉપર કપટી કરે છે એમ કહીએ તો ચાલે. તે લોક બીકને મારે બીરને અટકતાં નથી, ચોખાનો ખોરાક, પટેટા વગેરે દુરના દુર રાખે છે, પણ વ્યર્થ. જો વધવાની ઢબ ઉપર આવી કે કસાબી ઉપાય કરતાં તે અટકતી નથી. હું ધારૂંછ કે જરમન લોહીમાંજ એ ગુણ હશે. એ લોક હીલચાલ અને કસરતની બાબદમાં કાંઇ પાછું પાણી કરતાં નથી. ઠંડીની મોહોસમમાં તો મોહોલ્લાઓમાં અને નદી તળાવો બંધાઇને બરફ થઈ જાય ત્યારે હયાં લોક સ્કેટીંગ કરવા ઉતરી પડે તો વાજબીજ છે પણ ગરમીની મોહોસમમાંબી એ શોકીનોને સ્કેટીંગ વગર ચાલે નહી. ત્યારે શું કરે છે તે જુઓ. એક મકાન છે ત્યાં મોટો ડાનસીંગ હોલ બનાવ્યો છે. આ હોલની ભોંય આપણે પોરબંદરની લાદી જડયે છીએ તેમ આઇસની લાદીથી જડેલો છે, આ આઈસની લાદીઓને તળીએથી ઠંડક આપીને પથર જેવી રાખેલી

છે અને તે ઉપર નાચ રંગ, નાટક વગેરે અડધી રાત સુધી ચાલે છે. આ હાલની ફરતી તમાસગીરો માટે બેઠક છે જ્યાં બેસી કરારે તમારૂં ડીનર લેઓ, દારૂ પીઓ અને નાચરંગ જોતા જાઓ. પણ નાચરંગબી જેવો તેવો નહી. સો સો છોકરીઓ જાપાનીઝ ડ્રેસમાં તરેહવાર નખરાંથી નાટક ભજવી બતાવે અને બીજી મેર સુંદર બેંડ વાગતું જાય. શું બર્લીનનો જાહેર પાર્ક! જાણે બીજું આખ્ખું મેહેમ અથવા વાંદરૂં. ૯૭૫ એકર એટલે તેત્રીસ લાખ ચોરસવાર. તમારા ખડયામાં જોર હોય તેટલું ચાલ્યા કરો, ને બાગબી કેવો રાખેલા કે જાણે પાંચેક હજાર કુશળ માળીઓ લગાડયા હોય. પણ જ્યાં બધુંજ મોટું અને રાક્ષશી ત્યાં શાહાનશાહ કયસરનું રહેવાનું મકાન કાંઈ નાહાનું હોય? કયસરનો મેહેલ બાહારથી કાંઈ દમ જેવો નથી, પણ તેને કુલ ૯૮૦ બારીઓ છે. ખોદા માલમ દરરોજ એક બારીએથી એકવાર ડોકાવે તો સઘળી બારીઓને કામમાં આણવા માટે ત્રણ વરસ જોઇએ. પણ મેહેરબાન વાંચનાર, હજુ તો બર્લીનનું નાક આપણે જોયું નથી. હવે પછી આપણે ભીતરમાં પેસીશું ત્યારે આ શેહેરનો કાંઈ ખ્યાલ આવશે. હાલ તુરત તો સેવક જરા રોકાણમાં છે એટલે આટલાથીજ આ પ્રકરણ સમાપ્ત કરૂં છું.



બરફની બાંધેલી ભોંય ઉપર જાપાની ડ્રેસનો નાચ-બર્લીન   સફે ૨૩૪.



બગરૂની બાંધેલી ભીંત ઉપર નાટક—અર્જીન. સફે ૨૩૪.



બરફ જડેલી લાની ઉપર સ્કેટીંગ —બર્લીન.

સફે ૨૩૫.

પ્રકરણ ૨૯ મું.

મેં અગાઉ કબુલાત આપી હતી કે લંડનના સ્ટોર્સ અને પારીસના 'બો મારશે' નું લાંબુ વર્ણન આપતો નથી, કારણ કે બર્લીનમાં એનો દાદો એટલો મોટો છે કે હું ધારૂં છું કે માણસ જાતની વેપારી હીમ્મતની હવે તો હદ આવી રહી. વરટાઈમ બ્રધર્સ નામે વેપારીઓનો આ સાહાસ છે અને જેઓ આવો ગંજાવર સાહાસ ઉઠાવીને ઝીલી શકે તે લોક ફતેહ પામે તેમાં નવાઈ નથી. શરૂઆતનોજ ધડાકો લગાવું છું કે આ સ્ટોર્સમાં સાહવારના આઠ વાગાથી રાતના ૭ વાગા સુધી ૭૦૦૦ પુરૂષ અને સ્ત્રી વેચનારીઓ તમારી સેવામાં હાજર છે. દરરોજની વકરી દોહોડ લાખ રૂપીઆ!! ત્યારે વીચાર કરો કે માલ કેટલાનો હશે. સાંજના ચાર પાંચ વાગે જાઓ તો ઓછામાં ઓછું પાંચ હજાર લોક અનેક ચીજ ખરીદ કરતું જણાશે. સઘળી સ્ત્રી સેલ્સઉમનને એકસરખો કાળો ડ્રેસ આપેલો છે તેઓ વેચવાનું કામ કરે છે અને પુરૂષો ફ્રાક કોટ અને ઈસ્કી કપડાંમાં આહીં તહીં મદદ કરે છે. દાખલ થતાં ક્યાં જવું ને કેમ જવું તેની લગાર ગુચવણ થાય છે ખરી, પણ ગભરાવાની કશી

જરૂર નથી, કારણ કે દરેક ખુણે ખુણે એકેક ઈન્ટરપ્રેટર રાખેલો છે તે તમને કાંહા જવું તેની બરાબર સમજ આપે છે. જો તમને ફકત ગમતને ખાતર ફરવું હોય તો આખું સ્ટોર્સ તમારૂંજ છે, તમારે ગમે ત્યાં જાઓ તો કોઈ પુછનાર પરછનાર નથી, પણ કાંઇ અમુક ચીજ જોઇતી હોય; જાણે સમજો કે એક કાતર અથવા એક સાડી કે એક પોર્ટમેંટો તો તુરત તે નાકે ઉભેલા દુભાશીઆને પુછવું કે મને એક સીલ્કનો ટુકડો જોઇએ છે તો તુરત જવાબ મળશે કે "લીફ્ટ ન૦ ૪૭ થર્ડ ફ્લોર પ્લીઝ."

પણ અભાગણી લીફ્ટ નં૦ ૪૭ શોધી કાહાડવાનુ કાંઇ ખાવાનું કામ નથી, કારણ કે આખાં ખાતાંમાં ૮૦ લીફ્ટો છે! પણ ચીંતા નહી. જરા આગળ ચાલ્યા અને બીજો અમલદારને પુછ્યું કે લીફ્ટ નં૦ ૪૭ કયાં મળશે? જવાબ તુરત દેશે કે ડાબી બાજુથી સીધા જઈ જમણીગમ એક વળાણ લેવાની ત્યાં નં૦ ૧૪ ની લીફ્ટમાં બેસજો અને પેહેલે માળે ઉતરી પડીને સામેજ ૪૭ વાળી લીફ્ટ તૈયાર હશે તેમાં બેશી જજો. આ પ્રમાણે ગોઠવણ કરવામાંબી એક ચતુરાઈ છે. કોઈ લોંચતળીએથી બેસે અને સડસડાટ ચોથે મજલે ચહડી જાય તે કાંઈ પરવડે નહીં. પેહેલે માળે પોહોંચતાં ત્યાંની ઝાકઝમાલ જોઇને જરા આમ તેમ ફરવાનું અને ખીસામાં હાથ નાંખવાનું મન થાયજ. હવે દર-રોજની દોહોડ લાખ રૂપીઆની ઉથલ થાય તેનો હીસાબ

કેમ રહેતો હશે અને ચોરી ચપાટી કેટલી થતી હશે તેનો કાંઈ ખ્યાલ કીધો? કોઈ ચીજ નહીં. એક પૈનો ફેર નહી આવે. આખાં ખાતાંને ચાળીસ મોટા દરવાજા છે ત્યાં દાખલ થતાંજ ચાળીસ કેશીયર બાઈઓ બેસાડેલી છે. દાખલ થતાંજ તેમાંની કોઈનીબી પાસેથી એક નાહાની બુક એક માર્ક આપીને લેવાની. હવે કોઈબી ખાતાંમાં જાઓ અને કાંઈબી સામાન ખરીદો તે તમને આપે નહીં પણ અમુક સામાન ઉપર નંબરની ટીકીટ મારેલી તેજ નબરની ટીકીટ તમારી ચોપડીમા વળગાવીને પાસે કીમત લખી આપે એટલે તમારૂં કામ ખલાસ થયું. પછી પચીસ ખાતાંમાંથી જોઇએ પચાસ ચીજ ખરીદો. પૈસાબી ત્યાંજ આપવાના નહી. જુઓ તમને સમજ પડવા સારૂં ચોપડીના એક પાનાનો નમુનો આપું છું.

No. 36	Mks	36 12	July.
No. 148	,,	12	,,
No. 1210	,,	81	,,
No. 3	,,	1	,,
No. 717	,,	7	,,

ખરીદી ખલાસ થઈ કે બહાર કોઈબી દરવાજે નીકલતાં ત્યાં બેઠેલી કેશીયર આગળ ચોપડી ધરવાની. તે સર્વાલો કરીને તમારી પાસેથી જે પૈસા થયા હશે તે લઈને રીસીટ આપશે. અને તમારી ચોપડી ખરીદીનો એક

માર્ક પાછો કાપી આપશે, તમારી ચોપડી ખીસામાં મારીને ઘર જઈ ઉભા રહેશો એટલાંમાં તો સર્વે ચીજ તમારા ઓરડામાં રચીને મુકેલી જોશો. ખરો જોવાનો અને ફરવાનો વખત પાંચ વાગા પછીનો છે કેમજે તે વખતે આખું ખાતું પચાસ હજાર ઈલિકત્રીક લાઈટથી ઝલકી રહે છે. અમારી સાથની બાઈઓને કુદરતી રીતે પેહેલા શોખ સીલ્ક ખાતાંમાં જવાનો થયો. સાથે સાથે અમેબી ઘસડાયા. યા એલાહી, આ એકલાં ખાતાં આગળ આપણી આખી કાપડ બજારબી હટી. લેડી-ઝના તૈયાર કીધેલા પારીસીઅન ડ્રેસો કાંઈ હજારોની લાઇનની લાઇન ગોઠવીને મુકેલી તે ફકત ચાલી જતાં નજર ફેંકીએ તો અડધો દહાડો થાય. બચ્ચાંઓની ટોપીનું ખાતું નો સાહાઠથી સીતેરહજાર ટોપીઓજ ટોપી. સીલ્કના ટાકા તો કાંઈ લાખેક ટાકા હશે. મારા પ્રીનસ ઓફ વેલ્સ એટલે જે દોત્રાને માટે બે ચાર બાબા ડ્રેસ લેવાનો કસદ કીધો તો શું મારૂં બેથર પસંદગી કરૂં. કાંઇ લાખેક ડ્રેસો લીલા ભુમલા ટાંગો તેમ ટાંગી દીધેલા, કીંમત એક માર્કથી તે એકસો માર્ક સુધીની. તમારો જીવ ચાહે તે ઉપાડી લેઓ. વળી સાઈઝબી એક વરસના બચ્ચાંથી તે આઠ વરસના બચ્ચાંને આવે તેવી ચહડ ઉતર. મેં ફકત રમુજને ખાતર પુછયું કે મને તો વાઘનુ ચામડું જોઈએ છે. હું જાણું કે બર્લીનમાં વાઘ કયાંથી આવતો હતો પણ જરા મેજનું તો જોઈએ. મારી અત્યંત અજાયબી વચે પેલાએ

જવાબ દીધો કે “ હા સાહેબ, અમે ઘણું સરસ સીલેકશન રાખયે છીએ. ચાલો મારી સાથે છઠા માળપર લીફ્ટ ૭૮.” ઓ તારી! આપરે તો ચાટ પડી ગયા પણ ભારો પડી ગયાથી સાથે ગયા. ઓહોહો સફેદ રીંછના અને બ્રાઉન રીંછના, કાળા રીછના અને લાલ રીંછના ચામડાંના ડુંગ મારેલા, જાતજાતના વાઘ અને ચીતાના ચામડાંના ડુંગર લગાડેલા, તમામ ખાતું કાંઈ હજારો ચામડાંના ઢગોથી ભરેલું નરૂં જાણે રૂવાંટીવાળાં ચામડાંનું સંગ્રહસ્થાન. મને તો ઘણુંજ ભારી પડી ગયું એટલે એક આખો સ્ટફ્ કીધેલો ચીતો વાઘ રૂ, ૧૨૫ ની કીંમતમાં ખરીદવો પડયો, જે હું મારી સાથે લાવ્યો છું. એ તો ડાહયા થવા જાય તે એમજ તો. નીચે ભોંય મજલાપર પેસ્ત્રી અને પેપરમીટ વગેરેનુ ખાતું તેમાં ૨૦૦ ઘણી સ્વચ્છ છોકરીઓ એટલી તો કામમાં મશગુલ કે તે લોકને દમ ખાવાની ફુરસુદ નહી. કાંઇ એક દીવસમાં સંખ્યાબંધ હંડરવેટ પેસ્ત્રી અને સ્વીટસ વેચાતી હશે. બધી તાજી બનાવવાને માટે તો મોટાં ખાતાંઓ સાથ કનત્રાકટ કીધાં હશે, પણ જે કાંઇ રોજની વાશી પડતી હશે તેનું શું કરતાં હશે. એ મારી મોટી અજાયબી હતી. અને જાત જાતની પેપરમીટની ટાંકલીઓ! શું કહું. તે દીવાનખાનાના મોટા પીલરો ફક્ત બીલોરના કાચના પોકલ કીધેલા અને તેમાં તળીએથી તે મથાળાં સુધી જાત જાતની રંગીન ટાંકલીઓ એવી રીતે રચીને મુકેલી

કે જાણે ફુલની ભાત પાડી હોય. બપોરના ત્રણ વાગા એટલે પગ દુઃખી આવ્યા અને ચાની સોસ લાગી. એક મુકાદમને પુછ્યું કે અહીં કંઈ મળશે? "હા સાહેબ, નં૦ ૬૧ ની લીફ્ટમાં જાઓ અને ત્યાં જે જોઇએ તે મળશે." આ સબકતી લીફ્ટ શોધી કહાડી અને સડસડાટ પાંચમે મજલે ચહડી ગયો તો ત્યાં તો ચાને બદલે ફ્રનીચરનું એક્ઝીબીશન હતું. કાંઇ હજારો કબટો અને ટેબલો, ઈઝીચેરો અને પલંગો જાણે ઘેલા દેવાનાની પેઠે ઠાપી મારી મુકેલા. હું વમાસણમાં પડયો કે અહીં ચા કાંહાંથી આવી. જ્યાં જોઉં ત્યાં જંગલના જંગલ ભરીને ફ્રનીચરજ ફ્રનીચર. આખરે સામે એક પાટીઆં ઉપર નજર પડી કે "રીફ્રેશમેંટ માટે આ લીફ્તમાં બેસવું." તેમાં આઠ દસ જણ પેઠાં કે સરસર કરતી તે છેક ભોંય મજલાની પણ બે માળ નીચે ઉતારી લઇ ગઇ. જોવું છ તો મોટું રાક્ષસી હોટેલ ચાલી રહેલું છે. નાહાની નાહાની ટેબલો ઉપર કાંઈ પાંચસો સાતસો લોક ચાંપવા બેઠેલું. ફ્રકત ચાહાજ નહીં પણ કેક બીસકીટ, વાઈન, ટીફીન હમા ચીજ તૈયાર. ટેબલ ઉપર સફેદ કપડાંવાળી સોએક છોડીઓ ચપાચપ સર્વ કરે અને ધુમધુકાર ખાતું ચાલે. ત્યાંથી એક માળ ઉપર ચહડયા તો એક મોટા દીવાનખાનામાં બસો પાંચસો જણ હારોહાર કાગળો લખવા બેઠેલા. કોઈ તાર લખે, કોઇ પોતાના ખેશીને કાગળ લખે, કોઈ ટેલીફોનોમાં વાત કરે. સઘળી સ્ટેશનરી

મફત! હજુ એક માળ ઉપર ચહડયા તો ત્યાં જર્મન સ્ત્રી બાળકોની મોટી ભીડ જોઈ. અલબતાં મારી સરેસ્તાની પુછપરછની ટેવ મુજબ મુકું તો ખોસ્યું કે જોઇએ વળી આ શું છે. કાફી વેચવાનો ડીપાર્ટમેંટ!! કાફી કેવી છે તે દેખાડવા સારૂં કોઇનેબી એક તાજું પીઆલું ઉની ઉની કાફી મુફત પીવાની છુટ. જુવો પછી ત્યાં લુટાલુટ. હું દશેક મીનીટ ઉભો હોઈશ એટલામાં પાંચસો એક પ્યાલાં પીવાઈ ગયાં હશે. તે પ્યાલાં ચપોચપ ભરી આપનારી છોડીઓએ સઘળીએ એકસરખા સફેદ ડ્રેસ પેહેરેલા હતા. હજુ બીજા ખંડમાં ગયો તો ત્યાં વળી બીજું કોતક જોયું. "Enquiry office." હારોહાર ત્રીસેક છોકરીઓ કઉનટરની પછવાડે ઉભી રાખેલી. આ જોવાની ઘણી ગમત પડતી હતી. એક બાનુ આવી અને વડીને પુછયું કે મારી છત્રી ખોવાઈ ગઈ છે તેનું કેમ કરૂં?

વડીએ જવાબ દીધો, "નં૦ ૧૩ વાળી બારીમાં પુછોજી."

તેર વાળી છોડી આગળ જઈને પુછયું "મારી છત્રી."

"તમારૂં નામ શું? છત્રીનો રંગ કેવો હતો? હાથો કેવો હતો? વીટાળીને બાંધવાની લેસ કેવી છે? આખી છે કે જરાબી ફાટેલી છે? કેટલુંકની વપરાયલી છે?" ઇત્યાદી લખી લીધું અને બે મીનીટમાં ગુમાયલી છત્રી ઘરઘર કરતી એક લીફ્ટમાં આવી પુગી.

એક બીજીએ આવીને સવાલ નાખ્યો કે આમસટરડામની ત્રેન કેટલે વાગે જાય છે? વડીનો જવાબ "નં૦ ૨૭ માં પુછોજી."

૨૭ આગળ જઇ પુછતાંને બારીમાંની છોકરીએ એક કાગળની કાપલી ઉપર સઘળી ત્રેનનો ટાઈમ લખી આપ્યો.

વળી એક પરવારતી આવીને વડીને કહેછ "ન્યુઝીલાંડનો પોસ્ટેજ સ્ટાંપ કેટલા જોઇએ?" જવાબ "નં૦ ૭ ને પુછોજી."

સાતવાળી આગળ જતાં તેણીએ બરાબર ખબર આપી. આ પ્રમાણે બચારી Enquiry office ની છોકરીઓને એક સેંકડની ફુરસુદ ન હતી. હજારો જણ આવે અને હજારો સવાલો પુછે અને ધીરજથી તેના જવાબ આપે. મેં વીચાર કીધો કે આ લોકની ધીરજને ધન છે.

પ્યાલા રકાબીનું ખાતું તો એવી સીફતથી રચેલું કે હમણાં ટેબલો ગોઠવેલી જોઈએ તો બીજે દાહાડે તો કાંઇ બીજીજ રચના હોય. ગાંડા ભરી ભરીને માલ આવે અને ઉંચકાઇ જાય. રાતના કામ કરનારો ડીપાર્ટમેંટજ જુદો. જે સઘળુ દીવસના વેચાઈ ગયું હોય તેનો આબાદ હીસાબ વડા ગવરનર પાસે જાય અને સેંહેંકડો રોકેલાં માણસો તે રાતો રાત પાછું ભરપાઈ કરી મુકે. સાહવારના આઠ વાગે જુઓ તો સઘળું તમતમતું તૈયાર. મને કહેવામાં આવ્યું કે રાતના આઠ વાગે માલેકો એકઠા મળે અને આખા દાહાડામાં

કેટલો માલ વેચાયો, કેટલી વકરી થઈ, કેટલો નફો થયો તે નવ વાગામાં તો તેઓની આંગળી ઉપર તૈયાર. એક પૈની ભુલ નહીં આવે. હું ભાર મુકીને કહું છું કે મારા જનમમાં આવું ધકધકતું સંપુર્ણ ખાતું મેં આગળ કોઈ વાર જોયું નથી, બલકે સ્વપને ધાર્યુંભી નહતું. વરટાઇમ બ્રધર્સનું આ ન મનાય એવું ખાતું બર્લીનની એક મોજ છે. કદાચ બીજા કશા માટે નહી તો ફકત એટલું એજ જોવા માટેભી બર્લીન જશો તો તમારો ફેરો વ્યર્થ જશે નહી.

પ્રકરણ ૨૯ મું.

વરટાઇમ બ્રધર્સનો ન મનાય એવો ઉજમ હુ વર્ણવી ગયો છું એટલે હવે સોના ઉપર ધોળ ચહડાવવાની જરૂર નથી. હાલ તો લડાઇને લીધે સઘળો મામલો રોકાઇ પડયો છે, એટલે આપણે બ્રીટીશ રઇયત તુરતવેળા તો બર્લીનની મુલાકાત લઈશું નહીં, માટે હાલને કાજ તો ચબ્બા લઇ લઇને ઝાઝું વીસતારવાની જરૂર નથી, પણ બર્લીન છોડી જાઉં તે અગાઉ ઝાડઝુડ કરીને થોડો ઘણો ખ્યાલ આપવાની જરૂર છે, નહીં તો મારૂં દાસતાન અધુરૂં રહે. રમત-ગમતનાં સાધનોનો તો ત્યાં પાર નથી. એક દહાડે ત્યાંનો એક 'વેરાયટી' ખેલ જોવા હું ગયો હતો અને ત્યાં જે જોયું

તેવું મારી આખી જીંદગીમાં જોયું નથી એમ કહું તો સાચું સમજજો. એક રીંછની માદા લેડીનો ડ્રેસ પહેરીને લટકા કરતી સ્ટેજ ઉપર આવી અને આડીઅન્સ ગમ ઉભી રહીને સર્વેને (Bow) નમીને સલામ કરી પછી પોતાના કીપર અને શીખવનાર ઉસતાદની બગલમાં હાથ ઘાલી ભપકામાં ચાલવા માંડયું. જમણો હાથ કીપરની બગલમાં ઘાલ્યો હતો અને ડાબે હાથે બેહેસતન પંખો ખાતાં હતાં. આ દેખાવ એટલો રમુજી હતો કે આખું હાઉસ પેટ પકડીને હસતું હતુ. જરા વારમાં નર રીંછ સ્ટેજ ઉપર આવ્યો અને માથાં ઉપર ઉંધે મસતક ઉભો રહયો, પેલી માંદા રીંછ તુરત આગળ આવીને જાણે પોતાના ધણીને ધમકાવીને અંદર જવાનો હુકમ કરતી હોય તેમ ચાળા કરવા લાગી. આ પછી એક મડમ શીખવનાર પોતાના કેળવાયવાં કુત્રાં લઈ આવી. બે કુત્રાંઓએ પોતાના આગલા પગમાં બોકસીંગ ગ્લવઝ પહેર્યાં હતાં અને પછી પાછલા પગ ઉપર માણસની પેઠે ઉભાં થઇને (boxing) મુક્કાબાજીનો ખેલ કરતાં હતાં. જરા વારે એક કુત્રો આવ્યો જેને ફુલ ઇવનીંગ ડ્રેસ પહેરાવ્યો હતો. સામી બાજુથી એક વાંદરી આવી જેણીએ લેડીનો ડ્રેસ પહેર્યો હતો. તુરત એક ત્રીજો વાંદરો આવ્યો અને સ્ટેજ ઉપર ઉભો રહીને એક આરગન વજાડવા માંડયું કે તુરત પેલા કુત્રા જાટલીમેન અને વાંદરી બાઈ વાલ્ઝ ડાન્સ કરવા લાગી. વળી નવું ખોણકોતક શું કે એક જુદોજ વાંદરો વેટરનો ડ્રેસ

પહેરીને તમાશગીરોમાં ડાહયો ડોહોરો થઈને પ્રોગ્રામ વહેંચે! આ ખલાસ થયું કે ઉપલીજ મડમ થોડાક શીખવેલા પોપટો લઇ આવી જેઓ સ્ટેજ ઉપર ગોલાંટ ખાવા લાગ્યા. તુરત એક ઘણોજ નાહાનો વાંદરો એક સાઇકલ ઉપર આવ્યો અને આબાદ માણસનીજ પેઠે પોપટોને સાચવીને સાઈકલ ઉપર ફરવા માંડયું. આ વાર એક ચોથો વાંદરો દમમાંજ સ્ટેજ ઉપર આવીને સઘળી ટીપાઈઓ ઉચકીને માંહે લઇ જાય. આ જાણે ઓછું હોય તેમ એક પાંચમો વાંદરો પગે સ્કેટસ બાંધીને સ્ટેજ ઉપર સ્કેટ કરવા લાગ્યો. આ વાંદરાએ સેલરનો ડ્રેસ પહેરેલો હતો. આ સઘળો દેખાવ એટલો તો વીચીત્ર હતો કે આખી રાત બેસીને જોયા કરીએ તો કંટાળો આવે નહી. માણસ જાત પોતાની અક્કલ હુશયારીથી હલકાં પ્રાણી ઉપર કેટલો કાબુ ધરાવી શકે છે તેનો ખ્યાલ મેળવવો હોય તો આવા ખેલ જોવા જોઇએ.

ખાધા પીધાની બાબદમા જર્મનો અનેરૂં કરે છે. આતવારનો દાહાડો તો જાણે એ લોકના બાપદાદાનો તેહેવાર. કોઈભી નોકરડી ચાકરડી ગમે તે થતાં ઘરમાં રહે નહી. કાંઈ નહી મળે તો ખીસામાં બે પૈસાનું પાંઉ અને એકાદ બે બાફેલાં ઈંડાબી બાંધી લઈને પોતાની સહુી મીતીઓ સાથ ઉતરી પડે. જ્યાં જાઓ ત્યાં બત્તી, બેંડ અને બીરની ધજા ઉડી રહેલી હોય. કોઇ કોઈ ઠેકાણે તો હજાર ટીપાઈઓ માંડેલી ત્યાં શોધી

જગ્યા મળે નહી. એક ઠેકાણે તો આતવારે સોળ હજાર લોક ખાણી પીણી કરવા બેસે; જયાં આઠ બેંડ વાગે. એકજ બીજો દાખલો આપું છું. એક મારકીટ હતી તે બરાબર ચાલી નહી એટલે કોઈ ઉસ્તાદે તે ફેરવી નાખીને "ટી રેસ્ટોરાં" બનાવ્યું. રોજ સાંજના બેથી ત્રણ હજાર માણસની ધમાલ. સીલીંગ ઉપર હજારો કીરમજી રંગની લાઈટ લગાડેલી. મારી સાથના એક ફ્રેંડ સાથ મને વાંધો પડયો એટલે અમે પસગવત ઉઠીને સઘળી સીટ ગણી જોઈ તો આડે દાહાડેબી ૨૫૦૦ લોક ચાહ, કાફી, કેક, આઇસક્રીમ ખાવા બેઠલું!

હવે બર્લીનનું એક નવું ઉદયોગ ખાતુ બાકી રહયું છે. તમે લખ્ખો જણ સ્ટીલ પેન વાપરતા હશો પણ એ કેમ બને છે તેનો કાંઈ વીચાર કાંધો? જર્મન સ્ટીલ પેન બનાવવાના એક કારખાનાની મુલાકાત લેવાનું મને ઇજન થયું હતું અને તેનો કાંઈક ખ્યાલ તમારા મનમાં ઉતારવાની તજવીજ કરૂ છુ. કેટલાં હજાર માણસ કામે લાગતાં હશે તેનો મે હીસાબ કાહાડયો નથી પણ જયાં જોઇએ ત્યાં છોકરીજ છોકરી. અફસોસ છે કે આપણા દેશમાં સ્ત્રી ઉદયોગ શકતીનું મોટું પ્રમાણ છે પણ તેનો ઉપયોગ થતો નથી. ખરૂં કહું તો આપણુ અડધું ઉદયોગ બળ રદબાતલ જાય છે, કારણ કે આપણે યુરોપની પેઠે આગળ વધેલા નથી. આપણા મુલકમાં ઉમરની પુગેલી ચાર છોકરીઓ હશે તો બચારો ધસડબોરો કરતા બાપને ખીચડો ખવાડવાને માથે પડશે. કાંય? તો કહે જે છોકરી



કમ્પુ ડી પાલેસ—બર્લીન

સફે ૨૪૬.

કામ કરવા જાય તો ખરાબ લાગે! ને યુરોપમાં ચાર છોકરીઓ હશે તો ઘરમાં હાથીનો પગ જેવો થઇ પડશે. કુટુંબના ખરચમાં તે લોક પોતાનો હીસ્સો આપશે. લંડન, પારીસ, બર્લીન, વીએના વગેરે શેહેરોમાં છોકરીઓને જીવ તોડ કામ કરતી જોઈને મને સદા બળાપો થયો છે. પણ હું આડો ફાટો છું. સ્ટીલ પેન ફેકટરી એક જોવાજોગ ખાતું છે. સટીલના પોહોળાં પત્રાં વાહણના વહાણ ભરીને બેલજીઅમના સ્ટીલ વરકસમાથી આવે છે અને સાંચાથી તેની પાટળી પટીઓ કપાઈને તેના

આએ કદના ટુકડા પડે છે, પછી બીજા સાંચાઓમાં તે ગોળ વળાઇને સ્ટીલ પેનનો ઘાટ પકડે છે. ત્યાંથી વળી આગળ ચાલયે તો તેમાં વચ્ચે ચીરો પડે છે અને નામ છપાય છે. રમુજ તો એ છે કે આ સઘળું કામ નાની છોકરીઓ કરે છે. આખાં કારખાનામાં સુમારે 3000 છોકરીઓ હશે. મને જણાવવામાં આવ્યું કે આ કારખાનામાં દર પખવાડયે પચીસથી ત્રીસ હજાર બોકસ સ્ટીલ પેનના બનીને તે વેચાય છે. દરેક બોકસમાં ૧૪૪ નંગ એટલે આઠ દહાડે તે તાલીસ લાખ સ્ટીલ પેનો બને અને તોબી ખપ એટલો કે ભુખાને ભુખા. વળી આ પેનો એકજ જાતની નહીં. કોઈને જીણી અણી જોઇએ, કોઈને પોહોળી જોઇએ, કોઇને વાળેલી પોઈન્ટ જોઈએ. એ મુજબ કુલ પાંચસો જાતની બનાવટો ચાલી રહી છે. એ લોક

સ્ટીલપેન કરીનેજ ધરાના નથી પણ જાત જાતના હેંડલો, કાગળ પકડવાની ચાંપો; પેનસીલ ઘડવાના સાંચા વગેરે સઘળો લખવાનો સામાન બનાવે છે. આઠ દહાડે તેંતાલીસ લાખ ત્યારે મહીને દહાડે લગભગ બે કરોડ 'નીપ' બનતી હશે. તે વાપરતું કોણ હશે તેનો માત્ર ખ્યાલજ અજાયબી ઉપજાવે છે. વળી ગુજરાતી લખવાના કટટા, જાપાનીસ લખવાની પેન, ફારસી લખવાની કલમ વગેરે તેઓએ વીસારી નથી, અને તે છતાં શું તેના માલેકની લાયકી અને નમનતાઈ. આપણી સાથે પોતે ફરે અને 'સર' સીવાય તો વાત નહીં કરે. હું નાહાનો હતો ત્યારે દમણથી બરૂની પટીની કલમો વાપરતો હતો તેમજ અત્રેના હીંદી વેપારીઓ બરૂની કલમથી ગુજરાતી નામા લખે છે તેવીજ આબાદ કલમો ત્યાં એ લોક સાંચાથી બનાવે છે અને તેના નમુના હું લાવ્યો છું.

બર્લીન બહુજ કુદકે અને ભુસ્કે વધતું શેહેર છે અને તે જોવામાં મારો મોટો મદદગાર પ્રોફેસર અરદેશર વાચ્છા અને તેમનાં લાયકીવાળાં મોહોરદાર બાઇ હીરાંબાઈ હતાં તેમનો આ તકે હું મોટો આભાર માનું છું. આ જોડાંને સાત વરસની વાત ઉપર મેં ત્યાંજ જોયાં હતાં, અને મારાં પહેલાં પુસ્તકમાં તેમનું ચીત્રબી આપ્યું હતું. તે વખતમાં અને હાલમાં કેટલો મોટો ફેરફાર. બાઈ હીરાંબાઈ એક જર્મન બાનુને વીસરાવે તેવી સફાઈથી જર્મન બોલે છે અને એક જર્મન બાનુના જેવીજ હીમતથી એકલાં શેહેરમાં આવ જા કરે છે. એ ભાગ્યશાળી

જોડાંને પાંચ બચ્ચાં છે. તે લોક એક શબ્દ ગુજરાતી બોલતાં નથી પણ તદન સફાઈથી જર્મન બોલે છે. પણ blood is thicker than water-એટલે પાણી કરતાં લોહી ઘાડું છે, તેમ એક પારસીને જોઈને આ બચ્ચાંઓ હર્ખથી ફુલની મીસાલે ખીલી જાય છે અને આગાળથી ખીસતાં નથી. હું પંદર દીવસ બર્લીનમાં મારી બેટી સાથ રહયો હતો અને એટલા અરસામાં મીસીસ વાચ્છાની મહેરબાનીથી લગાભગ પંદર વખત ધાનશાકના ડબુસા મારયા હશે. જે ધણી મુંબઈમાં પંદર દાહાડેબી ધાનશાક તરફ આંખીને જુએ નહી તેને યુરોપમાં આ 'ડીશ' આટલી સ્વાદ કાં લાગતી હશે એબી એક ઉખ્યાણું છે.

પણ હવે આગાળ ચાલવું છે. બર્લીનનું આખુ વર્ણન કરવા બેસું તો એક વરસ નીકળી જાય. માટે હાલ તુરત તો આ જર્મન રાજધાનીને છેલ્લી સલામ.

પ્રકરણ ૩૦ મું.

કોણ જાણે પાછું ઇટાલી જોવાનો કયારે વારો આવશે ને કહેવાઇ શકાતુ નથી. પણ જો ઇટાલી જાઓ તો મીલાન તરફ હેર્યું લેવાની હું સખત ભલામણ કરૂં છું. અલબત ઈટાલીમાં રોમ તો સર્વેની શેઠાણી છે, ફલોરેન્સ ફુલપાનની વાડી છે, નેપલ્સ ખુબસુરતીનું ધામ


છે પણ મીલાન લંડનના જેવું વેપારી મુકામ છે. ઇટાલીઅન મુલકને માટે મારો અભીપ્રાય અગાઉ લગાર અણધન હતો પણ ત્યાં બે ચાર માસ ફર્યા પછી મને મારૂં મત ફેરવવું પડયું છે. ત્યાંનું લોક ગરીબ તો ખરૂં પણ એક વખત ઓળખાણ પડી તો આપણા જેવા મુસાફર તરફ ઉથલાઈ પુથલાઇ જાય એવું છે. હું એકજ દાખલો આપીશ. હું મારી બેટી સાથ ત્યાં જઇ પોહોંચ્યો અને ત્યાંના મોટાં હોટેલ–ડે–યુરોપના માલેકને મારી Introduction note ઓળખાણ ચીઠી પુગાડી કે તે જાણે મારો ભાઇ હોય તેમ કામકાજ છોડીને મને આશાન રહેવા માટે ઉલટ દેખાડવા લાગયો. અમારો સામાન લીફ્ટમાં ઉપર આવ્યો અને મારી બેટી પોતાના ઓરડામાં દાખલ થઈ કે હું મારો ઓરડો શોધવા આમ તેમ ફરતો હતો એવામાં એક કુટડી ઇટાલીઅન છોડી મારી આગળ આવીને ઘણી મમતાથી પુછયું, "તમે શું શોધો છો—તમને કાંઈ મદદ જોઈએ છે?"

"નહી–ઠેંકયુ—હું મારો ઓરડો શોધું છું."

"ચીંતા નહી—આવો હું તમને દેખાડું–તમારી સાથવાળી લેડીની પડોસમાંજ છે."

"તમે અહીંના રહેવાસી છો?" મેં પુછયું.

"હું માલેક સીનોર બારટોલીનીની બેટી થાઉં–મારૂં નામ જુસતીની છે અને તમને કોઈબી વાતે મદદ કરવાને હું ઘણીજ ખુશી થઈશ."



મીલાનનું ગંજાવર દેવલ—ઇટાલી. સફે ૨૫૧.

મને ઠેકાણે પાડયા પછી અમે નીચે ડાઇનીંગ રૂમમાં ઉતરયાં એટલામાં સીનોર પોતે પોતાની બેટ્રીને લઇને અમારી આગળ આવ્યો અને બોલ્યો—"મારા ફ્રેન્ડ, આ મારી દીકરી તમારીજ દીકરી છે એમ જાણજો અને જેટલા દાહાડા તમે અહીં રેહો તેટલા દાહાડા એ તમારી સાથે જયાં કહેશો ત્યાં ફરશે. મારી રજા પુછવાની જરૂર નથી."

રાતના ખાણું ખાધા પછી હું ખબર કાહાડવા ગયો તો મારી બેટ્રી અને આ ઈટાલીઅન બાનુ જાણે બહેન બહેનો હોય તેમ પોતાના સુવાના ઓરડામાં ખુશ વાતચીતમાં ગુતાયલાં હતાં. ને પછી છ દાહાડા અમે ત્યાં રહયાં ત્યાં-સુધી તે સવારના પોહોરમાં અમારી હાજરીમાં રહેતી અને આખો દાહાડો અમારી સાથ ફરતી અને જાણે ઘરનુંજ માણસ હોય તેમ વ્હાલ કરતી. જયારે અમે મીલાન છોડી ગયાં ત્યારે સ્ટેશન ઉપર અમારેથી છુટ્ટુ પડતાં તેની આંખમાં પાણી આવી ગયાં હતાં. અમે તેની આસપાસના ગરગામડાંઓ જોયાં તે માટે અમે આ નીર્દોશ છોકરી સીનોરીના જુસતીનીના આભારી છીએ.

મીલાનનું નામીચું દેવળ એક જોવાજોગ સ્થંભ છે. બાહાર ટરેટસ એટલે મનારાને બદલે મારબલના સેંહેકડો સ્ટેચ્યુ હારોહાર ઉભાં કરી દીધાં છે અને માંહે રંગીન કાચના લખોની કીમતના પીકચરોથી આ દેવળ કરોડોની કીમતનું ગણાય છે. ત્યાં સેંટ બારથોલોમ્યુનું એક

બાવલું મુકયું છે તેને માટે એવી કથા છે કે આ માહાન પુરૂશે પોતાનો એતેકાદ બદલવા ના પાડી તેથી મુદ્દઇઓએ ખીજાઈને જીવતાં જીવત તેની ચામડી ઉતારી લીધી તે છતાં તેનું કાલબુદ એમનું એમ હજી રહયું છે. આ દેવળ ૭૦૦ વરસનું પુરાણું છે તોબી શીલ્પ શાસ્ત્રનો એક માયાકુલ નમુનો છે. માંહે દાખલ થતાં એટલો ઓજપ જાણીજોઇને રાખ્યો છે કે પહેલાં કાંઇ જણાતુ નથી પણ નજર ઠરવા પછી ભકતીના મોટા હોલની ગંભીરાઇ અને મોતેબરી જાણે આપણને ઢીંગમુદ કરી નાખે છે. મેં જોયું કે નાના નાના ગોખમાં પાદરીઓ હારોહાર જુદા જુદા બેઠા હતા અને જાણે કોઈની રાહ જોતા હોય તેમ જણાના હતા. પુછતાં માલમ પડ્યુ કે કોઇ "કનફેસાંઉ" કરવા, એટલે પોતાના ગુનાહની તોજેશ કરવા આવે તેઓને માટે તેઓ હાજર રહેતા હતા. આ પુરાણાં દેવળ ઉપર લોકનો ભકતીભાવ એટલો છે કે તેને સુના રૂપાના દાગીના તો શું પણ હીરા-નીઓ 'આફ્રીગ' બક્ષીશ આપવામાં આવે છે અને તે લીધે આ દેવળ ઈટાલીમાં મોટું દ્રવ્યવાન ગણાય છે.

પણ સર્વેથી અગત્યનું અને ખાસ જોવાજોગ મીલા-નનું 'ક્રીમેટોરીઅમ' છે. મેં સાંભળ્યું હતુ કે મુડદાંને બાળવાની રૂઢી જો બરાબર તપાસવી હોય તો મીલા-નમાં છે. ખાસ ગોઠવણ કરીને આ ક્રીમેટોરીઅમ જોવા હું ગયો હતો. જો કે સતાવાળાઓની પરવાનગીથી આ ખાતું ચાલવા દીએ છે પણ ત્યાંના લોકના કહેવા

પ્રમાણે આ બાળવાની રૂઢીને સરકાર ખાસ ટેકો આપતી નથી. મસ મોટી ત્રણ ભઠીઓ એક ઇમારતમાં બાંધેલી છે. ત્યાંના એક રખેવાલને જરા સરખો રાજી કરીને મેં ઘણા ધ્યાનથી આ ખાતું તપાસયું છે. મુડદાંને લાવીને એક ટેબલ ઉપર મુકવામાં આવે છે અને પછી તે ટેબલ નાહાના ચાક ઉપર આસતે આસતે ભઠીવાળા ખંગામાં હડસેલીને બારણું બંધ કીધું કે પછી કશું જોવામાં આવતું નથી. પછી રખેવાલો પાછલી ગમ જઈને મુદ્દાંને બાળવામાં મદદ કરે છે. તેઓના પોતાના કહેવા પ્રમાણે આ કીયા કોઇબી રીતે પસંદ કરવા જોગ નથી, કારણ કે ધગધગતા અંગાર છતાં એક કાલબુદને ભશમ કરવાને ઓછામાં ઓછા બે કલાક લાગે છે અને મોટો, ગરીબોને ભારી પડે એવો ખરચ થાય છે. એક ભઠ્ઠી લાકડાંથી બાળવાની છે તેને બે કલાક, કોલસાથી બાળવામાં દોહોડ કલાક અને ગેઆસથી બાળવાને એક કલાક જોઇએ. રખેવાલ કહેવા લાગ્યો કે બાળવાની વખતે પાછલી ગમ જે દેખાવ થાય છે તે ઘણીવાર નાપસંદ હોય છે પણ તે જાહેર પ્રજાના જોવામાં આવતો નથી. શરીર બળીને તમામ થવા પછી તેની ખાક એકઠી કરીને મરનારના ખેશીઓને આપે છે. તેઓએ તેને જાતજાતની સુંદર બરણીમાં ભરીને ઉપર મરનારનું નામ વગેરે કોત્રીને તેજ મકાનમાં હારોહાર ગોઠવી દીધેલી મેં જોઇ છે. એક બરણી ગોઠવવાના ગોખના ૮૩ ફાંક. કોઈ માતબર શખસ હોય તેને


માટેની બરણી ઉપર સોના રૂપાંના લેખ લગાડેલા છે અને તે ઉપર હજારો રૂપીઆનો ખરચ કરે છે. આવી કાંઈ સેંહેકડો બરણીઓ ત્યા ગોઠવેલી મેં જોઈ હતી. પણ હું ધારૂં છું કે આટલી બધી સગવડ છતાં બાળવાની રસમ હજી સુધી ઈટાલીઅનોમાં કાંઈ ઝાઝી પસંદગી પામી નથી, તેથી ઉલટું ત્યાંનું કબ્રસ્તાન નરૂં એક પારસતાન છે. શું એકેકી કબર ઉપર લખોના ખરચ કીધા છે. શું મારબલના સ્ટેચ્યુ અને કોતર-કામ! જાણે સમજો કે એક પુરૂશ મરણ પામ્યો તો તેને જમીન ઉપર પથ્થરના કોતરકામમાં સુવાડેલા અને તેની પ્રીયાનું મારબલ બાવલું જાણે તેને સંભાળવા બેઠેલું હોય તેમ હાથમાં ફાણસ લઈ બેસાડેલું. કાંઈ કોઈ ઉમરાવપદની કબરો ઉપર તો માહા કીંમતી મકાનો બાંધેલાં. હું ધારૂં છું કે આ કબ્રસ્તાનમાં જે બેસુમાર મારબલનું કોતરકામ છે તેની કીંમત કરોડોથી અંકાઇ હશે, અને આ કબરો અને બાવલાં કાંઇ નાહાના સુહુના નહી પણ એકેક મજલા જેટલાં ઉંચાં અને તમામ અખંડ મારબલમાંથી કોત્રી કાહાડેલાં હતાં. અલબતાં આ સઘળું ઉત્તમ કારીગારીનું સંગ્રહસથાન હતું. પણ મારૂં પોતાનું મત પુછો તો એમાં દેખા-દેખી અને મોટાઇનો અંસ વધારે જણાતો હતો. મુવા પછી કરોડપતી અને મજુર જેમ આપણા લોકમાં મટી સાથ મટી મળી જાય છે, અને સાધારણ સફેદ કપડાંમાં વીંટળાઇને એક ભોંય ઉપર પડે છે, તેવી સાદાઈથી આ તદન વેગળું છે.



કોમો લેક અને ટાઉન—ઇટાલી.

સફે ૨૫૫

મીલાનનું વેપારી બજાર ! એક નાકેથી ચાલતા નીકળે તો સઘળી દુકાનોમાં ડોકું ઘાલતાં આખો દીવસ જાય તોબી ઠાગ લાગે નહીં. વચમાં મોટો ચોક તેમાં બેંડ વાગે અને ચાર બાજુએ હજારો દુકાનો ઘણીવાર



મને વીચાર આવ્યો કે આ સઘળો અજબોનો માલ ખરીદનાર કોણ હશે.

અમને ખબર પડી કે મીલાનથી બે કલાકના રસ્તા ઉપર લેક કોમો બેહસ્તખાનું છે એટલુંજ નહીં પણ ત્યાં જે કોમો શેહેર વસેલું છે ત્યાં રેશમી કપડું ઘણુંજ ઉત્તમ મળે છે. ત્રેનમાં બેસીને હમે ત્યાં ગયાં. વચમાં લેક કોમો અને બેઉ બાજુએ પાહાડ જાણે સીધા ફરસીથી કાપી કાહાડયા હોય. આ પાહાડ ઉપર તલેટીથી ઉપર ટોંચ સુધી કાંઈ હજારો નાહાના બંગલા બાંધેલા અને તે તરેહવાર રંગથી રંગેલા એટલે જાણે રંગીની ગલીચો પાંથરયો હોય તેવુંજ લાગે. આ દેખાવ એટલો તો મોહક હતો કે આપણી આંખ ઠરે નહીં.

મને બોલવા વગર ચાલ્યું નહીં કે "અરે આ દેખાવ જુઓરે જુઓ—ફરીથી આવો દેખાવ કયે દાહડે જોઈશું." જેમ અમારી લોંચ ચાલતી જાય તેમ ડોકું મરડીને એટલો વાર જોવાની ફરજ પડી કે અમારી ગરદનબી દુઃખી આવી. મારી આટલી બધી મુસાફરીમાં આવો મનમોહન દેખાવ મે કોઈ દહાડે જોયો નથી. જરૂર જરૂર—જરૂર કોમોની મુલાકાત લેજો ગમે તો આખું યુરોપ વીસારી મેલજો પણ કોમો તો જરૂર જોજો. પણ પેલી રેશમી કાપડની દુકાનો કયાં છે? સીનોરીના જુસ્તીની અમને ચલાવતી એક સાંકડી ગલીમાં લઇ ગઇ. એક ઘર આગળ આવી પુગતાં નાહાનું—ઘણું નાહાનું બારણું હતું તેમા દાખલ થયા. હું તો મનમાં નાસીપાસ થયો કે આએ મોટું બજાર કે? પણ અંદર દાખલ થયા તો પહેલા ઓરડામાં ભોંયથી તે સીલીંગ સુધી રેશમી કાપડના ટાકાના ઢગ મારેલા. દરેક ટાકાની બહાર નમુનાનો ટુકડો અને ભાવ માંડેલો. એક ઓરડામાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં એમ દુરબીનની પેઠે ટાંઇ ખાંડીબંધ ઓરડા બસ રેશમી કાપડથીજ ભરેલા અને ઇંગ્રેજ બાનુઓ અને બીજાં ખરીદદારો કકડી ગયલાં. આપણી પારસી બાનુઓને બરની સાડીના કાંઈ બેશુમાર તાકા હશે. આપણી હાલની બાનુઓનો તેસ્ટ તો તમે જાણો છે. ખાસ્સો અખંડ પનેહ યાને નીચે સુંદર સ્કર્ટવાળું કપડું. ભાવ પુછયો તો કહેજે બે ફ્રાંકે એક મીટર! મીટર એટલે એક વાર

ને ત્રણ તસુ. પાંચ વાર કપડું ફડાવી લઈએ તો એક અખંડ સાડી થાય અને તેના દસ ફ્રાંક એટલે સવાછ રૂપીઆ !! મારી સાથ મારી બેટી હતી તે તો ગુંચવાઈજ ગઇ. ફરીથી દાબી દાબીને પુછયું તો છ, સાત આઠથી બાર રૂપીઆમાં સાડી કે જે મુંબઇમાં ત્રીસ રૂપીએબી મળતી નથી. સોનેરી દાણાની કોર જે અત્રે બાવીસ રૂપીએ અંકાઇ અને જે બાવીસથી પચીસ રૂપીએ ચોક્કસ દુકાનોમાં મળે છે તે અમે રૂ૫) માં કોમોમાં લીધા. અલબતાં આવો લાગ કાંઈ ઘડી ઘડી મળે નહી એમ વીચારીને અમે થોડાક પોંડ કવડા કીધા અને મુંબઈ આવતાં ને અડધા કલાકમાં મીત્ર મંડળમાં ઉંચકાઇ ગઇ. પારસી બાનુઓની નજર ઉંઘાડવા થકી હું આ વીશય ઉપર લંબાણથી લખું છું અને એ બાબે કાંઈ વધારે વીગત જોઇતી હશે તો હું ખુશીથી આપીશ. પણ યાદ રાખજો કે હમણા લડાઈનો હીંગામ છે એટલે તુરત વેળા કાંઈ બની શકે તેવું નથી.

પ્રકરણ ૩૧ મું.

મીલાન ઘણી આનાકાનીથી છોડતી વેળા ત્યાંના એક સીનેમેટોગ્રાફની યાદ આવે છે. હં! કાન ઉંચા

ફરીને ડોળા ફાડીને જોશો ના. એનો રાઈના પાડ રાતે ગયા. મેં પહેલીજવાર જોયું કે પડદા ઉપર જે દેખાવ દેખાય તે સાથે સંભળાયબી. એક છોકરી પડ-ગમ વગાડે અને બીજાઓ વાત કરે. ગરાય, હસે તે આબાદ જીવતાં માણસની પેઠેજ સંભળાય. જાણે નાટક ચાલતો હોય તેવુંજ લાગે, ફેર માત્ર એટલો કે રંગની ગેરહાજરી. મને લાગ્યું કે જે દાહાડે કોઈ માનો પુત રંગના ફોટો પડદા ઉપર લાવશે ત્યારે નાટ-કના દાહાડા ભરાઈ ચુકયા સમજવા.

મીલાનથી નીકળલા મોનેકો ગયા. કાંય? તો કહેજે ત્યાંનું ફીશરીસ પ્રદરશન છે તે જો ન જોયુ તો તમારી જીંદગીજ રદ. ચાલો બા જીવયા કરતાં જોયલું ભલું. ટુંકમાં સાર કહું છું કે ખોદા ખાતર કાંઈ દમ ન હતો. થોડીક કબટોમાં હાડપીંજરો મેલેલાં હતાં અને તેના લાટીન નામો લખેલાં હતાં પણ આપણી જાણે બલા કે અમુક માછલા ભીંગ છે કે રામસ. પેટમાં કડકી લાગી હતી અને ત્યાંથી જુગારનું મહાન મથક મોનટી કારલો જવાનું એટલે પગે ચાલતાં નીકળયાં કે પહેલું હોટેલ મળે તેમાં બેસી જઇશું. ચાલ્યા ચાલ્યા પણ હોટેલનું નામ નીશાન ન મળે. આખરે અમારી ખુશાલી વચે એક જબરૂં સોનેરી પાટયું દીસ્યું. Grand Hotel. માહે જઈ પુછયું કે બે જણને માટે લંચ મળશે? જવાબ મળયો કે રાંધેલું કાંઈ નથી. ચીઝ અને પાંઉ મળી શકશે,

અને માંગો એટલો ઇટાલીઅન (ખાટો) વાઇન મળશે !! અમારી નીરાસી જોઇ માલેક નીકળી આવ્યો. તે બચારો મેલાં કાળાં નખવાળો, આઠ દાહાડાની હજામત વગરનો પણ દયાલુ દીલનો હતો. પારસી બાનુની સાડી જોઈ તેને ઘણી શરમ લાગી હશે એટલે અમને ધીરજ આપીને અડધા કલાકમાં બે ચાપ લાવીને મુકયા. અલબતા ગોસ્ત ગયા મહીનાનું કાપેલું હશે પણ

ભુખ ન જોય એઠું ભાત,
પ્યાસ ન જોય ધોબીઘાટ.

જેમ તેમ દાંતને તસદી આપીને ભુખ મટાડી અને બબડી ફફડીને પઇસા ઝાંસીને ચાલવા માંડયું. મોનેકોથી મોંટી કારલો એક કલાકમાં જવાય છે. જોઈએ ત્રેનમાં જાઓ કે ત્રામમાં જાઓ. હું ધારૂં છું કે મારા સઘળા દેશી ભાઇ-બંધો વીલાયત ગયા હશે તેઓએ આ દુન્યા વર્ણનું મથક જોયું હશે, માટે આ બ્યાન કરૂં છું તે ન ગયલાઓને માટે છે. ઘણીજ સુંદર જગા છે, નરૂં બેહસ્તખાનું છે પણ જુગારનું ખાનાખરાબીનું ધામ છે. સરકારની પરવાનગીથી ત્યાં જુગાર ચાલે છે. ખરૂં કહીએ તો જુગારની ઉપજ ઉપરજ આ જગાનું જીવતર છે. જુગાર રમવાની ઈમારત મહેલના જેવી કુસાદે અને શોભાયમાન છે. અમે દાખલ થવા માંગ્યું તો દરવાજા ઉપરજ અમને રોકયા અને કાર્ડ આપવા અગાઉ પુછપરછ કીધી કે તમે કોણ છો, કયે દેશથી આવ્યા છો, તમારી પાસ પૈસા છે

કે? આ સઘળાનો મનમાનતો જવાબ આપ્યા પછી અમારી પાસ સરેસતાની ફી લઈને અમને દાખલ કીધાં. આ સઘળી ધાંધલનું કારણ શું? એજ કે તમે રમો અને ખાલી થઇ જાવો તો ગળે તો નહી પડો? પાછા ઘર સુધી પોહોંચવાના પૈસા છે કે? આપઘાત કરો તો તમને કોણ ઉપાડી જશે? બચારા ત્યાંના કારસાજીઓ એવા ભલા છે કે કોઈ જુગારમાં હારીને ખુવાર થઇ જાય તો તેને ઘેર પોહોંચાડવા માટે થોડાક પૈસા આપવાનું ફંડબી તૈયાર રખ્યું છે. કોઈ દમડીએ દમડી ખોઈ બેસે અને પોતાના હોટેલમાં જઈને પીસતોલથી પોતાનો જીવ બરબાદ કરે તો તેને ઠેકાણે પાડવાનુ બી ફંડ છે! વળી કેવા ડાહ્યા છે કે ખુદ પોતાના ગામના રહીસોને જુગારમાં ભાગ લેવાનો હુકમ નથી. ફક્ત બાહારગામથી આવેલાઓનાજ પૈસા હલાલ છે. અક્કલમદ તો ખરા. અંદરનો દેખાવ એવો છે કે આપણાં દેશમાં તો તેવો જોવાની કોઈ દહાડેબી આશા રાખવી નહી. મોટાં દીવાનખાનામાં દસ બાર ટેબલ માંડેલી અને તે ઉપર લીલું બનાતનું કપડું નાખેલું. આ ટેબલો ઉપર પુરૂશ અને સ્રીઓ, જુવાન અને ઘરડાં, મોટા મોટા ઉમરાવો અને અને મધ્યમ સ્થીતીના કલારકો ગોઠવાઈને બેઠેલા. ચાર બાજુએ ટેબલના 'કુપીઅરો' એટલે જુગાર ચલાવનાર




મોન્ટી કાર્લો જુગારખાનું ગીવીઅગ

સફે ૨૬૦.

મદારીઓ હાથમાં લાંબા પાવડા પકડીને બેઠેલા. ટેબલની વચે એક ચોકઠું પાડેલું તેનો ખ્યાલ આપવા નીચે ચીત્રુછું.


૧૬	૨૨	૪	૩૫	*૧૧	૨૦
૨૫	૧૭	૬	*૭૦	૧૦	૨૭
*૧૩	૨૯	૬૦	૭	૩૧	૩૪
૨૪	૫	૩૭	૧૮	૫૦	૩

* આ પ્રમાણે જે ચોકઠાંમાં ફુલકી મુકી છે તે ચોકઠાં કોઇ લાલ અને કોઇ સફેદ રંગેલાં છે. બાકીના બીજાં કાળાં છે. ટેબલની વચોવચમાં એક ફરતું ચક્કર છે તેમાં પણ ઉપલાંજ નંબરો રંગેલાં છે.



હવે રમનારાંઓ ટેબલ ઉપર પાડેલાં કોઈ ગમે તે ચોકડાંમાં પૌંડ, દસ પૌંડ, પચાસ પૌંડ એમ સોનાના સીક્કા

મુકે છે. પછી એક "ક્રુપીઅર" લાકડી વડે ચોરમાં ચક્કર ફેરવે છે અને તે ફરે તેટલાં માંહે એક લખોટો ફેંકે છે. લખોટો ઉછળી ઉછળીને જે નંબરવાળા ખંગમાં પડયો તે નંબર પ્રમાણે પાટીઆં ઉપરનો તેજ નંબર-વાળો એક પૌંડના આઠ પૌંડ ઝીતી જાય છે અને બાકીના બીજાઓના પૈસા ક્રુપીઅરો પાવડા વડે ખેંચી લે છે. ફુલકીવાળા ખંગની જુદી જુદી કીંમત છે. ચોક્કસ ખંગમાં પડે તો દસગણું મળે ઇત્યાદી. મેં જોયું કે આ જુગારમાં બાનુઓનો મોટો ભાગ હતો અને તેમાં મુખ્ય કરી ઉમ્મરની પુગેલી બાનુઓ વધારે હતી. તેઓ આ જુગારમાં એટલી મસગુલ રહેતી કે આસપાસ જોવાની પણ તસ્દી લેતી ન હતી. ઘણા ખરા રમનારા માતબર હોવા જોઈએ, કારણ કે તેઓ એકેકીવાર સોનાના દસ દસ વીશ વીશ સીક્કાના ઢગલા મુકતા હતા. ક્રુપીઅરો ઝીતેલા સોનાના સીક્કા ખેંચી લીએ અને ઝીત-નારને બસો બસો પૌંડ ટેબલપર ફેંકે તે જાણે ઘઉંના કાંકરા વેરતા હોય તેમ બેદરકારીથી નાખે. એક પારસી ગ્રહસ્થ અને બાનુએ પાસો અજમાવ્યો તો દોઢેડસો ફ્રાંક કમાયાં. સાંજના બહાર નીકળતાં પુછયું તો જવાબ મળ્યો કે ૮૦૦ ફ્રાંક મુકી આવ્યાં હતાં! હીંદુસ્તાનથી જતાં એકાદ બે મોટા માણસોનું નામ મે સાંભળ્યું છે કે તેઓ એકકી વારે પચીસ હજાર રૂપીઆ સુધી મુકી આવ્યા છે. બપોર સાંજના બેંડ અને રાતના કોનસર્ટ અને નાટકથી જગા હલમલી રેહે છે, પણ કોણ ઝીત્યું ને કોણ હાર્યું



મોન્ટી કાર્લો હોટેલ—રીવીઅરા. સફે ૨૯૩.

તે પારખવાની જરાબી મુશકેલી નથી. રમનારાઓના અથવા રમી ઉઠેલાના ચહેરા જોવાથી આપોઆપ જણાઈ આવશે. સામેજ મોટું ગંજાવર પાદશાહી હોટેલ છે ત્યાં ચમપીનના બુચ ઉડતા સંભળાય ત્યારે જાણવું કે "ખાનાર પીનારને સાહેબ આપનાર" અને બીજી મેર ગળે ગલાંઠા મારીને કોઈ બેઠું હોય ત્યારે સમજવુ કે માયબાપ મરી ગયાં. કહે છે કે અવાર નવાર હારી ગયલા જુગારીઓ પોતાના જીવપર કરે છે. જો કે ત્યાં ફરતા ચોકીદારોની ખુબ તકેદારી રાખી છે. તમે જાણશો કે મોનટીકારલો કાંઈ મોટું શેહેર હશે. ના ફકત ૯ ચોરસ માઇલનો વીસતાર છે. ૭૦૦૦ માણસની વસ્તી છે અને ૭૨ માણસની રીજમીટ છે અને આ નાનકડાં રાજનો વળી એક પાદશાહબી! જુગારખાનું એક જોઇન્ટ સ્ટોક કું૦ ને સપુરદ કરવામાં આવ્યું છે. જેઓની થાપણ દોહોડ કરોડ ફ્રાંકની છે. ખુદ મોનટીકારલોની રઈયતને રમવા દેવામાં આવતા નથી પણ તેમ તેઓ ઉપરથી બધી જાતના કર માફ છે. સેવટે મારી સલાહ છે કે મોનટી કારલો જોવા જજો પણ ખીસાંના બટન તંગ રાખજો, કારણ કે આજ સુધી 'કેસીનો' જુગારખાનાના માલેકો કોઈ દાહાડે ખત્તા પામેલા જણાયા નથી. ઘણાક અઠંગ ખેલાડીઓએ સાથે મળીને કેસીનોની તીજોરી તોડવાની અનેકવાર તજવીજ કરી હતી પણ હજી સુધી ફતેહ પામ્યા નથી.

પ્રીય વાંચનાર—હવે બસ—મારી તરફનો અઠવાડીક ફંટાળો હવે તમામ થયો છે. હવે તો કાંઇ લડાઈ પુરી થાય ને વળી માથાંમાં ધુંઇ આવે ને રશીઆ કે સાઈબીરીઆ જવાનું મન થાય ત્યારે વાત. હાલ ને કાજ તો હું મારૂં 'ગળ્યું દાસ્તાન' સમાપ્ત કરૂં છું અને એ વાંચ્યાથી તમને કાંઇબી ગમત મળી હોય તો તે માટે હું મારાં જીગરથી ખુશી છું.

જા૦ બે૦ મ૦

સમાપ્ત.

ચીનાઇ બ્રધર્સ.

પારસીઓમાં હમણા પાઘડી નીકળતી જાયછ અને હલકા વા જેવા ફેંટા તેની જગા લેતા જાયછે.

મેહરબાની કરી આ

પેહરનારાઓને પુછશો કે તમે કોણને ત્યાંથી ફેંટા લઓછો તો તુરત પંચાણું ટકા જવાબ મળશે કે

ચીનાઇ બ્રધર્સ.

સુંદર સોહોવામણા ફેંટાઓની જાણે આ પેહડીએ માનોપોલી લીધીછે. ફેંટા કે માગલ કેપની વાત આવી કે

ચીનાઇ બ્રધર્સ

નું નામ ઝટ મોહોમાંથી નીકળી પડશે. ઠગાવાની ધાસ્તી નહીં, હલકો માલ નહીં, બે ભાવ નહીં.

ચીનાઇ બ્રધર્સ

જુદા જુદા કલ્લાના ચેહરાને બંધ બેસ્તા ફેંટા પસંદ કરવામાં મદદ કરવાને તૈયાર છે. એક સુંદર ચેહરોબી કદરૂપા 'હેડ ડરેસ'થી બદસુરત બને છે માટે એક સાધારણ ચેહરો 'ફીટ' ફેંટાથી કેવો ખુલેછે તે જોવું હોય તો પધારો

ચીનાઇ બ્રધર્સ

ની દુકાને–કાંહાંછે?. કાલબાદેવી. કોઇ બચ્ચાંનેબી પુછશો તો દેખાડશે.

સસતું જાણીને જે તે હોરી લાવતા ના. પેહલાં સસતું તે સદા મોઘું.

કોરોનેશન મ્યુઝીક ગાઇડ.

રચનાર—રૂ. બ. છાપગર.

ના૦. ૩૩, ફ્રીયર રોડ, કોટ, મુંબઇ. તથા દરેક જાણીતા બુકસેલરોને ત્યાંથી મલી શકશે.

આજ સુધી આવી સુંદર ૫૦૦ પાનાની અને સંગીતના અભયાસીઓને શીખવા માટે દરેક સમજણ સાથની ઉતમ ગાઇડ એક પણ બહાર પડી નથી. એમાં છેલ્લામાં છેલ્લા જાણીતા ઉરદુ તેમજ ગુજરાતી નાટકોનાં ઉતમ ગાયનો દરેકની **રાગ-રાગણી** તથા **તાલ-માત્રા સાથે-સ ર ગ મ નોટેશનમા** આપવામાં આવયાં છે તે ઉપરાંત જાણીતા **રાગોની શરૂઆતમાં લગભગ ૫૦ સ ર ગ મો** આપવામાં આવી છે. કીંમત રૂ. ૧।। તથા ટપાલ ખરચ પાંચ આના જુદો. નીચલે ઠેકાણેથી મંગાવો.

ફીરદોસ મયુઝીક કલાસ.

ના૦ ૩૩, ફ્રીયર રોડ, કોટ, મુંબઇ.

આજ લાંબો વખત થયાં મારો ઉપલાં નામનો મયુઝીક કલાસ સંગીત વરગમાં સારી રીતે જાણીતો થયલો છે. માટે વધુ સીફારશ નહીં કરતાં, બાનુઓ અને ગ્રહસ્થો એકજ મહીનો શીખીને ખાત્રી કરો. વાજીંત્રપર દરેક બાનુ યા ગ્રહસ્થને છુટો એકેક કલાક ચાલુ ગાઇને શીખવવામાં આવે છે, જેથી શીખેલું કોઇ પણ ગાયણ ભુલાતું નથી.

આબરૂદાર કુટુંબોમાં તેઓને ઘરે પણ શીખવવામાં આવશે.

યુરોપની મુસાફરી વખતે

'ગોવીંદજી' નો

"રૉયલ હલવા બોકસ"

જરૂર સાથે લેતા જજો.

૬ જાતનાં delicious હલવાનો

મનપસંદ stylish box.

ત્યાં ગયા પછી પણ ઓરડર મોકલશો તો ઘેર બેઠાં ફરસ્ટ–કલાસ રીતે પેક કરીને મોકલી આપશું.

કનફેકશનરીની લાઈનમાં—

આજે 'ગોવીંદજી' ની જોડી નથીજ.

ગોવીંદજી વસનજી.

ટેલીફોન ૧૬૫૬. **ઠાકોરદ્વાર–મુંબઈ.**

Tel. Add. "Sweetmeat."

જરમન સીલવરના ઘટમદાર વાસણો.

સેવક રતનજી જાંહાંગીર પોતાના માનવંત પારસી ઘરાકોની ખીદમતમાં અરજ ગુજારે છે કે જ્યારેબી **અસલ જરમન સીલવર** માલની ખાત્રીદાર ખરીદી કરવી હોય ત્યારે અમારાં નીચલાં મથકે પધારવાની તસ્દી લેવી.

તે ઉપ્રાંત.

ચીનાઇ ફેનસી રૂપાકાંમ, ગુલાબાસ, પીગાંણી, માછલી, નાળીયેર, વગેરે, વગેરે. તથા પ્રેઝંટ આપવા લાયક ચીનાઇ ફેનસી રૂપાંકાંમના ફલાવરવાઝો, ફોટો ફરેમ, ટી સેટ, બોલ, કારડ કેસ, વગેરે હમેશાં મનપસંદ ઘણાજ કીફાયતે મળે છે.

ચોખાં રૂપાંના સાદા ટચ કરેલાં વાસણો, ખુમચા, કળસયા, ફલાવરવાઝો, કપસાસર, ગલાસો, કાંસીયા, વગેરે, વગેરે, હમેશાં તઇયાર મળેછે તથા ખાતરી પુરવક બનાવી આપવામાં આવે છે.


ચીનાઈ ખુશબોહદાર ચા.

નવી સીઝીનની ભેટ આપવા લાયક ખુશબોહદાર ચા.

લડાઈ અગાઉના જેવાજ અત્યંત કીફાયત ભાવો. એકવાર જોઇ, વાપરી ખાત્રી કરો બહારગામના ઓરડરો વી. પી. થી બજાવીશું. વેપારીઓને સરવે માલ જથાબંધ મળશે.

રતનજી જાંહાંગીર-બજારગેટ સ્ટ્રીટ-કોટ-મુંબઈ.

ભેટ આપવા લાયક.



ઘણું ઉંચા પ્રકારનું ચાંદીકામ અને પ્લેતેડવેર દરેક નંગ સર અવસરે મીત્રો, દોસ્ત આશનાવો તથા સગાં વહાલાંઓ ઉપર ભેટ મોકલવા લાયક છે. કોઇબી એક ચીજ પસંદ કરવા માટે તરેહવાર જાતની સેંકડો ચીજોનો મોટો સંગ્રહ મોજુદ છે. ભાવ ઘણા કીફાયત.

સોરાબજી અને જમશેદજી ખાન.

મુંબઇ અને કરાંચી.

કાત્રક

મુંબઇમાં વપરાતાં એરેટેડ વોટર્સનો ઉપલો 'હોલ માર્ક' ભુલતા ના.

સોડા—લેમોનેડ—જીંજર—ટોનીક—રાસ્પબેરી—પીક મીઅપ—વગેરે બીજાં તરેહવાર મીઠાં પીણાં બનાવનારૂં કાત્રકનું ખાતું તેની નીચલી ખુબીઓ માટે જાણીતું છે.

સફાઇ સુઘડાઇ-ફીલટર કરેલું સ્વચ્છ પાણી—ઉચાં એસસો-વીલાયતથી મંગાવેલું અપ—ટુ—ડેટ સાંચા કામ—જાતી દેખરેખ—અનુભવી કામદારો—અને વરસોની લાંબી મુદતનો એક્ષપર્ટ અનુભવ.

લગન—નવજોત—સાલગ્રેહ—નાચપાર્ટી—તથા બીજા કોઇબી જાતના મેળાવડા માટે સેકડો ડજન માલ પુરો પાડવામાં આવે છે.

મુંબઇમાં ગલીએ ગલી—ઇરાનીની દુકાનો ઉપર—હોટલોમાં—રેસ્ટોરાંમાં—દરેક ઠેકાણે 'કાત્રક' નોજ માલ વપરાય છે—અને તેજ અમારાં એરેટેડ વોટર્સની લોકપ્રીયતાનો જાણવાજોગ પુરાવો છે.

કાત્રકની કું૦,

ગીરગામ—કાંદાવાડીની સામે—ગલીમાં.

BOOTS

રૂ. ૧૫ કહીને ૯ લેવાનો અમારો ધારો નથી.

પારસી માલેકીના પ્રમાણીક ઉદ્યોગને મદદ કરવાની તમારી ફરજ છે.

જાણીતા ઈંગલીશ અને અમેરીકન મેકરોના મરોડદાર બુટ અને શુઝનું અમારે ત્યાં એક જાતનું સંગ્રહસ્થાન છે.

ભાવ સઉને માફક આવતા ચઢઉતર છે. પડવાની જરૂર નથી.


SHOES

બચ્ચાંઓને લાયકના, સ્ટીમર ઉપર ડેક પર ફરવાના, ટેનીસ રમવાનાં, વાકીંગ બુટસ વગેરે હુમા ચીજ અમારે ત્યાં એકવાર પધારી જોઈ જવાની અરજ કરીયે છીએ.

ધી એરીસતોક્રેટીક બુટ એન્ડ શુ કું૦.

નાં૦ ૩૯૭—હોરનબી રોડ—ફીરોઝ દસ્તુર ચસમાવાલાની પાસે—કોટ—મુંબઈ.

તમારી વહુ દીકરીઓ માટે લગનના વાસણો ક્યાંથી વસાવશો?



તે વસાવવાનું મુંબઇમાં એકજ ખાત્રીપુર્વક મથક છે—ત્યાંથી તમને લગન-સરાને બરની જરમન સીલવરની તેમજ રૂપાની દરેક ચીજ જેવી કે, ગોલાબાશ, પીગાણી, માછલી, પાન સોપારી, ખારક, " દામ, બતાસા, નારીયેલ, ચોખા, ફુલ, તોરા, નીખીયા, પાનબીરાં, ત્રે, ખુમચા, ખુમચી, તાબરી, હાંડા, ચંબુરા, પરા વગેરે તૈયાર મળશે.

હમારૂં પહેલાં નંબરનું જરમન સીલવર હંમેશ ચાંદી જેવું સફેદ રહે છે—તેની હમો ગેરંટી આપીયે છીયે.

હમારી ત્રીસ વરસની પુરાણી દુકાન ઉપર જરમન સીલવર-એલ્યુમીનયમ તથા ચાંદી કામની દરેક ચીજ ઘણાજ કીફાયત ભાવે મળશે.

દરેક નંગ દેખાવમાં શોભીતું-ફાંકડું-ટકવામાં પથર જેવું મજબુત—અને ભાવમાં કીફાયત હોય છે.

દરેક ચીજ ઉપર અમારો છાપ જોવાની તસ્દી લેવી.

SPECIAL QUALITY
No 1
SPECIALLY MADE
FOR N.N. SHROFF & Co

નવરોજી શરાફની કુાં.

૩૫૮, ૩૬૦, બજારગેટ સ્ટ્રીટને નાકે, કોટ, મુંબઇ.

હરીદાસ વાલજી
INDIAN SWEETS.

યુરોપને પ્રવાસે નીકળશો ત્યારે પેહલા એક મહીનો તો ઇંગ્રેજી પેસત્રી, પુડીંગ ઠીક લાગશે, પણ પછી, તમારા જનમથી જમતા આવેલા લીલા અને બદામી હલવા, સુતરફેણી, લાડવા, મેહસુર, પેંડા વગેરે માટે જીવ તલખ કરશે.

માટે રે સજજનો !

અમારી દુકાને આવી દેશી મીઠાઇની એક પેટીની વરદી કરો. સ્ટીમર ઉપર તમારાં સ્નેહીઓને ચખાડો. લંડનમાં કુટુંબોમાં તેની મોહીની લગાડી નામના મેળવો.

ભેટ આપવા લાયક

કોરોનેશન સ્વીટમીટ બૅક્ષ તથા હલવા ઑલબમ બનાવી આપીશું અને છ મહીના સુધી મીઠાઇ બગડે નહીં તેની જામીનગીરી આપીશું. ચાકલેટ ખાતાં ખાતાં તો ત્યાંનુ લોક થાકી ગયું હશે તો જરા તમારી તરફના વાણાં તો ચખાડો

અમારા રૂપાળા

કોરોનેશન સ્વીટમીટ બોક્ષમાં છ જાતના હળવા સુંદર ઘાટથી મુકી આપીશું. વાતમાં કાંઇ દમ નથી—રૂ ૬ નો ખરચ છે હજારો રૂપીઆનો ખરચ કરશો તેમાં આ નાહનો ખરચ

જરૂર કરજો.

હરીદાસ વાલજી.
(ચીરા બજાર.)
તેલીફોન નાં ૧૩૬૫.



આ

નમુનો જોયો ?

એવાજ--એથી સરસ

અપ-ટુ-ડેટ સ્ટાઇલના ખરા કસબના ભરેલા પહેરે અને ચાલે તો બે ઘડી રસ્તોબી શોભી રહે એવા નમુનેદાર

!—બ્લાઉઝ—!

અમારી પાસ તૈયાર રહેછે-અને માંગો એવા બનાવી આપયે છિયે. ખોટા બોડેડ "બ્લાઉઝ" પાછળ પૈસા ખરચવા અગાઉ, પલીઝ, અમોને કનસલ્ટ કરજો.

નરોતમ મોતી.

ઇમપીરીયલ
સીનેમેટોગ્રાફ પાસે,
ચરની રોડ.

REMARKABLE DOUBLE TEST
OF A
CHUBB'S SAFE.

Homji Street, Fort, BOMBAY

25th January, 1915.

Messrs. CHUBB & SON'S LTD.,

8, Hummum Street, Fort, BOMBAY.

Sirs,

With reference to your inquiry regarding a fire which broke out in our Office and Godowns at Homji Street, Fort, last Friday night, we are very much pleased to inform you that a Chubb's Fire and Thief-resisting Safe, size 26 in × 20 in. × 20 in., purchased from your late Agent, Mr. Eduljee Pestonjee, was attacked by **BURGLARS**, who must have worked very hard and freely as the premises are situated in a quiet locality. Though they tried hard to drill the doorplate they only succeeded in making a very small hole round the keyhole. They seem at last to to have given it up as a bad job, and perhaps in their disappointment set fire to the ground. Thus the Safe had to undergo **ANOTHER SEVERE TEST**, being right under **FIRE** as the Cupboard Stand on which it was placed was destroyed by fire, which was not brought under control till a great damage was done to other goods in the same godown.

We are also glad to inform you that on opening the Safe the contents were found intact.

We are, Sirs,

Yours faithfully,

(Signed) B. R. VAKHARIA & Co.,

Mill & Gin Store Suppliers.

"જીમખાના સાડી."

ધોવાય, રંગાય અને
વરસો સુધી વપ-
રાય એવું
ફાંકડું નંગ!

૫૦ વરસની પુરાણી
પેઢી
રેશમી કાપડના
પાયોનીયર્સ.

માધવદાસ રૂગનાથદાસ.
ના૦ ૧૬,
હોરનબી રોડ,
કોટ—મુંબઈ.
ટેલીફોન નંબર—૨૩૪૫.

શાદી રામશાનીનો
દીલપસંદ વાગો.
—o—
ખુશાલીના હીંગામનું
ઉમદા
સંગ્રહસ્થાન!

બાનુએ માટે ખુશ વધાઇ.

બાનુઓ! તમારાજ ફાયદા માટે અને પઈસાના બચાવ માટે

માસતર પારડીવાલા શું કહે છે?

ગાન–તાન–અને ફરવામાં ટાઇમ ગુમાવો તેને બદલે કાંઇ વેતરવા અને સીવવામાં ધ્યાન કાં નહી આપતાં?

બઇરાંઓના કપડાંની સીલાઇનો આંકડો દર માસે ચુકવતાં શેઠીઆઓનો દમ આખર થઇ જાય છે.

તો–પારડીવાલા કટીંગ કલાસનો લાભ કેમ નથી લેતાં?

☛ **લેમીંગતન રોડ, ૨૧૦ કેરોવાલા હોસ્પીટલની સામે, મુંબઇ.**

ચાલુ જમાનાના બરના બાનુઓના ફેન્સી પોશાકો જેવા કે બદયાન, ફ્રાક, પેટીકોટ, મનપસંદ કટના વેતરતાં તથા સીવવાને શીખવુ હોય તો પારડીવાલા કટીંગ કલાસમાં આવો જયાં બાનુઓને સુધરેલા ઢપે દરેક જાતનુ વેતરતાં તથા શીવવાનુ કામ શીખવવામા આવે છે. માસ એકની ફી. રૂા. ૨) રાખવામાં આવી છે.

ઘેરે આવી શીખવવાની ફી ઘણીજ મધ્યમ રાખી છે.

શીખવનાર પારડીવાલા

બલાઉઝો!

અમારી દુકાને જેવાથી બીજે જવાની જરૂર રહેશે નહી તેમજ અપ-ટુ-ડેટ ફેશનનું સીવવાનું ખાતું પણ ચાલુ છે. વળી લેસ, લેસપીસ, ઈનસરશન, ટ્રીમીંગસ, રીબનસ, વીગેરે સસ્તા ભાવથી મળે છે.

સુરતી મોવડું!

ઘણાઓ આજે મોહડું મટમટાવીને આગળા વખતના ફરમાસુ સુરતી દારૂને યાદ કરે છે. તેઓને માટે ખાસ મેહેનત લઇને ઘણો ઉંચો -ફરમાસુ દારૂ અમોએ ગળાવ્યો છે-દારૂ પીને હોઠબી ચુસયા કરો એવો એ ખરેખરો તોફો દારૂ છે.

ગુલેગુલાબ-અનેનાસ-દરાખ-મોસંબી-એલચી—-મસાલો-વરીયાળી-બેવડો-ખજુરનો રમ-ગોલનો રમ-વગેરે---તરેહવાર જાતનો મળશે.

(શરબતો)

તરેહવાર જાતના-શુધ શાકરના-ઉંચાં ગુણગારાં શરબતો-જેવાં કે દાડમ-લીલો ફળ-વેનીલા-રાસ્પબેરી-ગોલાબ-ઉનાફ-ફાલશાં, ઓરેંજ, લેમાંન્ડ, અનાનાશ, શેકેનજાબીજ તેમજ પ્રસ્તમ બોલનું ઉંચું ગોલાબજલ પણ મળશે.

પ્રદરશણમાંથી ચાંદો તેમજ સરટીફીકેટો મલ્યાં છે.


બમનશાહ એદલજી અમરા.

કોટ-બજારગેટ-બમનજી બાવાના ફુવારા સામે.

તમારી આંખનું રતન સંભાળો?

હલકા કાચના ચશમાં પેહેર્યાથી ઘણાઓ પોતાની આંખોનું તેજ ગુમાવી બેઠા છે. ખરા પેબલના ચશમાજ આંખને થંડક આપીને આંખોનું તેજ વધારે છે.

સીલીનડ્રીકલ અને કંપાઉંન્ડ ખરા પથરનાં ચશમાં બનાવનારા આખા હીંદુસ્તાનમાં અમેજ એકલા છીયે.



બાલીવાલા એંડ હોમી

કાલબાદેવી રોડ, (પોસ્ટ આફીસની સામે) મુંબઈ.

હાઈ કોરટના માનવંત જજ ઓનરેબલ સર દીનશાહ દી. દાવર શું લખેછે?

" The lenses which you made for me are most aecurately ground and excellently framed, and I am very much pleased with the work.


Before I was recommended to you, I had always to send my prescriptions to London, as hitherto no one in Bombay was able to grind toric and kryptok lenses as far as I could ascertain.

ચશમાને લગતું કાંઈપણ કામ પડે ત્યારે ફુરસદે અમારી દુકાને ફકત એકજ ફેરો ખાશો–તો- આંખ અને ચશમાને લગતી સઘળી બાબદો વીશે અમે દરેક સમજણ આપશું.

વીસ વરસની જુની દુકાન.

હીરાના તથા ઝવેરાતના વેપારીઓ

સુરજમલ લલ્લુભાઇની કું૦.



અમારે ત્યાં કોઇપણ જાતના નાની મોટી સાઈઝના હીરાઓ, મોતી, માણેક, પાનાં વીગેરે જથાબંધ તથા છુટક મળી શકશે.

હાલની ચાલુ ફેશનના કોઈપણ જાતના ઝવેરાત તથા સોના ચાંદીના દાગીનાઓ તૈયાર તેમજ ઑર્ડરથી બનાવી આપવામાં આવશે.

દેશાવરના ઑર્ડરો ઉપર પુરતું ધ્યાંન આપવામાં આવે છે.

માલની આંકણી કરી આપીશું.

ઠે૦—૨૨૫—૨૨૭ કાલબાદેવી રોડ,
પોસ્ટ ઑફીસ સામે,

ટેલીફોન ના. ૨૨૩૬. ટેલીગ્રાફીક એડ્રેસ.
Calmness, Bombay.